# પ્રકરણ : ૫

# લોકકથાનું સ્વરૂપ અને સંપાદિત લોકકથાઓ

## ૫.૧ લોકકથાનું સાહિત્ય સ્વરૂપ :

લોકકથા એ લોકસાહિત્યનું વિશિષ્ટ અંગ છે.આપણને તેનાં બીજ વેદ અને ઉપનિષદોનાં ઉપાખ્યાનોમાં સાંપડે છે.લોકવાર્તા કહેવાની પરંપરા ગુજરાતમાં અને ભારતમાં પ્રાચીનકાળથી ચાલી આવી છે.ભગવાન બુદ્ધ દરરોજ સાંજે શ્રમણ ભિક્ષુઓને ભેગા કરીને જાતકોની કથાઓ કહેતા.ભારતવર્ષના તીર્થાટને નીકળેલા ઋષિ મુનિઓ જ્યાં વિશ્રાંતિ લેવા રોકાતા,ત્યાં ધાર્મિક વાર્તાઓનો વિનિમય કરતા,સમુદ્રકાંઠે કે મોટાં શહેરોમાં જ્યાં વેપારી મથકો હોય ત્યાં દૂર દેશાવરના વેપારીઓ ભેગાં થતા અને ચતુરાઈની, ડહાપણની, ઠગની,આશિક માશૂકની,મંત્રતંત્ર અને ચમત્કારોની વાતો કહેતા. પ્રાચીન કાળમાં રાજપુત્રને કથાઓ કહેવા માટે વિદ્વાન પંડિતો રાખવામાં આવતા. રાજયના વિદૂષકો વાણિયાની ચતુરાઈની, ઠગ લોકોની પ્રયુકિતઓની અને નારી સ્વભાવ વિશેની કથાઓ કહેતા.

આજે પણ અનેક સમાજમાં ઘરડા દાદા-દાદીઓ વાળુ પાણીમાંથી પરવારીને રાત-વરતના બાળકોને વાર્તાઓ કહે છે.ગામડાંઓમાં બ્રાહ્મણો વાર તહેવારે વરતવરતોલની વાર્તા કહે છે. આ ઉપરાંત બારોટ,ચારણ,ભાટ,તુરી, કથાકાર વગેરેપણ લોકકથાઓ કહે છે.[૧]

**લોક કથા ( Folk tale) :**

લોકકથા જગવિખ્યાત વિદ્વાન સ્ટિથ થોમ્પ્સનને મતે,વિભિન્ન પ્રકારની લોકકથાનાં બધાં સ્વરૂપોને નિર્દેશી-સમાવી શકે એવી અર્થવ્યાપ્તિવાળો શબ્દ છે.‘Tale’ આદિમાનવ નિર્મિત પુરાકલ્પનકથાથી માંડીને ફ્રેઈમોમાં-ચોકઠાપટ્ટીઓમાં બંધાતી ‘અરેબિયન નાઈટ્સ’ જેવી અથવા બહારવટિયા કે શૂરવીરોની અર્ધઐતિહાસિક અર્ધકલ્પિત કથાઓ સુધીની કથાઓને માટે એક જ શબ્દ વાપરી શકાઈ એવો હોય તો તે ‘Tale’ ચોક્કસ કોઈ કથા ચોક્કસ કયા સ્વરૂપના ચોકઠામાં બેસે તેની પિંજણમાંથી ઉગારે છે એ શબ્દ ‘Tale.’

“ it is as nearly universal as any form of literary expression. ”[2]

સાહિત્યાભિવ્યકિતના કોઈ પણ વૈશ્વિક સ્વરૂપ જેટલું એ પણ વિશ્વવ્યાપી છે. કોઈ દેશ એવો નથી.કોઈ લોક એવા નથી,કોઈ સંસ્કૃતિ એવી નથી.કોઈ ભાષા કે બોલી એવી

નથી,જેમાં પોતાની આગવી કથાઓ ન હોય.કથાવસ્તુના ને એની રજૂઆતના તુલનાત્મક દષ્ટિએ અભ્યાસો થાય છતાં કહેનારે કહેનારે કથા આગવા રૂપની રહેવાની. એનાં સ્વરૂપ વૈવિધ્યનો પાર નથી.

**લોકકથાનાં લક્ષણો :**

લોકકથાને હકીકતમાં કોઈ અફર સ્વરૂપ હોતું નથી.તે કોઈ નિશ્ચિત ચોકઠામાં ગોઠવાઈ જતું નથી. સમયે- સમયે,પ્રદેશે-પ્રદેશે તેનું સ્વરૂપ બદલાતું રહે છે.શ્રી લિન્ડો ડેઘ જણાવે છે કે : “લોકકથા બદલાતી રહે, કહેવાતી રહે,વહેતી રહે.”

છતાં લોકકથાનાં કેટલાક સામાન્ય લક્ષણો વિખ્યાત લોકશાસ્ત્રજ્ઞશ્રી સ્ટિથ થોમ્પ્સને તારવ્યાં છે, તે જોઈએ-

- લોકકથા કહેવા સાંભળવા માટે છે,કથન પ્રધાનતા એનું પહેલું લક્ષણ.
- એ કોઈ ઘટના કે પ્રસંગ,એને અનુરૂપ પાત્રાદિની બનેલી હોય છે.
- એ ઘટના,પ્રસંગ,પાત્રાદિ કલ્પિત હોય,ઐતિહાસિક હોય કે અર્ધઐતિહાસિક હોય પણ લોક કથા થવા માટે તે પરંપરાગત હોય તે જરૂરી છે.
- એ કંઠોપકંઠ વહે છે.એમાં મૌલિકતા ન હોય.રજૂઆતમાં નવીનતા હોય વૈવિધ્ય હોય.
- જમાને-જમાને તે સુધારા-વધારા પામે છે.તેથી તેમાં પાઠાંતર કે પાઠભેદ હોય છે. પરંતુ મુખ્ય ઘટનાબીજ ( Motif ) બદલાતું નથી.[૩]

**લોક કથાની પ્રાચીનતા :**

ભારત કથાઓનો દેશ કહેવાય છે.અહીં લોકકથાઓની પરંપરા અત્યંત પ્રાચીન છે. જ્યાં જ્યાં લોકજીવન અસિતત્વ ધરાવે છે,ત્યાં ત્યાં લોકકથા સાંપડે છે.માનવ સમાજ સ્થિર થયા પછી તે આનંદ-પ્રમોદના સાધનોની ખોજમાં નીકળ્યો હશે અને ત્યારે લોક કથાની શરૂઆત થઈ હશે તેમ માનવામાં અતિશયોક્તિ નથી.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકકથાની પ્રાચીનતા આગવી રીતે દર્શાવે છે,“ પ્રત્યેક વાર્તા-કથાની જનેતા લોકકથા છે ને પ્રત્યેક કવિતાની દાદી લોકગીત.”[૪]

માનવ સંસ્કૃતિ જન્મકાળ એ જ લોકકથાનો જન્મકાળ આવો ભાવ દર્શાવતા શ્રી ચંદરવાકર લખે છે કે,"માનવ સંસ્કૃતિ ઉષઃકાળથી વાર્તા કથનની પ્રવૃત્તિ શરૂ થયાનાં એંધાણ આજે સાંપડતાં થયાં છે.મિસરની સંસ્કૃતિના પડનું આજે ઉત્ખનન થતાં ત્યાંથી લોકવાર્તાઓ સાંપડયાનું પુરાતત્વવિદો મહે છે."[૫]

**લોક કથાનાં સંપ્રદાયો :**

લોક કથાઓના વૈવિધ્ય સભર અભ્યાસ દરમ્યાન વિદ્વાનોનાં વિભિન્ન મંતવ્યોના કારણે લોકકથાના સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે,તેમાં મુખ્ય ત્રણ છે,-

**બેન્ફીનો સંપ્રદાય :**

આ સંપ્રદાય માને છે કે,વિશ્વની લોક કથાઓનું મૂળ વતન ભારત છે. લોકકથાઓમાંથી જાતીય પરિચિય મળે છે.

**સ્ટિથ થોમ્પ્સનનો સંપ્રદાય :**

લોકકથાના અભ્યાસમાં સ્વરૂપગત વૈજ્ઞાનિક વિશ્લેષણ અને તુલનાત્મક અભ્યાસને આ સંપ્રદાય અનિવાર્ય માને છે.એમાં કથાનાં ઘટકો લેવાવા જોઈએ.મોટિફ,ટેલટાઇપ આદિનો વિચાર થવો જોઈએ.

**જુંગનો સંપ્રદાય :**

આ સંપ્રદાય માને છે કે,તુલનાત્મક અભ્યાસને આધારે મૂળ કથારૂપની કલ્પના કરીને,આર્કટાઈપ નક્કી કરી અભ્યાસ થાય,કારણ કે લોકકથામાં કે અન્ય એવી રચનામાં 'કલેક્ટેડ કોન્શ્યસનેસ' કામ કરી ગઈ હોય છે.આ બધાઓએ લોકકથામાં ઘટકોને પણ નામ પાડીને ગણાવ્યા છે જે."[૬]

**લોકકથાનું કથાશિલ્પ અને શૈલી :**

લોકકથાના શબ્દ પ્રયોગમાં,લોક અને કથા એ બે પદોમાં 'કથા' મુખ્ય પદ છે.એટલે કથાનાં જે ઘટકતત્ત્વો છે,તે જે લોક કથાનાં પણ ઘટકતત્ત્વો છે.ઉપરાંત કથાની સાથે 'લોક'

વિશેષણ લાગ્યું હોવાથી તે કથાનાં તમામ ઘટકો પર લોકતત્ત્વ ઝળુંબેલું હોય છે. લોક કથાનાં મુખ્ય તત્વો છે,કથાપ્રકૃત્તિ 'Types' અને આધાર બીજ 'Motif '..."[૭]

લોકકથાની શૈલી લોકજીવન જેવી જ સરળ અને સ્વાભાવિક હોય છે.શબ્દાડંબરને તેમાં કોઈ જ સ્થાન નથી. ટૂંકા વાકયો દ્વારા સામાન્ય વાતચીતની ભાષા પ્રયોજાય છે. આમ છતાં લોકકથાની ભાષાશૈલી ખાસ કરીને તેના કથક પર આધાર રાખે છે.

લોક કથામાં કથાનક અને ભાવતત્ત્વ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાય છે.લોકકથાનું પરંપરાગતરૂપ એના કથાનકમાં વિશેષ સુરક્ષિત રહે છે.લોકકથાની શૈલી બદલાતી રહે છે,પણ કથાનક મોટેભાગે સ્થિર રહે છે.વૈજ્ઞાનિક દષ્ટિએ લોકરીતિમાં કથવામાં આવતી શૈલીની સાચવણી પણ અતિ જરૂરી બને છે.આપણે ત્યાં ચારણ કવિઓએ આ કાર્ય પ્રશંસનીય રીતે કર્યું છે.શૈલી વિશે શ્રી ચંદરવાકર કહે છે :

"શૈલીનો સ્વભાવ પરિવર્તનશીલ છે.શૈલીને સ્થળ અને કાળનાં બંધન સ્પર્શી જાય છે. તેને કથક પણ ઓપ આપી શકે છે."[૮]

લોકકથામાં લોકબોલી અને તેમાં પ્રયોજાતા વિશિષ્ટ શબ્દ પ્રયોગ,વેધક રૂઢિપ્રયોગો, લોકજીવનમાંથી જડેલી ઉપમાઓ વગેરે અભિવ્યક્તિમાં મહત્ત્વનો ફાળો આપે છે.

વળી લોકજીવનના જુસ્સાનો પરિચય લોકકથાની જુસ્સાદાર શૈલી જ આપી શકે. જે તે પ્રદેશની લોકકથાની શૈલી જે તે પ્રદેશની ધરતીની ફોરમને મઘમઘતી કરે છે.

**લોક કથામાં આધારબીજ :**

લોકકથાને માત્ર એક મનોરંજનના સાધન તરીકે સ્વીકારવાનો યુગ વિકસિત, સંસ્કારી અને શિક્ષિત જનસમાજમાંથી હવે આથમવા લાગ્યો છે.વિદ્વાનો લોકકથાને આંતરરાષ્ટ્રીય અનુબંધથી એકબીજા સાથે જોડવા તૈયાર થયા છે.તેઓ લોકકથાના અંતઃતત્ત્વને દષ્ટિ સામે રાખી લોકકથાના સંબંધને સ્થાપિત કરે છે.લોકકથાનું આ અંતઃતત્ત્વ છે-આધારબીજ.

પશ્ચિમના લોકશાસ્ત્રજ્ઞોએ આધારબીજ માટે જે ત્રણ જેટલા શબ્દો સૂચવ્યા છે,તેમાં Motif (મોટિફ) શબ્દ સ્વીકાર્ય બન્યો છે.

Motif નો સર્વસ્વીકૃત પર્યાય ભારતીય ભાષાઓમાં હજી સાંપડયો નથી.જેમાં ડૉ.હરિવલ્લભ ભાયાણી પાસેથી પ્રયુક્તિ અને 'આધારબીજ' શબ્દ સાંપડે છે.

ડૉ.સ્ટિથ થોમ્પસન 'મોટિફ' ને સમજાવતાં લખે છે :

"કોઇ સામાન્ય ક્રિયા,કાર્ય,ઘટના,પ્રસંગ કે વ્યક્તિ લોકકથામાં આધારબીજ બની શકતાં નથી.સગીમાની કથામાં 'મા' આધારબીજ ન બની શકે.

લોકકથાનું પૃથક્કરણ કરતાં,લોકશાસ્ત્રમાં સમાવેશ પામતું કોઈને કોઈ તત્ત્વ લોકકથાનાં અંતઃતત્ત્વના સ્થાને જડી આવે તે લોકકથાનું આધારબીજ બને છે."[૯]

ડૉ.રવીન્દ્ર ભ્રમર જણાવે છે કે :"કથાનકને વિકાસ અને દિશા આપનાર આ સામાન્ય ઘટનાપરક વિશેષતાઓને અંગ્રેજી વિદ્વાનો 'મોટીફ' એવું નામ આપે છે."[૧૦]

લોકકથાનાં અંતઃતત્ત્વ તરીકે કોઈ પરંપરાગત લોકમાન્યતા કે લોકપ્રથા આધારબીજનું વિધાયક તત્ત્વ બને છે.

પ્રાચીનકાળમાં લોકોને દેવ-દેવીઓ,રાક્ષસ,ભૂત,પ્રેત,ચૂડેલ અને રોગોના દેવોમાં શ્રદ્ધાને પ્રગટ કરનારી ઠીક ઠીક લોકકથાઓ મળે છે.દા.ત.'શીતળામાંની લોકકથા' તે લોકકથામાં આધારબીજને ઘડનાર લોકશ્રદ્ધા કે લોકમાન્યતા છે અને તેની આજુબાજુ લોકકથા મંડાયેલી છે.

આધારબીજની સહાયથી એક લોકકથાનો સંબંધ દૂરના દેશની લોકકથા સાથે સાંકળી શકાય છે.આમ લોકકથા પ્રજાઓના આંતરરાષ્ટ્રીય સંબંધો સાધવા માટે સેતુરૂપ કાર્ય કરે છે.

**લોક કથામાં રસનિષ્પત્તિ :**

વિદ્વાનોએ સાહિત્યમાં નવરસ ગણવ્યા છે.લોકકથાઓમાં મોટાભાગે આ બધાં રસઝરણાં વહેતાં જોવા મળે છે.લોકકથાકાર પ્રેમિકાનું રૂપવર્ણન આપી શૃંગાર રસનો કટોરો છલકાવે છે.તો વીર-વીરાંગનાઓનાં પરક્રમોની શૌર્યમઢી વાત રમતી મૂકીને વીરરસ વહાવે છે.ઘડીકમાં વાણિયા,બ્રાહ્મણ કે વાળંદની જાતિગત વિશિષ્ટ ખાસિયતો વર્ણવીને હાસ્યરસનો હિલોળો વહેતો મૂકે છે.ઘડીકમાં શ્રોતાઓને આંગળી પકડીને અદ્ભૂત રસની એવી

સૃષ્ટિની સફરે લઈ જાય છે કે જ્યાં પશુ,પક્ષીઓ  માનવીની જેમ બોલવા માંડે છે.અપ્સરાઓ આભમાંથી ધરતી પર ઊતરી આવીને માનવીનાં કામ કરવા માંડે છે.

લોકકથાઓમાં શૃંગારની માફક કરૂણરસ પણ હૃદયસ્પર્શી રીતે વહે છે.મરશિયા અને કરૂણ ગીતકથાઓ આનાં ઉત્તમ ઉદાહરણ છે.સમરાંગણનાં વિવિધ દશ્યો દ્વારા રૌદ્ર બિભત્સની ઝાંખી પણ મળે છે.ભક્તિસભર વ્રતકથાઓનાં માધ્યમથી શાંતરસની અનુભૂતિ થાય છે.

આમ લોકકથાઓમાં બધા રસોની સોહામણી સૃષ્ટિ સર્જાય છે.

**લોકકથાઓનું વર્ગીકરણ :**

લોકકથાઓના વર્ગીકરણની ચર્ચા આ વિષયના લગભગ પ્રત્યેક વિદ્વાને કરી છે. આપણે ત્યાં પાયાનું કામ કરનાર દિનેશચંદ્ર સેન,મેઘાણી,ડૉ.દુર્ગાતાઈ ભાગવતે,   ડૉ.શ્રી ચંદ્ર જૈન,પુષ્કર ચંદરવાકર વગેરે.તો પશ્ચિમના એડમન્સન,સ્ટિથ થોમ્પસન, રિચર્ડ ડોર્સન વગેરેને ખ્યાલમાં રાખીને અહીં કેટલાંક વર્ગીકરણો મૂકયાં છે.બંગાળી વિદ્વાન ડૉ.દિનેશચંદ્ર સેને લોકકથાના ચાર પ્રકારો બતાવ્યા છે.જે ભારતીય લોકકથાની દૃષ્ટિએ અગત્યના ગણાય,-

૧. રૂપકથા

૨. હાસ્યકથા

૩.વ્રતકથા

૪.ગીતકથા

ડૉ. સત્યેન્દ્ર નવ મોટા વિભાગો સૂચવે છે :

૧.ગાથા

૨. પશુ-પક્ષી પાત્રવસ્તુ તરીકે આવતા હોય,તેવી ‘પંચતંત્ર’ના જેવી કથા

૩. પરીકથા

૪.પરાક્રમકથા (વિક્રમ વગેરેની)

૫. કહેવત કથા (ઉખાણાં -આધારિત કથા,સમસ્યાકથા )

૬. નિરીક્ષણ ગર્ભિતકથા

૭. સાધુ-સંતોની કથા

૮.કારણ નિર્દેશક કથા

૯.બાળકથા

કેથરિન એમ. બ્રિગસ પાંચ મુખ્ય પ્રકારો ગણાવે છ.

૧.Fables

૨.Fairy tales

૩. Joculer tales

૪.Noveloo

૫. Nursery tales

તો શ્રી પુષ્કર ચંદરવાકર આઠ પ્રકારો આપે છે.

૧.દંતકથા વા કથાવાર્તા વા ધર્મકથા

૨.જીવનકથા વા વૃત્તાંતો

૩.વ્રતકથા

૪.ગીતકથા

૫.પ્રેમશૌર્યની ગદ્ય/પદ્ય કલ્પિત/ગંભીર/ઐતિહાસિક કથાઓ

૬.પરીકથા

૭.રૂપકથા

૮.રાસડા

આ બધી ચર્ચાનો નિષ્કર્ષ કાઢવો હોય તો તેર જેટલાં પ્રકારો આમ નિર્દેશી શકાય.

૧.પશુ-પક્ષી-પ્રાણી કથાઓ

૨.વ્રતકથાઓ

૩.હાસ્યકથાઓ

૪.પરીકથાઓ

૫.વીરકથાઓ

૬.ગીતકથાઓ

૭.અ-લૌકિકકથાઓ

૮.બોધકથાઓ

૯.પૌરાણિક-ઐતિહાસિકકથાઓ

૧૦.કોયડાકથાઓ

૧૧. લોકનાટ્યમાં વણાયેલી કથાઓ

૧૨. ટુચકા

૧૩. બાળકથાઓ વગેરે-પ્રકીર્ણ

આ વિભાગોનાં ધોરણો કયાં ? એમ પ્રશ્ન થાય.હકીકતે જે વસ્તુ જ જીભે જીભે.શ્રોતૃ સમુદાયે સમુદાયે જુદાં જુદાં રૂપ લે એવી છે,એનું વર્ગીકરણ સહેલું નથી,કારણ કે ‘સ્વરૂપ’ જ બંધાયુ ન હોય, તેનું સ્વરૂપને ધોરણે વર્ગીકરણ મુશ્કેલ બને.એટલે અહીં વિભાગીકરણનું ધોરણ કોઈ એક જ નથી રહેતું એ જોઈ શકાશે.એ રીતે વિચારીએ તો નિશ્ચિતરૂપે આટલા મોટા વિભાગો પડે :

૧. લોક કથા

૨. ગીત કથા

૩. ગદ્ય-પદ્ય મિશ્રિત લોક કથા ( વ્રતકથાઓ વગેરેની શૈલીની કથાઓ )

૪.કથનપ્રધાનકથા (એમાં પછી બાળકથા,પરીકથા,બોધકથા,હાસ્યકથા,પૌરાણિક કથાઓ વગેરે બધી કથાઓ આવે )

૫.ટુચકા.

એક રીતે જોવા જઈએ તો લોકકથાનું વર્ગીકરણ લોકકથાના અનેક અભ્યાસીઓએ પોતે જોએલી અને માણેલી કથાઓને આધારે કરેલું છે.બાકી તો પ્રત્યેક પ્રદેશને,પ્રત્યેક બોલીને એની આગવી કથાઓ હોય છે,એનાં આગવાં રૂપ હોય છે.આ અંગે મેઘાણી લખે છે કે,'પ્રાંત પ્રાંતની કથાઓને પોતપોતાનું નિરાળું વ્યકિતત્વ છે.જેવું લોકમાનસ તેવી લોકકથા બને.'

આવી કથાઓમાં વિષયની સાથો સાથ તેનાં વર્ણનો,પદ્ય જેવું ગદ્ય, સ્થાનિક રંગો, કથોપકથન,એનો પ્રારંભ એ એની વિશેષતા છે.લોક કથાકાર શ્રોતાઓને આંગળી પકડીને એવી સૃષ્ટિમાં લઈ જાય છે.જ્યાં પશુ-પક્ષીઓ માનવીની જેમ જ બોલવા માંડે છે.આભની અપ્સરાઓ માનવીનું કામકાજ કરે છે.સ્વર્ગના દેવો ધરતી ઉપર ઊતરી આવે છે.આવી કથાઓમાં હોંકારો આપવાનું મહત્ત્વ પણ ઓછું નથી. ફોજમાં જેટલું નગારાનું મહત્ત્વ એટલું લોકકથામાં હોંકારાનું મહત્ત્વ છે.આવી કથાઓમાં માણીગર વર્ગ પણ લોક સમાજ જ છે.[૧૧]

આમ લોકકથા કંઠસ્થ લોકસાહિત્યનું એક ઘણું જ સમૃદ્ધ,વૈવિધ્યયુક્ત અને રસિક ગદ્યસ્વરૂપ છે.મધ્યકાળથી માંડી આજ સુધી એ લોક કથાઓ પેઢી દર પેઢી ઊતરી આવી છે,લોકોમાં પ્રચાર-પ્રસાર પામી છે.આબાલવૃદ્ધ સૌને વિવિધ રીતે આકર્ષનાર લોક કથાનો પ્રવાહ લોક સાહિત્યનાં મહાનદમાં અવિરત વહ્યા કરે છે.

## પાદટીપ :

૧. 'લોકગૂર્જરી' વાર્ષિક અંક - સાતમો,લે.જોરાવરસિંહ જાદવ - પૃ.૪૭

૨.Standard Dictionary of Folk lore New York,Leach,Maria – p.409

૩. એજન,- પૃ.૪૦૮

૪. 'લોકસાહિત્ય ખંડ ૨',ઝવેરચંદ મેઘાણી,- પૃ.૫૪

૫. 'મરદ કંસુબલ રંગ ચઢે',જોરાવરસિંહ જાદવ,- પૃ. ૧

૬. 'વીરડો' (માસિક) 'લોકકથા' પ્રિયકાંત પરીખનો લેખ,- પૃ.૧૫-૧૬

૭. ' ઊર્મિનવરચના' ( માસિક) 'લોકકથાઓની વિશેષતાઓ' પ્રહલાદ પટેલનો લેખ માર્ચ ૮૧,સળંગ

૮. 'લોકામૃત' પુષ્કર ચંદરવાકર, આવૃત્તિ -૧૯૭૯- પૃ.૭૨

૯. એજન,- પૃ.૭૪

૧૦. 'લોકામૃત' પુષ્કર ચંદરવાકર, આવૃત્તિ -૧૯૮૦ પૃ.૭૨

૧૧. લોકગૂર્જરી વાર્ષિક અંક સાતમો પૃ.૭૨

## ૫.૨ સંપાદિત લોકકથાઓ

### ૧. તીતુર ને કોનો

એક તીતુર હોતનો ને એક કોનો હોતનો.બેવાહાંય બઅ્જ દોસ્તી.તીતુર બી દૂર ચરી આવે,ને કોનો બી દૂર જાયને ખાય આવે.ફણ રાતીણા હુવણે તીયા હારી જ હુવાત.

એક દીહી કોનો કા કઅતો હા તીતરાણે કા - તીતુર ફાય,તીતુર ફાય ! તું માને એખું દીહી ચણા ખાવાડ ને !

તે તીતુર કઅ્તો હા કા- હારઅ્ તીયા,કાંય વાંદો ની.

એટલે તાણું એક ફોયો મોટ્ટઅ્ ટોપનઅ્ નેયને ચણે વેચણે જાયા કરતોનો.એટલે તીતુર ઉટ્ટો ઉટ્ટો આવો ને તીયા ફોયા આગાલું જ જાઇને પઇડો.ને પુઠી થોડોક દરફેડે જેહેં..થોડોક રણે જેહેં..પાછો થોડોક દરફેડે જેહેં..થોડોક ચાને જેહેં.

એટલે ફોયે ટોપનઅ્ ઉતારી દેદઅ્ ને તીતુરને થરને દઇડો.ને ઈયે થરઅ્..તીયાં થરઅ્.. એહેં કરતા દૂર જાય રઅ્યો.

તાણું કોનો આવો એટલે ટોપના માઅ્ણે બદ્દે ચણે ખાય ગો.ને ટોપનામાં હગી હગીને નાહી ગો.ઈયી પાહી તીતુર હા તો વાડીમાં ઓરાય ગો એટલે ફોયાણે હાથુ જ ની આવો.પુઠી તો આવીને ટોપનામાં હેદતો હા તાણું ગું નજરી પડે બાકી ચણે ની નજરી પડાત !

થોડીવાર પુઠી તીતુર ને કોનો પાછા એકઠા હોવા.એટલે તીતુર કોનાણે પુછતો હા- કેહેં કોના ફાઈ,ચણા ખાદા કા કાયની ? એટલે કોનો કઅતો હા- એરે..! કા વાત કરતો હા.ચણા ખાય ખાયને ટોપનામાં હગી હગીને આવો!

તે તીતુર કઅતો હા કા - ચાલ હારઅ તીયા !

પુઠી હવારે એહે પાછો કોનો કઅ્તો હા તીતરાણે કા- તીતુર ફાય,તીતુર ફાય ! તુંયે માને ચણે તે ખાવાઇડે ફણ હાવે હેલઅ્ ખાવાડ ને !

તે તીતાર કઅ્તો હા કા- કાંય વાંદો ની.તું ઇયા ડમરામાં દપી જા.

એટલે કોનો દપી ગો.તતરાહ્માં હાઅ્ત હાલાઇણે હાઅ્ત હલાહા ફાગઅ્ હેલઅ્ નેયને જાયા કરાત.એટલે તીઇણે આગાલુ જ જાઇને પઇડો તીતુર.ને થોડોક દરફેડે જેહેં.. થોડોક રણે જેહેં.. પાછો થોડોક દરફેડે જેહેં..થોડોક ચાને જેહેં.

એટલે બદીહીય તપીને ઉતારી દેદે,ને તે પુઠી તીતુર હા.. તીતુર હા.. થરચે .. થરચે..કરચે જાત,ને ઈયે થરાત.. તીયે થરાત.. એહેં કરચે દડતી જાય્ચે હા.

તાણું કોનો ડમરામાંથી નીકલીને આવો ને હાતેહાત તપીનાહા માંણઅ્ ખાવાણઅ્ ખાય ગો ! ને પુઠી બદા તપીનાહામાં હગી વઇલ્લો ! ને ઈયી પાહી તીતુર હા તો વાડીમાં ઓરાય ગો એટલે તીણીહીય જઇડો જ કાયની.

એટલે તે પાચ્છે નાહી આવચે હા.ને આવીને તપીનાહામાં હેદાત તાણું ગું નજરી પડે ફણ ખાવાણઅ્ ની નજરી પડે.

એટલે તે વિચાર કરચે હોય ગયે - કા હામે આપળે કા કરચે ! આપણાહાંય આજે માર ખાવા પડી.હાવે બોપુર તે હોય ગો હા એટલે આમે જાઇને રાંદજે તે કીયાર રાંદી પાડુહું ? પુઠી તે હાઇન્તઅ્ જ હોય જાય ને !તાણું તે હલીઇટ્ટઅ્ જોડીને નાહી આવી.

હાવે થોડીવાર પુઠી બેંય એક્ઠા હોવા ને બદી વાત કરતા હા.એટલે તીતુર કોનાણે પૂછતો હા કા- કેહેં કોના ફાઈ,ખાદઅ કા કાયની ?

એટલે કોનો કઅ્તો હા કા- એરે..! તીતુર ફાય કા વાત કરતો હા ! હાતેહાત તપીનાહા માંણઅ્ ખાઈ ગો ને ઉપારથી બદા તપીનાહામાં હગી વઇલ્લો !

પુઠી પાછો તો કઅતો હા કા- તીતુર,તુયે માને આજે બં હારઅ્ ખાવાઇડઅ્ !ફણ હાવે તું માને એક દીહી બરાબરનો હહ્વાડ ની !

એટલે તીતાર કઅતો હા કા- હારઅ્ તીયા,કાંય વાંદો ની.

પુઠી હવાર હોવી એટલે તીતુર કોનાણે કઅ્તો હા કા- તું ઈયા હુડામાં દપી જા.

તાણું તીન ફોયા જાયા કરતા હા.ને તીઇણે વચીમાં હા તો વાટલો ફોયો ચાને,નીબાલાહા વગારનો ! એટલે તે કાવાડ નેયને જાયા કરાત.ને એક હાથામાં નાકાળ પાછી.એટલે જેવો

તીતુર ઉઈડ્ડો..એટલે વચ્ચેણા વાટલા ફોયાણે ટમકા પાહી જાઇને બેઠો.એટલે પાછાલ્લા ફોયાએ કાવાડ ઉતારી દેદી ને મુઇન્નો છપડો.એટલે તીતુર તે ઉડી ગો ને વાટલા ફોયાણે ટમકામાં ટાચાક.. કરતો મુઇન્નો છપડો ! એટલે વાટલા ફોયાણે તીયે જ ઠુલી પાયડો ! એટલે કોનો તે કુહુટી વઇલ્લા કરે હહી હહીને.

પુઠી પાછા બેંય ફેગા હોવા.એટલે તીતુર કઅતો હા કા- કેહેં કોના ફાઈ ? માયે તુને હહવાઇડો કા કાયની ?

એરે કા વાત કરે ! હહી હહીને મારે બોકામાં ગાઠ વલી આવી! - કોનો એહેં કઅ્તો હા.

પુઠી હવારે ઉઇઠ્ઠા એટલે પાછો કોનો કઅ્તો હા કા- તીતુરફાઇ! તુયે માને ચણા બી ખાવાઈડા,હેલઅ્ બી ખાવાઇડઅ્ ને હહ્વાઈડો બી ! ફણ હાવે માને એક દીહી રડાવની !

એટલે તીતુર કઅ્તો હા કા- હારઅ્ તીયા,કાંય વાંદો ની !

એટલે બોપરેહે ડોબાહાંય ગોવાલાહાંય ડોબે ગોઠવી દેદે હા.ને પુઠી ગેલ્લી ડાઇન્ડો રમતે હા.એટલે બદા પાહી ગેલ્લી ડાઇન્ડો તે ખરો જ.એટલે તીઇણે પાહી જ જાઇને પઇડો તીતુર,ને પુઠી થોડોક દરફેડે જેહેં.. થોડોક ચાને જેહેં..પાછો દરફેડે જેહેં.. પાછો રણે જેહેં..હેંહેં કરતો હા.

એટલે એ.. તીતુર હા..! તીતુર હા..! એહેં કરતે કરતે દહ પંદાર ગોવાલે ડાઇન્ડો નેતે ને દઇડે..! હાવે મારુહું.. મારુહું એહેં જ તે તીઇણે ! હેહેં કરીને તી ખોદડી નાવે એટલે પુઠી કોનો બેહી રયનો તીયા જ ડમરામાંથી વીસરીને તીતુર નાહી ગો !

એટલે બદે ગોવાલે તે ઇયેં ડમરામાં જ હા..! ઇયેં ડમરામાં જ હા એહેં કરીને ચમખી ફીરી વઇલ્લે ! ને પુઠી ઇયેં જ હા..ઈયે જ હા.. એહેં કરીને છપીટણે લાગે !

તાણું તે તીયેં કોનો બેહી રયનો.એટલે તીયાણે બમનાવી બમનાવી કાઇડો.એટલે પુઠી કોનો હા તો માંડેહે ચીગા મારીને દાતે કાડી ગો.

એટલે ગોવાલે કઅ્તે હા કા- તીતુર તે કાયની જઇડો બાકી કોનાણે તે મારી નાખસો ! ને પુઠી ચાલા હાવે નાહી જાતે ! એહેં કરીને તીન્થે નાહી ગયે.

પુઠી કોનો જેતે વાતે ઉઇઠ્ઠો ને કઅ્તો હા- હાય..! હાય..! તીતુર ફાઇણે કયઅ્ કા જેરાક રડાવજે ! તે માને બરાબરનો માર ખાવાઇડો ને બમનાવ્યો ! ને હગાવી હગાવી કાઇડો ! હાવે તીતુર માને મીલી ને તે હીયાણે ગુંયે ગું ખાય જાહી !

એટલે આમે બી તીતુર કોઈ દીહી ફૂંયમાં હગે ની ! પથરા પાહી ચડીને હગે,ખટા પાહી ચડીને હગે કાં તે ઉટ્ટો ઉટ્ટો જાય તીયા છાડવા પાહી પડી;એહેં કરીને હગે તી કદાસ કચરામાં ને તેહેં પડે.ફણ આજુ હુદ્દુ તીતુર કોઈ દીહી ફૂંયમાં હગે ની !હાં,રાતીણો નીંદીમાં હુતો હોય ને તીયા ફૂંયમાં હગે કેહેં કા રાતીણો વીહ્રાઇ જાય.ને દીહાણો તે જાગતો રઅ્ય એટલે દીહાણો કોઈ દીહી ફૂંયમાં હગે ની ! એ રીતે તીઇણે બેવ્હાંય દોસ્તી ટુટી ગોય !

## ૨.ફગવાનને પરીક્ષા

એક ડોહો ને ડોહની બે જણે હોતને.તી બંઅ્જ ગરીબ હોતને.તીઇણે પાહી ખાલી વાડો કરી ખાવાણી જમીન હોતની તતરીહી જ.

એટલે એક દીહી ફગવાને વિચાઇરઅ્ કા - ઈ ડોહો ને ડોહની બંઅ્જ ગરીબ હા. તે ચાલ માને હીઇણે પરીક્ષા નેવા દે એટલે ખબાર પડે કા હી હારે કા નબળે(ખરાબ) હા !

એટલે એક દીહી ફગવાન સાધુણે વેહે થરીને તીઇણે ખર આવો.આવો એટલે બેઠો ને વાતચીત કદી.એટલે સાધુ ડોહાણે પૂછતો હા કા - દાદાહા!તોરે પાહી જમીન બમીન ખરી કા ?

એટલે ડોહો કઅ્તો હા કા- મા'રાજ ! મારે પાહી કાંઇ જડે ની ! છૂપડી પાછાલ વાડો હા તતરોહોજ.

એટલે મા'રાજ કઅ્તો હા કા- હાંય તુને બીવળઅ્ આપી જામ તે તી તું ઓરે કા કેહેં ?

એટલે ડોહો કઅ્તો હા કા- ઓરઅ્ બાકી મારે પાહી બલજે કાયની હા.

એટલે મા'રાજ કઅ્તો હા કા- તુમારે ગામણો પટેન જાણે મોટઅ્ માણહુ હા.તું તીઇણે ખર જાજે.એટલે પટેન તુને બલજે આપી.

તે આપીજા તીયા ! - એહેં ડોહો કઅ્તો હા.

એટલે ફગવાને છોલીમાંથી તુંબડાહાંય બીવળઅ્ કાડી આપચઅ્.ને પુઠી ફગવાન નાહી ગો.

પુઠી તે જેઠ મઇનો આવી ગો.ને થોડા દીહીમાં વરહાત બી પડી ગો.એટલે ડોહો ખરા પાછાલનો વાડો ખેળને પટનાહાંયે બલજે માગણે ગો.

એટલે પટેન કઅ્તો હા કા- કા કામે આવો ગડાહા ?

એટલે ડોહો કઅ્તો હા કા- મારે ખરા પાછાલનો વાડો ખેડવાણો હોતનો એટલે હલ માગણે આવનો.

એટલે પટેને હલ મોકની આપચઅ્.ને પુઠી ડોહોન્-ડોહનીયે વાડાણે ખેડી બેડીને તી તુંબડાહાંય બીવળઅ્ ઓરી દેદઅ્.

દીહા પાહીં દીહી જાતા તી તુંબળે બરાબર વેનાયે;ને ફૂટી બરાબર ફૂનાયે ને નાગે બી હામટે જ ! પુઠી તી તુંબળે પાકમાં આવી ગયે.

એટલે ડોહો વિચારતો હા કા- તુંબળે તે બરાબર પાકમાં આવી ગયે એટલે હાવે ખલઅ્ ખુરપાવી દેવા પડે બાકી કેહેં કરઅ્.

એટલે ડોહાણે મા'રાજ કઅ્ય ગનો તી યાદ આવી ગ.એટલે ડોહો વિચારતો હા કા- માને પટનાહાંયે જ જાવા દે.

પુઠી તો પટનાહાંયે ગો.એટલે પટેન પૂછતો હા કા-કેહેં આવો ગડાહા!

એટલે ડોહો કઅ્તો હા કા- મારે તુંબળે બદે પાકી ગયે.એટલે ખલઅ્ ખુરપુવાણઅ્ હોતનઅ્.

એટલે પુઠી પટેનને બલજે ગયે એટલે ખલઅ્ ખૂરપી આપચઅ્ ને નીપી બી આપચઅ્.

પુઠી તુંબળે તોડને હારુ મજીરે હેદણે તો ડોહો વિચાર કરતો હા.એટલે પાછો ડોહો પટનાહાંયે ગો.એટલે પટેન કઅ્તો હા કા- કાયની,મારે મજીરા આવીને છુટી આપી.એટલે બીજે દીહી પટેનને મજીરાહીં તુંબળે છુટી આપીને ખલામાં નાખી આપચે.

પુઠી બીજે દીહી ડોહો પાછો વિચાર કરતો હા કા- હાવે તુંબળાહાંય પંદવાણે કેવી રીતે ?

એટલે તો પાછો પટેનેહીંયે ગો- કા મારે તુંબળે પંદવાણે હોતને એટલે બલજે જુજતેને.

એટલે પુઠી પટેને બલજે આપચે.પુઠી તીહ્ણાય પંદવાણઅ્ ચાનુ કદઅ્.ને એક તુંબળઅ્ ફૂટે એટલે પણા મણ ગવ્અં નીકલે !

એટલે તીહ્ણાય પંદતા-પંદતા આખો દીહી હોય ગો.પુઠી હાઇન્તા પાર છોડી દેઇને હાઇલ્લા નાહી ગયા.

એટલે હવારે એહેં ડોહો પાછો પટેનેહીંયે ગો- કા મારે ગવ્અં વાવ દેવાણઅ્ જાણે.

એટલે પટેને પાછા હાઇલ્લા મોકની આપચા.એટલે તીહ્ણાય આખો દીહી વાવ દેતા હોય ગો.ને પુઠી ખલામાં મોટ્ટો ઠીગ કરી દેદો.

એટલે હવારે એહેં ડોહો પાછો પટેનેહીયેં ગો.ને કઅ્તો હા કા- મારે હાવે ગવ્અં ખર નાવાણઅ્ હોતનઅ્ એટલે ગાડલે જુજતેને.તે ગાડલે મોકની આપતો હા કા ?

એટલે પટેને હાઅ્તેહાત ગાડલે મોકની આપચે.એટલે તીહ્ણાય ગવ્અં વઅ્તા આખો દીહી હોય ગો.

પુઠી તે ડોહાય ખરમાં ગવ્અં હમાંય અખેની ! છાપરામાં વેરાયા કરે !

ડોહાય થાન તે બરાબર પાકી ગ,ને સુખેથી જીવણે લાગે.એટલે પાછો ફગવાન વિચાર કરતો હા કા- ચાલા!ડોહોન્-ડોહનીણે માયે પાકવી તે આપચઅ્.હાવે માને પરીક્ષા નેણે જાવા દે હીણે.કાજા હોતઅ્ તી હેદવા દે.

એટલે ફગવાન રક્તપિતણે રોગવાલો હોઇને ડોહાયેં આવો.એટલે ડોહો તે તાણું ફીરને હારુ જાતો રયનો.ને ડોહની એખની જ ખર હોતની.હાવે તો રક્તપિતવાલો એટલે તીયાણે ડીનાપાહી તે માખળે બીણબીણ કયરા કરાત ! એટલે તો ડોહનીણે કઅ્તો હા કા- ગડેહે,કાંય ખાવાણઅ્ બાવાણઅ્ હોય તે નાવ યે !

એટલે ડોહોની તીયાણે વીડી પઇડી- ઇયાં કાં ખાવાણઅ્ પુછતો હા ? આમેહેં કથઅ્ દેખછઅ્ ને ! કોડલો કથો કો કાન્થો દડી આવો ?

એટલે ફગવાને હં..હં કરી દેદઅ્ ને નારાજ હોઇને નાહી ગો.એટલે તો જેંગાલને મારગે પડી ગો ને જેંગાલમાં જાઇને દપી ગો.

એટલે પુઠી હાઇન્તો ચારેક વાગે ડોહો ખર આવો.તાણું તે ખરમાં ગવાણે એક દાણો બી ની જડે ! એટલે ડોહો ડોહનીણે પૂછતો હા કા- હાયે બદઅ્ ગવ્અં ગ કાં ?

એટલે ડોહની કઅ્તી હા કા- કો કથઅ્ કા હોય ગ ? હાંય કા જાણઅ્ ?

એટલે પાછો ડોહો પૂછતો હા કા- ઇયેં કેવઅ્ આવનઅ્ કા ?

તે ડોહની કઅ્તી હા કા- કોડલઅ્ કથઅ્ આવનઅ્ ! બીણબીણ માખડે કરાવતઅ્ ! આવીને માને ખાવાણઅ્ પૂછે ! એટલે માયે વીડી આપચઅ્ ને બરાબર ચેચડાઇ ઉઠી !

એટલે ડોહો પૂછતો હા કા- તે તી કેહેં ગ તીયા ?

એટલે ડોહની કઅ્તી હા કા- ઇયે જેંગાલવાલે મારગે કથઅ્ ગ.

ફૂટી ડોહો જેંગાલવાલે મારગે હેદતો હેદતો ગો.એટલે હાચું જ સાદુ મારગા પાહી એક કલકઅ્ હોતનઅ્ તીયાણે ઓથે કરીને બેહી રયનો.

એટલે ડોહો તીયાણે કઅ્તો હા કા- ચાલ મા'રાજ ! ખર ચાલ.

એટલે મા'રાજે ચોખ્ખઅ્ ના કઅ્ય દેદઅ્ કા- હાંય કાઇની આવાણો.

એટલે ડોહો કઅ્તો હા કા- તું ચાલ મા'રાજ! ડોહની જેવી હોય તેવી,ગાંડી કા ગેલી હોય.ફણ તું ચાલ.

એટલે મા'રાજ કઅ્તો હા કા- હાંય જેટ આવઅ્ ની ગડાહા! ને તું ઈ ઠાલઅ્ નેતો જા,ને હવાર હાંજ ઉંગલી નેઇને ઈ ઠાલઅ્ તોરે આગાલ મૂકજે ને ડોલા મીચીને માને યાદ કરજે.એટલે ઠાલામાં ખાવાણઅ્ આવી જાય.એટલે તું ખાય નેજે ફણ તે ડોહનીણે એક ખાહાં નખે આપતો.

એટલે પુઠી ડોહો તી ઠાલઅ્ નેતોને નાહી આવો.ને પુઠી ઉંગલી નેઇને તી ઠાલઅ્ આગાલ મૂકીને,ડોલા મીચીને ફગવાનને યાદ કરે એટલે ખાવાણઅ્ આવી જાય.એટલે ડોહો તે શાંતિથી ખાય નેય.ને હલી ડોહનીણે કાંઇ મીલે ની.એટલે તે ફોકી ને ફોકી જ મરી ગોય.ને ડોહો હારી રીતે ખાયને રઅ્તો લાગો.

## ૩. પાનારાજણે વાત્તાહા

એક ડોહની હોતની.તીઈ ડોહનીણે એક ડીખરીહી હોતની.એટલે તે આહી ને ડીખરીહી બે જ જઇણે રઅ્ત.હાવે એક દીહી બેમાં ડીકીરે છાણે વીછણે ગયે.છાણે વીછતા વીછતા છાણાહાંય ટોપનો ફરાય ગો.એટલે ડોહની ડીખરીહીણે કા કઅતી હા કા - હાંય છાણાહાંય ટોપનો ખર ખાલવી આવઅ્ તાણું તું છાણે વીચ્છા કરજે.

હેં કયને ડોહની છાણે ખાલીવણે ખર આવી.ખાલવી દેયને પાછી ગોય તાણુ ડીખરીહી તે જડેજ ની ! એટલે ડોહની પાહીં ખેતામાં કામ કઇરા કરતેને તેવા મજીરાહી પૂછતી હા કા - મારે ડીખરીહીણે તુમ્હાંય દેખી કા ?

મજીરે કઅ્તે કા - તોરે ડીખરીહીણે તે પાનારાજ નેય નાઠો !

એટલે હાવે ડોહની એખની પડી ગોય.તે હાવે એખની જ રઅય.ફૂટી એક દીહી ડોહની બજારમાં હાકફાજી નેણે ગોય.તે હાકફાજીમાં વેંગણે નેય આવી,ને તીયા વેંગણાહાંય માવરઅ્ રાંદજઅ્.એટલે તે તાતઅ્ તાતઅ્ ખાતની,તેવામાં વેંગણાણે માવરાણે એક ચીટલો ડોહનીણે જાંગડા પાર પડી ગો.એટલે તીયેં બં મોટો પોપીનો ઉપજીયો.તો પોપીનો દીહા પાર દીહી જાતા ફૂઇટ્ટો.એટલે તીયામાંથી નીચાક જનમીયો.તો નીચાક દીહા પાહીં દીહ જાતા મોટો હોવો.

એટલે ફૂટી તો ડોહનીણે પૂછતો હા કા - આયા! મારે કોઈ બેહણી ને તેહેં હોતની કા કાયની ?

ડોહની કા કઅ્તી હા કા- ડીકરા બેહણી તે હોતની,ફણતે પાનારાજ નેય નાઠનો.

નીચાક કઅ્તો હા કા- આયા! માને એક ખોડો નાવી આપ,ને હારી હારી ખોડા પાહી બેહવાણઅ્,પાથીરવાણઅ્ બદઅ્ નેય આવ.હાંય બેહણીણે હેદણે જાવાણોમ.

ડોહની તીયાણે કઅતી હા કા - ડીકરા,આજુ તું બઅ નાન્નો ગણાય! તુને પાનારાજ પાહી ની જાવાય.

ફણતે ડીખરોહો કાયની જ માઇન્નો.એટલે ડોહનીયે તીયાણે બદઅ્ આણી આપચઅ્.ને ફૂટી ડીખરેહે આયહીણે વેટી નેય નેદી,ને આંગણામાં એક છાડ ઠાયણઅ્.ફૂટી તો આયહીણે

કા કઅતો હા કા - આયા! ઈ છાડ મરી જાય તે માની નેજે કા તોરે ડીખરોહો મરી ગો,ને જીવતઅ્ રઅ્ય તે જીવતો હા એહે માનજે !

હેં કયને ડીખરોહો બેહણીણે હેદણે નીકલી પયડો.એટલે ગો..ગો..ગો બં દૂર નીકલી ગો ! એટલે પુઠી તીયાં ગોવાલે ડોબે ચાયરા કરતેને.તીહ્ણાય તો નીચાક પૂછતો હા કા-

"એ ઢોર ચારતા ગોવાળિયા,એ ઢોર ચારતા ગોવાળિયા.

પાનારાજનું રાજ કેટલેક છે રે ગોવાળિયા."

એટલે ગોવાલે કઅતે કા -

"અગલુ પગલુ ભરો રે ભાઈ,હજુ તો બો દૂર છે."

એટલે તો નીચાક તીન્થો આગાલ જાણે નીકલી પયડો.ગો..ગો એટલે બં દૂર નીકલી ગો ! એટલે પુઠી ગેદળે ચાયરા કરતેને તી ગોવાલે મીયલ્લે.એટલે તો નીચાક પાછો તીહ્ણાય પૂછતો હા કા-

" એ ગેદી ચારતા ગોવાળિયા,એ ગેદી ચારતા ગોવાળિયા.

પાનારાજનું રાજ કેટલેક દૂર છે ગોવાંળિયા."

ગેદડે ચારતે ગોવાલે કઅતે કા -

"અગલુ પગલુ ભરો રે ભાઈ,હજુ તો બો દૂર છે."

એટલે તો નીચાક પાછો તીન્થો આગાલ જાઅણે નીકલી પયડો.ગો..ગો એટલે બં દૂર નીકલી ગો ! એટલે પુઠી તીયાણે કૂકડે ચારતે ગોવાલે મીઇલ્લે.એટલે તો નીચાક તીહ્ણાય પૂછતો હા કા -

" એ મરઘી ચારતા ગોવાળિયા,એ મરઘી ચારતા ગોવાળિયા.

પાનારાજનું રાજ કેટલેક દૂર છે રે ગોવાળિયા."

એટલે તી કઅ્તે કા - તો..પીપલો દેખાતો હા,તીયા એક કૂવો હા.તીયા તોરે બેહણી પાણી ફરને આવતી હા.

એટલે તો પીપલા પાર ચડી ગો.ફૂટી તે બેહ્ણી પાણી ફરને આવી.પાણી ફરને આવી એટલે તીન જઇણે હોયને આવ્યે.એટલે તે પાછાલ ચાન્તીની,ને બે જઇણે આગાલ ચાન્ચેને.એટલે તીયે નીચાકે ગીત ગાયઅ્ -

" આગલી રે લોલ,વચલી રે લોલ.

પાછલી તે મારી બેની રે લોલ.."

એટલે તે બેહ્ણી વચ્ચે ચાનને લાગી.એટલે પાછઅ તીયે નીચાકે ગીત ગાયઅ્ -

" આગલી રે લોલ,પાછલી રે લોલ.

વચલી તો મારી બેની રે લોલ.."

એટલે હેવઅ્ ગાતઅ્ કીડઅ્,એહેં કરીને તે પાછી આગાલ હોય ગોય.એટલે પાછઅ્ તીયે નીચાકે ગીત ગાયઅ્ કા -

" પાછલી રે લોલ,વચલી રે લોલ.

આગલી તે મારી બેની રે લોલ.."

હેં કરતી કરતી તે કૂવા પાહી આવી રઅ્યે.ફૂટી તીયે બેહ્ણીયે પાણી ફરી નેદઅ્ ને જાણે લાગી.એટલે તીયે નીચાકે પીપલાણે પાનઅ ચાવીને પાણીમાં થૂંપી દેદઅ્.એટલે બેહણીયે એરેરે..!ઓ તે કાગડો ફરાયો.એહેં કરીને પાણી ખાલવી નાખદઅ્ ને પાછઅ્ પાણી ફઇરઅ્.એટલે તીયે નીચાકે પાછઅ્ પીપલાણે પાનઅ્ ચાવીને તીયા હારી પલી વેટી બી પાણીમાં નાખી દેદી.એટલે પાછો જાણે કાગડો ફરાયો ! એહેં કરીને બેહ્ણીયે પાછઅ્ પાણીણે ડેગળઅ્ ખાલવી દેદઅ્.એટલે તે વેટી ડેગળામાંથી નીકલી પડી ! તીઇ વેટી પાર તે હલી ડોહનીણે નામ નખીનઅ્ હોતનઅ્ ! એટલે તે બેહણી કઅતી હા કા -

ઓ આયા !એ તે મારે આયાણે જ વેટી હા.નેડાળઅ્ કા ખોવળઅ્ન તેહેં ખાય ગય તી હગજઅ્.

હેં કયને તીયે ઊંચે હેદજઅ્.એટલે તાણું તે નીચાકણે ઉપાર બેહી રયનો દેખશો.એટલે તે કઅતી હા કા- ઉતુર જાણે! તું કાન્થો આવો ને તું કીડઓ હા ?

નીચાક કઅતો હા કા- હાંય તોરે ફાહામ્ જાણે,તુંને હાદી નેજાણે આવોમ.

એટલે બેહણી કઅતી હા કા - આયા..મારે ફાહા ના ! ચાલ.. ચાલ.. ખર ચાલ ! ને ફૂટી તે ખર હાદી નેગી.

તાણું તે પાનારાજ શિકાર ખેલને જેંગાલમાં નાહી ગનો.એટલે બેહ્ણીએ ફાવહ્ણે ખાવડાવી દેદો,ને ખાવડાવીને કોઠામાં ખેની દેદો.કેહેં કા બેહ્ણીણે તે ખબારુ જ કા મારે માટળો તે રાખ્ખાહા હાશે.એટલે મારે ફાવહ્ણે દેખી તે મારી જ નાખી.

પુઠી પાનારાજ શિકાર ખેલને ગનો તીન્થો આવો.એટલે આવીને તો ખાટને બેઠો.એટલે તીહ્ણીયે એક બીડાળઅ્ પાલીનઅ્ હોતનઅ્.તી પાનારાજણે કા કઅત કા-

“ ભાભીનો ભાઈ,આપણો વેવાઈ,કોઠીમાં છે..”

એટલે પાનારાજ ખરાવાલીણે પૂછતો હા કા - ઈ બીડાળઅ કાજા કઅતં હાયે ?

હલી કઅતી હા કા- કો કથઅ્ ! ગાંડઅ્ અરેહે હોવઅ્ તી હેં કયરા કરતઅ્ હા.

એટલે પાછઅ પલઅ્ બીડાળઅ્ કતઅ્ હા કા - ભાભીનો ભાઈ આપણો વેવાઈ કોઠીમાં છે !

એટલે પાનારાજ કઅ્તો હા કા - હી તીયા ! ભાભીનો ભાઈ કોઠીમાં છે એહેં કતઅ્ ને ? ફાહા આવો હોય તે ઓરો બાયરે કાડ ને ! હાંય કા થોડો તોરે ફાવહાણે મારી નાખીહી તો !

હલી કઅ્તી હા કા- કાંય કથો નખે કરતો હાં મારે ફાવહાણે,આજે જ આવો હા !

પુઠી તીયે બેહ્ણીયે ફાવહાણે કોઠામાંથી બાયરે કાયડો.એટલે હાલહો ને ફાઇહોહો બેંય જણા ખાણે બેઠા.ને ખણી બદી વાત કદી.પુઠી ખાય નેયને બદે હુવી ગયે.

હવારમાં ઉઠીને પાનારાજ હાલહાણે કઅતો હા કા - ચાલ હાલહા!આપળે જેંગાલમાં શિકાર ખેલને જાતા.કેહેં કા પાનારાજ જાણી ગનો કા ઓ તે મારે ખરાવાલીણે હાદી નેયને નાહી જાણે આવો હા,ને મારે ખરાવાલીણે ગમે તે રીતે હાદી નેયને નાહી જાય.એટલે મારે કોઈ બી હિસાબે હીયાણે મારી જ નાખવા પડી.એટલે ફૂટી તે શિકાર ખેલને ગયા..ગયા..ગયા એટલે બં દૂર નીકલી ગયા.ને ફારફૂટ જેંગાલમાં જાય રઅ્યા.તીયાં પુઠી બે હાગાણે છાડ આવા.તીઈણે ઉપાર તીહ્ણાંય માલો (માચડો) બનાવ્યો.ને તીયા ઉપાર ફાવહાણે ચડાવી દેદઓ,પુઠી પાનારાજ તીયાણે કા કઅતો હા કા-હાંય નજરી પડહી તાં હુદી તું માને હેદતો રઅજે,ને પુઠી હુવી જાજે.હેવઅ કયને પાનારાજ જેંગાલમાં શિકાર ખેલને નાહી ગો.

ને ઈયી પાહી પલા ફાવહાયે હુવાણઅ્ રવા દેયને,તીયા પાહી નુગડઅ્ હોતનઅ્ તીયાણે છોલઅ્ બાંદજઅ્.ને પુઠી હાગાણે પાતરાણે બે દઇડા બનાવ્યા.એક દઇડામાં હગી દેદઅ્ ને બીજા દઇડામાં મૂતી દેદઅ્.ને પુઠી છાડવાણે એક ટોનકઅ્ નેય આવો ને છોલામાં મૂકી દેદઅ્.પુઠી તીયાણે બેંય પાહી તે બંયે દઇડા ગોઠવી દેદા.ને તો ફાહા ઉતરીને ખર નાહી આવો.

ખર આવીને તીહ્ણાય બેહ્ણી હારી છળછળ ખાવાણઅ્ રાંદીને ખાય નેદઅ્,ને બાકીણઅ્ હારી નેય નેદઅ્.ને બેહ્ણીણે વેલી વેલી તીયાર કરી નેદી.પુઠી ખરમાં બીડાળઅ્ પાલીનઅ્ હોતનઅ્ તીયાણે પૂહુંડો વાડી નાખશો.ને પુઠી ચૂના પાર તવો મૂકીને તીયા ઉપાર પૂહુંડો ટાંગી દેદો.હાવે પૂહુંડામાંથી નોઈણે ટીપે પડે એટલે ચૂડ..ચૂડ અવાજ આવે એટલે રાંદતી હા એંહે નાગે.ને બીડાળાણે ખંટી હારી બાંદી દેદઅ્.એટલે તી બીડાળઅ્ પૂહુંડો વાડી નાખીનો એટલે ખન્ટા ચમખી ગોલ ગોલ ફીયરા કરે,એટલે દલતી હા એહેં નાગે.પુઠી તીહ્ણાય એક બુવારઅ્ નેય નેદઅ્,એક મુહુલઅ્ નેય નેદઅ્ ને એક લોટામાં પાણી ફરી નેદઅ્.ને પુઠી ખરને ટાલઅ્ મારી દેદઅ્,ને ખોડા પાહી બેહીને નીકલી પયડે ખર આવણે.

ઈયી પાહી પાનારાજ માલો બનાવીનો તીયા આવો.એટલે તીયે છોલામાં ટોનકઅ્ મૂકીનઅ્ હોતનઅ્ તીયાણે હાલહો જ હુવતો હા,એહેં જાણીને તીયે તીર કામઠઅ્ વીદજઅ્.એટલે ટોનકામાં જ લેવાયઅ્,એટલે ટચ્ચ..જેહેં અવાજ આવો.એટલે તો ટમકામાં જ લેવાયઅ્ રા..! એહેં કઅતો હા.પુઠી તીયે બીજઅ્ બાણ માયરઅ્ એટલે તી મુતાણે દયડામાં લેવાય ગ.એટલે તો પાછો કઅતો હા કા- મુતાવી મુતાવી કાયડો રા..! એટલે પુઠી

પાછઅ્ તીયે તીજઅ્ બાણ માયરઅ એટલે તી હગવાણે દયડામાં લેવાય ગ.એટલે પાછો કા કઅ્તો હા કા- હગી હગી રઅય રા..! એટલે હવે તે મરી જ ગો હોય એહેં કરીને તો ઉપાર ચઇડો.તાણુ તે હાલહો જડે જ ની ! ને ખાલી નાકડાણે ટોનકઅ્ જ પડી રઇનઅ્ !એટલે હાલહો તે માને બનાવી ગો એહેં કરીને પાનારાજ વેલો વેલો ખર આવો.

ખર આવીને તો ખરાવાલીણે હાદતો હા.ખર કોઈ જડે ની ! ખરાણે બાર તે બરાબર બુજીનઅ્ હોતનઅ્.એટલે તો ખરાવાલીણે હાદતો હા.ફણ ખરાવાલી હોય તીયા બોને ને ! ફણ તે તવા પાર પલા પૂહુંડામાંથી નોઈણે ટીપે પઇડા કરાત એટલે ચૂડ..ચૂડ કયરા કરે ! ને હલઅ્ બીડાળઅ્ હા તી ખન્ટા ચમખી ફીઇરા કરે એટલે ખરરર..અવાજ કઇરા કરે.

એટલે પાનારાજ કઅતો હા કા- હાયે,દલતીહ્ી જેહેં હા ? ને રાંદતીહ્ી જેહેં હા ? તે બારઅ્ કેહેં નાથ ખોલતી ? એહેં કરીને તીયે એક પાટવો મુકચો ને બારઅ્ ખોલી નાખદઅ્.તાણુ તે ખરમાં કોઈ જ જડે ની ! ખરમાં તે હલા પૂહુંડામાંથી નોઈ પઇડા કરે એટલે તવો હા તો ચૂડ..ચૂડ કઇરા કરે ! ને બીડાળઅ્ હા તી ખન્ટા ચમખી ફીઇરા કરે એટલે ખન્ટઅ્ ખરરર..કઇરા કરે ! ખરમાં તે ફાહા કા બેહ્ણી કોઈ મીલે ની !

એટલે પાનારાજ તીઇણે પાછાલ પઇડો.એટલે તીહ્ણાય પાહી પાહી કરી નાખશે.એટલે તો ‘ ઉબો રઅ્ના હાલહા..હાંય બી આવતોમ’ એહેં કરીને તીહ્ણાય બમીન્તો હા.એટલે તીહ્ણાય બુવારઅ્ નાખી દેદઅ્.એટલે એખને હેંદળે ને હેંદળે ઉગી નીકીઇલ્લે ! કા તીયામાંથી વીસરી જ ની અખાય તતરે હેંદળે હોય ગયે! એટલે પાનારાજે ખોડા પાહીંથી ઉતરીને વાલી તોળી વાલી તોળી સાફ કદે.ને પાછો ખોડા પાહી બેહીને બાર નીકલે તાણુ હલે તે બં દૂર જાય રઅ્યે !

પાનારાજે પાછો ખોડો બરાબર દળાવ્યો.એટલે પાછે તીહ્ણાય પાહી પાહી કરી નાખશે.એટલે હલાહાંય પુઠી મૂહુલઅ્ નાખી દેદઅ્.એટલે એખને બાવલે ને બાવલે હોય ગયે ! એટલે તીયા બાવલાહામાંથી પાનારાજ નીહરે નીહરે તાણુ પાછે હલે બં દૂર જાય રઅ્યે!

એટલે પાનારાજે પાછો ખોડો દળાવ્યો.એટલે તીહ્ણાય પાહી પાહી કરી નાખશે.તાણુ હલાહાંય ખાડી પાર કરી નાખી દેદી.ને પુઠી ફાહા બેહ્ણીણે કઅ્તો હા કા- હાવે લોટામાં પાણી હા તી ખાડીમાં રેડી દે.એટલે બેહ્ણીયે લોટામાણઅ્ પાણી ખાડીમાં રેડી દેદઅ્ એટલે

ફરપૂર ખાડી વઅ્તી લાગી ! તતરાહ્માં પાનારાજ તીયાં આવી પઇચ્યો.તાણુ તે ખાડીમાં ફરપૂર પાણી વઅ્યા કરે ! ને ફાહા ને બેહ્ણી તે પલે તીડી બેહીને ખાયા કરતે હા.બદઅ્ રાંદી નાવને તી.એટલે પાનારાજ તીહ્ણાય પૂછતો હા કા- હારા હાલાહા! કેહેં કરીને ઉતીરે રા ? હાંય બી આવાણોમ.

એટલે હાલહો કઅ્તો હા કા- એક પથરો ખોડાણે ખોગામાં બાંદી દે,ને બીજો એક પથરો તુ બાંદી ને.ને પુઠી પાણીમાં કૂદી પડ.હાજ્જાટ નીહરી આવાય.

એટલે પાનારાજે ખોડાણે ખોગામાં એક પથરો બાંદી દેદો,ને પોતાણે ખોગામાં બી ઉચકાય તવડો પથરો બાંદી નેદો.ને પુઠી ખોડાહારી પાણીમાં કૂદી પઇડો.એટલે પાનારાજ ને ખોડો બેંય ડૂબી ને વય ગયા.ને હે રીતે પાનારાજ ખાડીમાં વયને મરી ગો.

પુઠી ફાહા ને બેહ્ણી બેય જણે ખર આવતે રઅ્યે.ને ડોહનીન્ એહ કરીને તીનમાં ડીકરે રોલીને ખાતે લાગે.

## ૪. ઠગ

એક વરીહી એક ગામમાં દુકાલ પઇડો.એટલે અરદે માણેહેં કામે થન્દે નીકલી ગયે.એક ડાંડ જેહેં તેવો હોતનો તો કાયની ગો.તીયે ખર વેચી દેદઅ્ ચારેહેં પાન્છેહેં રૂપિયામાં,ને પયહા નેય નેદા.પુઠી વિચારતો હા હાવે કાં જામ.કેહેંકા એખનો પડી ગનો ને આખઅ્ ગામ હુનઅ્ પડી ગ હા.

એટલે જાતો હા.. જાતો હા.એક ગામ એવઅ્ હોતનઅ્ કા ચોરીહીં ગામ,ને પાછઅ્ પરખ્યાત હોવનાણઅ્.તીયાં પાઇટ્ટે બાઇટ્ટે બદે જ મારીને,કા ચોરીહીં ગામ.એટલે તીયા ગામમાં તો ગો.તીયાં એક વાવ હોતનો.વાવણે પાટી પાહી જાયને તો પયહા ગઇણા કરે.રાંડે પાણી ફરને જાત તે ખરેહે જાયને કચ્ચે હા કા- તુમે રાતીણા જફા કઇરા કરતા હેંડતા હા,ને એક જણઅ્ આપળે કુવાણે પાટી પાહી બેહીને પયહા ગઇણા કરતઅ્ હા.તુમે આમી જ જાહા તાહું નૂંટી નેયને નાહી આવહા.

એટલે હલા એહેં વિચાર કરતા હા કા- સાલઅ્ આપળે ગામ ચોરીહી ગામ,ને પાછઅ્ પરખ્યાત હોવનાણઅ્.બડ મારીનાણઅ્,હીમાયરે હીમાયરે.તાહું હી માણુહું આવઅ્ તીયા હી કેવઅ હોય,તીયા ઈયા આવઅ હા ? હલાહાંય થપકીતી હા.એટલે હલા કાંય તીયા જાતા કાયની.

એહેં કરતા કરતા હાંજતઅ્ પડી ગ.ડોહીન્ને પાણી ફરને જાત.એટલે હલા એહેં કઅ્તા હા કા- તુમે જાણે તીયાણે હાદી નેચ્ચે આવજા.તુમારે એહેં કવાણઅ્ કા- અતરઅ્ મડઅ્ હોય ગ હા.ને હતરા બદા પયહા નેયને કાં જાતો હા ? ને કા કરેહે ? ને ઈ તે ચોરીહી ગામ કઅ્વાય ! એખું તુને નૂંટી નેય ! તીયા કરતા બાબા તું આમારે તીયાં નાહી આવ.

હલીહીય જાઇને હેં કયઅ્ એટલે તો કઅ્તો હા- હાચુ જ યે બાયે ! તુમારે વાત હાચી હા.

ને તો તીઇણે હારી નાહી જાતો હા.ગો એટલે તીયાં ખાવાણઅ્ પીવાણઅ્ બદજ તીયાર કરી દેદઅ્.ખાવડાવુહું પીવડાવુહું ને હુવાડી દેઇને નૂંટી નેહું - એહેં પલા વિચારતા હા.એટલે હલાહાંય ઈરાદો હેવો ફણ તો થોડઅ્ જ પીય,સાકાય કાયની.

તીયાણે ખાવાડી દેદો ને પથારી કરી આપી.એટલે હલો કઅ્તો હા - એરે બાબાહાવ ! તુમે ચોરી ને હેવી કરાત કા ની ?

આમે કરજે તે ખરા બાકી અરીહી પરહી જ.

એરે! હાંય બઅ્જ પાકો.ચાલાની એખું પાહીપાહી પાકઅ્ ખર ને તેવઅ્ હોય, માતનેન્ તેવે હોય તીયાં જાતા.

તે કઅ્તા હા કા- એક ઠેકાણે હા.બં માતને ને પાકો બંગલો હા.

ચાલા તીયા હો !

ને પુઠી બદા ગયા.એટલે તીયાં હાઅ્ત ડીખરાહા ને હાત વવનીહીયે,ને ડોહો ને ડોહની બે.એટલે બદે મીલીને હોલ જણે હોત! એટલે તીયે તીહ્ણાય દીવાલ તોડી.ને તીયામાં બાકઅ્ પાઇડઅ્.

પુઠી હલાણે કઅ્તા - જા હાવે ઓરા !

એટલે તો કઅ્તો હા કા- તુમે છ એ છ જણા માં ઓરાયા,ને તુમે જી કાંય કાડી આપાહા તીયા માટે હાંય એખનો જ કાફી હામ ! બારનઅ્ આવે તીયા માટે બી હાંય એખનો જ કાફી,ને કાડવાણઅ્ આવે તીયા માટે બી હાંય એખનો જ કાફી !

ને હલાહાંય માં ઓરાવ્યા.ને તે ખાવાણઅ્ કાડી આપાત તીયાણે દૂર મૂકી આવે.ને બોરાણે ચીરપીણઅ્ નેતો આવે.પાછા કાંય પયહા કાડી આપાત તી નેયને પાછો દૂર મૂકી આવે.પાછઅ્ એક ચીરપીણઅ્ નેતો જ આવે.કાંય ગરેણઅ ને હેવઅ કાડાત એટલે તીયાણે પાછો મૂકી આવે દૂર.પાછઅ્ એક ચીરપીણઅ્ નેતો જ આવે.એહેં કરતા કરતા પયહા કાઇડા,કાંય કાઇડઅ્.ને તેહેં કરતા કરતા બદઅ્ જ સાદાન કાડી નેદઅ્,ને ફેરે આટા બોરાણે ચીરપીણઅ્ તો નેતો જ આવે.ને નાકડે વાડીણે હોતને હેડેહે તેવા બે તીન ઠેગા નેય આવો.પુઠી તી ચીરપીણે બાકામાં બદ્ધે દેઇ દેદે,ને ઠેકા દેઇ દેદા.

ને હલે પાહી જાઇને છપીટ્ટો હા.ચોર આવા..ઉઠા..ઉઠા...ચોર આવા ચોર... ઉઠા..એટલે એકદમ બદે ઉઠી બેઠે!ને તીહ્ણાય છ જણાહાંય થઇરા.ધમ્મ ...ધમ્મ ...ધમ્મ મુક્તે મઈન્ડે!

એટલે હલો તીન્થો નાઠો.ને ચોરાણીહીં તીયેં આવો.આવીને કઅ્તો હા કા- જાણે હામટો જ માલ કાઇડો હા ! ને ઉચકાતો કાયની એટલે ખોડઅ્ માગ્જઅ્ હા.

એટલે ચોરાઇણે કચ્ચે હા કા- 'તે છોડી નેજા તીયા !' ને તીણીહીય ખોડઅ્ છોડી આપચઅ એટલે નેયને આવતો હા.

આવીને તીયે ખાવાણઅ્ કાયની ફઇરઅ્,ખાલી પયહા ને ગરેણઅ્ ફરી નેદઅ્.ને ખોડા પાહી બેહીને આવતો હા.એક ગામ નાખછઅ્,બીજઅ્ ગામ નાખછઅ્,ને એકદમ જેંગાલ આવી ગોય.કોના કીચકારા મારે,વાગ ડખ્ખારા મારે,મૂછા મડે,બીલાડો ડોલા કાડે,ફોફ્ડી કુજ્જા કરે,હડો હુકાયરા કરે તીયાં રઅ્યને આવતો હા.

જાતો હા..વહતી નાખી ને જાતો હા.એટલે એક ગામડઅ્ આવઅ્.એટલે તીયાં જાતા જાતા તીયાણે થુંદરઅ્ પડી જાતઅ્ હા.એટલે વિચારતો હા કા- મારથઅ્ તે હાવે કાં રઅ્વાય.બીજે ખર તે રઅ્વાય ની એટલે હાવે પટનાહાંય ખર પૂછવા પડે.એટલે ગામવાલાહાંય પૂછતો હા કા - પટનાહાંય ખર કા છે હા ?

તીથી..તીયેં હા.

એટલે તીયાણે નીસાઇણે નીસાઇણે તીયેં આવો.ને પટેનને આવીને પૂછતો હા- પટેન પટેન ! માને રો થૂંદરઅ પડી ગ હા,ને બં દૂરથો આવોમ ! એટલે માને ખાલી હુવવાણો ને ખોડઅ્ બાંદવાણો જાગા આપ.

પટેન કઅ્તો હા - કાજા વાંદો હા જુ,એ મારે ખોડી હા હીયેં હારી બાંદી દે.ને ખાયને હુવી રઅ્.

હાવે પટેન તે ખાવડાવે જ.તીયાણે તે ચાને જ ની.એટલે તીયે પટનાયે ખાવડાવ્ય-પીવડાવ્ય ને પુઠી ખરમાં પથારી કરી આપી.

એટલે હલો કઅ્તો હા- હાંય ખરમાં તે ની હુવઅ્.કેહેંકા ખોડે જો છુટીમુટી જાત તે મારાય કા ચાવાય,એટલે મારે બાઇરે જ હુવા પડે.

એટલે તીયાણે બાઇરે ખાટનઅ્ કાડી આપચઅ્.તો બાયરે હુતો.એટલે રાતીણો ચારેક-હાડા ચારેક વાગે ઉઇઠ્ઠો.ને પટનાણે ખોડઅ્ હગીનઅ્ તીયાણે લેંડે નેય આવો, તીયાણે ખોડાણે જાગે.ને બદા ચીલ્લાર હોતના તે બદા લેંડાહામાં ખેની દેદા.ને પુઠી હુવી આડો પડી ગો.

પાંચેક વાગે પટલાણ ઉઠતી હા.બુવારને હારુ.એટલે સીરીક સીરીક કરાવતી હા.એટલે હલો માડેહેં કઅ્તો હા- પટલાણ નખે બુવારતી નીયે.મારે થોડઅ્ આજુ કામ હા ની.

કાજા હારા ?

ઇ મારે ખોડઅ્ પયહા હગતઅ્ તેકા ! એટલે મારે એક આટા પયહા કાડી નેવા પડી.એટલે તો તે કાડતો મઇન્ડો..કાડતો મઇન્ડો.બદા લેંડાહામાથી ખોલી ખોલી ને.એટલે તીયે પયહાંય મોટ્ટો ઠીગ કરી દેદો.

એટલે પટલાણ તે ખરમાં જાતી હા ને પટેનને ઉઠાડતી હા- પટેન ઉઠની! પટેન ઉઠની! હલઅ્ ખોડઅ્ પયહા હગતઅ્ હીં !જાની હેદની,પયહા ગણતઅ્ તી!

પટેન ઉઠીને આવતો હા.ને ડોકાવતો હા બારામાંથી.તાણું તે તીયે મોટ્ટો ઠીગ કરી દેદનો.ને પુઠી તીયે પયહા કાડી પાયડા ને પટલાણે બુવારી નાખછઅ.

પુઠી હલો કઅ્તો હા- ચાલ રો! હામે હાંય જામ.

તેઅ્ પટેન કઅ્તો હા- ની રો ઉબો રઅ્! ચા પીય નેઇને જાજે.

પુઠી પટલાણને કઅ્તો હા- જા પટલાણ બુવારવાણઅ્ રવા દેયને ચા ઉકાલ દે.

એટલે ચા ઉકાલી.ચા પીય નેયને પુઠી કઅ્તો હા- ચાલ તીયા પટેન હામે હાંય જામ.

પટેન કઅ્તો હા કા- એકવાત હાંય તુને કમ કા ? મારે જુવાન ખોડી આપતોમ ને હજાર રૂપિયા ઉપારથી આપતોમ,તે ઈ ખોડઅ્ માને આપી જાય કા કેહેં ?

હારા કેહેં કરઅ્ ને કેહેં ની !મારે ખોડા જ બદલે જેહેં જીવવાણઅ્ ! કા કરઅ ? તું તે હારો જ માટળો હા.માને ખોડઅ્ બાંદણે જાગા બી આપ્યો,ને ખાવડાવ્યો બી પીવડાવ્યો બી ને હુવાયડો બી.બીજે બી બં માંગતેને બાકી કાયની આપીનઅ્.આલા તુને આપી જાતોમ !

ને તીયે ખોડી નેય નેદી.ને પાછો ઉબી થાકો.

પટેન તુને એક વાત કઅ્મ ?

કાજા ?

ફણ રોજે નખે કાડતો.હાટડઅ્ માંડી દેજે ને નેંડે હંગીરજે.ને છ મઈના હોયને પુઠી જાણે ગેદડા પાહી પંદાવજે.એટલે એખનો રૂપિયો જ હોય જાય. - કેહેંકા તરાત ને તેહેં હગી દેયને ખબાર પડે,તે પાછાલ પડે તીયા થરી નેયને!

એટલે પટેને તે લેંડે હંગીયરે...હંગીયરે.

હાવે હલા છ જણાહાંય જેલમાં ખેનીના તે છ મઈને છુટીને આવતા.તાણું હલો પટેન અરદક્ હાટળઅ્ હોવને નેંડે તી પંદાવતો હા.ગેદડાહા પાહી.ઉડાડતો હા બાકી એક રૂપિયો જ ની નીકલે! કાંથી નીકલે જુ ?

એટલે હલા આવા એટલે ખોડઅ્ ઓલખી ગયા.'ઈ તે આમારે ખોડઅ હા! કેહેં ગો જાણે ફાહાંટ જેહેં તો?

ફાહાંટણે વાત કા કરતા તુમે ?પયહા હગતઅ્ એહેં કરીને માને ખોડઅ્ આપી ગો ઈ.ને પંદાવતોમ તે એક રૂપિયો નાથ નીકીલ્તો ! ઈ ઉડાઇડા કરતોમ.પંદાવણે કઅ્ય ગનો એટલે પંદાવ્યા કરતોમ.તો ઇ ખોડઅ્ આપી ગો હા,ને મારે જુવાન ખોડી તીયાણે આપાય ગોય હા.હાવે હીયાણે કાં થરે ?

ચાલા તીયાણે હેદણે જાતા! હેદી જ કાડતા તીયાણે!

તે પટેન કઅ્તો હા કા- માને બી આવવાજ પડી.કેહેંકા મારે જુવાન ખોડી નેય ગો હા.એક તે ઉપારથી હજાર રૂપિયા આપચા,ને ઇયાણે પયહા હગતઅ એહેં કરીને આપી ગો હા.

એટલે જાતા હા.હાઅ્ત જણા હોયને જાતા હા.હલા છ જણા ને પટેન હંગાત હાત જણા હોવા ને જાતા હા.

એટલે દૂરથો જ દેખીને કઅતો હા- હલા આવતા મઇન્ડા હાં ! ડોહને હાંય તુને કઅ્મ તેહેં જ કરવાણઅ્ હા! હે આવાત ને એટલે હાંય હીણાહાંય હાદી નેયને જાહી શિકાર કરને.તીયા તોરે ને કોદરી રાંદી દેવાણી.ને કૂકડાણે બાવી બચે હા તી હાંડામાં બાફી દેવાણે,ને ખારઅ્ હંબીરઅ્ કરી દેવાણઅ્.બીજઅ્ કાયની.

એટલે હલા આવા ને પૂછતા હા- કેહેં ગો ફાહાંટ જેહેં તેવો ?

ઓ કા ! આવા આવા કથા બેહ્યા ! - એટલે તે બેઠા.

કાજા આમાહાંય કરી આવો હા તો તુને કાયની પત્તો કા?

તે વાત તુમે જાવા દેયા.એકવાર આપળે સીકાર કરને જાતા.પાવણી ચાકરાય માને કરવા પડે કા ની ? પુઠીણી વાત પુઠી.

ચાલા તીયા!

એટલે તીયે ડોસીનો ને થંદડઅ્ નેય નેદઅ્.ને ડોહનીણે કઅ્ય દેદઅ્ એટલે તે તેહેં જ કરવાણી હા.તીયે છળીને કોદરી રાંદી દેદી,ને તી બચે બાફી દેતી હા પીછાલે ને પીછાલે.

એટલે તે ગયા.ચીડઅ્ નજરી પડે એટલે હાંડામાં જ જાઇને પડજે એહેં કરીને વીંદે.પાછઅ્ બીજઅ્ ચીડઅ્ નજરી પડે એટલે પાછ્છો વીંદે - હાંડામાં જ જાઇને પડજે હાં! ફણ ચીડઅ્ બીડઅ્ કાંય મરે ની ? પલઅ્ ચીડઅ્ ઉડી જાય,ને હાંડામાં જાયને પડજે એહેં કઅ્ય દેય!

હલા કઅ્તા હા કા- વીંદતો હા ને એખુ જ નાથ મરતઅ્ ?

તુમ્હાંય ની ખબાર પડે રા ! તુમે કા જાણાત ? બાવી ઠેકાણે વીંદજઅ્ !હાવે હતરે જ તે ! કતરેક્ ખાહા જુ ? બાતી તે માયરે !

એક નાથ ઇયાં દેખાતઅ્ ને ! કાં બાવી માયરે હા ?

હાવે ખર જાહું તીયા જ તે !

તે પુઠી ખર ગયા.એટલે કઅ્તો હા- ડોહને આપી દે ઈણાહાંય હેલઅ્.

એટલે તીયે કોદરી આપી દેદી ને તીયામાં હલે પીછાલે જ બચે આપી દેદે ! એટલે પીખી પીખીને ખાતા જાતા.હાવે તીહ્ણાય નાગઅ્ તેહેં ખાદઅ્.

ખાય નેદઅ્ ને પુઠી એકબીજાણે ખેચકીન્તા.થંદડઅ્ ને ડોસીનો માંગવા પડે રા! બંઅ જ હારઅ તેકા ! માંગવા જ પડી તેકા !

બાબા તીયા થંદડઅ્ ને ડોસીનો આપે કા ?

હારા આમારે ડોહનીણે રોજે ચાખણા વગાર ચાને જ ની ! તે કેહેં કરીને આપઅ્ જુ ?

એરેરે..! આમાહાંય કાજા કરી આવો હા તી હમાજ પડતી હા કા કાયની ? હતરહ્ આપતા કાજા હોય જુ ?

હારાજ જેહેં માટળા એટલે આપતોમ ફણ આપતો જ ની.- હેવઅ્ કઅ્ય ને આપી દેદઅ્.

ને તે નેયને ગયા.બદે ખરેહે હાંડે મૂકી દેદે.આગળઅ્ બરાબર બાઇલ્લા કરવાણઅ્.બાકી ઠાકણઅ્ દેવાણઅ્ ની.તતરહ્ જ પાણી કરવાણઅ્.-હેવઅ્ ખરાવાલીહીંય કઅ્ય દેદઅ્.

ને તે વીંદણે જાતા હા.એખુણે મોટઅ્ કુટુમ હોય તો વદારે ઠેકાણે વીંદે.ઓછઅ્ કુટુમ હોય તો ઓછે ઠેકાણે વીંદે.એહેં તેહેં વીંદતા હેંડતા.એટલે તીણાહાંય તે ચારેક વાગી ગયા.

હલે રાંડેહી તે આદારન્નઅ્ આગળઅ્ બાલી દેદનઅ્.એટલે આગળઅ્ બાલી બાલીને હાંડે ને હાંડે પુંદરે હોય ગયે ! ફણ તે એક ચીડઅ્ ની આવે !

તે આવા એટલે હાંડાહામાં જાઇને ડોકાવીને હેદતા હા.તે આગડઅ્ દેખાય બાકી ચીડઅ્ ની દેખાય ! ઉપાર ઠાકણો દેણે ના કઅ્ય ગના એટલે પાણી વેલઅ્ આટાય ગઅ્.ને આગળઅ્ બાઇલ્લા કરજા એહેં કઅ્ય ગના એટલે હાંડે પુંદરે હોય ગયે ! હાવે રાંડીહી તે આગળઅ્ બાલવાણઅ્ તતરહ્ જ ! માં થોડઅ્ હેદવાણઅ્ તી ? માં તુમારે ની હેદવાણઅ્ એહેં કઅ્ય ગના ! એટલે આવીને હેદજઅ્ તે બદ્દાહાંય હાંડે પુંદરે હોય ગયે !

એટલે તે વિચાર કરતા હા- આપણાહાંય ઈ તે રાહી કામ કદઅ હાં ! આયું જાવા પડી.આમકા જાહું એટલે મારી જ નાખુહું ! એહેં કરતા હા.

પાછા જાતા હા.એટલે તીયાણે તે ડોગરી પાહી ખર એટલે દૂરથો જ દેખતો હા - આવતા મઇન્ડા હાકા.ડોહને હાંય તુને કઅ્મ તેહેં જ કરવાણઅ્.

એટલે જાતા.તીયે વેલઅ્ વેલઅ્ કૂકડઅ્ મારી દેદઅ્ ને તીયાણે નોઈ હંગરી નેદી.....ને નોઈ ફરી નેદી.ને પુઠી ડોહનીણે ખોગામાં બાંદાવી દેદઅ્.ને તે ઉખલા પાહી જાયને બેહી રઅ્તી હા.

એટલે હલા ગયા.ને પૂછતા હા કા- કેહેં ગો ફાહાટ જેહેં તો ?

હામુજ ના,આવા આવા ! બેહ્યા હો !

કા કદઅ્ તી હુજ નાથ પડતઅ્ તુને ! આજુ પાછો બેહ્યા એહેં કઅતો હા ?

પુઠીણી વાત પુઠી રા બાકી એકવાર તે બેહ્યા.

તે બેઠા.એટલે એકદમ દડી ગો ! ને ‘ડોહને કરતી કાજા છળતી નાથને ?’

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

એહેં કયને તીઇણે ખોગામાણઅ્ આહાંડઅ્ વાડી દેદઅ્ ને એહેં તેહે વીજડી દેદઅ્ ! ને હલી ડોહની ઠુલી પઇડી ને દરફીડતી મંડી!

એટલે હલા કઅ્તા કા- આમાહાંય જેલમાં ખેઇન્ના ! અતરા છ મઇના હુદી જેલમાં રાખશા ને અતરો માર ખાવાઇડો ! ને આજે પાછો માર નાખાવાણો હા ! તુયે ડોહનીણે માર નાખી હાવે આમારે જ માથે પાડવાણો હા ને ? એહેં કરીને હલા નાહણે હેંડતા હા.

એટલે તો કઅતો હા- નખા,નખા બીઅ્તા!દમ મારા ! પાછો જાયને કઅ્તો હા -

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

એહેં કઅ્યને ઓવારતો હા.ને તરાતુ જ ડોહની ઉઠી બેઠી ! ને મુહુલઅ્ નેયને જેરી જ વારમાં છળી કાયડઅ્!

તાણું હલો કુડીમાં જાયને મારી દેદનઅ્ તીયા કૂકડાણે ચાખણઅ્ પાડતો મઇન્ડો. એટલે ડોહનીયે છળી પાયડઅ્ તાણું હલે કૂકડાણે ચાખણઅ્ પાડી દેદઅ્.કોદરી રાંદી દેદી ને કૂકડાણે ચાખણઅ્ આપી દેદઅ્.

તે ખાતા હા.ખાતા જાતા ને વાતે કરતા જાતા હા.માગવાજ પડી સૂરઅ્.હલાણે હલો ખેચકીન્તો હા - ખરી જ ફાઈન સૂરી કઅ્વાય ! માર નાખીની તીન્થી જીવતી હોય ગોય તે ! કેહેંકા કોઈણે ને કોઈણે તે તેવી લુચ્ચી હોય કા ની હાત જણાહામાંથી ? એટલે હે સૂરી માગવા જ પડી હાકા !

એટલે હલા કઅ્તા- બાબા તું હી સૂરઅ્ આપે કા કેહેં ?

હારા આમારે ડોહની બંજ ખીજરી.સૂરઅ્ તે નીજ આપઅ હાકા રો.

હં,આમાહાંય કાજા કાજા કરાવ્ય તી ની હમાજ પડે કા તુને ? છ મઇના જેલમાં ખેનાવ્યા! અતરો બદો માર ખાવાઇડો ! અતરઅ્ બદઅ! વેઠાવ્યઅ્ ! હાંડે હાંડે પુંદરે કરી નાખાવ્યે ! તે સૂરઅ્ કેહેં ની આપે આજુ ?

કા કરઅ ને કા ની ? હારા જ માટળા એટલે આપતોમ બાકી આપતોજ ની ! ને તીયે સૂરઅ્ આપચઅ્.

નેયને જાતા હા.હાવે ચોરેહી તે પરઅ્ ગામ ને પટેન ને તે પાહી ગામ.એટલે પટેન કઅ્તો હા- તુમે ઈયા ઉબી રાખશા.હાંય જામ.તાણું પટલાણ બાઇરે બેહ્યા કરતીની.એટલે કઅતો હા - છળ વેલી કરતી કાજા હા ?

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

એહેં કરીને ખોગામાંથી વાડી દેદી.એટલે પટલાણ તે ઉબી ને ઉબી કૂદતી મંડી. એટલે પાછો કઅતો હા -

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

ફણ કાઅસે ! તે જીવે કા ? મરી ગોય એહેં નાથ કઅતો.હલા પૂછતા હા કેહેં કદઅ્ રા - હી કા છળતી મંડી તી નાથ ઓનાતા કા ? એટલે હલી દરફેડે તી દબદબ ઓનાયા કરે.કૂજ્જા કરે.એટલે હલો કાંય કઅતો કાયની.પુઠી બીજો નેયને જાતો હા.ને જાયને કઅ્તો હા- હાયે છળતી નાથ ને કાજા કરતી હા ?

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

એહેં કરીને તીઈણે વાડી દેદી.એટલે એકદમ દમદમ કરતી મંડી ! પાછો કઅ્તો હા -

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

ફણ કાં થી જીવે! ખૂણામાં ખહંડીને કરી દેતો હા ! ને તે ઉબી ને ઉબી કુજ્જા કરે!

આવો એટલે પૂછતા હા- કેહેં રા ? હે કા આમારે બી છળતી મંડી હા !

એટલે હેં કરીને છ એ છ જણાહાંય મારી નાખચ્છે ! કોઈણે જીવીબીવી કાયની ! એટલે છેન્નો કઅ્તો હા - તુમારે જીવી ગયે હા એટલે હાંય જામ.છેન્નો ગો એટલે કઅ્તો હા- દાણાહાંણા છળતી નાથ ને કરતી કાજા હો ?

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

એહેં કરીને તીઇણે વાડી દેદી ! ને તે ઉબી ને ઉબી કૂદતી મંડી! પાછો કઅ્તો હા-

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીણે વાત કોઇન્ની જાણે.”

‘કાં થી જીવે!’ એટલે આવીને કઅ્તો હા- હારા તુમારે જીવી ગોય એહેં કઅતા ને મારે તે કાયની જીવી ?

તોરે કા ફુટી ગયા ડોલા ? સૂરી કા જીવાડે કા ? આમે ખહંડીને ખૂણામાં કરી આવામ ! હી કા જીવે કા ? આમકીણા જાતા એટલે તીયાણે પૂછવાણો હાસવાણો ની ! મારી જ નાખવાણો ! તીયાણે પૂછવાણી વાત ની કરવાણી ! કેહેં કા આપળાહાંય જેલમાં ખેનાવ્યા! માર ખાવાઇડો ! આપળે હાંડે બાલી નાખાવ્યે ! ને એક તે આપળે રાઇન્ડે બી મારી નાખાવી! એટલે હાવે આપળે હીયાણે મારી જ નાખવા પડી !જાતા તે !

એટલે તો દૂરથો જ દેખીને કઅ્તો હા- ડોહને ડોહને ! એકદમ સૂરઅ્ ખહીબહીને તીયાર કરી દે બીજઅ્ !

ને કોઠામાં ઓરાય જાતો હા. - ડોહને થાપઅ દેય દે.

નાન્નહ્ છીંડઅ્ પાડી દેદઅ્.

તે ગયા.એટલે જાયને પૂછતા હા- કેહેં ગો હલો ફાહાંટ જેહેં તો ? હો કા પરો ગુંદાય ઉઇઠ્ઠો હા તો કોઠામાં ઓરાય રઅ્યો હા !

એટલે તીયાણે ખરાણે બે બારે.બીજા બદા બાઇરે ઉબા રઅ્યા.ને એક જણો કોઠઅ્ હોતનઅ્ તીયેં પાહી જાયને ગુંદાવી હેદતો હા,નખરઅ્ ઠેગીને.એટલે પલે નઅરઅ થરીને ચપ્પ.. દેઇને વાડી નેદઅ્ ! એટલે હલો નખરઅ્ દાબી નેયને ઉહુહુહુ ...કરતો નાઠો પાસલે બાર નીહીરતો !

એટલે હલા જાણતા હાચુ જ ગુંદાય ઉઇઠ્ઠો હા.હેદજઅ્ હોય તે હલાણે નખરઅ્ વાડી નેદનઅ્ તી ?

એટલે પાછો બીજો જાતો હા.હાચુ જ ગુંદાય ઉઇઠ્ઠો હા કા કેહેં ? તો બી જાઇને નખરઅ્ ઠેગીને હેદતો હા.એટલે પાછઅ્ તીયે નખરઅ્ થરીને ચપ્પ..દેઇને વાડી નેદઅ્ !એટલે હલો બી નખરઅ્ થરીને ઉહુહુહુ .... કરતો નાહતો હા બીજે બાર !

એહેં કરતા કરતા હાતેહાત જણાહાંય નખરે વાડી નાખસે.હામે કા કરે ? હાવે તીહ્ણાય કોઈ રાંડ બી ની રાખે ! હાવે...હલાહાંય નકટા કરી નાખ્સા ! ને બેંય માણેહેં હારી રીતે જીવીને ખાતે લાગે.

## ૫. બુચો

બે ફાહા હોતના.એકાણે નામ બોડો ને એકાણે નામ ગાંડો.તે બંઅ્જ ગરીબ.તે કમારા જાત કા કણબાહમાં કામે જાત તીયા ખાવાણઅ્ મીલે.

એટલે એકવાર તે બેંય ફાહા કામે નીકીઇલ્લા કણબાહમાં.ગયા એટલે તીહ્ણાય હેદીને બદે હેઇઠ્ઠે દડી આવે - કાં જાતા રા ?

કામે જાતા હામ રા.

એતરે બે હેઇઠ્ઠા હોતના તે બેય ફાહા જ હોતના.તે કઅ્તા કા- એક એક છોકરો આમારે તીયાં ફાગ પડી જાયા.

એટલે મોટા હેઇઠ્ઠાહાંયે મોટો ફાહા ગો ને નાનદ્ડાહાંયે નાન્નો ફાહા ગો.હાવે તીયેં બેંય ઠેકાણે કામ કરતા,રઅતા ને ખાતા હા.એક દીહી મોટા ફાવ્હાણે મોટઅ્ હેઇઠઅ્ કા કતઅ્ હા કા- એમ કે જા ! છોકરાણે કપડા હાજ્જાટ થોઇ નાવજે !

એટલે મોટો ફાહા બોઇડો ગો.હાજ્જાટ થોજે એહેં કયનઅ્ એટલે તીયે તે તલે ઉપાર કઅ્દા ને બદે નૂંગડે ચાવરાવી નાખશે ! ને પુઠી નાવીને વાયડી હારી ઉખાતે કદે.

આ હું કરી લાવ્યો ભાઈ બોયડા એમકે ?

કાજા કરે આજુ તુયે કયનઅ્ એટલે માયે આછીઇટ્ટે.એટલે ફાટી ગયે હાંય તીયામાં.

કાંય વાંદો ની એમ કે ?

એટલે પાછઅ્ પુઠી હવારે એહેં કતઅ્ હા કા- જા એમકે છોકરાણે જાણે બરાબર મેલ કાડીને,ચોલી ચોલીને થોઇને ઉંગલાવી નાવ એમકે.

એટલે તો બોયડો નીચકાહાંય નેઇને ગો.ને નઇલ્લઅ્ ખહડી ખહડીને નીચકાહાંય નોયાલે કરી નાખશે ! એટલે તી નીચકે ખર નોયાલે જ આવે !

આ હું કયરું ભાઇ બોઇડા?

તુયે હાજ્જાટ ખહીખહીને થોઅ્જે એહેં કયનઅ્ એટલે માયે ખહી ખહીને થોઅ્યે.

'ચાલ તીયા કોઈ વાંદો ની' - એટલે પાછઅ્ તી માની ગ.

બીજે દીહી તી પાછઅ્ કતઅ્ હા કા- તું જા ગાડલઅ્ નેઇને ખેત જા.

એટલે બોયડો ખેત ગો.ને ગાડલામાં ચારઅ્ ફરી નેદઅ્ ને બલજે જોડ નેદે ને આવતો હા.ખાઇડે આવો એટલે તીયે ગાડલઅ્ નાગાડી દેદઅ્.વાટડે ને હેવઅ્ લોખાંડણે હોતનઅ્ તી ખાડીમાં નાખી દેદઅ્.ને પુઠી તો નહદે જ બલજે નેઇને ખર ગો.

ગાડલી કથી બોયડા ?

એખાદઅ્ નાગાડી ગ ગાડલાણે પાછાલથી ! બદઅ્ જ હલગી ગ તી હાંય કા કરઅ્ ? વાટડઅ્ ને બદઅ્ પાણીમાં નાખી દેદઅ્ ને ઈ બલજે નેઇને નાહી આવો.બીજઅ તે કા કરઅ્ ?

'ચાલ વાટડે તે બં મગે તી કાડી નાવવા પડે !' - હેઇઠ્ઠઅ્ ખોડા પાહી બેહી ગ ને બોયડાને નેતઅ્ ને ખાઇડે આવઅ્.

ચાલ પાણીમાં ઉતુર ને વાટડે કાડ !

એટલે બોયડો કઅ્તો હા કા- સેઠ મારથઅ્ ની કુદાય ! હેવી હીબકી મારે કાઇની ખમીની હા એટલે સેઠ તું જ ઉતુર.

એટલે હેઇઠ્ઠે ખોડો બોયડાણે આપી દેદો ને પાણીમાં ડૂબજઅ્.એટલે બોયડે ખોડાણે પુહુંડો વાળી નાખશો ને રેટામાં દાટી દેદો.પુઠી હેઇઠ્ઠઅ્ બાઇરે નીક્ઇલ્લઅ્ એટલે કતઅ્- ખોડો કાં ગીયો ? ખોડો કાં ગીયો ?

એટલે બોયડો કઅ્તો હા- નીકુલ ની વેલો ! કા કરતો હા ?ખોડો ઈયે માં તાણાય ગો હા ની ! ઓ કા હાંય પૂહુંડો થરી રઅ્યોમ ! ચાલ આપળે બેય જણા પૂહુંડો થરીને ખેચતા.

એટલે બેંય જણા થરીને ખેચતા હા.ખોડઅ્ તે નાહી છૂટનઅ્ ને પૂહુંડો તે ટૂટનો હોતનો એટલે તરાતું જ નીકલી આવો.

ચાલ.. બુડી ગ !

હાવે કા કરતા ?

કાયની જાવા દે,ચાલ ઘેરે - એહેં કતઅ્.

હવારે પાછઅ્ એહેં કતઅ્ હા કા - એમ કે આજે તું ખેત જા.ખેત જા ને એ કૂતરી ફીરે તેહેં ખેડવાણઅ્,ને નવે બે જોડ ખાહડે તોડવાણે.ને ની જ ખેડી પાયડઅ્ ને ખાહડડે ની તોઇડે તે તુને ઉખલા પાહી ઠંગો વાલીહી ને જુતે ...બડા પાહીણઅ્ ચામડઅ્ કાડી નેહી.

હેં કયઅ્ એટલે બોયડો તે ગો.ગો ને ખેડતો હા.ફણતે કૂતરઅ્ ફીરે તેહેં ફીરાય કા જુ ? ને બે જોડ ખાહડે તૂટાત કા જુ ? પાછાલ પાછાલ કાં કાં દડતો હેંડે ?

હેઈઠ્ઠઅ્ બોપરેહે હેદણે આવઅ્.હાંજતઅ્ હોવઅ્ બાકી બોયડે કાયની ખેડી પાયડઅ્.

એટલે તો હાઇન્તો આવો એટલે ઉખલા પાહી ઠંગો વાઇલ્લો ને જૂતઅ્ બરખાવીને ચામડઅ્ કાડી નેદઅ્ ! તો તે હાય..હાય ! કરતો હોય ગો ને રડતો રડતો નાનદ્ડો ફાહા રઅ્તનો તીયેં ગો.

એટલે ગાંડો કઅ્તો હા કા - કા હોવઅ્ રા બાબા ?

જાવા દેની હેઇઠ્ઠે મારે ચામડઅ્ કાડી નેદઅ્ - એહેં કરીને તો રડતો હા.

એરે તારી તે આજુ કેવો ખાણ હેઠ હા જુ ! ચાલ,હાંય આવતોમ. - એહેં કઅ્તો હા ગાંડો.

એટલે તે મોટા હેઇઠ્ઠાહાંયે આવા.એટલે હેઠ પૂછતો હા કા - એમ કે તું બોયડાણે નાનદ્ડો ફાહા કે ?

હોવે. - એહેં કઅતો હા.

જા તીયા તું હાવે ખેડજે.બે જોડ બૂટ તોડજે ને કૂતરઅ ફીરે તેહેં ખેડજે.ને ની ખેડી પાડેહે તે હાંય તોરે બદઅ્ જ ચામડઅ્ કાડી નેહી.

કાય વાંદો ની.એક દોડઅ્ નાવ.

એટલે હેઠે તીયાણે એક દોડઅ્ આપચઅ્ ને હારી બે જોડ નવે ખાહડે આપચે.ને પુઠી તો હલ ને કૂતરઅ્ નેતો ને ખેત ગો.ને કૂતરાણે થઇરઅ્ એટલે દોડાથી બાંદી દેદઅ્.ને હલ જોઇડઅ્.

એટલે કૂતરઅ્ તે અન્ઠઅ્ જાય ની અખે ને તતરેહે જ ફીઇરા કરે ! એટલે તીયે થોડી જ વારમાં ખેડી પાઇડઅ્.ને નવે ખાહડે પથરાટીને નાખશે તોડી !

એટલે તો નીચાક કઅ્તો હા કા - તુમે કા વાત કરતે હા.ઈ જનાવારે તે મારે હા.હીણાહાંય માયે મફાતમાં જ આપી દેદે.પાંચ લાખ રૂપિયા આપીને મારે પાહી વેચાતે માંગતાના,બાકી માયે હીઇણે પાહી પયહા કાયની નેદા.ને માયે હીઇણે ઠગરા પાહી પૂંદરા ફજ્જાણે ડામ મૂકચા તે તું હીણે લેંગેં ઉતારીને હેદ.

એટલે પુઠી તીણાહાંય લેંગેં ઉતાઇરે તે હાચુ જ પૂંદરા ફજ્જાણે ડામ હોતના.

એટલે નીચાકણે રાજા પૂછતો હા કા- તુયે ઈ કેહે કેહે માયરે ?

એટલે પુઠી તો નીચાક ડોહાંય ખર આવો એટલે રાજાણે વેહે પેરી નેદો,ને પુઠી ખોડો નેય નેદો ને બંદીખઅ્ નેય નેદઅ્,ને હારી વાગ ને હુમડી નેય નેદી,ને પુઠી રાજાણે જાયને કઅ્તો હા કા- માયે ઈણેથી બદે જનાવારે માયરે હા.ઈ મારે બંદીખઅ, ઓ મારે ખોડો ને ઈ મારે જનાવારે.ઇણે મદાદથી માયે ઈ જનાવારે માયરે હા.

એટલે પુઠી રાજાએ મોટા જમાહાંય એક એક ડાટલી આપી દેદી ને કઅ્ય કા- હાવે ખેતાહામાં નેદણે જાહા ને તીયા હાંજતઅ્ કમારઅ્ આપી તીયાણે ખાજા,ની તે પુઠી ફોકા જ હુવી જાજા.

ને પુઠી નાન્ના જમાહાયાણે બદઅ્ રાજપાટ આપી દેદઅ્,ને મોટા જમાહીય મજૂરી કરીને ખાતા કરી દેદા.ને પુઠી મોટા જમાહાય છાપરામાં રઅ્તા લાગા.

પુઠી દીહા પાહી દીહી જાતા તીયા નીચાકણે હાહ્વ હુહુરો મરી ગયે.એટલે તીણાહાંય બદઅ્ રાજપાટ વેચી દેદઅ્,ને પુઠી પોતાણે દેહમાં આવો.

તાણુતે તે ડોહની બદે ખોડેહે ખાય ગની ને આથાહાણે બી મારીને ખાય ગની.કાંય જડે ની તેવઅ્ કરી દેદનઅ્.

એટલે નીચાક ખોડા પાહીથી ઉતરીને ડોહનીણે પૂછતો હા કા- ઈ કેહે કેહે હોવઅ્ ?

એટલે ડોહની કઅ્તી હા કા- હાંય બદઅ્ ખાય ગોય.

એટલે નીચાકે તીઇણે બંદીખઅ્ વીદીને મારી નાખી.ને તલાવમાં વઅ્તી કરી દેદી.ને પુઠી રાજપાટ વેચીને બદા પયહા નેગને તીયાણે તીયાં હાત માલની હવેલી બનાવીને પુઠી રોલીને ખાતે લાગે.

## ૧૩. હાહ્વ ને વવનીહી

એક નીચાક હોતનો.ને એક ડોહની હોતની.નીચાક તે પન્નાવા લાયાક હોય ગો.એટલે ડોહની કઅ્તી હા કા- ડીકરા હાવે આપળે તોરે ફાગણી નાડી હેદી કાડતે !

એટલે વવનીહી આવી.ફણ તે થોડા સમાયમાંજ તે હાહ્વણે કાઇની હારઅ્ કરતી લાગી.

તે કઅ્તી હા કા- તોરે આહીણે અલાગ કાડી દે ને છાપરઅ્ પાડી આપ ! તીયા હાંય રહી.ની તે પુઠી હાંય નાહી જાહાંય !

એટલે નીચાક વિચાર કરતો હોય ગો કા- એ તે કેવી બયરી મીલી ? આણી તીયારની જ હેવઅ્ કરતી લાગી તે પુઠી કાજા કરી ?

એટલે તીયે વિચાયરઅ્ કા- હાવે મારે પાહી તતરા પયહા કાયની હા.એટલે રાંડ કઅ્તી હા તેહેં ચાનવા જ પડવાણઅ્ હા.

ને પુઠી તીયે ડોહનીણે જુદઅ જ છાપરઅ પાડી આપચઅ.હાવે છાપરઅ તી છાપરઅ જ ! તે કમારી જાય તીયા ખાય ની તે પુઠી કાયની !

ડીખરોહો તે રોજે છાહ તાણીને ખેતામાં કામે નાહી જાય.ડોહની છાહ નેણે આવે.એટલે વવનીહી કઅ્ય કા- આવી રઅ્યી હા હાવે છાહ નેણે ! ફણ તે તુને એકવાર નાગડઅ્ જ નાચવા પડી પુઠી તુને છાહ મીલી !

ને તે ડોહની આંગણે બરાબ્બર નાચે ! ને પુઠી વવનીહી ડોહનીણે છાહ આપે.

હાવે ગામમાણે હેદાત એટલે શરામ તે આવે જ ને ? ડીખરોહો ખેત થો આવે એટલે છાપરે બેહ્ણે જાય.એટલે ડોહનીયે એક દીહી નીચાકણે કઅ્ય દેખાઇડઅ્ કા- ડીકરા માને વવનીહી તે એવઅ્ કરાવતી હા! છાહ નેણે જાતીમ તીયા માને નાગડી ને નાગડી નાચાડતી હા ને પુઠી છાહ આપતી હા !

એટલે ડીખરોહો કઅ્તો હા કા- આયા,તું જૂઠી હા ! હેવઅ્ કોઇ કરે કા ખરે બોપરેહે ? એટલે ડીખરોહો માને કાયની.

ની માને તે ડીકરા એખું દીહી દપી રઅ્જે.

એટલે ડીખરોહો કઅતો હા- કાયની એખું દીહી દપી રઅ્તોમ.

ને એક દીહી તો ‘ચાલ ખેત જાતોમ યે !’ એહેં કરીને થોડેક ગો.ને પુઠી પાછો અર આવીને હલી કૂવે ગોય તાણું માલે ચડીને દપી રઅ્યો.

પુઠી ડોહની છાહા નેણે આવી.એટલે હાચુ જ વવનીહીયે તીઇણે નાગડી ને નાગડી નાચાડી પુઠી છાહા આપી !

પુઠી એક દીહી તો કઅ્તો હા- માને હેલઅ્ રાંદી આપ યે.ખેતા ફણી જાવાણોમ ફીરને.

ને પુઠી હેલઅ્ ખાય નેઇને તો ખેત એહેં કરીને હાહ્રાહામાં ગો.હાહ્વને તીહ્ણાય કઅતો હન કા .

હાહ્વ પુછતી હા કા- કેહેં જમાહાય આવવા પઇડઅ્ ? ખાબરાઇને ખાબરાઇને દેખાતે ?

ખાબરાઇનો કાયની હામ ! તુમારે ડીખરીહી બં માંદી હા ! માયે દાણે હેદાવ્યે તીયા એવઅ્ નીકીઇલ્લઅ્ કા તોરે હાહ્વ-હુહ્રાણે નાગડજ આવવા પડી !ને પુઠી બુવારે માલવા પડી,મુહ્લે માલવા પડી ને ચીપલે માલવા પડી.ને પુઠી ઉબે મારગે નાગડે ને નાગડે જ નાચતઅ્ આવવા પડી !

એ રીતે વાત કરી દેઇને જમાહાય તે નાહી આવો.ખર આવીને પુઠી પટનાહાંયે જાઇને કઅ્તો હા કા- તુમે કાને હએક મજીરે નેઇ નેજા ને મજૂરી હાંય ચૂકવી દેંહી !

હાવે પટનાહાંય તે વાટી પાહી ખેત હોતનઅ્.એટલે પટેને તે હએક મજીરે નેદે.પુઠી તી ડોહો ને ડોહની તે ચીપલે,બુવારે ને મુહુલઅ્ને બદઅ્ માલી નેઇને આવ્યા કરતે હા !

છેંડે ચીપલે માઇલ્લે નેરા દેખરા દેવા દેખ..,

છેંડે બુવારે માઇલ્લે નેરા દેખરા દેવા દેખ,

છેંડે મુહુલઅ્ માઇલ્લ નેરા દેખરા દેવા દેખ..,

હેવે રીતે ગાતે જાઇને ઉબે મારગે નાગડે જ નાચતે નાચતે આવતે હા ! એટલે બદે મજીરે ઉબે થાકીને હેદતે મઇન્દે ! હારા ફલાણાણે હાહ્વ-હુહુરો ગાંડવાઇ એરેહે ગયે હા !

નાચતા નાચતા તી ખર આવી રઅ્યે.તાણું ડીખરીહી તે ખરમાં રાંદજા કરતીની.પલે તે આંગણે આવીને નાચતે મઇન્દે! ને બદેબદ કૂદાત !

હલી કઅ્તી હા- આંગણે કીડઅ્ નાચતઅ્ જેહેં હા ?

પલો કઅ્તો હા- જાની બારઅ્ ઉગાડીને હેદજે કીડઅ્ હા તી.

હલીયે હેદજઅ્ તે પોતાણે જ આહાય ને આથોહો નાચ્ચા કરાત ! તે કઅ્તી હા કા- આયા,તુમે ગાંડવાઇ ગયે હા કા નાગડે ને નાગડે નાચ્ચા કરતે હા ?

તે પલે કઅ્તે હા કા- કાને જમાહાંય ગનો તો કઅ્ય આવો કા તુમારે ડીખરીહી બં જ માંદીહા.એટલે તુમ્હાંય એવઅ્-એવઅ્ કરવા પડી એહેં કઅ્ય આવો.એટલે આમે તીયા પરમાણે કરીને આવે.

એટલે તે માટળાણે વીઇટ્ટી મંડી.તું ગાંડવાય ગો હા કા એવઅ્ કઅ્ય આવો ? બુદ્દી વગારનો !

એટલે તો કઅ્તો હા કા- તું મારે આહીણે અતરા દીહી નાગડીને નાગડી નાચાડતીની તીયા મારે ઇજ્જાત કાયની જાતની ? તીયા તુને હીં હમાજ કાયની આવઅ્ ? એટલે બદલો નેણે જ મારે હેવઅ્ કરવા પઇડઅ્.

એટલે રાંડ તે ચૂપ હોય ગોય.પાછઅ્ બદઅ્ થાળે પડી ગ.

થોડા દીહી પુઠી પાછી તે રાંડ કઅ્તી હા કા- તોરે આહીણે જેંગાલમાં ફૂનવી આવ કાં તે પુઠી કાંય ખાવાડીને મારી નાખ ! એ માને ઇયાં ને જુજે !

આયા તું રોટના ફુજી ને.તું હાવે ડાઅ્યી હોય ગોઇ એટલે હાવે તુને હાંય ગામડેં ને તીરથેન્ તેવઅ્ દેખાડી નાવઅ્.

આયેહે રોટના ફુજી નેદાને પુઠી તી જાતે હા.એટલે ફીરતે ફીરતે તે એક ફારી જેંગાલમાં જાઇ ફુગે !

પુઠી ડીખરોહો કઅ્તો હા- આયા તું ઇયાં થોડી વાર બેહે.હાંય બાઇરે જાઇ આવઅ્.

ફણ તે ડીખરોહો આવોની ! ને ડોહનીણે તીયાં જ થુંદરઅ્ પડી ગ ! એટલે ડોહની તે રડતી મંડી - 'કા હામે જામ કા ?' ને રડી રડીને તે રાફડો બની ગોય.

પુઠી રાતીણા બાલો વીદાણ,રાજા બાઇન્ઠો ને દૂદજો દેવ થરતી તપાહણે નીકીઇલ્લા.

'રોજેણા ફીરતાના અતરા દીહી તે ઇંયે રાફડો કાયની હોતનો તે ઇયેં રાફડો કેહેં કરીને આવી ગો ?'- એટલે રાજા બાઇન્ઠે રાફડાણે એક પાટવો દેદો.

એટલે તીયામાંથી ડોહની ઉઠી બેઠી ! ડોહની તે રડતી મંડી.

એટલે રાજા બાઇન્ઠો પુછતો હા કા- ગડેહે તું કાખને રડતી હા ?

તે ડોહની કઅ્તી હા કા- ડીકરા માયે વવનીહી આણીની બાકી માને તે એવી એવી તકલીફ પાડતીની.એટલે મારે ડીખરોહો માને ફુનવી ગો.એટલે રડી રડીને રાફડો બની ગની.

એટલે રાજા બાઇન્ઠે તાંબાણે લોટામાં પાણી નેદઅ્ ને હાથામાં અંબાર હોટી નેદી.ને લાલ રૂબાંલઅ્ પાંગરાવી દેદઅ્ ને  નારાઇલ્લઅ્ મુકચઅ્.ને ગડેહે તુને વરહાત ગમે કા ?

એટલે ડોહની કઅ્તી હા કા- એરેરે ! ડીકરા વરહાત હોય તીયા જ આપળે ખાજે,ઓરજે,અનાજ પાકીવજે ને તીયા આપળે ખાજે.

તે ઉનાળો ગમે કા ?

ડોહની કઅ્તી હા- ઉનાળામાં તપે તીયા આપળે ડેફે કરપાત ને તીયા જ વરહાત બી હારો પાકે.

તે હિયાલો ગમે કા ની ?

હિયાલો માને બં ગમે.માલ ઓરજે તીયા છાકલઅ્ પડે તીયા માલ હારો પાકે.

ગડેહે તું હાવે હાઅ્ત આટા જેમણી પાહી ફીર !

એટલે તે હાઅ્ત આટા જેમણી પાહી ફીરી.એટલે તીયાં હાઅ્ત માલની હવેલી બાંદાય ગોય ! ને ડોહની બી જુવાન બની ગોય ! જાતજાતણા સોડ,નકાર-ચાકાર ને રસોઇયાને બદઅ્ આવી ગ !

દાદેહે તું હાવે ઇયેં રઅ્જે,ખાજે ને પીજે ને મજા કરજે.એહેં કઅ્યને હલા જાતા રઅ્યા.હુજાલઅ્ હોવઅ્ એટલે બદે કામે લાગી ગયે.

થોડા દીહી પુઠી રાંડ નીચાકણે કઅ્તી હા કા- હારા,તું તોરે આહીણે જેંગાલમાં ફુનવી આવનો,તે જા હેદી આવની તીયેં હાડકે બાડકે નજરી પડતે હા કા કાઇની ?

જાઇને કા કરે હાયે હાડકે બાડકે હેદીને ? મરી જ ગોય હોય તીયેં !

તાહું જાની તતરાહા જાગા પાર તે નિશાણીતે રઅ્ય જ ને કથી !

એટલે તો નીચાક ગો.એટલે તતરેહે જાઇને હેદજઅ્ એટલે તે હાઅ્ત માલની હવેલી ! તો હવેલીએ ગો એટલે ડોહની નીચાકણે ઓલખી ગોય.'કા ઓતે મારે ડીખરોહો હા' ફણ તે નીચાક કાયની ઓલખી અકસો.

બેહે ડીકરા આજે તુને રાત રવા પડી.

ડોહની તે હાવે રાણી બની ગની એટલે હલાણે પાહી બેહણે બી ની હેંડાય.ને વાતે બી કરને ની હેંડાય.તાહું પુઠી તો નીચાક રઅ્યો.

એટલે હાજ્જાટ પકવાન બનાવડાવી તીયે તે ! ને ખાદઅ્ પીદઅ્.પુઠી કાજા વીતીની તે વાત કદી એટલે નીચાક જાણી ગો કા એ મારે આહી હા.તું મારે ડીખરોહો ગણાય.

હવારે ઉઇઠો એટલે આહી કઅ્તી હા કા- 'આલા કથો,વવનીહી ફાગો નેતો જા.' એહેં કઇને તીયે જાત જાતણે પકવાન બાંદી આપચે.

ખર આવો એટલે હલી પુછતી હા કા- હાહ્વણે હાડકે બાડકે મીઇલ્લે કા કાયની ?

આલા ઈ ખાય હેદની આયે બાંદી આપચઅ્ હા.

હઇલ્લે પોટલો છોઇડો એટલે જાતજાતણા પકવાન ! તે કઅ્તી હા કા-  આયા ..! હાહ્વ એવી બની ગોય હા કા ?

કા કઅ્તી હા- તીયાં તે પુછવાણઅ્ ની તેવઅ્ હોય ગ ! હનાણે હવેલી ને હનાણે હીચકા ને નકાર ચાકાર.ને આયા હાવે ડોહની થોડી રઅ્યી હા હાવે તે તે એકદમ બાહાલ બની ગોય હા !

હાચુ કા હારા ?

હાચુ જ કા.

એટલે થોડીવાર પુઠી તે કઅતી હા કા- ચાલ આપળે મારે આયાણે બી ફુન્વી આવતે !

એટલે પુઠી આહીણે હાદાવી.આહાય આવીને પુછતી હા કા- કા ખન્ને માને હાદાવી યે ?

એટલે તે કઅ્તી હા કા- તું કથી જમાહાય નેતઅ્ જાતઅ્ તીયાં જા કથી.મારે હાહ્વીણે કથઅ્ કાજા બની ગ હા તી !

પુઠી તીયે બદી વાત કઇ ઓનાવી.તે આહાય કઅ્તી હા- હાચુ જ કા હાયે ?

તે હાચુ જ કા.

તું જાની કથી જમાહાય હારી.હેદી આવહે કા ની !

પુઠી  રોટના ફુજી નેવાઇડા હાહ્વીણે.નેતો ને ગો.તીયા જ જેંગાલમાં નેજાઇને કઅ્તો હા કા- ઇયાં બેહજા,હાંય હગણે જાઇ આવઅ્ તાણું.

એહેં કરીને નાહી આવો.હાવે ડોહનીણે જમાહાયાણે વાટ હેદતા તીયેં જ રાત પડી ગોય.એટલે તે બી રડતી મંડી.ને તીઇણે બી રાફડો બની ગો.

રાતીણા પાછા રાજા બાઇન્ઠો ને બાલો વીદાણને તે આવા.એટલે પાછા વાતે કરતા કા- ઇયેં તે રાફડો કાઇની હોતનો ને કાંથો આવી ગો ?

એહેં કરીને રાજા બાઇન્હે ઠોક્યો પાટવો એટલે તીયામાંથી ડોહની નીકલી પડી. એટલે તે તે ઉઠે બી ની પાછી એટલે ચોટનો થરીને ઉઠાડી.એટલે ડોહની તીહ્ણાય ચેચડાઇ પડી- કા કરતા તુમે ?

તુને બેહ્તી કરતામ તે.

પુઠી તીઇણે ઉબી થાકાડીને પુછતા હા કા- ગડેહે..હોવઅ.

હેં કથઅ્,જમાહાંય માને ફુન્વી ગ.કિસ્માતમાં હોતનઅ્ તી હોવઅ્.

હારઅ્ તીયા.

તીયે ડોહનીણે ટમકા પાહી લોટો મુકાવ્યો ને લોટા પાહી નારીયાલઅ્ મૂકીને હાથમાં અંબાર હોટી નેઇને પુછતા હા કા - ગડેહે તુને ઉનાળો ગમે કા ?

એરેરે ! નાગાડી દે ! ઉનાળામાં તે બં તીડકઅ્ ! કેહેં કરીને ગમે ? ફૂકી દે તોરે ઉનાળાને !

તે હિયાલો ગમે કા ?

એરેરે ! હિયાલો તે કથો ઉંગલે ની ઉંગલે ને બુરઅ્ બુઠ્ઠ જ હોઇ જાવાય.માને બિલકુલ ગમે ની.

તે વરહાત ગમે કા ની ?

એરેરે ! વરહાત તે કથો બં કાઇની હારો ! પાણીમાં ફીગીને ઇહી નાગી આવે,ને આગળઅ્ જુજે ને કા જુજે ને ફલતઅ્ જ ! હી માને કાયની ગમતઅ્.

તીયા જ પુઠી તીઇણે ટમકા પાહી રૂંબાલ પાગરાવી દેદી ને ‘તીયા પુઠી હાઅ્ત આટા ડાબી પાહી ફીર’ એહેં કયઅ્.

એટલે તે ફીરી એટલે ગેદડી બની ગોય ! ને પુઠી રાજા બાઇન્હો ને બાલો વીદાણને તે નાહી ગયા.

હવાર હોવી એટલે રાંડ માટળાણે કઅ્તી હા કા- જાના કથો,મારે આહીણે કાજા હોવઅ્ તી કથો હેદી આવજે.

‘જાતોમ યે ! ખાય નેઇને પુઠી જાહી.’- કેહેંકા હીયાણે ખબારુ જ હા કા હાહ્વીણે કાંય મીઇલ્લજ ની હોય.માણુહું તે હોય જ ની કાંય બીજઅ્ જ બની ગ હોય.

પુઠી તીયે ખાય નેદઅ્ ને હાથામાં નાકડી નેતોને ગો.તાણું તે ડોહની હાગાણે થુડામાં ગેદડી બનીને બેહી રઅ્યની ! તીયે જમાહ્યાણે આવતો દેખસો એટલે હેંચી જમાહાયં..! હેંચી જમાહાય..! કરતી નાગી ખોદડી.

તો નાઠો નાઠો એટલે ખર આવીને બાર વાલીનઅ્ હોતનઅ્ તી નાખછઅ્ ઓડાળી ને ખરમાં ઓરાય ગો.એટલે હલી કઅ્તી હા કા- કેહેં રા નાહતો જ આવતો હા ?

તાણું તે ગેદડી હેંચી જમાહાય..! હેંચી જમાહાય..! કરતી જાતી હા ને કૂદતી જાતી હા.

કાજા હારા બાઇરે ?

જાઇને હેદની કાજા તી ?

એટલે તીયે જાઇને હેદજઅ્ તાણું તે તીઇણે આહાય ! એટલે તે- ‘તું મારે આહીણે એવી બનાવી નાવો ?’ એહેં કરીને વીટ્ટી મઇન્ડી !

પુઠી તીહ્ણાય ગેદડીણે તીન્થી ખોદડી મૂકી.

કાયની જેવી કિસ્માત તેવઅ્ હોય.તોરે આહી ઉફાંડીણી બં હોતની તે હાંય કા કરઅ્ ?

પુઠી ડોહનીયે બેંય જણે જાતે રઅ્યે ને રોલીને ખાતે લાગે.ને હાહ્વ ડોહની ગેદડી બનીને ફીરતી લાગી ગોય.

## ૧૪. હુમડીદેહ

એક ડોહો ને ડોહની હોતને.તીઇણે એકુ જ નીચાક હોતનો.તીયાણે નામ પોહનો.તીનમાં ડીકરે તી રઅ્ત.ને રોલીને ખાયા કરતે હા.

હાવે કોહો ને ડોહનીણે ઉંમાર આવી ગોય એટલે દીહા પાહી દીહી જાતા તી બેંય માણેહેં મરી ગયે.

એટલે પોહનો વિચાર કરતો હા કા - હાવે ઇયા ગામમાં મારે હગહે તે ખરે બાકી રોજે કીડઅ્ ખાવડાવે ? હાવે મારે જાવઅ્ કાસે ? કોઈ હાઇલ્લો રાખે તે તીયેં રઅ્મ એહેં કરીને તો બીજે ગામડેહે નીકલી ગો.

એટલે ઇયે ગામથી તીયે ગામ એહેં રખીડતો હેંડે.એહેં કરતા એક ઠેકાણે તીયાણે રાખસો.

ડીકરા તું કાંથો આવો ? - એહેં પુછતે હા.

એટલે તીયે બદી વાત કઅ્ય દેખાડી.મારે એવઅ્ એવઅ્ હોતનઅ્.મારે આહી આથોહોન્ તી મરી ગયે.હાવે માને ગામમાં કાંઇ હુજતઅ્ કાયની ને કોઈ પુછતઅ્ કાયની.એટલે કોઈ ડોબે ચારને રાખતે હોય તે તીયેં ડોબે ચારીહી.એહેં તે માને ખેતી કામ બી આવીડતઅ્ હા એતરે કોઇ ખેતી કામ કરાવણે રાખી તે ખેતી કરીહીં.એતરે હેવા કોઇ કામે રાખતે હોય તે રઅ્મ.

ઇયાં રઅ્ય જા તીયા.આમાહાંય બી એક માણુહું જુજતઅ્ હા એહેં હલે કઅ્તે હા.પુઠી તી કઅ્તે હા કા- ડીકરા આપણીહીયે બીજઅ્ કામ તે કાયની હા બાકી જુવાર ટોવાણી હા.તુને રોજે ટોઅ્ણે જાવા પડી.આંદાન્નઅ્ તોરે હેલઅ્ બાંદીને જાતઅ્ રવાણઅ્ ને હાઇન્તઅ્ પાછઅ્ આવતઅ્ રવાણઅ્.- એહેં કયઅ્.

એટલે પોહનો તીયે ખર રઅ્ય પઇડો.આંદાન્નઅ્ ખેની આપી દેત.પોહનો ખાવાણઅ્ ખાય નેય ને ટોઅ્ણે જાતો રઅ્ય.રોજે તો હે રીતે ટોઅ્ણે જાયા કરતો હા.

એક દીહી તો હે રીતે ટોઅ્ણે ગો.તો માલે ચડીને બેહી રયનો.હાવે તીડકઅ્ વદારે નાગે એટલે તો માલેથી નીચે ઉતીઇરો ને ઉંગીલ્લે ગો.પાહી ખાડી હોતની તીયે ખાડીએ તો ઉંગીલ્લે ગો.તીયે ગોફણો મૂકી દેદો ને ઉંગીલ્લે ઉતીઇરો ખાડીમાં.

તાણુ સાડે બેહીને હુમડી તીયાણે હેયરા કરતીની.તે આવીને તીયે ચાચડામાં તો ગોફણો વેસી નેદો.ને પાસી તીયા સાડા પાહી બેહી ગોય.

પોહનો પાણીમાંથી નીકલીને હેદતો હા.'એરે ! માયે ગોફણો ઈયે જ મૂકીનો ને કીડઅ્ નેય ગ ? ગોફણઅ્ કાયની હા !' એહેં કયરા કરતો હા.

તાણુ તીયાથી ઉચે હેરાય ગ.તાણુ તે હુમડી પાહી ચાચડામાં ગોફણઅ્.

એરે..! મારે ચીડે ટોવાણે,જુવાર ખાય જાય.ને એ ચીડી મારે ગોફણો નેય નાહીને કરતી કાજા ? એતરે તો કઅ્તો હા-

હુમડે... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ..

હાવેતે તે ચીડાણે વેહમાં માણુહુ જ હોતની એટલે માણહાણે બોની તે હમજે જ.એટલે તે કઅ્તી હા કા -

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્ "

એહેં કય દેદઅ્ ને તે ચીડી દુર જાયને બીજે છાડે બેહી ગોય.એટલે પોહનો તીયે પાસાલ ચાનતો જ જાતો હા.તીયેં જાયને પાસો તો કઅ્તો હા -

" હુમડે... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ.."

એટલે હુમડી પાસી કઅ્તી હા કા -

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્"

હેંહેં કઅ્યને તે ચીડી પાસી બીજા ડોગરા પાહીં જાયને બેહી ગોય.પોહનો તે ડોગરા ચડી ચડીને થાકી જાતો હા.ને ચીડી હા તે ઉડીને જાયા કરે એટલે કાયની.તાહું તો ડોગરો ચડીને જાતો હા,ને કઅ્તો હા કા -

“ હુમડે… હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ..”

પાછી તે ચીડી કઅ્તી હા -

“ ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્ ”

પોહનો પાહી ગો તાણું તે ચીડી પાછી ઉડી ગોય ને ચોથે ડોગરે જાયને બેઠી.એટલે પોહનો પાછો પાસાલથી જ ગો.પાછો તો કઅ્તો હા –

“ હુમડે… હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ..”

એટલે પાછી તે કઅ્તી હા -

“ ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્ ”

તો તીયે ડોગરી પાર ગો એટલે તે પાછી ઉડીને પાચમાં ડોગરા પાર જાતી રઅ્યી.પાસો તીયેં જાયને પોહનો ગોફણો માગતો હા -

“ હુમડે… હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ..”

તે કઅ્તી હા -

“ ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્ ”

હેવઅ્ કયને તે પાસી ઉડીને છઠ્ઠે ડોગરે જાતી રઅ્યી.તીયેં પોહનો જાતો હા ને પાછો કઅ્તો હા કા -

“ હુમડે… હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ..”

પાછી કઅ્તી હા -

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્ "

ને તે ઉડીને હાતમે ડોગરે જાતી રઅ્યી.પાછો પોહનો તીયેં જાયને કઅ્તો હા-

" હુમડે... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણી દોરો નાવ.."

હુમડી કઅ્તી હા -

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણી દોરો આપરા,

પોહના તુને ગોફણી દોરો આપઅ્"

હાવે હુમડી બી માણહાણે વાત હમજે જ.હાવે દરિયો આવી ગનો એટલે તે તીયાણે ચાચડામાં ઉચકી નેયને જાતી રઅયી.

એટલે તીયાં જાયને તીયાણે ઇખીવતે.'વછારો આવો હા..નવો વછારો આવો હા.' તીયાં બદે બાહાલે જ માટાળ તે એખુ જ ની મીલાત.મીલાતું જ ની.એટલે 'વછરો આવો હા.. વછરો આવો હા' એહેં કરીને પાંચ છ જણીહીંય તીયાણે ખરીદી નેદો.

તે હાઇન્તઅ્ હોય ને તીયાણે હલામાં જોડાત.ને એક ખોદાણે એક બોન આપાત.હાવે આખી રાતમાં કતરા ચાહ પાડાત ને તી કા ખબાર બાકી તતરા ખોદા આપાત.

ને આંદાન્નઅ્ તે બં જ હારઅ્ હારઅ્ ખાવડાવાત-હુવડાવાત.ને રાતીણો હલામાં જોડાત.એટલે એક ખોદાણે એક બોન ને બે ખોદાણે બે બોન.

એટલે હેંહેં કરતા કરતા તીયે બદ્દા બોન નેય નેદા.બાકી માખડઅ્ બનવાણા બોન કાયની આપચા હઇલ્લીહીંય.

કેહેંકા તે તે એક કઅ્ય કા- 'હાંય રાખઅ્' પલી કઅ્ય કા- 'હાંય રાખઅ્' એટલે માખડઅ્ બનવાણા બોન કાયની આપચા.હીયાણે તે આમે ગમે તેહેં ખરીદી નેહું.તે વિચાર

કરચે હા કા હીયાણે માખડઅ્ બનવાણા બોન ની આપાય કેહેં કા માખડઅ્ બનીને નાહી જાય તીયા.

હાવે દરિયા કિનારે ચીડઅ્ વીયાયનઅ્ હોતનઅ્.તીયાણે ગોલા અવડા ઈંડા.ને નવ ઈંડા હોતના.

હાવે રોજે તો બાયરે જાય એટલે ચીડાણે ઉડતઅ્ હેદે.એટલે તી ચીડઅ્ ઉડે એટલે દરિયાણે તીયે જ પાહીં જાઇને પડે.હાવે તીયે તે બદઅ્ ઇખી જ નેદનઅ્.

એટલે તો વિચાર કરતો હા કા- ચીડઅ્ રોજે રોજ નાહી જાતઅ્ હા.એટલે મારે કોઠામાં ઓરાય જાવા પડે.

એટલે હાવે ગોલા અવડા ઈંડા એટલે તીઇણે વચ્ચે ગાલો તે ખરોજ્ કા ની ? એટલે તો ઈંડાહામાં જાયને ઓરાય જાતો હા.

હાવે ચીડઅ્ તે હાઇન્તઅ્ જ આવે ને ! થુંદરઅ્ જેહેં પડીજાણે હેંડે તીયા.હાવે તી ચીડઅ્ હેવણાય ગનઅ્.એટલે માછને બાછને ચરીને આવતઅ્ રઅ્ય.ને પુઠી કોઠામાં આવીને બેહેય.એટલે તીયે દવા બવા નેય નેદી ને ઈંડાહામાં જાયને બેહી રઅ્તો હા.

પુઠી ચીડઅ્ આવઅ્ એટલે ઈંડાહા પાહી આવીને બેઠઅ્.તીયારનો તીયે એક ટાઇન્ટો થરી નેદો.એટલે બેઠો બેઠો આખી રાત તીયે કાડી નાખી બાકી ટાઇન્ટો છોયડો કાયની.

હવારે આંદાન્નઅ ચીડઅ્ ઉઇડ્ડઅ્ એટલે હલી તીડી જાઇને પયડઅ્.માછને કાઅ્સે હા તી હેદતઅ્ નીચે ઊતીઇરઅ્ એટલે તીયે ટાઇન્ટા છોડી દેદા.

હાવે ચીડાણે તે આગાલ નજાર એટલે તી હેદતઅ્ હેદતઅ્ નાહી જાતઅ્ હા.તાણું તો નાહી આવતો હા.

એટલે એક ગામમાં આવી ફૂગો.એટલે તીયેં પાછો હાઇલ્લો રઅ્યો.તો તીયેં બં જ કામ કરે.એટલે તીઇણે એકુ જ ડીખરીહી હોતની.

હાવે તો બં જ કામ કરે એટલે બેય જણે વાત કરતે હા કા- ઇયા જેવો જમાહ્ય આપણાહાંય બીજો જડે જ ની.એવઅ્ કામ બીજઅ્ કોઇન્ની કરે.એટલે આપળે ગામમાણા

બે પાંચ જણાહાંય હાદાવીને પીણઅ્ને હેવઅ્ પીય નેવા પડે.હાવે નખાણ કરવાણઅ્ તે કાંય રતઅ્ તે કાયની ફણ આપળે ગોઠવાણ કરી દેતે.

એટલે તીઇણે પીણઅ્ પીય નેદઅ્.એટલે તો તે બં જ કામ કરે.ને ખેતી બદી પડતેલ હોતની તે બી હુદારી કાડી.હલાહાથી ખેડીબેડીને.ને પુઠી માલ પાકીવતો લાગો.એટલે હામટો જ માલ પાકવે.તો આંદાન્નો ચાર વાગેણો બલજે છોડી નેયને નાહી જાય ડોગરાહામાં ને છ વાગે તાણું ખર આવી જાય પાછો.તરાત હલીઇટ્ટઅ જોડી નેયને ખેત નાહી જાય ને પુઠી રાંડ હેલઅ્ આપણે જાય.

એટલે એક દીહી ગામમાઇણે હાંત ડાકાણે હો રોજે જાતો હા રોજે જાતો હા એહેં કરીને ડોગરાહ્માં જુવાલે હોયને દપી રઅ્યે.હાવે તો ચાર વાગે બલજે નેતો ને ગો.ને ડોગરામાં ચારને ખેઇન્ને.એટલે જુવાલે ફુરર... કરતે ઉઇડ્ડે.જુવાલે તે ઉડી ગયે બાકી હલાણે તાવ આવી ગો.તાહું તો બલજે તે ચારી જ નાવો.

પુઠી તો ખર આવીને કઅ્તો હા કા- નીચકાહાંય આહાય હાંય કદાસ મરી જામ તીયા મારે દવાણે પોટલી ટાટા હારી ફેરવીની હા તે મારે મહણે મૂકી આવાણી.માને આજે કાયની હારઅ્ નાગતઅ્ હા.તાવ આવી ગો હા.

ને પુઠી તો બે દીહામાં મરી જાતો હા.એટલે તીયાણે ઠાઠડીમાં ઉચકીને નાહી જાતે હા.

હાવે હલી પોટલી આપવાણી વીહરાઇ જાતી હા.એટલે તે વિચારતી હા કા - 'હાવે કા કરવાણઅ્ ?'

તાણું હલાણે તે હેલ હીચી દેદની ને હલગાવાણી તીયારી કરી દેદની,તાણું હઇલ્લીણે યાદ આવી ગ કા માને પોટલી મૂકણે કયનઅ્ તી.એટલે ટાટાહારી ફેરવીની તે પોટલી નેય નેદી,ડાટલી નેય નેદી ને હોટી નેય નેદી,ને દડતી દડતી જાતી હા.તીયી પાછાલ બીજી એક જણી દડતી હા.

હામે હલગાવાણી તીયારી જ હોતની.આગડઅ્ નેવાણઅ્ જ બાકી હોતનઅ્.તાણું તે ઉહુંકચે ચડી ગોય ને ઉહુંકચે પોટલી મૂકી દેદી.

તીણીહીય બે જણા પાછા મૂકણે આવા.ને પુઠી તીયાણે હલગાવી દેદો.ફણ મડઅ્ હોય ગનઅ્ એટલે થોયઅ્ બોયઅ્ કાયની.

પુઠી રાતીણી ડાકીઇણે ગયે.હઇલ્લે તે નૂંગડે કાડી દેઇચ્યે હા ને ખાટનઅ્ બનાવી દેયને જીવણે પાહલી હેઇચ્યે હા.ફણ જીવણે પાહલી જડે ની.કેહેં કા જીવણે પાહલી જડે તીયા તીયાણે જીવતો કરાત ને !

હલો હા તો દેડકો બની ગો હા.થીરે થીરે કૂદતો જાતો હા ને જાગા બાંદતો જાતો હા.હાંત આટા ફીયરો ને જાગા બાંદી દેદો.હાવે હઇલ્લે તે નાગજે ને ફુગજ્જે જ.ને તો તે જાગા બાંદી દેયને ખર નાહી આવતો હા રાતીણો બાર વાગે.

ને આવીને કઅ્તો હા કા- નીચકાણે આહાય ! ઓરી આવનીયે.

એરે મન્નારઅ્ જ જેહેં નીયે !

એટલે બે જઇણે નીહીયરે.તાણું તી તે નૂંગડે હલગી ગને એટલે નાગઅ્ ને ફુગઅ્ જ હોતનઅ્.

એટલે તો કઅ્તો હા કા- ઓરે જૂનેપાને નૂંગડે નેતી આવની.હાંય પેરી નેમ.

તીણીહીય નૂગડે નાવી આપચે.પુઠી તીયે નૂંગડે પેરી નેદે ને જાયને બેઠો.

પુઠી આંદાન્નઅ હુજાલઅ્ હોય ગ એટલે તો કઅ્તો હા કા- જાયા વેઇઠ્ઠાણે હાદી નાવા.

પુઠી વેઇઠ્ઠો આવો એટલે તો કઅ્તો હા કા- જાણે આખા ગામમાં બમની વલ કા જાણે મહણે જાવાણઅ્ હા.

એટલે બદે બ ખુસ હોય ગયે.કેહેંકા મરનારઅ્ જીવીને આવઅ્ ! હલગાવી દેદનઅ્ તીન્થઅ્ આવઅ્ એહેં કરીને આખઅ્ ગામ તીયાર હોય ગ.

તીમા હાંત જઇણે ડાકાણે.એટલે તાણું રામાણે રાંડ હોય તે રામો હેદીને નાહી જાય.મારે રાંડ હોય તે હાંય હેદીને નાહી જામ.એટલે હાત જણા હેદીને નાહી ગયા.

પુઠી તીણીહીય નાગજેને ફુગજે બાંદજે ને આખે ગામ ફેરીવ્યે.ને પુઠી છોડ દેજ્જે. તીદાડથઅ્ આખઅ્ ગામ સુખી હોય ગ.ને કોઇ કુતરાણે બી ની ખાય ને કુકડાણે બી ની ખાય.તીદાડથો તાવ બી ની આવે ને કાયની.

## ૧૫. પોહનો ગોવાલ

ડોહો ને ડોહની બે જણે હોતને.તીઇણે ડીખરોહો એકુ જ.તીયાણે નામ પોહનો.

દીહા પાહી દીહી જાતા ડોહની મરી ગોય.હાવે તે બેમા ડીકરા બે જ જણા રઅ્યા.એટલે તે વિચાર કરતા કા- આપળે હાવે કરવઅ્ કાજા ? એક તે ડીકા તું ડોબે ચારને જાય.ખર હાંય એખનો જ ને ઉપારથી પાછઅ્ ખેતામાં કામ કરવાણઅ્ !

એટલે પોહનો કઅ્તો હા કા- બાપા,તું ડોહની હેદી કાડ જેવી તેવી !

ચાલ તીયા ડીકરા ખરી વાત હા તોરે.આપળે રાંદી ખાવાણી મુસ્કેલી પડતી હા.ને તોરે તે ડોબાહામાં જ નાહી જાવાણઅ્.

એટલે તો ડોહો નાડી હેદણે નીકીઇલ્લો.એટલે વાટે તીયાણે એક ડોહની મીલી- કાં જાતો હા કથો ?

હાંય તે મારે ડોહની હોતની બાખુ તે મરી ગોય,ને આમારે જોડઅ્ ટુટી ગ ! એટલે બીજી ડોહની હેદણે નીકીઇલ્લોમ.રોટના ફુજી ખાવાડનારી.

તે ડોહની કઅ્તી હા કા- તીયા તે હાયહું કથી આવઅ્ ના, એહેં.

ની યે ! દૂરની હોય તીયા કથઅ્ હારઅ્ એહેં કઅ્તો હા.

તીયા જા તીયા કથો !

એટલે તો પાછો આગાલ ગો.એટલે તે જ ડોહની પાછી ફીરી વઇલ્લી,આગાલ જાયને જેંગાલમાં.

કાં જાતો હા હારા કથો ?

નાડી હેદણે જાતોમ.

તે હાંય બી કથી નવરી જ હામ.મારે કથો એકુ જ નીચાક હા.મારે બી ડોહો કાયની હા.

ચાલ તીયા તીયાર હોય જા! એહેં કઅ્ય દેદઅ્.

તે ડોહની નીચાકણે નેય નેયને ડોહા હારી આવી.એટલે તી ચાર જણે હોય ગયે.

હાવે પોહનો ડોબે ચારને જાય.ને હાંજતો આવે.

એટલે ડોહની કઅ્તી હા-ડોહા તોરે નીચાકણે હારઅ્-હારઅ્ ની ખાવડાવાણઅ્ !

એટલે ડોહાણે નાગતઅ્ કા- જેવો હોય તેવો બાકી મારે ડીખરોહો ગણાય કા ની ! કેહેંક્ માને છેતરી ખાવાય ?

તું કથો હારઅ્-હારઅ્ ખાવડાવેહે તે હાંય રમુ જ ની ! નાહી જાહાંય ! તે ડોહો કઅ્તો હા કા- એ વાત બી ખરી હા ! એ નાહી જાય તે માને પાછી બીજી ડોહની મીલે જ ની !

હાવે પોહનો ડોબે ચારને જાય.તીયામાં હ ડોબે ને એક પાડો.હતરે ડોબે તો ચારે! આંદારનઅ્ રાંદી આપ્પાણઅ્ તીયા પોહનાણે.એટલે તે ડોહની કીચકીડાણે માવરઅ્ ને કુંખાણે રોટના ફુજી આપે ને બાંદી આપી દેય પોહનાણે ! હાવે તો બોપરેહે ખાઇડે જાઇને ડોબે ગોઠવી દેય,ને પુઠી ખાણે હારુ ગાહડી છોડે.હાવે કીચકીડાણે માવરઅ્ ને કુંખાણે રોટનો ખાવાય કા ? એટલે તી પાઇણામાં ઓડાળી નાખી દેય,ને રડતો બાજે.

તે પાડો પુછતો હા- પોહના કાખને રડતો હા હારા ?

તે કા કરે રા ? મારે જીજીહી આવી હા તે કુંખાણે રોટનો ને કીચકીડાણે માવરઅ્ રાંદી આપતી હા.તી કેહેંક્ ખાય જુ ?

તું હી બદઅ્ માંડી વાલ.ને ખાબરાતો નખે.બોપરહે ડોબે ગોઠવે એટલે તું મારે જેમઅ્ હીગડઅ્ મડેહેને એટલે તીયામાંથી ફુખ્સા નાડવા નીકલી ! ને બાંગઅ્ હીગડઅ્ મડેહે એટલે તીયામાંથી તીરીહીણા નાડવા નીકલી.તે તોરે ખાય નેવાણા.ને રાંદી આપે તી નેય આવજે,બાકી ઇયાં આવીને ઓડાળી નાખજે ! એહેં કઅ્ય દેદઅ્ પાડે.

એટલે તે ડોહની રાંદી તે આપે જ.ફણ તો પાઇણામાં ઓડાળી નાખી દેયને પાડાણે હીગળે મડીને નાડવા ખાય નેય.

એટલે તો પોહનો એકદમ જાડોફમ બની ગો કા ની પૂછવાણી વાત ! જાડો બઇન્નો એટલે ડોહની ડોહાણે કઅતી હા કા- હારા આપળે હીયાણે માવરઅ્ ને કુંખાણે રોટનો આપતેમ,તી જ ખાયને પોહનો એવો જાડો કેહેં પયડો ?

ડોહો કઅ્તો હા- એ તે ઉપારવાલાણે મેરબાની હા ! હાંય કા જાણઅ હીયે ?

એટલે એક દીહી તીઇણે નીચાકણે તે કઅ્તી હા કા- ડીકા તું આજે પોહના હારી ડોબાહમાં જા.ને હો કા ખાતો હા તી હેદ્તો રઅ્જે.

એટલે તો નીચાક હારી જ ગો.ને પોહને રોજે ડોબે ગોઠવે તીયે ગોઠવી દેદે,ને પાડાપાહી જાયને હીગળે મડીને તે નાડવા કાડી નાવો.

એટલે તો નીચાક તીયાં બેહીને બદઅ્ હેજ્જા કરે.એટલે તીહ્ણાય અરદા અરદા નાડવા ફાગ પાઇડા.તીરહા ને ફુકચા નાડવા.એટલે તીયે નીચાકે ખાદા નાડવા ને એક નાડવો ખેની નેદો ગજવામાં.ને પોહનો તે બદા જ નાડવા ખાય ગો.

પુઠી તે ડોબે નેયને હાઇન્તા આવા.એટલે તો નીચાક આહીણે કવાણઅ્ વીહીરાઇ ગો.ને નૂંગડે થોબડાહાંય થોઅ્ણે આપાય ગયે.

થોબડ્અ નૂંગડે થોઅ્ણે ગ.તીયેં તો નાડવો નીકીઇલ્લો.એટલે તી નીચાક ફાગો તો નાડવો નેય આવઅ્.ને ખર આવીને તીયે થોબડે નીચાકણે નાડવો આપ્યો.એટલે તીયે નીચકે તો નાડવો ખાદો.એટલે તી તે તેવા ને તેવા નાડવા માગે !

એટલે ડોહની નૂંગડે નેણે ગોય.તીદાડે પૂછતઅ્ થોબડઅ્- દાદી એમકે તોરે છોકરાણે કીસ્સામાં નાડવો હોતનો તો મારે છોકરે ખાદો,એટલે તેવા ને તેવા નાડવા માગતો હા ! તુમારે તીયાં આજુ હોય તે આપી જાજે.

ડોહની તે વિચાર કરતી હોય ગોય ! કાણા નાડવા હોય?! આવીને નીચાકણે પૂછતી હા કા- ડીકા,તું પોહના બાબા હારી ગનો તીયા કાંઇ ખાદનઅ્ કા ?

હોવે આયા હો ! પોહનો બાબો ડોબે ગોઠવીને તીયેં વચીમાં ગો ને પાડાણે હીગડાહામાંથી નાડવા કાડી નાવનો ! તે હાંય તુને દેખાડને હારુ નેય આવનો ફણ હાંય વીહીરાય ગનો.

પુઠી તે તે ડોહની ખણી બદી ખીજવાઇ પોહના પાહી ! એટલે તે ડોહાણે પાછી કઅતી હા કા- તોરે ડીખરાહાણે કાડી મૂક કાં તે મારી નાખ ! તીયા જ હાંય રઅ્મ ! ની તે ની રઅ્મ !

નાથ રઅવાણી એહેં કયઅ્ એટલે ‘ ચાલા તીયા મારે ડીખરાહાણે મારી નાખીહી!’ એહેં કયઅ્ ડોહાયે.

પોહનાણે તે ખબાર પડી ગની માને માર નાખવાણો હા મારે આથોહો એહેં ! એટલે આંદાન્ને ડોબે છોડને ગો તો.એટલે ડોબે છોડતા છોડતા તો રડે !

એટલે પાડો પૂછતો હા કા- પોહના કાખ્ને રડતો હા જાણે ? આજે માને આતો મારી નાખવાણો હા ! પુઠી તુમ્હાંય કીડઅ્ ચારી ?

પાડો કઅ્તો હા કા- તી તોરે ચિંતા ની કરવાણી ! તું હએ હ ડોબે પેલ્લા છોડ,ને માને છેલ્લો છોડજે ! માને છોઇડો એટલે પુહુંડા હારી વીલગી જાજે ! તો ડોહો કા મારી અખે !

એટલે પોહને બદ્દે ડોબે છોડી દેદે.ને છેલ્લે પાડાણે છોડીને પુહુંડા હારી વીલ્ગી ગો !

તો ડોહો તે કુવાડઅ્ નેયને દપી રઇનો ! ફણ પાડો જેવો કૂદજો તેવો ડોહાણે દેદો પાટવો ને નાખશો ઓડાળી !

પુઠી તો પાડો બદ્દા ડોબાહાંય નેયને નાઠો ! ને ફીરતા ફીરતા જેંગાલમાં જાય રઅ્યા.કેહેં કા હાવે તે ખર તે આવવાણા જ કાયની ! તીયેં જ ખાવાણઅ્ ને તીયેં જ પીવાણઅ્.

વડે તીયે માલો પાડી દેદનો તીયેં તો રઅ્ય.ને ગાવડે દુઇને પીય નેય ને વડાણે થુડીમાં રાફડો હોતનો નાગણે તીયાં તો દુદ રેડી દેય.હાવે રાફડામાં નાગ વીયાયનો ! એટલે તી બચે પીત ! તેહેં કરીને તી બચે પોહાયા કરાત.એટલે પોહનો આંદાન્નઅ્ હોય ને ડોબે ચારને મોકીન્ને તીયા તો વાહલીથી ગીત ગાય -

“ એરે..કાબરી ગાય ચરને જાજે ટુરીહીલી ટુય,

રાતી ગાય ચરને જાજે ટુરીહીલી ટુય..”

એહેં વાગાડે એટલે પાડો બદ્દા ડોબાહાંય નેયને ચારને જાતો રઅ્ય ! તો હા તો પાછાલ ચાને.બદે ચરીને થરાત એટલે પોહનો પાછો માલે રઅ્યને વાગાડે -

કાબરી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

નીમકી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

એટલે પાડો બદ્દા ડોબાહાંય હાકી નેયને આવતો રઅ્ય.આવીને તી પોતપોતાણે જાગે બાંદાય જાત.હાંજતો તો દૂઇ દેય જે પીય નેય,ને હુવી જાય.

એટલે રોજે જ તો હેંહેં ગાયાને ઠોકી ઠોકીને તો ડોબાહાંય છોડે,ને પાડો ડોબે ચારને જાતો રઅ્ય.ને હાંજતઅ્ હોય પાછો વાહલી વાગાડી દેય એટલે પાડો બદે ડોબે નેયને આવતો રઅ્ય.એટલે તો દૂય દેય ને પીય નેય.ને બાકીણઅ્ હલા રાફડામાં રેડી દેયને હુવી જાય.

તેહેં એક દીહી નાગાણે બચાહાંય આહાય કઅ્તી હા કા- તુમ્હાંય ઇયે માટળે બં હારઅ્ કદઅ્.ને દૂદ પાવી પાવીને મોટા કદા.એટલે તુમે જાયા ને હીયાણે ટમકામાં થુપી આવા.

એહેં કયઅ્ એટલે નાગણે એક બચો ગો ને પોહનાણે ટમકામાં થુપી દેદઅ્.એટલે તીયાણે હનાણે નીમ્બાલે બની ગયે.એટલે તો પાછો વાહલી વાગાડતો હા.....

હાવે એક દીહી એવઅ્ બઇન્નઅ્ તીયાણે.બોપરેહે બદે ડોબે ગોઠાય ગયે પુઠી તીયે ટમકઅ્ ચોઇલ્લઅ્.ને ખાઇડે ઉંગીલ્લે ગો.ગો એટલે તીયે ટમકઅ્ ચોઇલ્લઅ્.પુઠી ટમકઅ્ ઉખીવ્યઅ્.તે એક નીમ્બાલો હનાણે તુટી ગો !

એટલે તો વિચાર કરતો હા- ઇ તે ખોટઅ્ કામ હોવઅ્ ! મારે તે લાખો રૂપિયાણે એક નીમ્બાલો હા ! એતરે હાંય એહેં જ જો થરતી પાહી નાખી દેહી તે કીડી મકડો ખાય જાય ! ને પાઇણામાં છુટો જ વઅ્તો કરી દેહી તે તી કથઅ્ કાં જાતઅ્ રઅ્ય !

એતરે એક પેડદી તીયે થુપાણે બનાવી ને એક પેડદી તીયે હનાણે નિંબાલાણે બનાવી.પુઠી આગાલ થુપાણે પેડદી વઅ્તી કદી ને પાછાલ હનાણે નિંબાલાણે પેડદી વઅ્તી કદી.

હવે નીચે વજીરને નીચકી ને રાજાણે નીચકી ઉંગલાત.પલો તે ઉપાર ઉંગલે. એટલે તીણીહીય પેડદી હેદી કાઇડે.વજીરને નીચકી કઅ્તી હા કા- હલઅ્ કથઅ્ કાજા આવતઅ્ યે બાયે ?

પેડદે નીયે !આપળે કથી એકુ કુ નેઇચ્ચે.

એટલે વજીરને નીચકી કા કઅ્તી હા કા- મારે કથી આગાલની !

ચાલ તીયા મારે પાછાલ્લી - એહેં રાજાણે નીચકીયે કયઅ્.

એતરે તીયા પરમાણે તીણીહીય વેસી નેદી,ને ખોઇલ્લે પેડીકે.વજીરણે નીચકીણે પેડીકામાં થુપ નીકીઇલ્લો,ને રાજાણે નીચકીણે પેડદામાં હનાણે નિંબાલો નીકીઇલ્લો.

એટલે રાજાણે નીચકીયે એવઅ્ નક્કી કરી નેદઅ્ કા મારે તે એવા નિંબાલાવાલો માટળો જડે ને તીયા પન્નાવાણઅ ! ની તે પુઠી કુવારઅ જ મરી જાવાણઅ !

પુઠી તે ખર ગયે.રાજાણે નીચકી હા તે ખોડાહાંય ગબાણામાં જાઇને હુવી ગોય. તે ખાણે ની ઉઠે,ચા પીણે ની ઉઠે,કોઈ વાતમાં ની ઉઠે ! રાજા ઉઠાડતો હા.

હાંય કથી કાયની ખાવાણી !

તુને કાજા દુઃખ હોવઅ્ તી કઅ્ને માને !

ઉહું,હાંય ઉઠવાણી બી કાયની ને ખાવાણી બી કાયની !

વજીરણે નીચકીણે રાજા પૂછતો હા- બેટા તુમે ઉંગીલણે ગઇન્ને તીયેં કાંઇ હોવઅ્ કા ? તુમે વીડાયે હીડાયે હા કા ?

રાજા સાહેબ વીડાયે તે કાયની હામ.બાકી ઇયે ઇયે પરમાણે હોવઅ્ હા.બે પેડદી વઇને આવતીની.તીયામાં માયે આગાલ્લી પેડદી નેદી,તીઇમાં થૂપ નીકીઇલ્લો.ને હીયે પાછાલ્લી પેડદી નેદી તીઇમાં હનાણે નિંબાલો નીકીઇલ્લો ! તે હીયે એવઅ્ નક્કી કરી નેદઅ્ કા એવા નિંબાલાવાલો માટળો હોય તીયા જ હાંય પન્નાહાંય ! ની તે કુવારી જ મરી જાહી એહેં કથી કઅ્તની !

એટલે રાજાણે તે એકણી એક ડીખરીહી ! એટલે તીયાણે ખાબરામાણ તે છૂટે જ ! ઠંડેરો પીટાવ્યો કા - કાને સભા ફરાવાણી હા ! એટલે આખા ગામમાણે ને દેહ - દેહણે હુદી બદે આવાત !

પુઠી તીયે સભા ફરી.તીયે પરમાણે માણેહેં ગયે.

એટલે બદાહાંય કઅ્તો હા રાજા કા- એવા વાળવાલો છોકરો હેદી નાવાત તે મારે અરદઅ્ રાજપાટ આપી દેવાણઅ્ હા ! ને તાંબા પતરામાં નખી આપીહી !

ફણ તે હનાણે વાળવાલો નીચાક કાં જડે !

ફણ એક ડોહની હોતની માટળો ની મીલે ની કાયની તેવી.જુદી જ રઅય.ગામણે પાદાર છુપડઅ્ બાંદીને.તે કઅતી હા કા- રાજા સાહેબ,હાંય હેદી નાવીહી !

તું હેદી કાડે તે તુને અરદઅ્ રાજપાટ આપી દેહી !

એતરે તે ડોહની હવાર્‌ની નીકલી.કાંખઅ્ એક નેદઅ,ને એઇરૂઅ્ નેય નેદઅ્ ઇહલામાં.ને પુઠી તે ચાનતી ચાનતી બદે ચારુ દિસાએ ફીરી વઇલ્લી.ફણ ગામડાહામાં તો જડે કા જુ ? તો તે જેંગાલમાં તો !

એટલે હાંજ્તી તે રાજા પાહી આવી ને કઅ્તી હા કા- રાજા સાહેબ,આજે કાઈની જઇડો ! એટલે હવારે એહેં પાછી જાહી !

હવારે ઉઠી એટલે પાછી નીકલી.એટલે એક ડોબાહાંય ડાંડ તીઇણે નજરે પઇડો ! પોહનાણે ડોબે હોતને એટલે.એટલે તે ડાંડે ડાંડે ગોય.

એતરે જેંગાલમાં વડા નીચે તીયે ડોબે બેઠને દેખસે.તી ડોબે તે હામટે ને મારને દડાત તેવે ! એતરે તે દપી ગોય અંઠી.ને બદે ડોબે છુટી ગયે,ને ચરને જાતે રઅ્યે પુઠી તે ડોહની નીચાક પાહી ગોય.

એટલે ‘હાય…કથઅ્ !’ એહેં કરીને નિહામો નાખતી હા.

કેહેં યે ગડેહે ?

કાયની કાંય રા કથઅ્ ! તોરે જેહેં દાયા આવતી હા.

હીયેં કા મારે દાયા આવે હો ?

તું કથો જેંગાલમાં એખનો જ !તોરે અતરે બદે ડોબે,રાંડ ની બયારની ! તોરે કથે જુવડે કીડઅ્ મારે ?ચાલ,હાંય તોરે જુવડે મારઅ્ ! ઉતુર માલેથો !

માલેથી કાઇની ઉતુરવાણો ! તું ઇયાં જ ચડી આવ.મારે ડોબે બં કાયની હારે હા ! આવી બાવી.

તે ડોહની માલે ચડી ને અરહપરહ કાંખઅ્ ઉખીવ્ય,ને ઠુહુકો માઇરો.તો નિંબાલો નેય ગની એતરે તીયે તો નિંબાલો માપી હેઇરો.તે તેવે જ હનાણે નિંબાલે !

ને ! જુવડે મારી દેદે ! ને હાંય જાતીમ પોહના.

જા તીયા.

એટલે તે ડોહની આવતી રઅ્ય.ને દેખાઇડો રાજાણે કા- એવા જ નિંબાલા વાલો હા ! હનાણે નિંબાલા હેદી આવીમ રાજા.બાકી તીયાણે ડોબે બં કઠાણ હા ! ડોબાહામાં હ ડોબે ને એક પાડો હા! બં મીજાહીણે ડોબે હા ! કેહેં કરીને નાવીહી ?

કાયની જા એક ગાડલઅ નેય ને ! ને પેઇટ્ટીમાં રોટના ખેની ને રાંદીના.ને બોપરેહે આગાલ તોરે જાઇ રવાણઅ્.

એટલે ગાડલઅ્ નેઇ નેદઅ્ ને તે ડોહની ગોય.તીયાં જાય ફુગી પુઠી પોહનાણે કઅ્તી હા કા- તુયે તે હેલઅ્ બી ની રાંદજઅ હોય.હલઅ્ હેલઅ્ કથઅ્ કાડી ને ! હાંય તોરે ફાગણઅ્ બનાવી નાવી હામ.

ગો એટલે પેટીમાંથી કાડી ને એહેં કયઅ્.એટલે તો પેટીમાંથી કાડને ગો એટલે ડોહનીયે દેદો ઠેકની પેટીમાં ! ને ટાલઅ્ મારી દેદઅ્ ! ને બલજે જોડી દેદે,ને પોહનાણે નેતીને નાહ્તી બાજી ! એટલે પોહને પેટીમાં રઅ્યને વાહલી વાગાડી.

કાબરી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

નીમકી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

એટલે ડોબે દઇડે ! ને વડે આવીને હેદ્તે તે પોહનો કાયની ! ગાડલાણે લીઇટા હેદી કાઇડા.એટલે દઇડે એટલે તો પેટો ફોડી નાખસો,ને બલજે બી મારી નાખશે ! ને ખાલી ડોહની ડોહની જીવતી રઅ્ય.ને તે ડોહની એખની જ ખર ગોય.

કાયની નાવી યે ? - એહેં રાજા પૂછતો હા.

કાયની નાવી રા ! કથે ડોબે બં જ મીજાહીણે હા ! કથઅ્ કો કાજા વાગાડી દેદઅ ? તે તીન્થે દઇડે ડોબે ને પાડો એટલે પેટારો ને બદઅ્ મારી મારીને ચીબડી નાખી દેદઅ ! ને બલજે બી મારી નાખી દેદે ! કા કરવાણઅ ?

કાંય વાંદો ની ! લોખાંડણઅ્ ગાડલઅ્ ને લોખાંડણી જ પેટી નેઇને જાજે ! એટલે ની કાડી અખાત.

એટલે તીયા પરમાણે રાજાએ ખડી આપચઅ.પુઠી તે પેટી નેઇને પાછી બીજે દીહી આવી.ને કઅ્તી હા- પોહના કથો ઇસે આવ !

ડોહનીયે દેખાડી દેદઅ્.એટલે કાડને ગો એટલે તીદાડે પાછો તીયાણે ઠેકની દેદો ! ને લોખાંડણે પેટીણે ટાલઅ્ મારી દેદઅ્,ને દેદે ખોદડી બલજાહાંય ! એટલે પોહને પાછી વાહલી વાગાડી –

કાબરી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

નીમકી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

પાછે બદે ડોબે દઇડે એટલે મારતે લાગે ગાડલાણે ને પેટાણે ને બલજાહાંય ! ફણ તી લોખાંડ તી ફાંગે કા ? કોઇણે ટાઇન્ટો ફાંગી ગો ! કોઇણે ટમકઅ્ ફુટી ગ ! તે કોઇણે કાંય ટુટી ગ ! એહેં કરીને બદે ડોબે તીયેં મરી ગયે ! ને પોહનાણે નેઇને તે આવતી રઅ્ય ! ને આવીને તીયે રાજાણે અફી દેદો ! ઓ તોરે જમાહાય ! ને અરદઅ્ રાજપાટ તીયે ડોહનીણે નખી આપી દેદઅ્ ! ને પુઠી બદે મેલમાં રઅતે લાગે હારી જ.

એક દીહી તીયા રાજાણે નાગઅ્- જમાહ્ય આજુ કતરોક ખાણ પાકો હા ?

એતરે એક દીહી તે સરાત બાંદાયા !

એટલે પોહનાણે રાજા કઅતો હા કા- જમાહાઇ,તોરે ડોબે તે મરી ગયે હા.ફણ મારે ખોડા તે ચરતા પાદારે ! તોરે ડોબે પેઅ્લે આવાત તે તું માને તલવારથી મારી નાખસે ! ને જો મારે ખોડા પેલ્લા આવી જાય તે હાંય તુને તલવારથી મારી નાખીહીં ! એહેં સરાત બાંદાયા.

ચાલ તીયા ! એહેં કઅ્ય દેદઅ્.

તલવાર નેઇને બેય જણા ઉબા થાકા.પુઠી રાજા કઅતો હા કા- જમાહાય તોરે ડોબાહાંય હાદાવ.

એટલે પાછો તીયે પીહવો વાગાયડો-

કાબરી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

નીમકી ગાય પાછી વલજે ટુરીહીલી ટુય,

એતરે તીઇણે ડોબાહાંય તે કોઇણે ટમકઅ્ કંદાતઅ્ મઇન્ડઅ્ ! કોઇણે ટાઇન્ટો કંદાય ગો ! કોઇણે જીવ વલી ગો ! કોઇ ઉબી થાકી ગ ! એતરે હે રીતે તીયે પાચ-છ વાર વાગાઇડઅ્.એટલે તી બદ્દે ડોબે જીવતે હોય ગયે !

પુઠી તો રાજાણે કઅતો હા- હાવે તોરે ખોડાહાંય હાદાવ !

તે રાજા કઅતો હા- કોદરી ખોડી કોરુચ !

તે પાદારે ચરતેને એટલે - કાંદા નીકલી તીયાજ ! કાંદા કાડેહે તીયાજ ! એહેં કઅ્ય દેદઅ્ ખોડાહાંય.

તે કાંદા કીદાડે નીકલાત ! કાંદા નીકલી  તીયાજ આવીહી એહેં કઅ્ય દેદઅ્ ! ને તેહેં ને તેહેં કઅ્યા કરાત !

હલો તે જેહેં વાગાડે તેહેં તી બદે ડોબે કંદાય ગયે ! ને આવે દડીને એટલે દરવાજે આવીને ઉબી થાકી ગયે !

રાજા તે કોદરી ખોડી કોરુચ ! એહેં કઅ્યા કરે.ફણ હલે ખોડે આવાતુ જ ની ! જીવતે જ,ને પાદારે ચઇરા કરાત તાહું ! એટલે રાજાણે ખોડે આવે જ ની !

એટલે પોહને તલવાર કાડી ને રાજાણે સાફ કરી નાખશો ! ને હચકી દેદો.

પુઠી તીયેં રઅ્યને ખાતે લાગે.બીજી હવેલી બી બાંદી !

પુઠી પોહનો એક દીહી વિચાર કરતો હા.મારે આથોહો જીવતો હોય કા કોણ જાણે ? પુઠી તો ખરાવાલીણે કઅ્તો હા- ચાલ આપળે મારે દેહમાં જાવા પડી.મારે આથોહો એખનો જ હા.

## ૧૬. નાગ

એક રાજા હોતનો.તીયાણે નીચકી એકુ જ.રાજારાણીણે મેલ અલાગુ જ ને રાજાણે નીચકીણે મ્હેલ અલાગું જ.રાજાણે નીચકી કુવારી જ.

હાવે એક દીહી રાજા ને રાણી ગયે જાત્રા હેદણે.એતરે તીયે એક જોગી નાગેહીંય હીરાણે હાર બનાવીને વેચ્યા કરે.એતરે તીન્થે રાજા ને રાણી હાર નેય આવે.

એતરે રાણી કઅતી હા - હારા ડોહા કથઅ આપળે તે હાવે ડાઅયે ડોગરે ગણાજે.એતરે માને ઓ હાર ની હોબે.ઓ હાર આપળે ડીખરીહીણે આપી દેતે,તે જુવાન ગણાય ને.

રાજા કઅતો હા - તોરે વાત તે ખરી હા ડોહને.ને તો હાર તીઇણાહાંય તો હાર નીચકીણે આપી દેદો.તીયે ચોકી કરને હ પોલીસડે મૂકી દેદે.તે તીમા એક આંડલો ને બીજા નેવ્વાણું હારા.હાવે આંડલો એટલે તીયાણે નીંદ ની આવે એટલે હુવે ની.

રાજાણે હુકામ હોતનો કા મારે ડીખરીહીણે મ્હેલમાં જો કોઈ પુરૂષ ગો ને તો તીયાણે અવલે થાઈણે નેજાયને તેન કાડી નાખી દેહી.હુવતા નખા કોય રાતીણા.

રાતીણા બાર વાગના.આંડલો તે જાગજા જ કરે,ફણ બીજે પોલીસડે હુવી ગને.તાણું હવેલીણે હાતમાં માલ પાહી દુરદુર કરાત.

આંડલો કઅતો હા કા- તેન તે કાડી નાખવાણો હા રાજા કા કરે.રાજાણે કઅણે જાયા વગાર છુટકો જ ની.તે કાજા હોવનઅ કા નીચકીએ તો હાર પેયરી હેયરો એતરે તો માટળો બની ગો.એતરે તી વાતે કયરા કરાત.માને રાજાણે ખબાર આપવા પડી.તુમે બદા બાર વાગતા હા ને હુવી જાતા હા,ને રાજાણે ડીખરીહી હારી કોઈ માટળો વાતે કયરા કરતે હા.

એતરે પોલીસડઅ રાજાણે કઅણે ગઅ- કા તોરે નીચકી હારી રાતીણઅ જાણે કોય વાતે કરતનઅ.થાઈણ પાહી નેગો ને હએ હ જણાહાંય પીલવીને મારી નાખસા.ને બીજે દીહી પાછે હ પોલીસડે મૂકચે.

એટલે પાછે તી બાર વાગા એતરે તો હાર પેરી નેય એતરે તો માટળો બની જાય ,ને ખાયબાય નેય ને એય...આરામથી વાત કયરા કરાત.

એતરે આંડલો ઉઠાડતો હા બદાહાંય- ઉઠા કા કરતા હા.રાજાણે ડીખરીહી હારી આજે પાછઅ એખુ વાત કરતઅ હા.આપળે રાજાણે ખબાર આપવા પડી.

તીણાહાંય રાજાણે ખબાર આપી કા રાજા સાહેબ આજે બી તોરે છોકરી હારી જાણે કોય વાત કયરા કરતનઅ.એટલે તીણાહાંય બી થાણી પાહી નેજાયને પીલીને મારી નાખસા.

ને તીજે દીહી પાછે બીજે હ પોલીસડે મૂકચે.તીદાડે બી તી વાતે કરતે હા.તીદાડે રાણી રાજાણે કઅતી હા કા- રોજે ને રોજે તું જો હ સૈનિકીહીય મારેહે તે પુઠી આપળે બદા સૈનિક પૂરા હોય જાય,બીજા પુઠી કાંથા નાવેહે.તીયા કરતા તું આજે રાતીણઅ મારવાણઅ માંડી વાલ,ને આજે ચોકી પેરો મૂકવાણો બી માંડીવાલ.પોલીસડે મૂકતો જ નખે.આજે રાતીણી હાંય એખની જ જાહી.

ને રાતીણા બાર વાગા ને તે રાણી ગોય.નીચકીએ હાર પેરી નેદનો એટલે તી માટળો બની ગનો,ને ખાય પીય નેયને એ...વાતે કયરા કરતે હા.તે છીંડામાં રઅયને રાણીએ બદઅ હેદી નેદઅ.ને પુઠી ઠચ..ઠચ..કરીને બાર ઠઠકારતી હા.

એટલે હલીએ છળછળ હાર કાડી નાખસો.એટલે પાસો તો હાર બની ગો.ને ખીઇટ્ટે ટાંગી દેદો.

રાણી પાછી ઠઠકારતી હા.એટલે કઅતી હા - કીડઅ હા ? એહેં પુછતી હા.

હાંય હામ યે ડીકા.આયા યે.

તે અતરી રાતીણી કા ખન્ને આવી.

તીયા ડોહા હારી કથઅ ઊંઘહુ કાયની આવે.ને કીડા હારી વાતે કરે તેવઅ.એતરે બે ખેડી ગમ્માત કરને આવી યે ડીકરા કથી.બારઅ ઉગાયડઅ.ને બેય જણીહીય વાત કરી નેદી એહેં આયા ને તેહેં આયા.

ને પુઠી દહ બાર મિનિટમાં કઅતી હા - ડીકા હાવે હાંય જાવાણીમ યે.ઊંગ જેહે આવતી હા.જા તીયા.માંડેહે ફદ..ફદ કરતી ઉતરી પગીઇટ્ઠે.ને પુઠી છાનીમાની પાછી વલીને ચડતી હા.તાણું ડીખરીહીયે પાછો હાર પેરી નેદનો,ને ખાટનામાં હુવી ગની.ને રાણીએ બદઅ હેદી નેદઅ ફણ બોનીબાની કાયની.

તે રાજાણે જાયને કઅતી હા કા પોલીસડે તુયે નકામે માયરે હા.કેહેં.કેહેં તે આપળે હાર નાવને ને જાતકામાંથો તો પેરે નેતી હા એટલે માટળો બની જાતો હા,ને કાડી નાખતી હા એટલે પાછો હાર બની જાતો હા.

તે હાવે કેહેં કરતે હાયે ? ડીખરીહી એટલે તે જાણી જોયને માગી તે નેવાય ની.આપચો એટલે કેવી રીતે માગજે ?

તી તું જાણે.

કાયની આપળે એક જોગી હાદાવતે.

હાદાવીને તું કથો કાજા કેરેહે હારા.

કાયની તીયા જોગટાણે હાંય કઈ દેહી કા તું બરાબ્બર ખેલ કરજે.ને માંગ માંગ જી માંગહે તી આપીહી એહેં કઅયને મારે ડીખરીહી તીયા તોરે ગલામાં હીરાણે હાર હા ને તો નાવ એહેં કઅય દેજે.

હાવે જોગટાણે ઈખવી દેદનઅ રાજાયે.એટલે તી જોગટઅ દીહાણઅ ગઅ ડીખરીહીણે આંગણે.ને બરાબ્બર ખેલ કદો.એટલે તીઇણે બઅજ ગમ્યઅ ને સાબાસ જોગી,માંગ માંગ માગે તી આપઅ.

ની આપે તઅ ? એહેં જોગટઅ કઅતઅ.

ની આપે તે તોરે બાપણે સોગાન હા.

હા કાંય વાંદો ની.

એટલે જોગટઅ કતઅ કા - તોરે ગલામાંણો હાર હા ને તો માને આપી દે.

એતરે પલીણે જી તે થાપ્પ દેહેં હોય ગો.હાવે હાર તે કેહેં કેહેં આપે.કાયની થોડોક દમ માર જોગી.નેય આવતીમ એહેં કયઅ.ને માલે પાછી ગોય ને હાર પેયરો.એતરે તો માટળો બની ગો.એટલે તે તીયા આગાલ રડતી હા.કા આપળે આંગણે જોગી આવો હા ને બ હારઅ નાટાક કદઅ,એતરે મારથઅ માગ માગ માગે તી આપઅ એહેં કવાય ગ.એતરે તીયે ની

આપે તઅ તોરે બાપણે સોગાન એહેં કયઅ,ને તી હાર માંગતઅ મઇન્ડઅ તે હાંય કા કરઅ ? તું તે કથો મારે માટળો ગણાય.આપી દેમ તે રઅમ કીડા હારી રહંય ?

તીયે કઅય દેદઅ કા તીન કુટકા પાડજે ને છેન્નો કુટકો નાખે ને તીયા તું પાસાલથી કુદી પડજે.ને તીયે એક,બે ને તીન એહેં કરીને નાખસા ને તે કૂદી પડી.ને તો હાર બી કથો હોય ગો ને નીચકી બી કથી હોય ગોય.કીડઅ જડે ની તેવઅ હોય ગઅ.ને તી જોગટઅ બી હાથ ચોલતઅ હોય ગઅ.

રાજા પુછતો હા હું થયું ?

કાજા હોવઅ આજુ તોરે ડીખરીહી ને હાર બેંય કથે હોય ગયે.કાંય જડે ની.હાંય કા નેજામ.એટલે રાજા ને રાણી બી પસ્તાયે.ને જોગટો બી પસ્તાયો.

હાવે તીણે માણાહાંય એક બીજા દેહમાં અવતાર આવો.તીયેં એક વજીર રઅતનો ને એક કુમાડઅ.તે જુવાન માટળા.ને પેલા હાલા જ પન્નાયના. એતરે બેય રાંડીહીય આદાન રઅયા.

એટલે તે બેંય વાતે કરતા હા કા- આપળે બેંય હારી જ પન્નાયા ને આપળે બેંય રાંડીહીય આદાન રઅયા એટલે તોરે નીચાક આવે ને મારે નીચકી આવે કા પુઠી તુને તોરે નીચકી આવે ને મારે નીચાક આવે ત આપળે જોડખી જ દેહું.આપળે પન્નાવી જ દેવાણે હા.

કાં વાંદો જુ બાબા.

પુઠી દીહા પાહી દીહ જાતા નવ મઈના ને નવ વેલા હોય ગોય ને તીણે રાંડીહીય બોકામાં દુઃખી આવઅ.એટલે છુઇટ્ટે હોવ્યે.

હાવે રાજાણે જે ડીખરીહી હોતની તે વજીરીહીયે જન્મી ને પલો હાર હોતનો તો કુમાડાહાંય તીયે જન્મીયો.હાવે એક મઈનો હોવો,બે મઈના હોવા,એક વરહ હોવઅ,બે વરહે હોવે એહેં કરતા કરતા પાંચ છ વરહે હોય ગયે તીઇણે.

એટલે તી ડોબે ચારને જાત.ને આડઅ તીડઅ બોનાત.ને એકુ જ બાપણે હોય તેહેં વર્તાત.તેહેં કરતા કરતા પુઠી મોટે હોવે.

હાવે તી તે કાયની જાણાત કા આમે બોકામાં હોતને તીયારનઅ આમારે પીઇણઅ પીવાય ગ હા.ફણ પલે તે બદઅ જાણાતુ જ.

હાવે દહ પંદાર વરહાણે તીઇણે ઉંબાર હોય ગોય.પુઠી વજીરીહીય બેય માણેહે વાત વાતે કરતે હા કા - આપળે એહેં એહેં સરાત હોવની તે હાવે કા કરવાણઅ હાયે ?

તે કેહેં કરે હારા ? હી તે કથે કુમાડે ને પૂરે જ કુમાડે.આપળે તે વજીર,રાજાણે વજીર એટલે મોટે માણેહે ગણાજે.ઊંચે માણેહે ગણાજે.એતરે ની આપચે.તું જ જાણે હાંય કા જાણઅ કથી.

આપળે તીયા પીઇણઅ અંઠે કરી દેતે.

એટલે કુમાડીણે ઈયી વાતણે ખબાર હોય ગોય.આમારે નીચકાહાંય બીકામાં હોતને તીયારની હગાઈ હોય ગની ફણ હાવે નીચકીણે નાથ આપ્પાણે એહેં.

એટલે પીણઅ પીઇણે બદઅ ગઠવી દેદઅ,ને વાયદો કરી દેદો કા અમુક દીહી પીઇણઅ પીણે આવજા એહેં.તીદાડે તી પીઇણઅ પીણે આવે.

એટલે આહાયે નીચાકણે કઅય દેદઅ કા -ડીકરા તું હીણે પીઇણામાં જાતો નખે.કદાચ નીચકી ગુલ આપણે આવે તે થરતો નખે.

તે આયા કેહેં ની થરઅ હાયે ?નાન્નેથે ડોબે ચારીને મોટે હોવે,તીયા કાજા ફુલ કદી હા જુ ની થરઅ ?

તું કથો ની જાણે.ફણ ગુલ થરતો નખે.

ફણ કાજા હોવઅ તી માને કઅ ને.ની તે હાંય ગુલ થરી નેહી.નાન્નેથે હારી જ મોટે હોવે એટલે માને કાઇન્ની નાગે.

કેહેં હોવઅ તી કથઅ તું ડીકરા જાણે કા? પેલા તોરે આથોહો ને વજીરને બં દોસ્તી હોતની.ને આમારે મઈના હોતના,તીદાડની એવી વાત હોવની કા તોરે ખર કા મારે ખર જો નીચાક કા નીચકી આવે તે આપળે પન્નાવી દેહું.ને આજે કથઅ આપળે નીચી જાત દેખીને આપળે તીયે નીચકી કાયની આપી.એટલે તું ગુલ નેતો નખે.

ને તો માની ગો.હાચુ જ ની થરઅ આયે.ને પુઠી પીઇણા વાલે ઉઠીને જાતે રઅયે પુઠી નીચકી ગુલ આપણે આવી.

એટલે કુમાડી નીચાકણે કઅતી હા - ડીકરા ગુલ આપણે આવતી હા હારા કથી.

આવા દે હો.આલના બાબા કથો ગુલ.મારે પીઇણઅ પીણે આવને ની.કાયની થરવાણો તોરે ગુલ.

કેહેં જુ હારા કાયની થરવાણો? તી કેહેં તી માને ક.કાજા ખન્ને કાયની થરતો તીયાણે માને કારાણ દેખાડ.

તે તુંને કમ કા તે કઅ જાણે.એતરે તો કઅતો હા કા જાણે મારે આહાય ને તોરે આહાયણે મઈના રઅયના,તીયા વખાતે હીણાહાંય ચારુ જણાહાંય વાતે કદની કા આપળે નીચાક નીચકી આવી તીયા પન્નાવી દેહું.આજે આમે ગરીબ એટલે તોરે આથેહે તુને આમારેહીયે કાયની આપી.એટલે ઓ ગુલ હાંય કાયની થરવાણો.

કાયની આમે તું ઓ ગુલ થરી તે ને.પુઠી બદઅ દેખાય જાય.ને લગાન ને દીહી તું આવજે.હાંય રાતીણી બાર વાગે નૂંગડે બદીલણે ઉપાર ચડીહી.ને તું પાછાલણે વલે ઓજડામાં કાલે નૂંગડે ને કાલો ખોડો નેયને આવતો રઅજે.એતરે વેવામાં નાચતે.ને પલો હા તો બાર વાગા પેલાણો જાયને ઉબો થાકી રઅયનો.

તેહેં કરીને પુઠી બાર વાગા એતરે નૂંગડે બદીલણે નાડી ચડી માલે.ને તીયે નૂંગડે બદીલ નેદે ને પયહા નેય નેદા.ને પુઠી ખોડાપાહીં પાછાલ કુદી પયડી.ને કાલા ડેરેસ બેય જણાહાંય પેરી નેદા.હાવે નાહવાણઅ એટલે ગામડાહા માથઅ તે નાહવાય ની.એટલે આડવાટે કા જેંગાલમાં રઅયને જ જાવા પડે.ને પુઠી તી નાહી સૂટે,ને ઇયી પાહી નાચનારાહાંય તે નાચી નાચીને હુજાલઅ કરી દેદઅ.બાકી નાડી ઉતીરતી ઉતરે ની.પુઠી હેદણે ચયડે કા નાડી આજુ કેવે ખાઅણ નૂંગડે બદીલતી હા.ને માલે જાયને હેયરઅ તે હુનઅ હટ.

હાવે તી જેંગાલમાં રઅયને જાતે હા.જેંગાલમાં તે હાવે ખાય કાજા.જી કાંય મીલે ખોડબોરે કા અનાસડે તી ખાયને રાત પડે તીયા હુવી રઅત.ને આંદાન્ને ઉઠીને ચાની

પડાત.ખોડા પાહી બેહીને.ફણ કોઈ ગણે ની કા ઓ રાંડ ને માટળો હા એહેં.બેંય માટડા જ હા એહેં ગણાત.

હાવે ફીરતે ફીરતે જાતા જાતા તીયે એક બં મોટી ખાડી આવી.ને ખાડીપાહી એક પીપડાણે છાડ.તીયે બેઠે.થુંદરઅ પડી જાણે હોવનઅ.ને ઈયે બં મોટી જેંગાલ હા.તે આપળે ઈયે હુવી રઅતે.ને આંદાન્ને ઉઠીને નાહી જાહુ.

એટલે બેંય માણેહેં નીચે હુતે.હાવે નીંદ તે ની આવે.બેહીને એહેં તેહેં.

એટલે રાતીણે તીયે પીપલાણે છાડા પાહી બે ચીડે હુવાત નર ને નારી.તે ચીડી પુછતી હા ચીડાણે હારા કથઅ ડોહા આપડે બં વરહાણે કથે ઈયે હુવતેમ,ફણ આપળે હગાર કાંય કામ નાગતો હોય કા ની.

તીયા ચીડો કઅતો હા એરેરે! કા કઅતી હા તું.આપડે હગાર અતરો બદો ગુણકાર હા કા,બેંય ડોલા ફુટી ગયા હોય,પાણીહી નીકલી ગ હોય,તીંયે જો કુટી ને વાટીને પાણીમાં બોલીને પોફડાવીને પાટો કરીને જો બાંદાવી દેદઅ તે પાંચ મિનિટમાં તે હોતના તેવા જ ડોલા હોય જાય.હતરો કામણો હા આપળે હગાર.

પલે નીચે રઅયને બદઅ ઓનાયા કરતે હા.બેંય જાગતે જ હા એટલે.ને આંદાન્ને ઉઇઠે એટલે તીણાહાંય બદે લેંડે હાંબરીને ગાહડી બાંદી નેદી.ને પુઠી પલે તીડી હેયરઅ તે ડોબાહાંય મારગો નજરી પડે.છાણ ને તેવઅ હગીનઅ.

તે રાંડ કઅતી હા તુંને હાંય પયહા આપતી હામ ને તું હીયે મારગે મારગે જા,ને કાંય હેર આવી તીયા આપળે ફાગઅ કાંય ખાવાણઅ નેય આવજે.ને ખાહું જાણે.

તે પલો ગો.એટલે પેલ્લઅ ફજ્જા વાલઅ દુકાનઅ આવઅ.તી ગામ એવઅ કા વીહરીનઅ.એટલે કાંય વસ્તુ નેજે ને પયહા આપચે એટલે વીહરાય જાજે ને ચાઇન્ના જ કરજે.

ને તીયા ગામમાં એક બં મોટી ડોહી રઅતની.બં પાકી ને તીઇણે ખર પાદારે જ પાછઅ.તીયે ગો એટલે ફજ્જે તે બાંદાવ્યે ને પયહા બી આપી દેદા,ને ચાઇન્ના જ કદઅ.

પાછો આગાલ ગો એટલે કેલાહા વાલાહાંય દુકાનઅ આવઅ.કેલા નેય જા ભાઈ કેલા નેય જા.ને તીયે કેલે નેદે ને પયહા આપી દેદા.ફણ તીન્થે કેલે વીચ્છે જ કાયની ને આગાલ નાહી ગો.

હાવે ડોહનીય ખર રઅયને જાવાણઅ.એતરે તીન્થો જ મંત્રઅ માયરો તીયે જાતીયરે ડોહનીયે.ને નીચાકણે પોપાટ બનાવી દેદો ને પીંજરામાં ખેની દેદો.ને ખોડો હોતનો તીયાણે અલોપ કરી દેદો.

બીજી પાહી હલી નીચકી તે વાટ હેદીને બાયરી બની ગોય.થુંદરઅ પડી ગ.ને તીયા જ તીણે રાત પડી ગોય.ને તીયે તે એખની જ રઅય પડી.ને આંદાન્ની ઉઠી એટલે તીયે મારગે મારગે ફીરતી ફીરતી આવી.

એટલે ફજ્જાહા વાલઅ કતઅ કા - ફાઈ તું કાને ફજ્જે નેણે આવનો ને પયહા બી આપી ગનો ફણ તે ફજ્જે નેજવાણો વીહરાય ગનો.નાવ તીયા આપી દે,ને તીયે ફજ્જે નેય નેદે.

તીયારની તીઇણે સંકા હોય ગોય કા મારે માટળો ઈયા જ ગામમાં હોવા જુજે.પાછી આગાલ ગોય.એટલે તી કેલાહા વાલઅ કતઅ કા -ભાઈ એમકે તું કાલે પયહા બી આપી દેદા ને માયે કેલે બી આપી દેદને,ફણ તું કેલે જ વીહરાયને નાહી ગનો.

એરે હાચુ જ હારા.નાવ ઓરો.તીયે કેલે નેય નેદે,ને જાતી હા દરવાજા આગાલ રઅયને.

એટલે તો પોપાટ ઓલખી ગો કા એ તે મારે રાંડ હા.એટલે તો ટીં..ટી..ટી..એહેં કરતો બાજ્જો. એતરે તે જાણી ગોય કા મારે માટળો ઓ જ હા.

એટલે તે પાછી જેંગાલમાં જાતી રઅય ને વેસપલટો કરી નેદો.એટલે મહારાજ પેરતા હેવે ફગવે નૂંગડે પેરી નેદે.ને નેંડે હોતને તીણે છોલઅ કરી નેદઅ.ને ગામમાં ફીરતી બાજી.

હાવે તીયા ગામમાં એક રાજા હોતનો.તીયાણે એકણી એક નીચકી હોતની.ને દેસ દેસણા વેદ ને ફગાતને બદા આણી આણીને ફેગા કદના ફણ કીડાથી હારી હોય ની.ને તીદાડે તીઇણે છેન્નો દીહી હોતનો મરી જાવાણો.તીદાડે જ તે તીયે જાય ફુગી.

તીદાડે બી બં દૂર દૂરથી ફગાત હાદાવીના ને બદી વીદી કયરા કરતાના.ફણ કાંય મેલ નાથ પડતો.

એટલે તે પુછતી હા - કા કરતા હારા ?

રાજા તે ખીજવાય ગનો હોતનો એટલે કઅતો લાગો તુંને હમાજ નાથ પડતી ? નૂંગડે પેરી નેતાને કાંથી ને કાંથી આવી જાતા હા ?ઈયેં મારે નીચકી મરી જાવાણી હા હે.જન્મેથી આંડલી હા.ને દેસ દેસણા ફગાત આયણા હા બાકી કાંય હોતઅ નાથ.

હાંય હારઅ કરી દેમ તે કાજા આપાત રા ? તો મનમાં થીરો થીરો બોનતો હા.

તું કાજા કેરેહે ? ઈયેં ફલફલા ફગાત આવી ગયા તીણેથઅ નાથ બઇન્નઅ તે તું કાજા કેરેહે ?

ફણ જો હાંય હારઅ કરઅ તે માને તુમે કાજા આપાત તી કઅયા.

જો તું હારી કરી દેય તે મારે એકણી એક નીચકી હા એટલે મારે અરદઅ રાજ ને મીલગાત તોરે.જો હારી કરે તઅ ને ની હારી કરે તીયા તુને તલવારથી કાપી નાખીહી.

કાંય વાંદો ની.

પુઠી તો મહારાજ રાજાણે પુછતો હા કા તું રાજા હાસે તે તું કતરા તાલુકા ને જિલ્લાહામાં રાજ ચાનીવતો હા.

તે રાજાએ કઅયઅ કા- મારે  અતરા તાલુકા હા.

તીયા તું એહેં કર કા એક દીહી તું સબા ફર ને તીયે જેમ્માણઅ રાખ.ને જીણે ખરમાં કૂકડઅ હોય,બોકડઅ હોય કા જી બી વસ્તુ હોય તી બદ્ધાહાંય હાદાવાણે.કૂકડઅ હોય તીયાણે ચારઅ નાખસે,બોકડઅ હોય તીયાણે ચારઅ નાખસે ને માણાહાંય જેમાડજે.બાકી એકાએક માણુહુ આવા જુજે.

હા કાંય વાંદો ની.ને રાજાયે ઢંઢેરો ટીપાવી દેદો એટલે બદ્ધે આવે રાજાહાંયે.ને રસોડઅ બનાવ્ય.ને બદે જેમણે બેઠે હા.

એતરે મહારાજ કઅતો હા- રાજાણે કા ચાલ તું આગાલ થાક ને હાંય પાછાલ આવતોમ.

એટલે એક છેડેથી પુછતો પુછતો તો રાજા જાતો હા તોરે ખરને બદે જનાવાર નાવો હા કા.તે હોવે મારે ઈ કૂકડઅ,ઈ બોકડઅ,ઈ પાડઅ બદ્વઅ નાવોમ.તે ચાલા હારઅ.તેહેં કરતા કરતા બદ્વે ફીરી વઇલ્લો,ને છેન્નો તીયી ડોહનીણે વારો આવો.

એટલે રાજા પુછતો હા -ગડેહે તું બદઅ નાવી હા કા ?

હોવે રાજા સાહેબ બદઅ જ નાવી હામ.

કથઅ કાજા કાજા નાવી હા.એ કા એ બોકડી,ને વાહડી,ને એ પાડી અતરઅ જ હા.

પુઠી મહારાજ કઅતો હા-એરે હાચી બોન હાચી.ને એ તલવાર દેખી કા ને થડ પાહીથી માથઅ ની રઅય.

એટલે ડોહની કાપતી હા થોડી થોડી.મહારાજ દેખી ગનો એટલે તો કઅતો હા - તોરે ખર પોપાટ હા તો કેહેં ની નાવી.ડોહનીણે ખાબાર ઓરાય ગોય.

જા જા નેય આવ.ચાલ ચાલ એહેં કરીને નેય ગો.ને કઅતો હા કા ડોહને તું જાણતી હા કા - જો તુયે પોપાટ બનાવ્યો હા હો મારે માટળો હા.હીયાણે પાછો હારો કર ની તે કાપી નાખીહી ફરી સબામાં.

એટલે તીયે પોપાટણે આયણો ને તો ખોડો હોતનો તીયાણે ડોહનીયે જીવતો કદો,ને પોપાટમાંથી માટળો બનાવી દેદો.પઠી તે સબા ખોલાય ગોય.ને તી જેંગાલમાં ગયે ને કાલા ડેરેસ પેરીને આવી ગયે.

થોડાક દીહી પુઠી હલો કઅતો હા કા- આપળે હાવે ખર જાતે ને હીણે બી હારી નેય જાતે.મારે આહીયે જાવા પડી.આપળે તે ખણા વખાતથી નાહી આવેમ.

એટલે તી તીનું જણે ખોડા પાહી બેહીને જાતે હા.ખરો બોપુર ચયડો ને જેંગાલમાં તી આવી ફુગે.એટલે જેંગાલમાં તલાવ હોતનો તીયા તી બેઠે.હાવે બે રાઇન્ડે હોય ગઇન્ને

એટલે માટડાણે કઅચ્ચે હા કા - ચાલા હેલઅ ખાતે.ચાલા ને તીયા,એટલે હાથ થોઈ નેદાને બેઠે તીનુ જણે.એટલે માટડે જ ફાગ પાયડા.

કાયની હાંય જુદો જ ખાવાણોમ.

કાયની આપળે એકુ જ ઠાલામાં ખાવાણઅ હા.કેહેં કા આમે તોરે રાઇન્ડે હામ ને તું આમારે માટળો હા.એટલે આપળે એકુ જ ઠાલામાં ખાજે તઅજ પન્નાયનઅ ગણાય,ની તે પુઠી ની ગણાય.

તો માટળો તે ના પાડે.

તીયા તોરે જાત કાજા તે દેખાડ તીયા.જાત બાત જાવા દેયા બાકી માને જુદઅ જ આપા ઠાલામાં.

અહં ની આપાય.હારી જ ખાવા પડી એહેં કચ્ચે હા હઇલ્લે.

એટલે તો તલાવણે પાણીમાં ઉતીયરો. ને કઅતો હા માને જુદ જ ખાવાણઅ આપા.ની તું હારી જ ખાણે આવ.એટલે ખોગા અતરા પાણીમાં ગો,તે પાચ્છે કચ્ચે હા કાયની તું પાણીમાંથી નીકુલ આપળે હારી જ ખાવાણઅ હા.

તે હાંય મારે જાત દેખાડઅ કા.

દેખાડ કથો કાજા.એટલે તીયે ફેણ માંડી દેદી ને પાણીમાં ડૂબી ગો.હાવે પઇલ્લે તે હાથ ચોલતે હોય ગયે.

હાવે જાત કાં જેંગાલમાં.એટલે તે તીયે જ બેહી રઅયી.ની રાતીણે તીયે પીપલે ચડી ગયે.

હાવે પલો નાગ ગો તીયે પાણીમાં બીજા હ નાગ હોતના,ને તો નાગ ગો એટલે એકસો ને એક નાગ હોવા.ને તીયે એક મોટામાં મોટો નાગ દાદો રઅય એટલે એકસો ને બે નાગ હોવા.

ને રાતીણઅ છમ છમ વાગે.તીણે મંડાલ બેઠી એટલે.

પઇલ્લે છીંડામાં રઅયને હેચ્ચે હા.મોટામાં મોટો નાગ હા તો બદઅ પુછણે રઅયો હા.

તે પેલ્લેથઅ પુછતો પુછતો ગો કા- માયે તુને માણહાણે અવતાર આપીનો તીયા તુયે કીડાણે કાજા કદઅ ? તુને માયે ગડહાણે અવતતાર આપીનો તીયા તુયે કાજા કદઅ ? કેવાણે ચાવી રઅયનો કા ? મારી નાખીનઅ કા ? એવઅ બદઅ પુછતો હા.

બદ્વાહાંય વારો પુરો કદો ને પુઠી છેનો ગનો તીયાણે વારો આવો.તે હારા તુને માયે હીરાણે હાર બનાવીને મોકની આપીનો તીયા તુયે કાજા કદઅ ?

હી કા પરઅ તલાવણે પાલે બે રાઇન્ડે રડતી મૂકીને નાહી આવોમ.

એરેરે ! તુયે કાખને હેવઅ કદઅ,હે તે હારામાં હાયરે રાંડે તુને મીલી ગઇન્ને. ને તીણીહીય રડતી મૂકીને નાહી આવો.તું પૂરો અવતાર રાઇન્ડીહી હારી ની ફોગવે તે તુને કા ગુણ નાગવાણો ?

તે પલો કઅતો હા કા - નાગદાદા મારે પાછઅ હીયા અવતારમાં જાવાણઅ હોય તે કા કરવા પડે ?

તે તીયે કયઅ - હવાં મણ ખીહી,હવાં મણ ચોખા,હવા મણ ફૂને ને દરેક જાતણઅ દાગીનઅ હોય તી ઈયા પાણીમાં નાખી આપવા પડે.તીયા તું પાછો માણહાણે અવતાર નેયને પાછો જાય અખે.

એતરે  પઇલ્લે ઓનાચ્યે હા તું કથી બાયે જા.મારે ગામ તે બં દૂર હા ને તોરે તે પાહી જ હા.ને તોરે તીયે તે કથઅ બદઅ સાદાન હોય તી નેય આવજે.

તે ગોય એટલે આથોહો પુછતો હા-કાખને આવી યે ડીકા ?

કાયની અમુક અમુક વસ્તુ જુજતઅ હા.કાયની તીયા નેજા નેજા એહેં કઅય દેદઅ.એટલે બદી વસ્તુ નેય આવી તે.ને પુંદરામાં રઅયને તે ગાહડા દેદા છોડી.એતરે તી મોટા દાદાણે ફુગી ગઅ.

એટલે નાગણે કાન થરીને કઅતો હા કા આજ પુઠી હેવી ફુલ કરતો નખે.તું માણહાણે અવતાર નેયને જાતો હા,તે હીણે હારી બરાબર રોલીને ખાજે.ને પુહુંડો થરીને નાખસો ઓડાળી બાયરે એટલે તો પાછો માટળો બની ગો.હાંય નાગ હામ,ને તુમે મારે હારી ખાચ્યે

તે તુમે મરી જાચ્ચે.જેર પચી જાતઅ એટલે.હાંય નાગ હતનો એટલે જુદ જ માગતોનો.કાયની હાવે કથઅ ઉપારવાલે માને મોકીઇન્નો હા તે હાવે બદે રોલીને ખાહું.

## ૧૭. નિયાતાણે વાત્તાહા :

એક વાર બં મોટો કાલ પયડો એટલે બાર તેર વરહાથી પાણી મીલે ની.

એટલે રાજા બાઈઠો ને બાલો વીદાણ વિચાર કરતા કા પાણી કેહેની મીલે જુ.એટલે તે થરતી તપાહણે નીકીઇલ્લા.તે બેંય સવારઅ્ તીયાર કરતા હા.તે તપીને નેતા,કુવાડઅ નેતા,દાહલે નેતા,પયહા નેતા.

તાણું વીનુંદેવ કઅતો હા કા હાંય બી આવાણોમ.

એટલે તે કઅતા કા - આજુ તું નાન્નો ગણાય એટલે તું નખે આવતો.

હાવે પલા રથ તીયાર કરતા તાણું પાંજરા પાછાલ આવીને રથમાં બેહી જાતો હા.ફણ તે પલા નાથ જાણતા,હાવે તીહીણાય રથ ઉડાયડો.

એટલે તે વાત કરતા કા નાથ આવઅ તી હાર જ કદઅ.

તાણું તે પાછાલ પરાલઅ નાખીનઅ હોતનઅ તી ખખડાવતઅ એટલે તે પાછાલ ફીરીને હેદતા તાણું તે વીનુદેવ.

એટલે તે કઅતા કાં- એરે,ઈ તે આવી રયઅ હા ! તીહણાહાંય વાત કરી નેદી ચાનતા રથે,હાવે તે જેંગાલે જેંગાલે ફીરતા બાકી તીહીણાય પાણી મીલતઅ કાયની.હાવે તીહીણાય રથ ઉડાડીનો તીયાણે બાર તેર વરહે હોય ગને.

એતરે વીનું દેવ કઅતો હા કા -માને બજ ફોક નાગી હા.હાવે મારથી ફોક ની ખમી અખાય.

એટલે તે કઅતા કા આમાહાંય તુને આવણે ના કઅયન તાહુ તું કા ખન્ને આવો.હાવે તુને આમે કાજા ખાવાડજે.

બાર તેર વરહાથી દુકાલ પડીનો એટલે કાંય બચીનઅ કાયની.ફણ તે એક હાદળો નીલો બચીનો.

તે કઅતા કા હાવે આપળે ઈયા હાદળા નીચે રથ ઉતારતા. હાવે તો બ મોટો હાદળો હોતનો બદો પાકમાં આવી ગનો.અરદે પડી ગને ને અરદે તે ઉંચે જ હોતને.

હાવે રાજા બાઈન્ઠો ને બાલો વીંદાણ તે હુવી ગયા.બ થાકી ગના એટલે. ફણ તે વીનુ દેવ તે જાગતો જ હા.એટલે તો ખાતો જાતો હા ને ઉપાર હેદતો જાતો હા.ચુહુબતો હા એટલે પાંચ આંગલે હાદડાણે ફૂનામાં પયડે.ફૂઠી હલાહાંય ઉઠાડતો હા કા ઉઠા બદો હાદળો પાકમાં આવી ગો હા.

ફૂટી હલા ઉયઠ્ઠા એટલે રાજા બાઇન્ઠો હરકીનું જ હાદડાણે થુડી પાહી ગો ને થુડામાં થરીને હીડલી દેદો.ને ફુટી તીનું જણાહાંય બરાબર હાદણે વીસીને ખાદે.

ફૂઠી વીનોદેવ કઅતો હા કા હાવે તુમે માને જીયાં નેય જાત તીંયા નેતા જાયા.હાવે મારે કાંય ચિંતા કાયની હા.ફૂઠી તીણાહાંય પાછો રથ જોયડો એટલે કાંય છાડી ની જડે,પાણી ની જડે,કાંય જડે ની તેવામાં જાય રઅયા.

તતરાહામાં જાયને વીનો દેવ એહે કઅતો હા કા- હાવે માને જેવો ખાવડાવ્યો  હા તેવી જ માને તીરીહી નાગી હા.એટલે તુમે હાવે મૂતા કાં તે થૂપા.ગમે તે રીતે મારે તીરીહી ફાંગા.માને હાવે તીરીહી ની ખમાય.ની તે માને મરી જાવાય.

હાવે તે ચારુ ચોગાયરે હેદતા તાણું  એક બગલી એહેં ફમ્યા કરતી હા.એટલે તે  કઅતા કા અતરાહામાં પાણી હોવા જુજે.એટલે રાજા બાઈઠ્ઠો ને તીહણાહાંય તીયા રથ ઉતારી દેદો.ને થંદડે ચડાવી નેદે ને ખાટલી ફણી પાણી નેણે જાતા.

તાણું તીયા ગાવડી પાણી પીણે જાતની તેહે ખોગામાં ડોડઅ્ હોતનઅ ને ઉપારથી પાછો પાગ વેંજાલાણે વેનામાં આવી ગનો.એટલે ગાવડીથી વેનામાંથી નીકલી કાયની અખાતનઅ્.

એટલે તે દૂરથી હેદતા ને કઅતા કા ઈ તે હાવજ જ હા.ને તીઈણાહાય હાવજ જાણીને ગાવડીણે ઠોકી દેદી.એટલે ગાવડીથી નીકલાયઅ કાયની.ને તે મરાય ગોય.

ફૂઠી તે થનદડે ઉતારીને આવ્યા કરતા વાટે.ને ટેકરો ચડતા ચડતા તીઈણાહાંય કલદાબજોને તે મીલતા હા.એટલે તે કઅતા કા - ઉબા થાકા કાં જાતા.ને કેહે રા ઓહયાલા ઓહયાલા જેહે દેખાતા ?

એટલે તે કઅતા કા આમારેથી થોડી ફૂલ હોય ગોય હા જાણે.

એટલે કલદાબજોને તે પૂછતા કા આજુ તે વલી કેવી ફૂલ પડી ગોય હા જુ ?

એટલે તે કઅતા કા આમે તીરાહા હોવના એટલે ખાટલીએ ગના.બાકી તીઈયે કવની ગાયણે ખોગામા ડોડઅ હોતનઅ ને પાગ વેંજાલાણે વેનામાં આવી ગનો એટલે હાવજઅ જાણીને આમારેથી ગાવડી ઠોકાય ગોય હા.

એટલે કલદાબજોન તે કઅતા કા - તુમે આમે ને આમે ખર બાર છોડીને ગામાણે હીમાડાણે બાર રઅણે નાહી જાયા.

એટલે રાજા બાઈઠોન તે કઅતા કા આમારેથી ફૂલ હોય ગોય હા એટલે ગામણે બાર નીકલી જાવાણી વાત તે હાચી હા,બાકી આમારે માટે કાંય તે નીયાય હોવા જુજે ને.

એટલે કલદાબજોન તે તીઈણાહાંય કઅતા કા- તુમે કૂકૂળવાડામાં જાયને પાંચ છ કૂકળે ને કાલા કલાળાહાંયે જાહા એટલે તીન્થ દારવઅ નેય આવજા ને પુઠી ફગા ફરવાળા ઈન્થે બોકળે નેતા આવજા.તીયા તુમારે નીયાત છુટી.

એટલે પૂઠી તે એકબીજાણે પયહા પુછાતા કા તોરે પાહી પયહા હા કા.તોરે પાહી હા કા.તે હા એહે.પુઠી તે તીયા પયહાંય કુકડે નાવા બોકડે નાવા ને દારવઅ ને બદઅ નેય આવા,ને બદાહાંય ચાખણઅ પાડી દેદઅ ને મસાલામાં બરાબર ચોલી દેદઅ,ને પુઠી થોડીકવાર વાતે કરને બેઠા.

તતરાહમાં હુમડી તીયા એંહેં ફમતી ફમતી આવી લાગી ને આહાંડે ને ચાખણઅ ને બદઅ જ નેયને નાહી ગોય.તે હુમડી પૂઠી તેં છાડ કય તે છાડ,દેવ કય તે દેવ ને બદા માણહમ પાહી બદઅ વેરતી જ ગોય.

થોડીકવાર હોવીને કુરચાન દરામાંથી બીડબીડ કરતો નીકીયલ્લો ને બાકી રઅય ન તી બદઅ દરામાં નેતોને ઓરાય ગો.તતરાહમાં ખોડે પાગ દેઈ દેદો એટલે કુરચાન ચીબદાય ગો.

હાવે તીઈણે ફાગઅ કાંય રઅય ની એટલે તે કાંય ખાય અખછા ની ને ફોકા જ રઅયા.

પુઠી તે આવતા એટલે તીઈણાહાંય પાછા કલદાબજા મીઇલ્લા.એટલે તે પૂછતા કા - તુમહાંય બદી વિદિ પતાવી દેદી ને ?

તે પલા કઅતા કા હાં જાણે પતાવી દેદી.

એટલે કલ દાબજોન તે કઅતા કા હાવે એવી ફૂલ બીજીવાર નખે કરતા.તુમે હાવે પાછા ચોખલાય ગયા હા.

પૂઠી રાજા બાઈઠો ને બાલો વીદાણ પોતાણે ગામ ગયા.તાણુ તીણે ખરાવાઈલ્લે તે બરાબર માતી ગઈન્ને.હાવે તે કાંદા છુઇન્ના કરચેને એટલે હલા પુછતા કા - તુમે ઈ કાજા ખાચ્ચેહા હાયે,ઈયે તે આમે જેંગાલમાં ફૂને ને હેવઅ ખાયને ઉખાય ગયામ ને તુમે તે બરાબર તાજ્જે વઈલ્લે હા.

એટલે તે કચ્ચેહા કા આમે જાણે ડોગરાહામાં જાયને ખાખરીકાંદા ખોદી નાવચેહામ ને પૂઠી બાફીને ખાચ્ચેમ.ખાય નેયને પૂઠી ખરાપાહી મુહુલઅ નાખી દેચ્ચેમ ને ઠંગજે વલી રચ્ચેમ,એટલે તી મુહુલઅ બડા પાહી પડે એટલે આમારે ડીને હબાર હોય ગયે હા.

એટલે રાજા બાઈન્ઠોન તીણાહાંય એહે કઅય દેદઅ કા,એ કાંદા તુમે બાફીને ખાચ્ચે હા ,ફણતે હાવે પૂઠી હાત આટા થોઈને ખાહા તીયા જ ખાય અખાહા.એવો હીરાપ આપી દેદો.એટલે જે કાંદા મીઠા હોતના તે માણા હોય ગયા.ને એટલે જ આજે એ ખાખરીકાંદા હાત આટા પાણી ઓહાવીને જ ખાવાતા હા.

## ૫.૩ સંપાદિત લોકકથાઓનો ગુજરાતી અનુવાદ

### ૧. તેતર અને શિયાળ

એક હતું તેતર અને એક હતું શિયાળ.બંને પાકા મિત્રો હતા.આમ તો દિવસ દરમ્યાન તેતર દૂર જઈને ચણ ચણી આવતો,ને શિયાળ પણ પોતાની રીતે દૂર જઈને જે કઈ મળે તે ખાયને પેટ ભરી લેતો,પણ ઊંઘવા ત્યારે બંને સાથે જ ઊંઘતા.

એક દિવસ શિયાળ તેતરને કહે છે કે,તેતર ભાઈ,તેતરભાઈ ! તમે મને કોઈક દિવસ ચણા ખવડાવોને !

એટલે તેતરે કહ્યું કે,સારું કશો વાંધો નહિ. એવામાં એક ફેરિયો ટોપલું લઈને ચણા વેચવા જતો હતો.એટલે તેતર ઉડતો ઉડતો ગયો ને ફેરિયાની આગળ જ જઈને પડયો,ને પછી થોડો તરફડે જેવો..થોડો દોડી જેવો જાય..પાછો થોડો તરફડે.. એટલે ફેરિયાએ તો ટોપલું નીચે મૂકી દીધું ને પછી તેતરને પકડવા તેની પાછળ દોડયો,ને પછી અહિં પકડું..ત્યાં પકડું..એમ કરતા કરતા તે દૂર નીકળી ગયો.

એટલામાં શિયાળ પાછળથી આવ્યો ને ટોપલામાંથી બધા જ ચણા ખાય ગયો,ને પછી ટોપલામાં હગી હગીને જતો રહ્યો.બીજી બાજુ તેતર વાડમાં ભરાય ગયો એટલે ફેરિયાને હાથ જ ના આવ્યો. તેને ખાલી હાથે જ પાછું વળવું પડયું,ને પછો આવીને ટોપલામાં જુએ છે તો સંડાસ દેખાય પડે પણ ચણા ના દેખાય.

થોડીવાર પછી બંને મિત્રો પાછા ભેગા થયા.એટલે તેતરે શિયાળને પૂછયું : કેમ શિયાળભાઈ,ચણા ખાધા કે નહિ ?

શિયાળે ખુશ થતા કહ્યું : અરે..તેતરભાઈ ! શું વાત કરો છો!હું તો ચણા ખાય ખાયને, ટોપલામાં હગી હગીને આવ્યો.

તેની ખુશીમાં પોતાની ખુશી વ્યક્ત કરતા તેતરે કહ્યું : તો તો સારું .

સવારે ફરી પાછો શિયાળ તેતરને કહે છે કે,તેતર ભાઈ,તેતરભાઈ ! તમે મને ચણા તો ખવડાવ્યા પણ હવે ભોજન ખવડાવોને !

તેતરે કહ્યું : સારું ,કશો વાંધો નહિ.હું તમને ભોજન ખવડાવીશ પણ  થોડીવાર માટે તમે આ કૂંજમાં સંતાઈ જાઓ.એટલે શિયાળ કૂંજમાં જઈને સંતાઈ ગયો.એટલામાં સાત હળ વાળા માટે સાત ભથવારીઓ બપોરિયું લઈને જતી હતી.

એટલે તેતર ઉડતો ઉડતો ગયો અને તેમની આગળ જ જઈને પડયો,ને પછી થોડો તરફડે જેવો..થોડો દોડે જેવો.. પાછો થોડો તરફડે..પાછો થોડું ચાલે જેવો...આ જોઈને બધી જ બહેનોએ તપેલા નીચે મૂકી દીધા,ને પછી તેતર.. તેતર.. ચાલો પકડીએ ..ચાલો પકડીએ ... એવી બૂમો પાડતી જાય છે અને અહીં પકડીએ.. ત્યાં પકડીએ.. એમ કરતી તેતરની પાછળ દોડતી દોડતી જાય છે,પણ તેતર કઈ તેમના હાથમાં આવતો નથી. હવે,આમ કરતા કરતા તેઓ દૂર નીકળી ગઈ.

એટલે શિયાળ કૂજમાંથી બહાર  આવ્યો અને સાતે સાત તપેલામાં જે કઈ ખાવાનું હતું એટલું બધુ જ ખાય ગયો,ને પછી બધા જ તપેલામાં હગી હગીને જતો રહ્યો.

બીજી બાજુ તેતર વાડમાં ભરાય ગયો એટલે પછી તે બહેનોને શોધતા પણ  જડયો નહિં.તેઓ ખાલી હાથે જ પાછી વળી,ને તપેલાઓ પાસે આવીને જુએ છે તો બધા તપેલાઓમાં સંડાસ દેખાય પણ ખાવાનું ના દેખાય.આ જોઈને તેઓ ચિંતા  કરવા લાગી કે,હવે આપણે શું કરીએ ? આજે તો આપણને જરૂરથી માર ખાવો પડશે,કેમકે  અત્યારે બપોર તો થઈ ગયો છે,એટલે જો હમણા ઘરે જઈને રસોઈ બનાવીશું તો તે ક્યારે બની રહેશે ? પછી તો સાંજ જ પડી જાય ને ! એટલામાં હળવાળા ઘરે આવવા માટે તૈયાર થઈ ગયા હશે.

થોડીવાર પછી બંને ફરી પાછા ભેગા થયા ને બધી વાતો કરવા લાગ્યા. તેતરે શિયાળને પૂછયું : કેમ શિયાળભાઈ ખાધુ કે નહિ ?

અરે..! તેતર ભાઈ,શું વાત કરો છો ! સાતે સાત તપેલામાંનું ખાય ગયો ને ઉપરથી બધા તપેલાઓમાં હગી હગીને આવ્યો – શિયાળે એકદમ ખુશ થતા કહ્યું,ને પછી ઉમેર્યું કે,તેતરભાઈ આજે તમે મને ખૂબ સારું ભોજન ખવડાવ્યું,પણ હવે એકાદ દિવસે તમે મને બરાબર હસાવોને !

એટલે તેતરે કહ્યું કે : સારું ત્યારે હું તમને હસાવડાવું છું.તમે આ કૂંધવામાં સંતાઈ જાઓ.એટલામાં ત્રણ ભૈયા ખભા પર કાવડ લઈને રસ્તેથી પસાર થતા હતા.ત્રણેના હાથમાં એક - એક લાકડી પણ હતી.હવે,તેઓ કાવડ લઈને જતા હોવાથી એકમેકની પાછળ ચાલીને જતા હતા.ને વચ્ચે છે તો વાળ વગરનો ટાલિયો ભોય ચાલતો હતો.એટલે તેતર જેવો ઉડયો એવો સીધો.. પેલા ટાલિયા ભયાના માથા પર જ જઈને બેઠો.તરત જ પાછળના ભયે કાવડ ઉતારી દીધી ને પછી તેતરને મારવા પોતાની ડાંગ ફટકારી,પણ એવામાં  તેતર તો ઉડી ગયો અને ડાંગ સીધી ટકલા ભયાના માથા પર ઠણણણ.. કરતી પડી.એટલે ટકલો ભયો તો  ત્યાં જ ઢળી પડયો.

આ જોઈને  શિયાળ તો પેટ પકડી પકડીને હસે છે.થોડીવારમાં ફરી બંને ભેગા થયા.એટલે તેતર શિયાળને પૂછે છે કે - કેમ શિયાળભાઈ મે તમને હસાવ્યા કે નહિ ?

એટલે શિયાળ કહે છે કે,અરે.. શું વાત કરો છો તેતરભાઈ ! હસી હસીને તો મારા પેટમાં ગાંઠ વળી આવી.

હવે આગલા દિવસની સવારે બંને ઉઠયા.એટલે શિયાળ તેતરને કહે છે કે, તેતરભાઈ ! તમે મને ચણા ખવડાવ્યા,ભોજન ખવડાવ્યું  અને મને હસાવ્યો પણ ખરો,પણ હવે એકાદ દિવસે મને થોડું રડાવોને !

તો તેતરે કહ્યું કે- સારું કઈ વાંધો નહિ.હું તમારી રડવાની ઇચ્છા પણ પૂરી કરીશ.

હવે બપોરનો સમય થયો હતો એટલે ગોવાળોએ પોતપોતાનું ધણ છાંયડામાં બેસાડી દીધું હતું,ને તેઓ ગીલ્લી દંડાની રમત રમી રહ્યા હતા,એટલે બધાની પાસે ગીલ્લી ને દંડો તો રહેવાના જ.આ તકનો લાભ લેવા માટે તેતર ઉડીને સીધો ગોવાળોની નજીક  જઈને પડયો,ને પછી થોડો તરફડે જેવો.. જરા ચાલે જેવો..ફરી પાછો તરફડે જેવો.. થોડો દોડે જેવો.. આ જોઈને પંદરેક જેટલા ગોવાળિયા તેતર..તેતર .. એમ બૂમ પાડતા દાંડિયા લઈને તેતરને મારવા માટે દોડયા.

હવે તેમના મનમાં તો એવું કે આપણે તેતરને આસાનીથી મારી નાખીશું,પણ તેતર તો ભાગ્યો અને જ્યાં શિયાળ બેઠું હતું એ કૂંધવામાંથી બહાર નીકળીને જતો રહ્યો.હવે બીજી બાજુ ગોવાળો તો અહીં જ છે..અહીં જ છે એમ કરીને બધા જ ગોવાળો કૂંધવાને ઝપેટવા

લાગ્યા.પણ તેમાં તો શિયાળ બેઠું હતું,તેથી  શિયાળને ઢોર માર પડવા લાગ્યો એટલે તે ચીચીયારીઓ પાડવા લાગ્યું,અને છેવટે ગોવાળોના મારથી બચવા માટે તે દાંત કાઢીને પોતે મરી ગયો હોય એવું બહાનું કાઢી ગયું.

આ જોઈને  ગોવાળો કહેવા લાગ્યા કે,ભલે તેતર ના મળ્યો પણ શિયાળને તો મારી નાખ્યો ને ! તો ચાલો હવે જતા રહીએ,આમ કહીને તેઓ ત્યાંથી જતા રહ્યા.

થોડીવાર પછી શિયાળ જેમતેમ ઊભું થયું,ને પછી કહેવા લાગ્યું કે હાય..હાય..તેતરભાઈને કીધું હતું કે મને થોડું રડાવજો ને,તો એના બદલે મને બરાબરનો માર ખવડાવ્યો ને ચીચીયારીઓ પડાવડાવી,ને ઉપરથી મને હગાવી હગાવી નાખ્યો.હવે જો તેતર મને મળશે તો હું તેની ચરકેચરક ( આખેઆખો ) ખાય જઈશ.

આમ તેમની દોસ્તી તૂટી ગઈ અને બંને વચ્ચે દુશ્મનાવટ બંધાઈ ગઈ.એટલે આજે પણ તેતર ભોંય પર કોઈ દિવસ ચરકતો નથી.તે મોટા પથ્થર પર ચડીને ચરકે,ઝાડના ખૂટા પર બેસીને ચરકે કાં તો પછી ઉડતો ઉડતો જાય ત્યારે ચરક ઝાડ ઉપર પડશે એમ વિચારીને ચરકે તે કદાચ નીચે કચરામાં પડે.પરંતુ તેતર કોઈ દિવસ ભોંય પર ના ચરકે.હાં,એ રાતના સૂતો હોય ત્યારે ભોંય પર ચરકી દે કેમકે રાતના નીંદમાં એ ભૂલી જાયને પરંતુ દિવસ દરમ્યાન તે કોઈ દિવસ ભોંય પર ચરકતો નથી.

## ૨ . ભગવાનની પરીક્ષા

એક ડોસો ને ડોસી હતા.તેઓ ખૂબ જ ગરીબ હતા.તેમને ખેતી કરવા માટે માત્ર ઝૂપડી પાછળ વાડાની થોડી જગ્યા હતી.

તેમની આવી હાલત જોઈને ભગવાને એક દિવસે વિચાર કર્યો : આ ડોસાડોસી ઘણા ગરીબ છે,તો ચાલ આજે મને તેઓ સાચા મનના છે કે ખોટા મનના તેની પરીક્ષા કરવા દે.

આમ વિચાર કરીને ભગવાન એક દિવસે સાધુનો વેશ લઈને તેમના ઘરે ભીક્ષા માંગવા આવ્યા.સાધુને પોતાના ઘરે આવેલો જોઈ ડોસાડોસીએ તેને મીઠો આવકાર આપ્યો.સાધુએ તેમની સાથે બેસીને ઘણીબધી વાતો કરી.

તેણે ડોસાને પૂછ્યું : દાદા તમારી પાસે જમીન ખરી કે ?

ડોસાએ કહ્યું : મહારાજ મારી પાસે જમીન તો નથી.બસ,આ ઝૂપડીની પાછળ વાડાની થોડી જગ્યા છે; એ સિવાય મારી પાસે બીજી કોઈ જમીન નથી.

સાધુએ કહ્યું : જો હું તને બી આપી જાઉ તો તું તે વાડામાં વાવીશ કે કેમ ?

ડોસાએ કહ્યું : હું વાવું તો ખરો,પણ મારી પાસે બળદો નથી.

મહારાજે કહ્યું : તમારા ગામમાં પટેલ વડીલ માણસ ગણાય.એટલે તું તેના ઘરે જજે,તે તને ખેડવા માટે બળદો આપશે.

એટલે ડોસાએ કહ્યું : તો પછી બિયારણ આપી જાઓ.

સાધુએ તેમને ઝોળીમાંથી તુંબડાના બી કાઢીને આપ્યા અને પછી ત્યાંથી જતા રહ્યા.

હવે જેઠ મહિનો બેસી ગયો અને થોડા દિવસ પછી વરસાદ પણ પડી ગયો.એટલે ડોસા વાડો ખેડવા માટે બળદ લેવા પટેલને ત્યાં ગયા.

ડોસાને આવેલા જોઈ પટેલે પૂછ્યું : દાદા કયા કામે આવવુ પડયું ?

ડોસાએ કહ્યું : હું મારી ઝુપડી પાછળનો વાડો ખેડવાનો છું,તેથી તમારી પાસે બળદ માંગવા આવ્યો છું.

એટલે પટેલે તરત જ  તેમને હળ જોતરી આપ્યું,ને ડોસા ડોસીએ વાડો ખેડીને બી વાવી દીધા.

દિવસો પર દિવસો જતા તુંબડાના વેલા બરાબર વેલાયા.તેના પર ફૂલ બેઠા અને તુંબડા પણ ખૂબ જ આવ્યા. સમય જતા તે તુંબડા પાકી ગયા.

એટલે ડોસા વિચાર કરે છે : હવે ખળુ તૈયાર કરવું પડશે,પણ તે માટે શું કરવું ?

એ જ ઘડીએ તેમને સાધુ મહારાજ કહી ગયા હતા તે વાત યાદ આવી.તે પટેલના ઘરે ગયા.

પટેલે તેમને પૂછ્યું : દાદા કયા કામે આવવું પડયું ?

દાદએ કહ્યું : મારા વાડામાં તુંબડા પાકી ગયા છે,એટલે ખળુ તૈયાર કરવાનું હતુ.

એટલે પટેલે બળદો લઈને મજૂરોને મોકલ્યા.તેમણે ખૂરપીથી ખળું સાફ કરાવી નાખ્યું અને છાણથી  લીપી પણ આપ્યુ.

પણ હવે એ તુંબડા તોડવા માટે મજૂરો શોધવા કયાંથી ?

પાછા ડોસા પટેલને ત્યાં ગયા અને કહ્યું : મને તુંબડા તોડવા મજૂરોની જરૂર હતી.

પટેલે કહ્યું : તમે તેની ચિંતા કરશો નહિ.મારા મજૂરો આવીને તમને તુંબડા તોડી આપશે.

બીજા દિવસે પટેલના બધા મજૂરો આવીને તુંબડા તોડીને ખળામાં નાખી આપ્યા.

આગલા દિવસે ડોસા પાછા વિચારમાં પડી ગયા : હવે આ તુંબડાને પંદવા કઈ રીતે ?

તે તો પાછા પટેલ પાસે ગયા અને વાત કરી કે,મારે તુંબડાની પદણી કરવી છે એટલે મજૂરો અને બળદોની જરૂર છે.

ડોસાએ આમ કહ્યું એટલે પાછા પટેલે પોતાના મજૂરોને બળદો લઈને મોકલ્યા.તેમણે પદણી ( ગૂદંવું ) શરૂ કરી.

એક તુંબડું ફૂટે એટલે તેમાંથી પોણો મણ ઘઉં નીકળતા ! આમ પદણી કરતા તેમને તો આખો દિવસ થઈ ગયો.એટલે મજૂરો ઘઉંના પાર ( મોલનો ઢગ ) ને ખળામાં એમને એમ ખડકીને જતા રહ્યા.

બીજા દિવસે ડોસા પાછા પટેલ પાસે ગયા અને કહ્યું : મારે ઘઉંને વાવ દેવાના ( પવનથી ઉડાવીને ધાન સાફ કરવું ) બાકી છે એટલે આજે પણ મજૂરોની જરૂર હતી.

પટેલે પાછા મજૂરોને મોકલ્યા.તેમને વાવ દેતા સાંજ પડી ગઈ,ને બીજી તરફ તો ખળામાં ઘઉંનો મોટો ઢગ ખડકાઈ ગયો.

આગલી સવારે ડોસા પાછા પટેલના ઘરે ગયા.તેમણે પટેલને કહ્યું : મારે ખળામાંથી ઘઉં ઘરે લાવવાના છે એટલે ગાડાની જરૂર હતી.

પટેલે પોતાના સાતે સાત ગાડા મોકલી આપ્યા,તોપણ તેમને ઘઉં લાવતા આખો દિવસ થઈ ગયો.

પછી તો ડોસાના છાપરામાં ઘઉં સમાતા સમાય નહિં એવી સ્થિતિ થઈ ગઈ.તેમના આખા છાપરામાં ઘઉંને ઘઉં ઊભરાવા લાગ્યા.

હવે ડોસાના ઘરે બરાબરનો પાક ઉતર્યો હતો.એટલે ભગવાને ફરી વિચાર કર્યો કે,- ચાલ આ ડોસા ડોસીને મેં અનાજ તો પકવી આપ્યુ,પણ હવે મને એમની ખરી પરીક્ષા કરવા દે.હવે શું થાય છે એ તો જોઉં.

આમ વિચાર કરી ભગવાન રક્તપિતનો રોગી બનીને આવ્યા.એ સમયે ડોસા કોઈક કામ માટે બહાર ગયા હતા એટલે ડોસી એકલા જ હતા.ભગવાન તો રક્તપિતના રોગી બનીને આવ્યા હતા એટલે તેમના પર માખીઓ બણબણતી હતી.

તેમણે ઘરે આવીને ડોસીને કહ્યું : દાદી,કંઈ ખાવાનુ હોય તો આપોને !

પણ ડોસી તો તેમને ખાવાનું આપવાના બદલે ચીડાઈ પડયા.'તું અહીયા ક્યાં ખાવાનું માંગે છે ? અમને જ હમણાં હમણાં અનાજ જોવાનું મળ્યુ છે.તું અહીયા ક્યાંથી દોડી આવ્યો ?

ડોસીએ આવું કહ્યું એટલે રોગીએ મનમાં થોડું ગણગણી દીધું અને નિરાશ થઈને ત્યાંથી જતો રહ્યો.તે જંગલના રસ્તે પડી ગયો અને જંગલમાં જઈને સંતાય ગયો.

સાંજે ચારેક વાગ્યે ડોસા ઘરે આવ્યા.તેમણે જોયું તો ઘરમાં અનાજનો એક દાણો પણ નથી !

તેમણે ડોસીને પૂછ્યું : ઘરમાં આટઆટલું  અનાજ હતું તે ક્યાં ગયું ?

ડોસીએ કહ્યું : એ ક્યાં ગયું તેની મને કશી ખબર નથી.

ડોસાએ પૂછ્યું : હું નહોતો ત્યારે અહીં કોઈ આવ્યું હતું ?

ડોસીએ કહ્યું : એક રક્તપિતનો રોગી આવ્યો હતો માખીઓ બણબણાવતો.તે આવીને મને ખાવાનું પૂછતો હતો પણ તેના પર હું બરાબર ચીડાયી એટલે તે અહીંથી જતો રહ્યો .

તો પછી એ કઈ દિશામાં ગયો ? ડોસાએ અધીરાઈથી પૂછ્યું.

ડોસીએ કહ્યું : એ તો જંગલના રસ્તે પડી ગયો હતો.

તરત જ ડોસા રોગીને શોધવા જંગલ તરફ ગયા.તો સાચે જ રોગી રસ્તાની બાજુમાં એક વાસના ઝૂંડ ઓથે બેસી રહ્યો હતો.

ડોસાએ તેને કહ્યું : ચાલો મહારાજ! આપણા ઘરે ચાલો.

પણ મહારાજે તો ‘હું હવે નથી આવાનો’ એવું કહીને ના પાડી દીધી.

ડોસાએ ફરી આજીજી કરતા કહ્યું : તમે ચાલો મહારાજ! ડોસી જેવી હોય તેવી,ગાંડી હોય કે ઘેલી પણ તમે ઘરે ચાલો.

મહારાજે કહ્યું : હું કોઈ પણ હિસાબે પાછો આવવાનો નથી.તું આ થાળી લેતો જા અને સવાર સાંજ નાહી લીધા પછી આ થાળી આગળ મૂકીને મારુ ધ્યાન કરજે,એટલે થાળીમાં ખાવાનું આવી જશે.તે તું ખાય લેજે.પરંતુ તેમાંથી ડોસીને એક કોળીયો પણ ના આપતો.

એટલે ડોસા તે થાળી લઈને ઘરે આવતો રહ્યા.પછી તે સવાર સાંજ નાહીધોહીને થાળી આગળ મૂકીને ભગવાનને યાદ કરતા એટલે થાળીમાં ખાવાનું આવી જતુ અને તે જમી લેતા.

બીજી બાજુ ડોસીને કંઇપણ ખાવાનુ મળતુ નહોતું. તેથી તે ભૂખ વેઠીવેઠીને મરી ગઈ.ને ડોસા સારું ભોજન જમીને જીવન જીવવા લાગ્યા.

## ૩ . પાનારાજની વાર્તા

એક ડોસી હતા.તેમની એક દીકરી હતી.તેમનું આ દુનિયામાં બીજું કોઈ નહોતું તેથી ઘરમાં મા-દિકરી બે જ રહેતા.

એક દિવસે મા-દિકરી બંને છાણા વણવા ગઈ.છાણા વણતા વણતા ટોપલો ભરાય ગયો.

એટલે ડોસીએ દિકરીને કહ્યું કે- હું આ ટોપલો ઘરે ખાલી કરી આવું ત્યાં સુધી તું બીજા છાણા વણજે.આમ કહીને ડોસી ઘરે છાણાનો ટોપલો ખાલી કરવા માટે ગઈ.પણ પાછી આવીને જુએ છે તો દિકરી ત્યાં નહોતી.

ડોસીએ બાજુના ખેતરોમાં કામ કરતા મજૂરોને પૂછ્યું કે,તમે મારી દિકરીને જોઈ ? મજૂરોએ કહ્યું કે,તમારી દિકરીને તો પાનારાજ લઈ ગયો.

એ દિવસથી ડોસી એકલા પડી ગયા.તઓ એકલા જ રહેવા લાગ્યા.એક દિવસે તેઓ હાટમાં શાકભાજી લેવા ગયા.તમેણે બજારમાંથી રીંગણા ખરીદ્યા અને ઘરે આવીને તેનું શાક બનાવ્યું.પછી ડોસી રીંગણનું ગરમ ગરમ શાક ખાવા બેઠા,ખાતા ખાતા તેમના હાથમાંથી રીંગણનો એક કટકો છટકી ગયો ને સીધો તેમના જાંઘ પર પડયો. તેથી તેમના જાંઘ પર એક મોટ્ટો છાલો પડયો.દિવસો પર દિવસો જતા એ છાલો ફૂટ્યો અને તેમાંથી છોકરો જનમ્યો.પાછા દિવસો પર દિવસો જતા તે છોકરો મોટો થયો.

એક દિવસે તેણે ડોસીને પૂછ્યું - આયા !મારી કોઈ બહેન હતી કે નહિ ?

ડોસીએ કહ્યું કે,દીકરા તારી બહેન તો હતી પણ તેને પાનારાજ લઈને જતો રહ્યો હતો.

આ સાંભળીને છોકરો કહેવા લાગ્યો કે,આયા ! તું મારા માટે એક ઘોડો અને તેના પર પાથરવાનું પલાણ લઈ આવ; ને સાથેસાથે એક મણ ચણા લઈ આવજે.હું મારી બહેનને શોધવા જવા માગુ છું.

ડોસીએ તેને સમજાવતા કહ્યું કે,દીકરા હજી તું ઘણો નાનો કહેવાય,તને પાનારાજ સુધી ન જઈ શકાય.પરંતુ છોકરો એકનો બે ના થયો.

તેણે ડોસી પાસેથી વીંટી માગી લીધી અને આંગણામાં એક છોડ રોપ્યો.તેણે ડોસીને કહ્યું કે,આયા ! જો આ છોડ મરી જાય તો તારે સમજી લેવું કે મારો દીકરો પણ મરી ગયો,ને જો એ જીવતો રહેશે તો માની લેવું કે મારો દીકરો પણ હજી જીવતો જ છે.

આમ કહીને તે પોતાની બહેનની શોધમાં નીકળી પડયો.તે આગળ ને આગળ વધતો ગયો.તે ખૂબ દૂર નીકળી ગયો,ત્યાં રસ્તામાં તેને ઢોર ચારતા ગોવાળિયા મળ્યા.તેણે ગોવાળિયાઓને પૂછયું કે,

" ઓ ઢોર ચારતા ગોવાળિયા,ઓ  ઢોર ચારતા ગોવાળિયા.

પાનારાજનું રાજ કેટલેક દૂર છે રે ગોવાળિયા."

ગોવાળિયાઓએ કહ્યું કે,

" અગલું પગલું ભરો રે ભાઈ,હજુ તો બોં દૂર છે."

એટલે તે ત્યાંથી આગળ જવા માટે નીકળી પડયો.તે ખૂબ દૂર નીકળી ગયો,ત્યાં તેને ગધેડા ચરાવતા ગોવાળો મળ્યા.તેણે એ ગોવાળોને પૂછયું,

" ઓ ગેધી ચારતા ગોવાળિયા,ઓ ગેધી ચારતા ગોવાળિયા.

પાનારાજનું રાજ કેટલેક દૂર છે રે ગોવાળિયા."

ગધેડા ચરાવતા ગોવાળોએ કહ્યું,

"અગલુ પગલુ ભરો રે ભાઈ,હજુ તો બોં દૂર છે."

ફરી એ ત્યાંથી આગળ જવા માટે નીકળી પડયો.તે ખૂબ દૂર નીકળી ગયો.રસ્તામાં  તેને મરઘી ચણાવતા ગોવાળિયા મળ્યા.એટલે  ફરી તે એ ગોવાળોને એ જ રીતે પૂછે છે કે,

" ઓ મરઘી ચારતા ગોવાળીયા,ઓ મરઘી ચારતા ગોવાળીયા.

પાનારાજનું રાજ કેટલેક દૂર છે રે ગોવાળીયા."

તેમણે કહ્યું : પેલું...પીપળાનું ઝાડ દેખાય છે,એ ઝાડ પાસે એક કૂવો છે.એ કૂવા પર તારી બહેન રોજ પાણી ભરવા માટે આવે છે.

એટલે ત્યાં જઈને તે પીપળાના ઝાડ પર ચઢી ગયો.થોડીવાર પછી તેની બહેન કૂવે પાણી ભરવા આવી.તેની સાથે બીજી બે સહેલીઓ પણ હતી.તેની બહેન એ સહેલીઓની પાછળ પાછળ ચાલી આવતી હતી.એટલે  તેણે આ પ્રમાણે ગીત ગાયું કે,

" આગલી રે લોલ,વચલી રે લોલ.

પાછલી તે મારી બેની રે લોલ."

ગીત સાંભળીને બહેને સહેલીઓને કહ્યું, અરે ! આવું કોણ ગાય છે ? આ તો ' પાછલી તો મારી બેની રે ' એમ કહે છે ! ને પાછળ તો હું જ ચાલું છું ! આમ કહીને તે વચ્ચે ચાલવા લાગી.ફરી તેણે ગીત ગાયું કે,

આગલી રે લોલ,પાછલી રે લોલ.

વચલી તો મારી બેની રે લોલ."

એટલે ફરી તે આવું કોણ ગાય છે ? આ તો મને જ બહેન એવું કહે છે ! એવું કહી તે આગળ ચાલવા લાગી.એટલે ફરી પાછું તેણે ગીત ગાયું કે,

'પાછલી રે લોલ,વચલી રે લોલ.

આગલી તો મારી બેની રે લોલ.'

અને આમ કરતા તેઓ કૂવા પાસે આવી પહોંચી.પછી જ્યારે તેઓ પાણી ભરીને જવા લાગી ત્યારે છોકરાએ પીપળાનું પાન ચાવીને બહેનના ઘડામાં થૂંકી દીધું.તેથી તેણે 'આ તો કાગડો ભરાયો !' (ચરક્યો) એવું કહીને ઘડાનું પાણી ઢોળી નાખ્યું,અને નવું પાણી ભરી લઈને જવા લાગી.

ફરીપાછું છોકરાએ પીપળાનું પાન ચાવી; તેમાં વીટી મૂકીને બહેનના ઘડામાં થૂકી દીધું.એટલે બહેને આ તો પાછો કાગડો ભરાયો એમ કહીને એ પાણી પણ ઢોળી નાખ્યું,ને જોયું તો તેમાંથી એક વીટી નીકળી પડી.

તે વીંટી પર ડોસીનું નામ લખેલું હતું.તેથી બહેન તરત જ બોલી પડી કે,અરે..! આ તો મારી આયાની વીંટી છે.કદાચ મારી આયા મરી ગઈ હશે,ને તેને કોઈ સમડી કાં તો કાગડો ખાય ગયો હશે તે ચરકયો.આમ કહીને તે ઝાડ પર જુએ છે તો ત્યાં છોકરો બેઠો હતો.

એટલે તેણે કહ્યું કે,તું હમણા જ નીચે ઊતર ! ને સાથે સવાલ પણ કર્યો કે,તું કોણ છે ? ને ક્યાંથી આવ્યો છે ?

છોકરાએ કહ્યું કે,હું તારો નાનોભાઈ છું અને તને અહીંથી લઈ જવા માટે આવ્યો છું.આ સાંભળીને તે તો રાજીની રેડ થઈ ગઈ,ને કહેવા લાગી,તું મારો ભાઈ છે ?! તો ચાલ ચાલ,ઘરે ચાલ! આમ કહીને તે ભાઈને પોતાના ઘરે લઈ ગઈ.

આ સમયે પાનારાજ જંગલમાં શિકાર ખેલવા જતો રહ્યો હતો. ત્યાં સુધીમાં બહેને ભાઈને ફટાફટ જમાડી દીધો,અને પછી કોઠીમાં પૂરી દીધો.કેમકે તેને એ વાતની તો ખબર જ હતી કે મારો પતિ રાક્ષસ છે,એટલે તે મારા ભાઈને જોશે તો મારી જ નાખશે.

થોડીવાર પછી પાનારાજ શિકાર ખેલીને ઘરે આવ્યો.તે ઘરમાં આવીને ખાટલા પર બેઠો.હવે તેમના ઘરમાં એક બિલાડી પાળેલી હતી,તે પાનારાજને કહેવા લાગી કે,-

‘ભાભીનો ભાઈ,આપણો વેવાઈ,કોઠીમાં છે.’

બિલાડીને આવું કહેતા સાંભળીને પાનારાજે તેની પત્નીને પૂછ્યું કે,આ બિલાડી આવું કેમ બોલે છે ?

પત્નીએ વાતને ટાળવાની કોશિશ કરતા કહ્યું કે,એ તો ખબર નહિ ? પણ મને તો આ બિલાડું ગાંડું થયું લાગે છે એટલે આવું બોલે છે.ત્યાં તો ફરી પાછી બિલાડી કહેવા લાગી કે,

‘ભાભીનો ભાઈ,આપણો વેવાઈ,કોઠીમાં છે.’

આ સાંભળીને પાનારાજે કહ્યું કે,આ ત્યારે ભાભીનો ભાઈ કોઠીમાં છે એવું કહે છે ને ? જો તારો ભાઈ આવ્યો હોય તો બહાર કાઢ ને ! હું કંઈ તેને થોડો મારી નાખવાનો છું !

એટલે પત્નીએ કહ્યું કે,તમે મારા ભાઈને કશું કરશો નહિ,તે આજે જ આવ્યો છે.આમ કહીને તેણે ભાઈને કોઠીમાંથી બહાર કાડયો.થોડીવાર પછી સાળા બનેવી બંને જમવા બેઠા.જમતા જમતા તેમણે ઘણીબધી વાતો કરી,અને જમી લીધા પછી તેઓ શાંતિથી ઊંઘી ગયા.

પછી સવારમાં ઊઠીને પાનારાજ સાળાને કહે છે કે,ચાલ આપણે જંગલમાં શિકાર ખેલવા જઈએ.આમ,તે સાળાને શિકાર ખેલવા માટે બોલાવે છે,કેમકે તેને ખબર પડી ગઈ હતી કે,આ તો મારી પત્નીને લઈ જવા માટે જ આવ્યો છે,ને એ કોઈપણ રીતે તેને લઈને જતો રહેશે.એટલે તેણે મનમાં વિચારી લીધું હતું કે,આને કોઈપણ હિસાબે મારી નાખવો પડશે.તેથી તે શિકાર ખેલવાના બહાને સાળાને લઈને જંગલમાં જવા નીકળી પડયો.તેઓ ખૂબ દૂર..દૂર નીકળી ગયા.તેઓ ભરપૂર જંગલમાં જઈ પહોંચ્યાં.ત્યાં બે મોટા સાગના ઝાડ આવ્યા.તેના પર તેમણે એક માચડો બનાવ્યો અને એ માચડા પર સાળાને ચડાવી દીધો.પછી પાનારાજે તેને કહ્યં કે,હું દેખાય પડું ત્યાં સુધી તું મને જોતો રહેજે ને પછી ઊંઘી જજે.આમ કહીને તે જંગલમાં શિકાર કરવા જતો રહ્યો.

આ બાજુ ભાઈએ ઊંઘવાને બદલે,પોતાની પાસે કપડું હતું તેનો ખોયો બનાવીને સાગ સાથે બાંધી દીધો,ને પછી સાગના પાંદડાના બે દડિયા બનાવ્યા.એક દડિયામાં સંડાસ કર્યું અને બીજામાં પેશાબ કર્યો.ત્યારપછી તેણે તેના માપનું લાકડાનું ટોલકું લાવીને ખોયામાં મૂકયું,અને તેની બંને બાજુએ સંડાસ અને પેશાબના દડિયા ગોઠવી દીધા.ને પછી તે ઘરે આવતો રહ્યો.

ઘરે આવીને તેણે બહેન સાથે ફટાફટ જમી લીધું ને બાકીનું પોતાની સાથે લઈ લીધું.તેણે બહેનને જલદીથી તૈયાર થઈ જવાનું કહ્યું,ને ત્યાં સુધીમાં તેણે ઘરમાં પાળેલી બિલાડીને પકડીને તેની પૂછડી કાપી નાખી,અને પછી ચૂલા પર તવો મૂકીને તેની ઉપર લટકાવી દીધી.જેથી પૂછડીમાંથી ટપકતા લોહીના ટીપા ગરમ તવા પર પડે એટલે એનો ચૂડ..ચૂડ અવાજ આવ્યા કરે,તેથી એવું લાગે કે ઘરવાળી અંદર રસોઈ બનાવે છે.પછી તેણે બાંડી થયેલી બિલાડીને ઘંટી સાથે બાંધી દીધી.જેથી તે કપાયેલી પૂછડીની વેદનાથી ગોળ ગોળ ફર્યા કરે એટલે તેની સાથે પેલી ઘંટી પણ ફરે.તેથી ઘંટીનો અવાજ સાંભળીને એવું લાગે કે ઘરવાળી તો ઘંટીએ પણ દળે છે.એટલીવારમાં બહેન પણ તૈયાર થઈ ગઈ.તેમણે પોતાની સાથે એક સાવરણી,સાબેલું અને એક લોટામાં ભરીને લઈ

લીધું.પછી તેમણે ઘરના બારણા બંધ કરી દીધા અને ઘોડા પર બેસી  પોતાના ઘરે આવવા માટે નીકળી પડયા.

પછી પાનારાજ માચડો પાસે આવ્યો.તેણે ખોયામાં જે ટોલકું મૂકેલું હતું તેને આ તો મારો સાળો જ સૂતેલો છે,એમ સમજીને એક બાણ માર્યું.તે સીધું ટોલકામાં જઈને વાગ્યું એટલે તેનો ટચ્ચ્ એવો અવાજ આવ્યો.એટલે પાનારાજ તો ' આ તો બરાબર માથામાં જ વાગ્યું છે ' એમ કરીને ખુશખુશ થઈ ગયો.

પછી તેણે બીજુ બાણ છોડયું.તે સીધું પેશાબના દડિયામાં જઈને વાગ્યું એટલે પેશાબ નીચે ગળવા લાગ્યો.આ જોઈ પાનારાજ ' આ વખતે તો મુત્રાવી મુત્રાવી દીધો ' એમ કહીને જરા વધારે ખુશ થાય છે અને ત્રીજું બાણ છોડે છે.તે સીધું સંડાસના દડિયામાં જઈને વાગ્યું અને સંડાસ નીચે પડવા લાગ્યું.

એટલે પાનારાજ '  આ વખતે તો હગાવી હગાવી નાખ્યો ' એમ કહીને એકદમ ખુશ થઈ જાય છે, ને પછી સાળો મરી ગયો કે નહિ  એ જોવા માચડા પર ચડે છે.પણ ત્યાં જઈને જુએ છે તો ખોયામાં ટોલકું અને દડિયા પડેલા હતા.સાળો તો તેમાં હતો જ નહિ ! એટલે પાનારાજ આ સાળો તો મને બનાવી ગયો એમ કરીને જલદી જલદી ઘરે આવ્યો.

ઘરે આવીને જોયું તો ત્યાં કોઈ દેખાતું નહોતું અને બારણું પણ બંધ હતું.એટલે તે પત્નીને બૂમ પાડીને બોલાવે છે,પણ પત્ની હોય તો કઈ બોલે ને ! તેથી તે ઘોડા પરથી ઉતરીને બારણા પાસે આવે છે.એટલામાં પૂછડીમાંથી લોહીના ટીપા તવા પર પડયા કરતા હતા એટલે તેનો ચૂડ..ચૂડ અવાજ આવે છે,ને સાથે બિલાડી પણ ઘંટીને ગોળ ગોળ ફેરવ્યા કરે છે એટલે તેનો ઘરર.. એવો અવાજ પણ આવે છે.

એટલે પાનારાજ પત્નીને કહે છે કે,'રાંધતી જેવું છે ને દળતી પણ છે તો પછી બારણું કેમ નથી ખોલતી ? આમ કહીને તે એક લાત મારીને બારણું ઉઘાડી નાખે છે અને અંદર આવીને જુએ છે તો ઘરમાં કોઈ નથી.ઘરમાં તો બિલાડીની પૂછડીમાંથી લોહીના ટીપા તવા પર પડયા કરતા હતા એટલે તેનો ચૂડ..ચૂડ અવાજ આવ્યા કરે છે,અને બિલાડી છે તો ઘંટીને ગોળગોળ ફેરવ્યા કરે છે એટલે તેનો ઘરર..અવાજ આવ્યા કરે છે,પણ ઘરમાં તો ભાઈ કે બહેન એ બંનેમાથી કોઈ નથી.

પછી પાનારાજ ઘોડો લઈને તેમની પાછળ પડયો ને થોડીવારમાં તો તેમને નજીક નજીક કરી નાખ્યા.એટલે પાનારાજ ' ઊભો રે સાળા,હું પણ આવું છું ! ' એમ કહીને તેમને બૂમ પાડે છે,પણ તેમણે તો ઊભા રહેવાને બદલે રસ્તામાં સાવરણી નાખી દીધી,એટલે એકલી ખજૂરીને ખજૂરી ઊગી નીકળી.કોઈપણ રીતે તેમાંથી બહાર નીકળી ના શકાય એટલા ખજૂરીના ઝાડ થઈ ગયા.એટલે પાનારાજે ઘોડા પરથી ઉતરીને કાપીકૂપીને ખજૂરીઓ સાફ કરી,ને પછી ઘોડા પર બેસીને તેમાંથી બહાર નીકળે છે,પણ ત્યાં સુધીમાં તો તેઓ ખૂબ દૂર નીકળી ગયા હતા.

ફરી પાનારાજે પોતાનો ઘોડો દોડાવ્યો અને તેમને નજીક નજીક કરી નાખ્યા.તેથી તેને છેટો રાખવા માટે તેમણે રસ્તામાં સાબેલું નાખી દીધું.એટલે રસ્તામાં એકલા બાવળને બાવળ ઊગી નીકળ્યા.ફરી પાનારાજ  ઘોડા પરથી ઉતરીને બધા બાવળોને કાપીકાપીને સાફ કરે,અને તેમાંથી બહાર નીકળે ત્યાં સુધીમાં તો તેઓ ખૂબ દૂર નીકળી  ગયા.

એટલે પાનારાજે ફરી પોતાનો ઘોડાને બરાબર દોડાવ્યો,ને પાછા તેમને નજીક નજીક કરી નાખ્યા,પણ એટલીવારમાં તેમણે ખાડી(નદી) પાર કરી લીધી.એ વખતે નદીમાં પાણી ઓછું હતું.પછી ભાઈએ બહેનને કહ્યું કે હવે તું લોટાનું પાણી આ ખાડીમાં રેડી દે.તેથી બહેને લોટામાંનું પાણી એ ખાડીમાં રેડી દીધું,એટલે ખાડી તો બંને કાઠાં છલકાવીને ભરપૂર વહેવા માંડી.એટલામાં પાનારાજ પણ ત્યાં આવી પહોચ્યો,ને આવીને જુએ છે તો ખાડી ભરપૂર વહ્યા કરે છે અને ભાઈબહેન તો સામે કાઠે બેસીને જમ્યા કરતા હતા,જે કઈ પોતાની સાથે લઈ આવ્યા હતા તેવું.

એટલે પાનારાજ એમને પૂછે છે કે,સાળા તમે આ ખાડી કેવી રીતે ઉતર્યા ? હું પણ એ બાજુ આવવા માંગુ છું.સાળાએ કહ્યું કે,એક પથ્થર ઘોડાના ગળામાં બાંધી દે,ને તને ઉચકાય એવો બીજો એક પથ્થર તું પણ બાંધી લે અને કૂદી પડો પાણીમાં ! સરસ રીતે નીકળી અવાશે.એટલે પાનારાજે ઘોડાના ગળામાં એક પથ્થર બાંધી દીધો ને બીજો પોતાના ગળામાં પણ બાંધી લીધો,અનેપછી બંને ખાડીમાં કૂદી પડયા.આમ તેઓ બંને ખાડીમાં તણાયને વહી ગયા.આ રીતે પાનારાજ મરી ગયો.પછી ભાઈબહેન ઘરે આવતા રહ્યા,અને ડોસી સાથે મળીને ત્રણેય જણા રોળીને ખાવા લાગ્યા.

## ૪ . ઠગ

એક વર્ષે એક ગામમાં દુકાળ પડયો.મોટાભાગના લોકો કામ ધંધાએ નીકળી ગયા.પણ ગામમાં એક ઠગ હતો તે કશે ન ગયો.

તેણે ચારસો પાચસો રૂપિયામાં પોતાનું ઘર વેચી નાખ્યું.પછી તે વિચારમાં પડયો કે- હવે મારે જવું ક્યાં ? કેમકે આખું ગામ સૂનું થઈ ગયું હતું અને તે એકલો પડી ગયો હતો.એટલે તે રખડતો રખડતો નીકળી પડયો.

રસ્તામાં એક ગામ આવ્યું.તે ચોરોનું ગામ હતું.તે પણ ચોરોના લીધે પ્રખ્યાત થયેલું.ને તે ગામની પાદરે પાટિયા પર લખેલું જ હતું 'ચોરોનું ગામ.' એ ગામમાં તે આવી પહોંચ્યો.

ગામમાં એક વાવ હતી.તેની પાળી પર બેસીને તે પૈસા ગણવા લાગ્યો.આ સમયે વાવ પર પાણી ભરવા આવેલી સ્ત્રીઓ તેને પૈસા ગણતા જોઈ ગઈ.

તેમણે ઘરે જઈને પોતાના પતિઓને વાત કરી કે- તમે તો રાતના ચોરી કરવાની તકલીફ વેઠો છો,ને અહી આપણી વાવની પાળી પર બેસીને એક માણસ પૈસા ગણ્યા કરે છે ! તમે હમણાં જશો તો પણ તેને લૂટી લેશો.

પણ પતિઓ વિચારમાં પડી ગયા કે- આપણું ગામ તો ચોરોનું ગામ,ને તે પણ પ્રખ્યાત થયેલુ.વળી,આપણે સીમાડામાં પાટિયું પણ લગાવેલું છે.તોપણ આ માણસ આપણે ત્યાં આવ્યો છે.તો એ કેવો હશે તો અહીં આવ્યો છે ! આ વિચારે તેમના તો ધબકારા વધી ગયા.કોઈ તેની પાસે ન ગયું.

એમ કરતા કરતા સાંજ પડી ગઈ.ગામની સ્ત્રીઓ પાણી ભરવા જવા લાગી.

પતિઓએ તેમને કહી મોકલાવ્યું કે - જો તે ત્યાં જ હશે તો તેને તમે બોલાવી લાવજો.તમારે તેને એમ કહેવાનું કે અત્યારે ખૂબ મોડું થઈ ગયું છે,ને આટલા બધા પૈસા લઈને તમે ક્યાં જશો ? ને શું કરશો ? આ તો ચોરોનું ગામ કહેવાય એટલે કોઈ તમને લૂટી લેશે,માટે તમે અમારે ઘરે આવતા રહો.

ગામની સ્ત્રીઓએ જઈને ઠગને આ રીતે વાત કરી.એટલે તે 'બહેનો તમારી વાત તો સાચી છે' એમ કહીને તેમની સાથે આવતો રહ્યો.

ચોરોએ તેના માટે ખાવા પીવાની બધી જ સગવડ કરી આપી.તેમનો ઈરાદો એવો કે - એને આપણે ખવડાવીશું,પીવડાવીશું અને પછી લૂટી લઈશું. પણ તે થોડું જ પીતો નશો ન ચઢે એટલું.ચોરોએ તેને ખવડાવ્યું પીવડાવ્યું ને પછી પથારી કરી આપી.

તેણે ચોરોને પૂછયું- ભાઈ તમે ચોરી કરો છો કે નહિં ?

અમે ચોરી તો કરીએ ખરા પણ થોડી ઘણી.

અરે,એમાં તો હું ખૂબ હોશિયાર છું.ચાલોને,આજુબાજુમાં કોઈ હવેલી હોય કાં તો ખૂબ પૈસાદાર લોકો હોય તેવા ઘરે જઈએ !

એક જગ્યાએ પૈસાદાર લોકોની હવેલી છે.

તો ચાલો જઈએ - ઠગે ઉત્સુક્તા બતાવતા કહ્યું.

તેઓ હવેલીએ ચોરી કરવા માટે ગયા.એ હવેલીમાં સાત દીકરા,તેમની સાત વહુઓ અને ડોસા ડોસી રહેતા હતા.આમ કુલ સોળ માણસો તેમાં રહેતા હતા.તેમણે દીવાલ તોડીને તેમાં બાકોરું પાડયું.

ચોરોએ ઠગને કહ્યું - જા તું પહેલા તું અંદર ભરા.

ના,પહેલા તમે છએ છ જણા અંદર જાવ,ને તમે અંદરથી જે કંઈ કાઢી આપશો તેને પકડવા માટે હું એકલો જ પૂરતો છું.

આમ કહીને તેણે બધાને અંદર મોકલ્યા અને તે બહાર ઊભો રહ્યો.પેલા અંદરથી અનાજ કાડી આપે એટલે તે અનાજને ઊચકીને દૂર મૂકી આવતો અને સાથે બોરનું એક ઝરડું પણ લઈ આવતો.

ને ઘરેણાંને એવું કંઇ કાઢી આપે તો તેને પણ દૂર મૂકી આવતો અને પાછું એક ઝરડું લઈ આવતો.

આમ કરતા કરતા તેમણે પૈસા કાઢયા ને બીજુ કંઇ કેટલુંય કાઢયું.આ બધી વસ્તુઓ તે મૂકવા જાય એટલે સાથે બોરડીનું એક ઝરડું પણ લેતો જ આવે.

છેલ્લે તે એક ખેતરના શેઢે લાકડા કાપેલા હતા ત્યાંથી બે ત્રણ લાકડા લઈ આવ્યો.તેણે ભેગા કરેલા ઝરડાં બાકોરામાં મૂકી દીધા અને લાકડાનાં ટેકા આપી દીધા.

પછી તે આગળ જઈને બારણા ખખડાવીને બૂમ મારવા લાગ્યો - ચોર આવ્યા છે..ચોર આવ્યા છે ..ઊઠો ..ચોર ..ઊઠો ..એટલે બધા જ ઊઠી ગયા.

તેમણે પેલા છ એ છને પકડયા અને ઢોર માર મારવા લાગ્યા.ઠગ તો ત્યાંથી ભાગી ગયો.

તે ચોરોના ઘરે આવ્યો અને તેમની સ્ત્રીઓને કહ્યુ કે- અમે ઘણો બધો માલ લૂટયો છે. તે ઉચકાતો નથી એટલે તેમણે ઘોડો મંગાવ્યો છે.

ચોરનીઓએ કહ્યું - કશો વાંધો નહીં તો તમે ઘોડો છોડીને લઈ જાવ.

તે ઘોડો લઈને માલ સામાન મૂક્યો હતો ત્યાં આવ્યો.તેણે અનાજ તો ના લીધું પણ પૈસા અને ઘરેણાં લઈ લીધા અને પછી ઘોડા પર બેસીને આગળ જવા નીકળી પડયો.

એક ગામથી બીજે ગામ એમ કરતા કરતા તે જંગલમાં આવી પહોંચ્યો.શિયાળવા લારીઓ પાડે,વાઘ ત્રાડ નાખે,બિલાડો ડોળા કાઢે,હરણા આમતેમ કૂદયા કરે,કાંચડો હોંકારો કરે છે એવા જંગલમાંથી તે આગળ વધતો ગયો.આગળ વધી તેણે માનવ વસ્તી નાખી અને પછી તે એક ગામમાં આવી પહોંચ્યો.

ગામમાં આવતા આવતા તેને અંધારું થઈ ગયું હતું.તેણે વિચાર્યું કે- મારે હવે ક્યાં રહેવું ?

અજાણ્યા ગામમાં બીજાના ઘરે તો ના રહેવાય એટલે પટેલનું ઘર પૂછવું પડે.તેણે ગામલોકોને પૂછયું - પટેલનું ઘર ક્યાં છે ?

લોકોએ આંગળી ચીંધીને કહ્યું - ‘ તે..પેલું દેખાય છે.’ ને પછી ઘર સુધી જવાની નિશાની પણ આપી.એ નિશાનીએ નિશાનીએ તે પટેલના ઘરે આવ્યો.

તેણે પટેલને કહ્યું - પટેલ,મને અંધારું થઈ ગયું છે.હું ઘણે દૂરથી આવ્યો છું.તો તમે મને એક રાત માટે ઊંઘવાની અને ઘોડો બાંધવાની જગ્યા આપો.

પટેલે કહ્યું - કશો વાંધો નહિં.આ મારી ઘોડી છે તેની સાથે તારો ઘોડો બાંધી દે,ને જમી લઈને પછી ઘરમાં ઊંઘી રહેજે.

હવે એ તો ગામનો પટેલ કહેવાય એટલે ઘરે આવેલા મહેમાનને જમાડયા વગર તો કેમ ચાલે ? એટલે પટેલે તેને ખવડાવ્યું પીવડાવ્યું અને પછી ઊંઘવા માટે પથારી પણ કરી આપી.

પણ ઠગે કહ્યું - હું ઘરમાં તો નહિં ઊંઘું,કેમકે જો આ ઘોડા કદાચ છૂટી જાય તો તે લડાવા લાગશે,તેથી મારે બહાર જ ઊંઘવું પડશે.એટલે પટેલે  તેને ખાટલો બહાર કાઢી આપ્યો.

આમ તે બહાર ઊંઘી ગયો.રાતના ચારેક વાગ્યે તે ઊઠયો.તે પટેલની ઘોડીની બધી લાદ ભરીને લઈ આવ્યો અને ઘોડાની જગ્યાએ નાખી દીધી.તેણે એ લાદમાં સિક્કાઓ ભરી દીધા અને પાછો સૂઈ ગયો.

પાંચેક વાગ્યે પટલાણી ઊઠી ગઈ.તે આગણું વાળીને સાફસફાઈ કરવા લાગી.એટલે વાળવાનો અવાજ સાંભળીને તે જાગી ગયો અને પટલાણીને બોલ્યો : પટલાણી તમે હમણાં ના વાળશો ! મારે થોડું કામ છે.

પટલાણીએ પૂછયું - શું કામ છે ?

આ મારો ઘોડો તો પૈસા હગે છે.મને એકવાર એ પૈસા કાઢી લેવા પડશે.

આમ કહીને તે લાદમાંથી શોધીશોધીને પૈસા કાઢવા લાગ્યો.તેણે પૈસાનો મોટો ઢગ કરી નાખ્યો.

આ જોઈ પટલાણી ઘરમાં ગઈ અને પટેલને ઊઠાડીને કહેવા લાગી - પટેલ ઊઠને,પેલો ઘોડો તો પૈસા હગે છે ! જાઓ,જરા જઈને જુઓને પેલા ભાઈ પૈસા ગણે છે તે !

પટેલે ઊઠીને બારીમાંથી ડોક્યું કરીને જોયું તો ઠગે પૈસાનો મોટો ઢગ કરી દીધો હતો.

તેણે પૈસા કાઢી લીધા એટલે પછી પટલાણીએ બધું વાળી નાખ્યું.

પછી ઠગે કહ્યું - ચાલો તો હવે હું જાઉં.

પટેલે કહ્યું - હવે થોડીવાર થોભી જા ને,ચા પી લઈને જજે ! ને પછી પટલાણીને કહ્યું - જા તું વાળવાનું રહેવા દે અને એકવાર ચા બનાવ.

પટલાણીએ ચા બનાવી.

તેણે ચા પી લીધી ને પછી  કહ્યું - ચાલો તો પટેલ,હવે હું જાઉં.

હું તને એક વાત કહું ?

શું ? બદમાશે પૂછયું.

હું તમને મારી આ યુવાન ઘોડી આપું છું,ને ઉપરથી હજાર રૂપિયા પણ આપીશ,પણ તમે મને આ ઘોડો આપી જાઓ.

હવે હું તમને શું કહું.મારે તો આ ઘોડાના સહારે જ જીવવવાનું ગણાય એટલે શું કરું ? તમારા પહેલા પણ મારી પાસે ઘણાબધાએ આ ઘોડો માગ્યો હતો,પરંતુ મેં કોઈને આપ્યો નહોતો.પણ તમે તો ઘણા સારા માણસ છો.તમે મને રાત રોકાવા માટે જગ્યા આપી.મને ખવડાવ્યો,પીવડાવ્યો અને ઊંઘવાની સગવડ કરી આપી.એટલે હું આ ઘોડો તમને આપી જાઉં છું.

આમ કહીને તેણે પટેલને ઘોડો આપી દીધો.તેના બદલામાં તે હજાર રૂપિયા અને ઘોડી લઈ લઈને નીકળી પડયો.પણ મનમાં કઈક વિચાર આવતા તે થોડે જઈને ઊભો રહી ગયો.

તેણે પટેલને કહ્યું - તમે રોજના પૈસા ના કાડશો.તમે એક કોઠાર બનાવીને તેમાં બધી લાદ ભેગી કરજો,અને પછી છ મહીના થશે ત્યારે એની ગધેડાઓથી ગૂંદણી કરાવજો.એટલે તમારી પાસે એકસાથે ઘણાબધા રૂપિયા આવી જશે.

કારણ કે જો કદાચ ઘોડો તરત હગી દે અને એ લાદમાંથી પૈસા ન નીકળ્યા,તો પટેલ તેની પાછળ પડે અને તેને પકડી લે ! એટલે આમ કહીને  તે ઘોડી લઈને જતો રહ્યો.

પટેલે પણ ઠગની વાત માની લીધી અને પછી છ મહીના સુધી ઘોડાની લાદ ભેગો કરતો રહ્યો.

બીજી બાજુ પેલા છ ચોરોને છ મહિનાની જેલની સજા થઈ હતી તે હવે પૂરી થઈ ગઈ હતી.તેઓ જેલમાંથી છૂટીને ઘરે આવતા હતા.

તે જ સમયે પટેલ ગધેડાઓ વડે લાદની ગૂંદણી કરાવતો હતો.લાદની ગૂદણી થઈ ગયા પછી તેણે વાવ દઈને ઉડાડી.પણ તેમાંથી એકે રૂપિયો પડયો નહિં ! પણ પૈસા હોય તો નીકળે ને !

એવામાં ચોર પોતાનો ઘોડો ઓળખી ગયા – 'આ તો આપણો જ ઘોડો છે !'

તેમણે પટેલને પૂછયું- ક્યાં ગયો પેલો ઠગ ?

એ ઠગારાની વાત ક્યાં કરો છો તમે ? તે મને પૈસા હગે છે એમ કહીને આ ઘોડો આપી ગયો,ને ઉપરથી લાદ ભેગી કરીને ગૂંદાવવા કહી ગયો હતો એટલે હું ગૂંદાવું છું પણ અહીં તો એક્કે પૈસો પડતો નથી ! આ જુઓને ..! તે મને આ ઘોડો આપી ગયો છે અને તેના બદલામાં મારાથી મારી જુવાન ઘોડી તેને અપાઈ ગઈ છે.પણ હવે તેને ક્યાંથી પકડવો ?

પટેલની પણ આવી કફોડી હાલત જોઈને ચોર અંદરોઅંદર વાત કરે છે- ચાલો તેને આપણે શોધવા જઈએ.ગમે તે રીતે તેને આપણે શોધી જ કાઢીએ.

તો તો મને પણ આવવું જ પડશે,કેમકે તે મારી જુવાન ઘોડી લઈ ગયો છે.ને ઉપરથી મેં તેને હજાર રૂપિયા પણ આપ્યા છે.

આમ પટેલ સાથે મળીને કુલ સાત જણ તેને શોધવા નીકળ્યા.

હવે તે ઠગ ઘરસંસાર માંડીને એક ગામમાં રહેતો હતો.તેણે દૂરથી જ આ સાતેય જણાને આવતા જોઈ લીધા.

તેણે પત્નીને કહ્યું - પેલા લોકો અહીં આવે છે.હવે હું તને કહું છું તે જ રીતે તારે કરવાનું છે.એ લોકો આવશે એટલે હું તેમને શિકાર કરવા લઈ જઈશ.તે સમયે તારે ભાત બનાવી દેવાનો,અને મરઘીના જે બાવીસ પીલા છે તેમને હાંડામાં બાફીને મીઠું મરચું નાખી દેવાનું. બસ,આ સિવાય તારે બીજું કઈ કરવાનું નથી.

થોડીવારમાં પેલા લોકો ઘરે આવી પહોંચ્યા.આવતાની સાથે જ તેમણે ઠગની પત્નીને પૂછયું - ક્યાં ગયો ઠગ ?

અહી ઘરમાં જ છે.

તો બોલાવ એને !

પત્નીએ તેને સાદ કરીને બોલાવ્યો.

તે બહાર આવ્યો અને આ સાતેયને જોઈને તેમને આવકારતા બોલ્યો- આવો,આવો બેસો !

તેઓ બેઠા.તેમણે પોતાનો આક્રોશ ઠાલવતા કહ્યું - તું અમારી સાથે કેવો વિશ્વાસઘાત કરી આવ્યો છે તેનું તને કંઇ ભાન છે ?

હમણા એ વાત તમે જવા દો.ચાલો, એકવાર આપણે એકવાર શિકાર ખેલવા જઈએ. તમારી મહેમાન નવાજી તો મારે કરવી પડે ને ! પછી ની વાત પછી.

તેમણે ઠગની વાત માની લીધી અને 'ચાલો તો જઈએ ' એમ કહીને શિકાર પર જવા તૈયાર થઈ ગયા.

ઠગે પોતાની સાથે તીરકામઠું લઈ લીધું અને તેઓ જંગલમાં ગયા.

બીજીબાજુ પત્નીએ તેણે કહ્યું હતું તે પ્રમાણે બધુ કરી નાખ્યું.તેણે દાણા ખાંડીને ભાત બનાવી દીધો અને પછી મરઘીના પીલા પકડીને;આખે આખા પીંછાવાળા હાંડામાં નાખીને બાફી દીધા.

ને આ બાજુ તેઓ જંગલમાં પહોંચી ગયા.તેમને કોઈ પક્ષી દેખાય એટલે ઠગ તીરકાંમઠાથી ‘હાંડામાં જ જઈને પડજે !’એવું બોલીને નિશાન તાકીને વીંધતો.

પાછું કોઈ પક્ષી દેખાય એટલે પાછો તે ‘હાંડામાં જઈને જ પડજે’એમ કહીને બાણ વીંધતો,પણ કોઈ પક્ષી તેનાથી મરતું નહી.તે બાણ મારે એટલે પેલું પક્ષી ઉડી જાય એટલે તે ‘હાંડામાં જઈને જ પડજે’એમ કહી દેતો.

આ જોઈને પેલા લોકોએ કહ્યું - તું વીંધે છે પણ એકે પક્ષી તો મરતું નથી !

એ તો તમને ના ખબર પડે.તમે કઈ જાણતા નથી.મેં બાવીસ જગ્યાએ તીર માર્યું છે.તમારા માટે આટલા પૂરતા છે.હજી કેટલા ખાશો ?

આ સાંભળીને સાતેયને ઘણીબધી નવાઈ લાગી.તેમણે કહ્યું - અહી તો એકે પક્ષી દેખાતું નથી ને તું ક્યાં બાવીસ મારવાની વાત કરે છે ?

એ તો હવે ઘરે જઈશું પછી જ ખબર પડશે.- ને પછી તેઓ ઘરે આવ્યા.

ઘરે આવીને તેણે પત્નીને જમવાનું પીરસવા કહ્યું.એટલે તેણે ભાત સાથે મરઘીના પીછાવાળા પીલા પીરસી દીધા.

પેલા તો મનફાવે તેમ પીંખી પીંખી ને ખાવા લાગ્યા.તેઓ ખાતા ખાતા એકબીજાને આંગળીથી ગોદા મારતા જઈને વાતો કરે છે - આપણે આ તીર કામઠું તો માંગવું જ પડશે. આ તો ઘણું સારું ગણાય.. સાચે જ આપણે માગવું તો પડશે જ..!

પછી તેમણે ઠગને કહ્યું - ભાઈ, તો તું આ તીર કામઠું અમને આપીશ કે ?

મારી ઘરવાળીને રોજના માંસ ખાધા વગર ચાલતું જ નથી તો હું કેમ કરીને આપું !

અરે..! પણ અમારી સાથે તું શું કરી આવ્યો છે તેનું તને ભાન છે કે નહી ? તો હવે આટલું આપતા તને શું થઈ જાય છે ?

‘તમે સારા માણસો છો એટલે આપું છું પણ બીજાને તો ના જ આપતે.’- આમ કહીને તેણે તીરકામઠું આપી દીધું એટલે તેઓ ઘરે આવતા રહ્યા.

બીજા દિવસે તેમણે પોતપોતાના ઘરે હાંડા મૂકી દીધા,અને પત્નીઓને કહી દીધું - તમારે હાંડામાં થોડું પાણી મૂકીને તેની નીચે દેવતા બરાબર બાળ્યા કરવાની પણ ઉપર ઢાંકણ મૂકવાનું નહિં.

આમ કહીને તેઓ પક્ષીઓ વીંધવા જંગલમાં ગયા.જે કોઈ પક્ષી દેખાય તેને વીંધતા જાય છે અને પેલા ઠગની જેમ ‘હાંડામાં જ જઈને પડજે !’ એમ બોલતા જાય છે.

જેનું મોટું કુટુંબ હોય તે વધારે વાર વીંધે છે અને નાનું કુટુંબ હોય તે ઓછી વાર વીંધે છે.આ રીતે તેઓ આમતેમ બધે વીંધતા ફરે છે.પછી સાંજ પડવા આવી એટલે તેઓ ઘરે પાછા ફર્યા.

બીજી તરફ તેમની પત્નીઓએ સવારથી દેવતા સળગાવી રાખી હતી.તેમણે દેવતા બાળી બાળીને હાંડાના કાણા પાડી નાખ્યા પણ એકે પક્ષી તેમાં આવીને ન પડયું !

તેમણે ઘરે આવીને હાંડાઓમાં ડોક્યું કરીને જોયું તો તેમાં દેવતા બળતી દેખાય પણ એકે પક્ષી ના દેખાય !

કારણ કે એ લોકો હાંડા ઉપર ઢાંકણ મૂકવાની ના પાડી ગયા હતા એટલે જલદીથી પાણી વરાળ થઈને ઉડી ગયું.વળી,દેવતા બાળ્યા જ કરવાની પણ હાડામાં જોવાનું નહિં એમ પણ કહી ગયા હતા એટલે તેમનાથી અંદર પણ કઈ રીતે જોવાય ? તેમણે તો અંદર જોયા વગર દેવતા બાળ્યે જ રાખી એટલે હાંડા બળીને કાણા થઈ ગયા.

આ જોઈને તેમણે વિચાર કર્યો - આપણી સાથે આ ખોટું કામ થયું છે.આપણે ફરી પાછું જવું પડશે. આ વખતે જઈશું એટલે એ ઠગને આપણે પતાવી જ દઈશું !

આમ વિચાર કરીને તેઓ પાછા ઠગ પાસે ગયા.તેનું ટેકરી પર ઘર હતું એટલે તેણે દૂરથી જ તેમને આવતા જોઈ લીધા.

તેણે પત્નીને કહ્યું - પેલા પાછા આવે છે હા.આજે પણ હું કહું એમ જ તારે કરવાનું.

તેણે જલદી જલદી એક મરઘું કાપી નાખ્યું અને તેનું આતરડું કાપી તેમાં બધી લોહી ભરી લીધી.એ આતરડું તેણે પત્નીના ગળામાં બંધાવી દીધું અને પછી તેને ખાંડણીયા પાસે લઈ જઈને બેસાડી દીધી.

એટલામાં સાતેય જણા ત્યાં આવી પહોંચ્યા.

આવતાની સાથે જ તેમણે પૂછયું - ક્યાં છે પેલો ઠગ ?

આ બાજુ છું.બોલો ફરી શું કામ પડયું ?

તું શું કરી આવ્યો છે તેનું તને ભાન છે ? ને ઉપરથી પાછો બોલો શું કામ છે એમ કહે છે !

તે વાત તો પછીથી થશે પણ એકવાર તમે બેસો તો ખરા.

તેઓ બેઠા.

પછી તે ઠગ એકદમ પત્ની પાસે દોડી ગયો.તું શું કરે છે ? ખાંડતી કેમ નથી ? એમ કહીને પછી..

"સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈ ના જાણે."

આમ બોલીને તેણે પત્નીને ગળામાંથી કાપી નાખતો હોય તેવો ઢોંગ કરીને,તેના ગળામાં બાંધેલું આંતરડું કાપી નાખ્યું,ને જે લોહી નીકળ્યું તેને ગળાની આજુબાજુ લગાવી છાંટી દીધું.

પત્ની પણ તરત જ ઢળી પડી અને તરફડવા લાગી.

આ જોઈને પેલા સાતેય જણા ખૂબ જ ગભરાઈ ગયા.

ચોરોએ તો કહ્યું - 'તારા લીધે અમને આગળ પણ છ મહિના સુધી જેલમાં જવું પડયું હતુ અને કટલો બધો માર ખાવો પડયો હતો,ને આજે પાછો તું અમને માર ખવડાવાનો છે.તેં તારી ઘરવાળીને મારી નાખી છે એ પણ હવે અમારા જ માથે પડશે !' - આમ કહીને તેઓ ત્યાંથી ભાગવા તૈયાર થઈ ગયા.

ઠગે તેમને અટકાવતા કહ્યું - તમારે ગભરાવાની જરૂર નથી.તમે થોડીવાર અહીં બેસો તો ખરા !

આમ કહીને પાછો તે પોતાની પત્ની પાસે ગયો અને,-

"સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે."

આમ બોલતા જઈ તેણે પત્ની ઉપરથી છૂરીને ગોળગોળ ફેરવી.એટલે તરત જ તે ઊઠી ગઈ અને સાબેલું લઈને દાણા ખાંડવા લાગી.તેણે જોતજોતામાં દાણા ખાંડી નાખ્યા.

એટલી વારમાં ઠગે પણ કોઢમાં જઈને મરઘી મારી હતી તેનું માસ તૈયાર કરી નાખ્યું.આમ એક બાજુ દાણા ખાંડાયને તૈયાર થઈ ગયા અને બીજીબાજુ મરઘીનું માસ પણ તૈયાર થઈ ગયું.તેમણે ફટાફટ રસોઈ બનાવી દીધી અને પછી બધાને ભાતની સાથે પીરસી દીધી.

એટલે પેલા ખાતા જઈને વાત કરતા જાય છે - છૂરી તો માગવી જ પડશે,આ તો ઘણી સરસ કહેવાય ! એણે તો પત્નીને મારી નાખી હતી તોપણ જીવતી કરી નાખી !

તેઓ આવું વિચારે છે કારણ કે એ સાતમાંથી કોઈકની ઘરવાળી લુચ્ચી તો હોવાની જ ને. એટલે તેમણે નક્કી કરી લીધું કે- આપણે આ છૂરી તો માંગવી જ પડશે.

જમી લીધા પછી તેમણે ઠગને કહ્યું - ભાઈ તું અમને આ છૂરી આપીશ કે ?

મારી ઘરવાળી તો વાતવાતમાં રીસાઈ જવાવાળી છે.એટલે હું આ સૂરી તો તમને નહિં જ આપું !

તો તેં અમારી સાથે શું શું કર્યું છે એ વાતની તને સમજ નથી પડતી ! તેં અમને છ મહિના જેલમાં પૂરાવ્યા,કેટલો બધો માર ખવાડયો.કેટકેટલું વેઠાવ્યું ને ઉપરથી પાછા અમારા હાંડા પણ કાણા કરી નંખાવ્યા.ને તોપણ તું અમને સૂરી આપવાની ના પાડે છે ?

એટલે ઠગ થોડીવાર માટે ‘હું શું કરું ને શું નહિં..?’ એમ કહેતો જઈ થોડો ઉદાસ થયાનો ઢોંગ કરે છે.ને પછી કહે છે - ‘તમે ઘણા સારા માણસો છો એટલે હું તમને આ છૂરી આપું છું પણ બીજાને તો ના જ આપતે.’ આમ કહી તેણે સૂરી આપી દીધી.

તેઓ સૂરી લઈને ઘરે આવવા નીકળ્યા.હવે ચોરોનું ગામ તો દૂર હતું પણ પટેલનું નજીકમાં હતું.તેથી પહેલા પટેલનું ગામ આવ્યું.

‘તમે અહીં જ ઊભા રહો,હું જાઉં છું.’- આમ કહી પટેલે ચોરોને થોડે દૂર જ ઊભા રાખ્યા અને તે ઘરે ગયો.

પટલાણી બહાર જ બેઠી હતી.આવતાની સાથે જ પટેલે તેને કહ્યું - દાણા ખાંડવા લાગી જા જલદી ! આમ  બેસીને શું કરે છે ? ને પછી ..

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે.”

આમ કહીને તેણે પટલાણીને ગળામાંથી કાપી નાખી.એટલે તે તો ઊભી ને ઊભી કૂદવા લાગી.એટલે તેને સાજી કરવા તેણે પાછા એ શબ્દો ઉચ્ચાર્યા,-

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે.”

આમ બોલીને તેણે પટલાણી ઉપરથી છરી ફેરવી,પણ પટલાણી ક્યાંથી બેઠી થાય ! એ તો તરફડયે જ જતી હતી.તેને એવી જ હાલતમાં મૂકીને તે દુઃખી હૃદયે ચોરો પાસે આવ્યો,પણ એ વાતની તેણે ખબર ના પડવા દીધી.

શું થયું ? તારી ઘરવાળી દાણા ખાંડવા લાગી કે નહિં ?

હાં ખાંડવા લાગીને ! કેમ આ ખાંડવાનો અવાજ આવે છે તે નથી સંભળાતો ?

હકીકતમાં તો પટલાણી તરફડતી હતી તેનો ધમ..ધમ અવાજ આવતો હતો.પણ તેણે આવું થયું છે એવું કશું કહ્યું નહિ.

પછી તેઓ ચોરોના ગામમાં ગયા.પહેલો ચોર છરી લઈને ઘરે ગયો.તેણે પોતાની પત્નીને કહ્યું - દાણા ખાંડતી કેમ નથી ? બેસીને શું કરે છે ? ને પછી..

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે.”

આમ કહીને તેણે પત્નીનું ગળું કાપી નાખ્યું.એટલે તે ધમ..ધમ કરીને તરફડવા લાગી.એટલે ફરી તેણે કહ્યું -

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે. ”

પણ તે ક્યાંથી સાજી થાય ! તે પણ ઊભી ને ઊભી તરફળ્યે જતી હતી.ચોરે તેને ઘસડીને એક ખૂણામાં મૂકી દીધી,ને પછી છરી લઈને આવતો રહ્યો.

પેલો લોકોએ તેને પૂછ્યું - શું થયું ?

તે તો દાણા ખાંડવા લાગી છે.

આ રીતે છ એ છ જણાએ પોતાની પત્નીઓને મોતને ઘાટ ઉતારી દીધી.કોઈની પત્ની પાછી જીવતી ના થઈ.

હવે સાતમો બાકી હતો.તેણે કહ્યું - તમારી બધાની જીવી થઈને કામ કરવા લાગી છે એટલે હવે હું જાઉં .

તે પોતાની પત્નીની પાસે ગયો અને કહ્યું - કંઇ દાણા-બાણા ખાંડને ! બેસીને શું કરે છે ? ને પછી..

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે. ”

આમ કહીને તેણે પણ પત્નીને ગળામાંથી કાપી નાખી.તે પણ ઊભી ને ઊભી કૂદવા લાગી.એટલે ફરી તેણે આ રીતે કહ્યું -

“ સૂરી જ મારે ને સૂરી જ જીવાડે,

સૂરીની વાત કોઈના જાણે.”

પણ એ તો ક્યાંથી જીવે ! તેણે પેલા છની પાસે આવીને કહ્યું - અરે..! તમારા બધાની ઘરવાળીઓ જીવતી થઈ ગઈ એમ કહેતા હતા ને મારી તો ના જીવી ?

તારી આંખ ફૂટી ગઈ છે ? છૂરી કોઈ દિવસ જીવાડે ? અમે તો અમારી ઘરવાળીઓને ઘસડીને ખૂણામાં કરી આવ્યા છીએ.છૂરીથી કોઈ જીવતું હશે ?

પછી તેમણે એવું નક્કી કર્યું કે- આ વખતે આપણે તેની સાથે કોઈ જાતની વાત કરવાની નથી.તેને કંઇ પૂછવાનું નથી.હવે તો તેને મારી જ નાખવો છે,બસ.તેણે અત્યાર સુધી આપણને વાતમાં બનાવીને જેલમાં પૂરાવ્યા,માર ખવડાવ્યો,આપણા હાંડલા કાણા કરાવી નંખાવ્યા અને આજે આપણા હાથે જ આપણી ઘરવાળીઓને પણ મારી નંખાવી ! એટલે હવે આપણે તેને ખતમ જ કરી નાખીશું !

આમ વિચાર કરીને તેઓ ઠગ પાસે જવા નીકળ્યા.

તેમને દૂરથી જ આવતા જોઈને ઠગે પત્નીને કહ્યું - તું ફટાફટ બીજી એક છૂરી ઘસીને બરાબર તૈયાર કરી નાખ.

ને પછી તે છૂરી લઈને કોઠીમાં ભરાઈ ગયો અને ઉપરથી કોઠીનું ઢાકણ મૂકાવી દીધું.તેણે કોઠીમાં એક નાનું કાણું પાડી દીધું.

એટલામાં પેલા લોકો ઘરે આવી પહોંચ્યા.

તેમણે ઠગની પત્નીને પૂછયું - ક્યાં ગયો પેલો ઠગ ?

આ રહ્યો,ગંધાય ઉઠયો છે એટલે કોઠીમાં ભરાય ગયો છે.

હવે તેના ઘરને આગળ પાછળ એમ બે બારણા હતા.તેઓ બધા બહાર ઊભા હતા. ‘શું સાચે જ એ ગંધાય ઊઠયો છે કે ?’ એ જાણવા માટે સાતમાંથી એક ઘરમાં ગયો.

તેણે કોઠીના કાણાં પાસે નાક લઈ જઈને ગંધાવી જોયું.એટલે ઠગે તેનું નાક પકડયું અને ચપ્પ.. કરીને કાપી લીધું.

એટલે તે તો નાક દબાવીને ઉહુંહુંહું..કરતો ત્યાંથી ભાગ્યો અને પાછલે બારણે નીકળી નાઠો.

આ જોઈ બહાર ઊભા હતા તેમને લાગ્યું કે - આ તો સાચે ગંધાય ઉઠયો લાગે છે !

હકીકતમાં તો પેલાનું નાક કાપી લીધું હતું,તેથી તે નાક પકડીને નાઠો હતો.

પછી બીજો કોઠી પાસે ગયો.સાચે જ ગંધાય ઉઠયો છે કે નહિં તે જાણવા.

તેણે પણ પહેલાની જેમ જ કાણાં નજીક નાક લઈ જઈને ગંધાવી જોયું.ઠગે તેનું પણ નાક પકડયું અને ' ચપ્પ ' કરીને કાપી લીધું.

એટલે તે પણ નાક પકડીને ઉહુંહુંહું.. કરતો ત્યાંથી નાઠો અને પાછલે બારણેથી બહાર નીકળી ગયો.

આ રીતે તેણે સાતે સાત જણાના નાક કાપી લીધા.આ વખતે ઠગે તેમને કોઈ સ્ત્રી પણ ના પરણે એવા નકટા કરીને ત્યાંથી મોકલી દીધા.

ને પછી બંને પતિ પત્ની સારી રીતે જીવીને ખાવા લાગ્યા.

## ૫ . બુચો

બે ભાઈ હતા.એકનું નામ બોડો અને બીજાનું નામ ગાંડો.તેઓ ખૂબ ગરીબ હતા.કણબીવાસમાં કામ કરવા જાય તો જ તેમને ખાવાનું મળતું.એક દિવસે બંને ભાઈઓ કામ શોધવા માટે નીકળ્યા.તેમને કણબીવાસમાં આવેલા જોઈને ઘણાબધા શેઠ તેમની પાસે દોડી આવ્યા. તેમણે પૂછયું,ક્યાં જાવ છો ? અમે કામ શોધવા માટે નીકળ્યા છીએ – બંને ભાઈઓએ જવાબ આપ્યો.તેમાં બે શેઠ હતા હતા.તેઓ પણ બંને ભાઈ હતા.તેમણે કહ્યું કે, તમે બંને ભાઈઓ અમારા ઘરે કામ માટે આવતા રહો.એટલે મોટા શેઠને ત્યાં મોટો ભાઈ ગયો અને નાના શેઠને ત્યાં નાનો ભાઈ ગયો.તે બંને પોતપોતાનું કામ કરવા લાગ્યા અને ત્યાં રહીને ખાવા લાગ્યા .

હવે એક દિવસે બોડાને મોટા શેઠે કહ્યું,બોડા જા તું છોકરાના કપડા સરસ મજાના ધોઈ લાવ.બોડો કપડા ધોવા નદીએ ગયો.તેણે સરસ કપડા ધોવા માટે કહ્યું હતું એટલે તેણે કપડા મોટા પથ્થર પર મૂકીને પથ્થરથી જ બરાબર ઘસવાનું શરૂ કર્યુ માંડયું.આ રીતે તેણે આખા કપડા પીખી નાખ્યા અને ઘરે આવીને વાડ પર સૂકાવા નાખી દીધા.કપડાઓની હાલત જોઈ શેઠે પૂછયું,તું આ શું કરી લાવ્યો ? શું કરું તમે જ તો કીધું હતું કે સરસ રીતે ધોઈ લાવજે એટલે મે તો કપડા બરાબર અફાળીને ધોયા,તો એ ફાટી ગયા તો તેમા મારો શો વાંક ! શેઠે તેની વાત માની લીધી અને કહ્યું,ચાલ કશો વાંધો નહિં.

બીજા દિવસે સવારે શેઠે તેને બીજું કામ સોંપતા કહ્યું,જા બોડા છોકરાઓને બરાબર મેલ કાઢી; ઘસી ઘસીને ન્હવડાવી લાવજે.તે છોકરાઓને લઈને નદીએ ગયો,અને મેલ કાઢવા માટે નળિયાથી ઘસી ઘસીને લોહીલુહાણ કરી નાખ્યા. આવી જ હાલતમાં તેઓ ઘરે આવ્યા.આ જોઈ શેઠ એકદમ ગુસ્સે થઈ ગયા.તેમણે પૂછયું,આ શું કર્યું ? બોડાએ કહ્યું,તમે જ તો કીધું હતું કે સરસ રીતે ઘસી ઘસીને ન્હવડાવજે એટલે મેં તો તે રીતે ન્હવડાવ્યા.એમા મારો શો વાંક ! શેઠ ફરી તેની વાત માની ગયા.

ત્રીજા દિવસે ફરીપાછા શેઠે તેને કહ્યું,બોડા તું આજે ગાડું જોડી લઈને ખેતરે જા.તે ગાડું લઈને ખેતરે ગયો.તેણે ચારો કાપીને ગાડામાં ભરી લીધો અને બળદો જોતરીને ઘરે આવવા નીકળ્યો.ખાડી પાસે આવીને તેણે આખું ગાડું સળગાવી દીધું,ને પછી વાટ વગેરે જે કઈ લોઢાનું હતું તે ખાડીમાં નાખી દીધું.તે એકલા બળદો લઈને ઘરે આવ્યો. આ જોઈ શેઠે

પૂછ્યું,ગાડું ક્યાં ગયું ? તેણે કહ્યું,શેઠ મને ખબર ના પડે એ રીતે કોઈકે ગાડાના પાછળને આગ લગાવી દીધી હતી એટલે આખેઆખું ગાડું જ સળગી ગયું.એટલે મેં વાટ વગેરે ખાડીમાં નાખી દીધું અને બળદો લઈને આવતો રહ્યો. તમે જ કહો હું બીજું તો શું કરું ? ઉપરથી પાછો તેણે સવાલ કર્યો.શેઠે કહ્યું,કશો વાંધો નહિ. પણ વાટ ઘણી મોંઘી હોય છે એટલે એ તો કાઢી જ લાવવી પડશે.

શેઠ ઘોડા પર બેસી ગયા અને બોડાને લઈને ખાડીએ આવ્યા.શેઠે બોડાને કહ્યું,ચાલ પાણીમાં ઉતર અને વાટ કાઢી લાવ.બોડાએ કહ્યું કે શેઠ મારાથી તો ના ઉતરાય.મેં આજ સુધી ઊંડા પાણીમાં ઉતરવાની હિંમત કરી નથી,એટલે તમે જ ઉતરો.શેઠે ઘોડાની લગામ બોડાના હાથમાં પકડાવી  દીધી અને પછી પાણીમાં ડૂબકી લગાવી.એટલામાં બોડે ઘોડાની પૂછડી કાપી નાખી એટલે ઘોડો પીડાનો માર્યો ત્યાંથી ભાગી ગયો.તેણે પૂછડી છીછરા પાણીની રેતીમાં દાટી દીધી.શેઠે બહાર નીકળીને જોયું તો તેમને ઘોડો ન દેખાયો.તેણે બોડાને પૂછ્યું,મારો ઘોડો ક્યાં ગયો ? બોડાએ કહ્યું, તમે નીકળો તો ખરા ! પાણીમાં રહીને શું કરો છો ? જુઓને ઘોડો અહીં તણાય ગયો છે.મેં  પૂછડી પકડી રાખી છે.ચાલો,આપણે બંને મળીને ખેંચીએ.બંનેએ પૂછડું પકડીને ખેચ્યું કે તરત જ તરત જ બહાર નીકળી આવ્યું ! બોડાએ હતાશ થઈને કહ્યું,અરે,આ તો ડૂબી ગયો ! હવે શું કરીએ ? શેઠને ફરી તેની વાત સાચી લાગી.તેમણે કહ્યું,કઈની જવા દે,ચાલ હવે આપણે ઘરે જઈએ.

આગલા દિવસે શેઠે ફરી પાછું તેને કામ સોંપતા કહ્યું,બોડા તું આજે ખેતર ખેડવા જા ! ને પછી ઉમેર્યું આ કૂતરી જેમ ફરે તેમ જ તારે ખેતર ખેડવાનું અને આ બે જોડ જૂતા તોડવાના ! જો તેં આ રીતે ખેતર ના ખેડી પાડયું અને આ બે જોડ જૂતા ના તોડયા,તો હું તને ખાંડણિયા પાસે વાકો વાળીને જૂતાથી ફટકારીશ,અને તારા બરડા પરનું ચામડું કાડી લઈશ.બોડો તો હળ લઈને ખેતરે ગયો.પણ કૂતરી ફરે તેમ થોડું ખેડાય ! ને બે જોડ જૂતા કાંઈ તૂટતા હશે ! હવે તે કૂતરા પાછળ ક્યાં ખેડતો ફરે ! બપોરે શેઠ કેટલુ ખેડાયું છે તે જોવા આવ્યા.સાંજ થઈ ગઈ પણ બોડાથી ખેતર ન ખેડાયું અને બે જોડ જૂતા પણ ન તૂટયા.તે સાંજે ઘરે આવ્યો એટલે શેઠે તેને ખાંડણિયા પાસે  વાકો વાળ્યો ને જૂતાથી ફટકારીને તેનું બરડા પરનું ચામડું કાઢી નાખ્યું.

બોડો તો હાય..હાય.. કરતો ગયો અને રડતો રડતો ગાંડા પાસે આવ્યો.તેને રડતો જોઈને ગાંડાએ પૂછ્યું,ભાઈ,શું થયું ? તું કેમ રડે છે ? બોડાએ રડતા જઈને કહ્યું,જવા  દે ને

શેઠે મને માર મારીને બરડા પરનું ચામડું કાડી લીધું.ગાંડાએ કહ્યું,અરે,આ તો વળી કેવો શેઠ ! ચાલ હું આવું છું.તેઓ બંને શેઠના ઘરે આવ્યા.શેઠે ગાંડાને પૂછયું તું બોડાનો નાનો ભાઈ કે ? તેણે કહ્યું – હા.એટલે શેઠે તેને આ જ કામ સોંપતા કહ્યું,તો પછી જાહવે તું ખેતર ખેડજે ! બે જોડ જૂતા તોડજે અને આ કૂતરી ફરે તેમ તેમ ખેડજે.જો તેં ના ખેડી પાડયું તો હું તારા બરડા પરનું ચામડું પણ કાઢી લઈશ.તેણે કહ્યું,કશો વાંધો નહિં,પણ મને એક દોરડું આપો.એટલે શેઠે તેને દોરડું અને સાથે બે જોડ નવા ખાસડા પણ આપ્યા.

તે હળ અને કૂતરી લઈને ખેતરે ગયો.ખેતરે જઈ તેણે કૂતરીને પકડીને દોરડાથી બાંધી દીધી.પછી તેણે હળ જોડયું.હવે કૂતરીને દોરડાથી બાંધી દીધી હતી એટલે તે તો દૂર ના જ જઈ શકે ! તે તો ખૂંટાની ફરતે ગોળગોળ ફર્યા કરે છે.ગાંડાએ એટલી જમીન તો જોતજોતામાં ખેડી નાખી,ને પછી પથ્થર ઠોકી ઠોકીને નવા જૂતા પણ તોડી નાખ્યા.બપોરે શેઠ જોવા માટે આવ્યા. તેમણે જોયું તો કૂતરીને ખૂંટા સાથે બાંધેલી હોવાથી તે ગોળગોળ ફર્યા કરતી હતી અને એટલું ખેતર તો તેણે ખેડી નાખ્યું હતું,ને વળી જૂતા પણ તોડી નાખ્યા હતા.તેણે શેઠને ચોખ્ખું સંભળાવી દીધું,ચાલો શેઠ આપણે ઘરે જઈએ.હવે મારે તમારી ચામડી ઉતારવી પડશે.તેણે શેઠને ખાંડણિયા પાસે જ વાકો વાળ્યો અને બરડા પરની ચામડી ઉતારી નાખી.આમ તેણે શેઠને પણ હાય.. હાય.. કરતો કરાવી દીધો.તેણે બોડાને આ વાતની જાણ કરતા કહ્યું,ભાઈ મેં આજે શેઠની બરાબર વલે કરી છે.

આગલા દિવસે શેઠે ગાંડાને પાછો બોલાવ્યો અને કહ્યું,જા ગાંડા,આ ભેંસોને કૂવાએ લઈ જઈને પાણી પીવડાવી લાવ.ને સાંભળ,સારી રીતે પાજે હા – ઉપરથી પાછું તેણે ઉમેર્યું.ગાંડો ભેંસોને પાણી પાવા માટે કૂવાએ લઈ ગયો.તેણે એક પછી એક એમ બધી ભેંસોને ઉચકીને કૂવામાં નાખી દીધી અને એકલો જ ઘરે આવ્યો. શેઠે પૂછ્યું કે ભેંસો ક્યાં ગઈ ? ગાંડાએ કહ્યું કે તમે સારી રીતે પાજે એમ કહ્યું હતું એટલે કૂવામાં પાણી પીવા નાખી છે.બોડોએ તેને કહ્યું,તું જાને જરા શેઠ શું કહે છે તે સાંભળી આવજે.ગાંડો સાંભળવા એમ કરીને ગયો.તેણે દરવાજા પાસે જઈને પોતાનો એક કાન કાપી નાખ્યો અને પછી દરવાજા સાથે ચોંટાડીને આવતો રહ્યો. શું કહ્યું શેઠે ? બોડાએ પૂછયું.તેણે કહ્યું,હવે તો જે કહેવું હોય તે કહ્યા કરે. હું તેના ઘરના દરવાજા પાસે કાન મૂકીને આવતો રહ્યો છું એટલે હવે મારે કોઈ ચિંતા નથી એ બધું સાંભળ્યા કરશે.અરે હવે તારું નામ તો બુચો રાખવું પડશે.તેણે કહ્યું,તારે જે નામ રાખવું હોય તે રાખ,પણ આપણી જીત થઈ એટલે બસ.બોડાએ કહ્યું,આ કણબી હવે

આપણને મારી જ નાખશે.ગાંડાએ કહ્યું,એ કણબી આપણને શું મારે.એ આવે તે પહેલા આપણે અહીંથી ભાગી છૂટીશું.ચાલ,અત્યારે જ આપણે અહીંથી જતા રહીએ એમ કરીને બંને ત્યાંથી આવતા રહ્યા.

તેઓ બંને જંગલમાં થઈને ફરતા ફરતા આવતા હતા.રસ્તામાં કેટલાક હલીઓ ખેતરો ખેડતા હતા.તેઓ બધા હળ મૂકીને જમવા જતા રહ્યા હતા.બુચાએ બોડાને કહ્યું,જા બોડા તું પેલા હળનો ચવાડો કાઢી લાવ ! બોડાએ કહ્યું,તું તો ખરેખર નકટો છે.ચાવડો કઈ કાઢી લવાતો હશે ! તેણે કહ્યું,તું જા અને લઈને આવતો રહે,એ કઈ તને ખાઈ નથી જવાનો ! તું તો સાચે જ મારી નંખાવે એવો છે – બોડાએ કહ્યું.કોઈ મારવાનું નથી તું જા ને ! ગાંડાએ પણ જીદ પકડી.એટલે બોડો ગયો અને ચવાડો લઈને આવતો રહ્યો.

તેઓ ચવાડો લઈને આગળ ગયા.એક વાડીમાં કૂવાનો કોશ બંધ હાલતમાં પડેલો હતો.બુચાએ બોડાને કહ્યું,ભાઈ તું જા,પેલા કોશને લેતો આવ.ને સાથે તેનું દોરડું પણ ગડી કરીને લેતો આવજે.બોડાએ કહ્યું,અરે,આવડો મોટો કોશ મારાથી કઈ ઉચકાતો હશે ? તેણે કહ્યું,એ તો ઉચકાય જશે,તું એકવાર જા તો ખરો ! બોડો ગયો અને બધું જ ઉચકી લઈને આવતો રહ્યો.ચાલ હવે આ બધું બરાબર બાંધીને લઈ લે – બુચાએ કહ્યું.તે નાનો હોવા છતા પોતે કઈ ઉચકતો નથી અને બોડાને જ બધું ઉચકાવે છે.

તેઓ આગળ ચાલતા થયા.આગળ જતા તેમને એક ડોસી મળી.ડોસીએ તેમને પૂછયું,ક્યાં જાઓ છો છોકરાઓ ? બુચાએ જરા ચીડાઈને જ કહ્યું,ઘરે જઈએ છીએ, બીજે વળી ક્યાં જઈએ ! ડોસીએ કહ્યું,તો પછી આમ ચીડાવ છો શું કામ.હું તમારા ભલા માટે જ તો પૂછું છું.બૂચાએ કહ્યું,તો પછી જે કઈ કહેવું હોય તે સીધી રીતે બોલને! હું તો બધી જ મુસીબતોને પાર પાડનારો માણસ છું.તેણે કહ્યું,તમે આ વાટે ના જશો.આગળ જંગલમાં ઘણો મોટો પાડો બેઠેલો છે.તે ઘણો મારકણો છે અને માણસોને જોતાની સાથે જ મારવા દોડે છે.તેણે બો બધા માણસોને મારી નાખ્યા છે.બોડાએ કહ્યું,બુચા તો તો પછી આપણે આ રસ્તે ના જઈએ.બુચાએ કહ્યું,એમાં આટલો શું કામ બીએ છે ! એ પાડો આપણને શું કરી લેશે.આમ કહીને તે બોડાને લઈને એ જ વાટે આગળ ગયો.

તેમને દૂરથી આવતા જોઈને પાડો મારવા માટે દોડયો.બોડોએ કહ્યું,હવે જોજે તું,આપણું આજે નક્કી આવી બન્યું ! બુચાએ કહ્યું,તું બોલવાનું રહેવા દે.ચાલ તું મારી

પાછળ આ ઝાડ ઓથે સંતાઈ જા અને મને બરાબર પકડી લે.આમ કહી બૂચો ઝાડ ઓથે બરાબર લપાઈ ગયો અને તેને ચીપકીને બોડો ઊભો રહી ગયો.પાડો તેમને મારવા આવ્યો કે તરત બુચાએ ઝાડ પાછળ રહીને તેના શિંગડા પકડી લીધા.અને મરડીને આખે આખા શિંગડા જ કાઢી લીધા.પાડાને ખૂબ જ પીડા થવા લાગી એટલે તે ત્યાંથી ઊભી પૂછડીએ ભાગી ગયો.બુચાએ કહ્યું,જોયું ને ભાઈ,આવી ચાલાકી જોઈએ ! વાત તો સાચી છે – બોડાએ હકારમાં માથું ધુણાવ્યું,ને પછી ઉમેર્યું – પણ મને બીક લાગે છે.

શિંગડા લઈને તેઓ આગળ ચાલ્યા.થોડે જઈને તેમને ફરી એક ડોસી મળી.ડોસીએ પૂછ્યું,ક્યાં જાઓ છો ? તેમણે કહ્યું,ઘરે જઈએ છીએ.ડોસીએ કહ્યું,તો તમે આ વાટે ના જશો.આગળ ઝાડીઓમાં ઘણું મોટું ભમરિયું મધ બેઠું છે.તે લોકોને ખૂબ કરડે છે.આ સાંભળીને બોડો તો ડરી ગયો.તેણે કહ્યું, તો આપણે આ વાટે ના જઈએ.ભમરિયા મધને તો ઘણીબધી માખીઓ હોય છે.જો તે કરડવા દોડશે તો આપણને જીવતા નહિં મૂકે. બુચાએ કહ્યું,એ આપણને કઈ કરડશે નહિં.તું ચાલ મારી સાથે.ચાલ તો પછી આવું છું – એમ કહીને બોડો તેની સાથે જવા તૈયાર થઈ ગયો.પણ દરેક વખતની જેમ બુચો બોડાને જ આગળ ચલાવે છે અને પોતે પાછળ ચાલે છે.તેમને પોતાની તરફ આવતા જોયા એટલે મધમાખીઓ બણબણ..બણબણ... કરતી આવવા લાગી.બોડાએ કહ્યું,જોજે હવે કોને કોને રોકવા જઈશ.એ તો કઈની,આવવા દે એમને – બુચો તો નિશ્ચિંત બનીને ઊભો રહી ગયો.જેવી માખીઓ નજીક આવી કે તેણે બંને શીંગડા આગળ કરી દીધા,એટલે બધી માખીઓ શીગડાઓમાં ભરાય ગઈ.તેણે શિંગડાઓને ડૂચો મારી દીધો અને આવવા લાગ્યા. આવતા આવતા બુચાએ કહ્યું,જોયું ને ભાઈ આપણું કામ ! વાત તો બરાબર છે – બોડાએ ફરી માથું ધુણાવ્યું.

ચાલતા ચાલતા બોડાને ભૂખ લાગી.તેણે બુચાને કહ્યું, ભાઈ મને તો ભૂખ લાગી છે તો હવે શું કરીએ ? ભૂખ લાગી હોય તો કશો વાંધો નહિં,હું બધી સગવડ કરી નાખીશ.પણ તું હમણા શાંતિ રાખ – બુચાએ કહ્યું.હવે,આ ભર જંગલમાં એક રાક્ષસનું ઘર હતું.રાક્ષસ તો જંગલમાં ફરવા જતો રહ્યો હતો.તે બારણાને તાળું મારી ગયો હતો.બૂચાએ બોડાને કહ્યું,ભાઈ તું આ તાળું તોડી નાખ ! બોડાએ કહ્યું,તાળું કઈ તુટતું હશે ? તાળું તે તાળું ! બુચાએ કહ્યું,કેમ ના તૂટે ! જરા આંચકો મારીને ખેચ,હમણાં તૂટી જશે.બોડે તાળું પકડીને ખેચ્યું એટલે તાળું તૂટી ગયું.

તેઓ બારણું ખોલીને ઘરની અંદર ગયા.ઘરમાં તેલ,ચોખા,મરી મસાલા બધું જ હતું.તેમણે અંદરથી અડાગરો મારી દીધો અને રસોઈ બનાવવા લાગ્યા.તેમણે બરાબર ધરાઈને જમી લીધું.થોડીવાર પછી રાક્ષસ આવ્યો.તેણે પોતાના ઘરનું તાળું તૂટેલું જોયું.તેણે બારણું ખોલવા માટે લાત મારી.પરંતુ અંદરથી અડાગરો મારેલો હોવાથી બારણું ના ખૂલ્યું.રાક્ષસે પૂછ્યું,મારા ઘરમાં કોણ છે ? બૂચાએ કહ્યું,તારાથી મોટો હોય તે.અરે ! હું રાક્ષસ છું તોપણ તારાથી મોટો એમ કહે છે તો એ હજી કવો છે ! આમ વિચારી તેણે કહ્યું, જો તું મારા કરતા મોટો હોય તો તારો મુગટ નાખ.બુચાએ કોશને ભમ્મ ... કરતા આંગણે નાખ્યો.કોશ જોઈને રાક્ષસને લાગ્યું,આ તો સાચે જ મારા કરતા મોટો છે.જો મુગટ જ આટલો મોટો છે તો પછી માણસ કેટલો મોટો હશે ! આમ વિચારી તે ત્યાંથી ભાગી ગયો.

તે બીજા પાંચ રાક્ષસોને બોલાવી લાવ્યો. તેણે ફરી પૂછ્યું,મારા ઘરમાં કોણ છે ? બુચાએ એ જ જવાબ આપ્યો – તારાથી મોટો હોય તે.અરે,મારાથી મોટો એટલે કોણ ? તેમણે કોષનું દોરડું નાખ્યું ધબ્બ કરતું.આ જોઈ તેઓ પાછા ભાગી ગયા.આ તો સાચે જ મોટું છે એમ કહેતા કહેતા.હવે શું કરીએ.એટલે ફરી દશ જણા થઈને આવ્યા.મારા ઘરમાં કોણ છે ? બુચાએ કહ્યું,તારાથી મોટો હોય તે ! જો મારાથી મોટો હોય તો તારો દાંત નાખ ! એટલે તેણે આગમાં તપાવેલો ચવાડો સૂસૂસૂ... કરતો નાખ્યો.આ જોઈ બધા રાક્ષસો ચોંકી ગયા.તેઓ અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે,આ તો ખરેખર આપણા કરતા મોટો હશે.જો તેનો દાંત જ આવડો મોટો ને ગરમ છે તો તે કેવો હશે ! ને તેઓ પાછા નાઠા.

તેઓ વીસ જણા થઈને પાછા આવ્યા.રાક્ષસે પૂછ્યું,મારા ઘરમાં કોણ છે ? તારાથી મોટો હોય તે.એટલે તેણે બંને શીંગડા ખોલી નાખ્યા એટલે ભમરિયાની માખીઓ તેમને ભગાડી લઈ ગઈ એટલે તેઓ નાસી નાસીને જંગલમાં ભરાય ગયા.બુચો કહે છે કે ચાલ હવે આપણે તૈયાર થઈને જતા રહીએ.દૂર ભગાડી દીધા છે એટલે જલદી ના આવશે.હા ચાલો તો પછી.બેચાએ કહ્યું કે પેલો દિવેલનો ડબ્બો ને પેલી કુહાડી લઈ લે.પછી ચાલ આપણે નીકળીએ.એટલે બોડે દિવેલનો ડબ્બો ને કુહાડી લઈ લીધી ને પછી તે વાટે પડી ગયા.તેમને જંગલમાંથી નીકળતા રાક્ષસોએ જોઈ કા'ા.એટલે રાક્ષસો કહેવા લાગ્યા કે અરેરે જુઓને પેલા જરા અમથા ચણોઠી જેવા જતા છે.આવડા નાના અમથા આપણને ડરાવી ગયા.પછી તે તેમને પકડવા દોડયા.બોડાએ બુચાને કહ્યું,જોજે હવે આ વખતે આપણો વારો તો આવી જ ગયો છે.બુચાએ કહ્યું,એકવાર પેલા તાડ સુધી પહોંચી તો જઈએ,પછી ની વાત પછી.

તેઓ જલદીથી તાડ પાસે પહોંચી ગયા.બુચાએ કહ્યું,ભાઈ તને જો બીક લાગતી હોય તો પહેલા તું  ચઢી જા.આમ કહીને તેણે બોડાને કેરોસીનનો ડબ્બો અને કુહાડી લઈને તાડ પર ચઢાવી દીધો,ને પાછળથી તે પણ ચઢી ગયો.તે તાડની ટોચ પર જઈને બેસી ગયા અને પછી તાડના થડ સુધી પહોંચે એ રીતે દિવેલ રેડી દીધું.એટલીવારમાં તો વીસ પચ્ચીસ રાક્ષસો ત્યાં આવી પહોંચ્યા. તેઓ  તાડ પર ચઢવા મથે છે પરંતુ દિવેલ રેડયું હોવાથી ચઢવા જાય છે એવા જ લપસી પડે છે.એટલે તેમણે બીજી એક રીત શોધી કાઢી. એક ઉપર બીજો ચઢે અને બીજા ઉપર ત્રીજો,એમ કરીને તેઓ ચઢવા લાગ્યા. ચાલો,આ રીતે એમને આપણે પકડી લઈશું – આમ વાતો કરતા જાય છે.બોડા બુચાને કહ્યું,જોજે ભાઈ, હવે તો આપણું નક્કી આવી બનવાનું ! બુચાએ કહ્યું,તું શું કામ બીએ છે ? એ લોકો આપણું શું કરી લેશે ! તું ધીરજ રાખ.હવે એક જ રાક્ષસ ચઢવાનો બાકી હતો.જો તે ચઢી જતે તો તેમને જરૂર પકડી લેત.પરંતુ તે ઉપર સુધી ચઢી જાય તે પહેલા બુચાએ કહ્યું,ભાઈ,જરા લાવ તો કુહાડી ! તેણે કુહાડી માગી એટલે બધા રાક્ષસો ગભરાઈ ગયાઅને એકની ઉપર એક તૂટી પડયા.તેઓ બધા જ મરી ગયા.તેમની પાસે કેરોસીન અને મશાલ તો હતી જ.તેમણે લાકડા લાવીને મોટી ચિતા ખડકી દીધી અને કેરોસીન નાખીને બધાને સળગાવી દીધા.પછી બુચાએ કહ્યું,જોયું ને ભાઈઆવું કામ કરવું પડે,કાચું પોચું ના ચાલે.

આ રીતે તેઓ આગળ વધતા... બુચાએ કહ્યું,ભાઈ ચાલ હવે આપણે મામાના ઘરે પરોણા જઈએ.બોડાએ કહ્યું,હવે હું તારી સાથે નહિં આવું.હું સીધો ઘરે જ જતો રહીશ.તારી સાથે રહીને મારે કેટલું વેઠવું પડે છે ! બુચાએ કહ્યું, એમાં શું વેઠવાનું વળી ? ના, હવે હું નહિં જ આવું – આમ કહીને બોડો ઘરે આવતો રહ્યો.બુચો મામાને ત્યાં ગયો.તેને આવેલો જોઈને મામાએ તેને આવકારતા કહ્યું,આવ આવ બેસ.તે જઈને બેઠો.હવે મામાને તો ખબર જ હતી કે આ કેવા પ્રકારનો માણસ છે તે.તેમણે પૂછયું,ક્યાં ગયો હતો ? બુચાએ કહ્યું,કણબીવાસમાં કામ કરવા ગયો હતો પણ ત્યાં હવે કામ જ જેવું પુરૂ થઈ ગયું હતું.હું અને બોડો સાથે ગયા હતા પણ તે આવવા ન થયો.હું તો ચાલ મામાને મળતો આવું એમ કરીને આવ્યો. મામાએ કહ્યું,કઈની દીકરા આવ્યો તે પણ સારૂ જ કર્યું.

તેમણે રાતનું જમવાનું બનાવ્યું અને બુચાને સોનાની થાળીમાં જમાડયો. જમતા જમતા તેણે વિચાર કર્યો કે,આ તો સોનાની થાળી છે ! આને મારે કઈ રીતે ચોરી જવી.કઈની એ તો હું રાતના ચોરી જઈશ.બીજીબાજુ મામાએ ઘરવાળીને કહ્યું, આપણે એને સોનાની થાળીમાં

જમાડયો તો છે,પણ હવે તે આ થાળી ચોરવાની કોશિશ જરૂર કરશે . એટલે આપણે ખાટલા ઉપર સીકું બાંધી દઈએ,ને પછી આ થાળીમાં પાણી ભરીને તેમાં મૂકી દઈશું.જો તે થાળી ચોરવા માટે આવશે તો પાણી નીચે પડશે અને આપણે જાગી જઈશું.તમારી વાત સાચી છે – પત્નીએ કહ્યું.આ પ્રમાણે થાળી મૂકીને તેઓ ઊંઘી ગયા.

રાતના બાર વાગ્યે બુચો ઉઠયો.આંગણામાં પપૈયાનું ઝાડ હતું ત્યાંથી તે એક પાંદડું તોડી લાવ્યો.તે પાંદડાની દાંડી વડે થાળીમાનું બધું જ પાણી પી ગયો.તેણે સીકામાંથી થાળી કાઢી લીધી અને સીધો ખાડીએ જતો રહ્યો.તેણે થાળીને રેતીમાં સંતાડી દીધી અને પછી ઘરે આવીને સૂઈ ગયો.એટલામાં મામા જાગી ગયા.તેમણે જોયું તો સીકામાં થાળી નહોતી.તુમણે પત્નીને ઉઠાડી,– ઉઠને..ઉઠને... સીકામાં થાળી નથી ! પત્નીએ કહ્યું,જાઓને જરા તમારા ભાણીયાને તપાસી જોજો,અને તેના પગ ભીના છે કે નહિં તે પણ જોઈ આવજો.મામા જોવા ગયા તો બૂચાના પગ સાચે જ ભીના હતા ! આ જોઈને મામાને ખબર પડી ગઈ કે આ તો આનું જ કામ છે.તેમણે પત્નીને આવીને કહ્યું,થાળીની ચોરી તો એણે જ કરી છે,તેના પગ પણ ભીના જ છે.તેઓ રેતીમાં ખોસી ખોસીને જોવા લાગ્યા. એટલે થાળી મળી ગઈ.પરંતુ તેમણે બુચાને કશું જ ના કહ્યું.

બીજા દિવસે ફરી તેમણે બુચાને તે જ થાળીમાં જમવાનું પીરસી આપ્યું.થાળીને જોઈ તે વિચારમાં પડી ગયો કે,આ થાળી તો હું સંતાડી આવ્યો છું તેના જેવી જ લાગે છે,શોધી લાવ્યા છે કે શું ? રાત્રે ફરીપાછા એ જ પ્રમાણે સીકામાં થાળી મૂકીને તેઓ ઊંઘી ગયા.તે રાતે પણ બુચો પપૈયાના પાંદડાની દાંડીથી બધું પાણી પી ગયો,ને પછી થાળી લઈને વાડામાં જૂવારનું કૂંદવું હતું તેમાં ભરાઈ ગયો.મામા મામીએ સવારમાં ઉઠીને જોયું તો થાળી નહોતી અને બુચો પણ નહોતો.તે ક્યાં ગયો હશે ? ક્યાં ગયો હશે ? અત્યાર સુધી તો હતો જેવો ને ! આ રીતે તેઓ વિચાર કરવા લાગ્યા. મામાએ પત્નીને કહ્યું,તું થોભ,એકવાર મને ગળામાં ઘંટડી બાંધવા દે.તેમણે ગળામાં ઘંટડી બાંધી લીધી અન બૂચો જે કૂધવામાં સંતાયો હતો ત્યાં જઈને ખખડાવવા લાગ્યા. તેઓ ઘસડાતા હતા એટલે ગળામાંની ઘંટડી ટીન..ટીન.. અવાજ કરતી હતી.એટલે બુચો અંદરથી દબાયેલા અવાજે કહે છે,ખોળી નાખીશ ને પાડા ! અહિં ક્યાં આવે છે ? મામા આ સાંભળી ગયા.તેમણે આખું કૂધવું ખોલી નાખ્યું.તેની અંદરથી બૂચો નીકળ્યો.આ જોઈને મામી તો તેને ખૂબ ખીજાઈ.તેણે મામાને પણ 'તમારો ભાણીયો તો આવો ને તેવો ' કહીને ઘણુંબધુ સંભળાવી દીધું.

આ બધું પણ ગમે તેમ પતી ગયું.પણ બૂચો મામાના ઘરેથી જવાનું નામ લેતો નથી ! મામીએ મામાને કહ્યું,હવે આપણે શું કરીએ ? મામાએ પણ એ જ પ્રશ્ન કર્યો,તું કહે શું કરવું,એ તો અહીંથી જવાનું નામ લેતો નથી,અને બળજબરીથી એને મોકલવો પણ કઈ રીતે ! એને તમે અલગ જ છાપરું પાડી આપો – મામીએ કહ્યું.મામાએ તને એક અલગ જ છાપરી બનાવી આપી,ને ઉપરથી જીવી ખાવા માટે એક ભેંસ પણ આપી દીધી.

એક રાતે બૂચાએ ભેંસને બહાર કાઢી દીધી અને પછી આખું છાપરું સળગાવી દીધું.આ કારણે ત્યાં રાખનો ઢગલો થઈ ગયો.એટલે તે પટેલના ઘરેથી ગાડું લઈ આવ્યો. તેણે ગાડામાં રાખ ભરી લીધી અને પછી વેચવા માટે નીકળ્યો.રસ્તામાં એક ભરવાડ પોતાની છોકરીને રડાવતો જતો હતો.તેણે બુચાને કહ્યું,દીકરા તું મારી છોકરીને ગાડામાં બેસાડી લે.બુચાએ કહ્યું,હું છોકરીને બેસાડી તો લઉં,પણ જો કદાચ તેણે પાદી દીધું અને મારું આ સોનું રાખ બની ગયું,તો હું આ છોકરીને પણ મારી નાખીશ અને તમને પણ મારી નાખીશ.ભરવાડે કહ્યું,એ તો ભાઈ ના પાદે.ચાલ તો બેસાડી દે – એમ કહીને તેણે છોકરીને બેસાડી લીધી અને ગાડું આગળ હાંક્યું.હવે ભરવાડ દૂર રહી ગયો હતો.એટલે તે છોકરીને મારવા લાગ્યો,છોકરી પાદી નહોતી તોપણ ! તે છોકરીને ખૂબ રડાવવા લાગ્યો.આ જોઈને ભરવાડ તો ખૂબ ગભરાઈ ગયો.તે શું થયું..શું થયું ? કરતો દોડી આવ્યો. બુચાએ કહ્યું,તારી છોકરીએ પાદી દીધું એટલે મારા ગાડામાં સોનું ને એવું ભરેલું હતું તે બધું રાખ બની ગયું ! ભરવાડે કહ્યું, તું મારી છોકરીને મારીશ નહિં,હું તને ગાડું ભરીને રૂપિયા આપી દઈશ.પણ આ છોકરીને તું મારીશ નહિં ! તે ભરવાડે બુચાને ગાડું ભરીને પૈસા આપી દીધા.

પૈસા લઈને બુચો ઘરે આવ્યો. તે મામાને ત્યાં ત્રાજવા માગવા ગયો.તેણે કહ્યું,મામા ત્રાજવા લાવો ને ! શું કરવા – મામાએ સવાલ કર્યો.તેણે કહ્યું,કાલે મે છાપરું સળગાવી નાખ્યું હતું તેની રાખ આજે હું વેચી આવ્યો. તેના જે પૈસા આવ્યા છે તે જરા તોલવાનો છું.અરે ! નાની એવી છાપરી હતી તોપણ એટલા બધા પૈસા આવ્યા ! મામા તો નવાઈ પામી ગયા.હા – કહીને બુચો ત્યાંથી ત્રાજવા લઈને આવતો રહ્યો. તે ત્રાજવા લઈને પૈસા તોલવા બેઠો.એટલામાં ત્યાં મામા જોવા આવ્યા.પૈસા જોઈને તેમને હજી વધારે નવાઈ લાગી.તેમણે કહ્યું,અરે આ તો ઘણા બધા પૈસા છે ! એટલે બુચાએ તેમને પણ થોડા પૈસા આપી દીધા.

મામાએ ઘરે આવીને પત્નીને કહ્યું,બુચો તેના છાપરાની રાખ વેચીને ઘણાબધા પૈસા લઈ આવ્યો છે.આપણું તો કેટલું મોટું ઘર છે,જો તેને સળગાવીને વેચી દઈશું તો આના જેવા બીજા દશ ઘરો બંધાઈ જાય એટલા પૈસા આવશે.તે સાંજે મામાએ ઘર સળગાવી દીધું,ને સવારે સાત ગાડા ભરીને રાખ વેચવા નીકળ્યા.ખૂબ જ પૈસા આવશે – એમ મનમાં વિચારતા જાય છે અને બૂમ પાડતા જાય છે,કોઈ રાખ લેશો કે.. પરંતુ કોણ લે આ રાખને ! થાકીને બધા ગાડા ખાલી કરી નાખીને ઘરે આવ્યો.ને ઘરવાળીને કહ્યું કે એ રાખના તો કઈ પૈસા ના આવ્યા....આ તો ઘણો જ ખરાબ માણસ છે.ચાલ તો તેને આપણે ભેંસ આપી છે તે પણ માગી લેવી પડશે.એમ કહ્યું એટલ

એક રાતે બંને જણા ગયા અને બુચાની ભેંસને લાકડીથી ઝપેટીને મારી નાખી.બુચાએ ભેંસનું ચામડું કાડી લીધું અને પછી તેને સૂકવીને વેચવા માટે નીકળ્યો.જતા જતા તેને રાતના બાર વાગી ગયા.રસ્તામાં એક મોટો વડ આવ્યો.તે વડ ઉપર ચામડું લઈને ચઢી ગયો.રાતના પાંચ છ ચોર બેંક લૂટી લઈને ત્યાં આવ્યા.તેમની પાસે બંદુકો પણ હતી.તેઓ પોતપોતાના હિસ્સાના પૈસા ભાગ પાડવા લાગ્યા.બુચાએ વડ પર રહીને બૂમ મારી કે ..વીજળી ને ચોર હોય તેના ઉપર ખખડો મારતો પડે.આમ કહીને તેમના પર ચામડું નાખ્યું.તેથી ચોર એવા તો ગભરાઈ ગયા કે બધો સામાન ત્યાં જ મૂકીને ભાગી ગયા.બુચો એ બધો સામાન લઈને ઘરે આવતો રહ્યો.

ઘરે આવીને તેણે મામાને કહ્યું,મામા હું ઘણો બધો સામાન લાવ્યો છું.ક્યાંથી લાવ્યો ? મામાએ આશ્ચર્ય પામીને પૂછયું.તેણે કહ્યું,હું ભેંસનું ચામડું વેચવા લઈ ગયો હતો,તે વેચીને જ તો લાવ્યો છું.શું શું લાવ્યો છે ? મામાએ પૂછયું.તેણે પોટલો છોડતા જઈને કહ્યું,આ જુઓને શું શું છે તે ! તમને કઈ જોઈતું હોય તો લઈ જાઓ.હું આટલા બધી વસ્તુઓનું શું કરીશ.મામાએ એક બંદૂક લઈ લીધી.તેમણે ઘરે આવીને પત્નીને કહ્યું,બુચો એક ભેંસનું ચામડું વેચીને કેટલો બધો સામાન લઈ આવ્યો છે.આપણી પાસે તો સાત ભેંસ છે.જો આપણે તેમને મારીને ચામડું વેચી દઈશું તો તેની ઘણોબધો સામાન લઈ શકાશે.આમ વિચારી તેમણે બધી જ ભેંસોને મારી નાખી,ને પછી મામા ચામડું ગાડામાં ભરીને વેચવા નીકળ્યા.પણ બંદૂક વગેરે કઈ ચામડાના બદલામાં મળતું હશે ! મામા થોડા ઘણા પૈસાનું ચામડું વેચી તો આવ્યા,પણ તેના બદલે સાત ભેંસો મારવી પડી તેનું શું ? તેમણે ઘરે આવીને પત્નીને કહ્યું,ચામડું તો આટલા જ પૈસાનું થયું ! હવે શું કરીએ ? થોડા અમથા પૈસા મળ્યા

તેના બદલામાં આપણી સાત બધી ભેંસો મરી ગઈ ! આમ તેમને બંનેને બુચા પર ઘણોબધો ગુસ્સો આવ્યો.તેમણે નક્કી કરી લીધું કે,આ વખતે તો બુચાને મારી જ નાખવો પડશે,એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.મામીએ કહ્યું,આજે રાતે આપણે તેને કૂવામાં નાખી આવીશું એટલે એ મરી જશે.હા,એમ જ કરીશું – મામાએ પણ પોતાની સંમતિ બતાવી.

એ રાતે તેમણે બુચાને બહાર જ ખાટલો ઢાળી આપ્યો,ને પછી કહ્યું,દીકરા આજે તું અહી જ ઊંઘી જા ! એટલે તે બહાર જ સૂઈ ગયો. બંને જણ ઉઠયા.તેમણે બુચાને ખાટલા સાથે બરાબર બાંધી દીધો અને ઉચકી લઈને કૂવામાં નાખવા જવા લાગ્યા. એટલામાં મામીને હાજત લાગી.તેણે કહ્યું,મને પેટમાં ખૂંચ ઉપડી છે એટલે મને હાજતે જવું પડશે.ત્યાં સુધી આને અહીં જ મૂકી જઈએ,હાથ પગ બરાબર બાંધી દીધા છે એટલે તે ઊઠીને કશે જશે પણ નહિં.ને પછી મામા મામીને હાજતે લઈ ગયા.થોડું થોડું અજવાળું થવા આવ્યું હતું એટલે એક ભરવાડ ઘેટા લઈને એ જ રસ્તે સા..સા..કરતો આવતો હતો.બુચો ભરવાડ જોઈ જાય એ રીતે પોતાના પગ નાખે છે તરફડવા લાગ્યો.ભરવાડે પૂછયું,ભાઈ તું આ શું કરે છે ? તેણે કહ્યું,મારી બે પત્નીઓ છે તોપણ મામા મામી મને ત્રીજી વાર પરણાવવા માગે છે.હું તો ના પાડું છું પણ તેઓ માનતા નથી.આ જો ને,તેઓ મને આ રીતે બાંધીને પરણાવવા લઈ જાય છે ! ભરવાડે કહ્યું,અરે હું પણ કુંવારો જ છું ! તો તારે પરણવું છે ?બુચાએ પૂછયું.તેણે કહ્યું,લગ્ન નથી થયા એટલે પરણવું જ છે ને ! તો મને અહીંથી છોડી નાખ – બુચાએ કહ્યું.એટલે ભરવાડે દોરડું છોડી નાખ્યું અને પછી પોતે તેની જગ્યાએ સૂઈ ગયો.બુચાએ જે રીતે મામા- મામીએ પોતાને બાંધ્યો હતો તે રીતે ભરવાડને બાંધી દીધો,અને પોતે ઘેટા લઈને જતો રહ્યો. થોડીવારમાં મામા મામી ત્યાં આવ્યા.તેમણે ભરવાડને બૂચો સમજીને ઉચકી લીધો અને જઈને કૂવામાં નાખી દીધો.થોડી જ વારમાં તે ભરવાડ મોતને ભેટી ગયો.પછી તેઓ ઘરે આવીને વાતો કરે છે.મામીએ કહ્યું,ઘરવાળા,હવે ગયો તમારો ભાણિયો..! સાચું કહ્યું તેં,પણ તે આપણું ઘણું નુકશાન કરી ગયો - મામાએ માથું ધુણાવતા કહ્યું.

સવારનું થોડું અજવાળું થયું એટલે બુચો એ જ રસ્તે ઘેટાં–બકરા ચરાવતો ચરાવતો આવે છે,અને સા..એ બાજું ક્યાં જાય ! સા..સા... કરતો જાય છે.મામા તો નવાઈ પામી ગયા ! તેમણે પત્નીને બોલાવતા કહ્યું,જરા બહાર આવને ! શું કહો છો ? પત્નીએ પૂછયું.તેમણે કહ્યું,આપણે તો બુચાને કૂવામાં નાખી આવ્યા હતા પણ આ જો ને ! તે તો

ઘેટાં–બકરાનું ટોળું લઈને આવે છે ! આ જોઈ મામીને પણ ખૂબ આશ્ચર્ય થયું.મામાએ બુચાને પુછયું,આ ઘેટાં–બકરા ક્યાંથી લાવ્યો દીકરા ? બીજે તો ક્યાંથી લાવું,કૂવામાંથી જ તો ! તમે મને એકલાને જ કૂવામાં નાખી આવ્યા એટલે ગમતા જોઈને કાઢવામાં મને સવાર થઈ ગઈ.જો તમે બંને જશો તો ઘણા બધા ઘેટાં–બકરા લઈ આવશો.મામીએ કહ્યું,ચાલો,આપણે જઈએ.આપણે બંને જઈશું તો લાખો રૂપિયાના ઘેટાં લઈ આવીશું.

તે મામા મામીને લઈને કૂવા પર ગયો.તેણે પૂછયું,પહેલા કોને નાખું ? મામાએ કહ્યું,પહેલા મને નાખ ! જો હું પહેલા જાઉં તો સારા સારા ઘેટાં જોઈને અલગ કરું ને ! તારી મામી પાછળથી આવશે.સારું ત્યારે – આમ કહી તેણે મામાના પગ બાંધી દીધા અને પછી કૂવામાં નાખી દીધો.પગ બાંધેલા હોવાથી મામા પાણીમાં ઉપર નીચે થયા કરે છે.મામી પૂછયું, આ શું કરે છે દીકરા ? બુચાએ કહ્યું,બીજું શું કરે વળી ? એ તો સારા સારા ઘેટા જોઈને અલગ કરે છે ! તમે પણ  જલદી જાવ,અને તેમને સારા સારા ઘેટાં અલગ કરવા લાગજો ! મામીએ કહ્યું,ચાલ,તો પછી મને પણ બાંધીને નાખ જલદી ! બુચે તેના પણ પગ બાંધી દીધા ને પછી કૂવામાં નાખી દીધી.આ રીતે મામા મામી બંને મરી ગયા.પછી બુચાએ બધી મિલકત ખાઈ – વેચીને પૂરી કરી દીધી અને પાછો રસ્તે પડયો.

તે એક ડોસીને ત્યાં જઈને રહેવા લાગ્યો.એક દિવસે એ ગામમાં કેટલાક લોકો ખંદાડ જોવા આવ્યા.તેમણે ડોસીને પૂછયું,દાદી આ ગામમાં કોઈ ખંદાડ મળશે કે કેમ ? ડોસીએ કહ્યું,હા મળશે જ ને ! મારે ત્યાં જ એક ગરીબ છોકરો રહે છે.તે કામ પણ સારૂ કરે એવો છે.તેમણે પૂછયું,તો તમે તેને ખંદાડ આપશો ? તેણે કહ્યું, આપી જ દઉં ને ! આમ પણ મારી પાસે મિલકત જેવું કશું તો છે નથી.પછી તેણે બુચાને બતાવ્યો.તે દેખાવે તો રૂપાળો જ હતો એટલે તરત જ તેમને ગમી જ ગયો.તેમણે પૂછયું,અમારા ગામમાં ખંદાડ આવીશ કે દીકરા ? હા,આવીશ. – તેણે કહ્યું. એટલે બીજા દિવસે તેઓ તેને ખંદાડ લઈ ગયા.

હવે બંદૂક ને તેવા સાધનો તેણે  પોતાની સાથે લઈ લીધા હતા.એટલે તેણે બંદૂક જાંઘ ચીરીને મૂકી લીધી.ને બાકીના ડોસીને ત્યાં જ રહેવા દીધા.પછી તે ખંદાડ તરીકે ગયો.છોકરી તો દેખાવે સારી હતી પરંતુ સાસું સ્વભાવે ઘણી ખરાબ હતી.સાસુના કારણે જ છોકરીના સાત જમાય થયા હતા.જે કોઈ ખંદાડ આવે તેને તે રાત્રે ખેતર ટોવા મોકલતી.એટલે રાત્રે તેમને અજગર,નાગ કે વાઘ વગેરે કોઈને કોઈ જનાવર આવીને ખાઈ જતા.આ રીતે છોકરીના સાત જમાય મરી ગયા હતા.તેથી ગામલોકોએ બુચાને કહ્યું,દીકરા

તું અહિં ખંદાડ તરીકે નકામો આવ્યો છે.કેમ ? તેણે પૂછ્યું.લોકોએ કહ્યું,અરે,અત્યાર સુધીમાં સાત પતિઓ થયા છે એ છોકરીને ! છોકરી તો સારી છે પણ તેની મા ઘણી ખરાબ છે.તેણે કહ્યું,રહેવા દો ને,એ હજી કેટલી ખરાબ છે ! ને પછી ઉમેર્યું, તમે તેની ચિંતા ના કરો,એ બધું મારા પર છોડી દો ! અમે તો તારા ભલા માટેની વાત કરીએ છીએ,પણ જો તારે અહીં રહેવું હોય તો રહી જા – આમ કહીને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. બુચો ત્યાં જ રહી ગયો.

સાંજ થઈ એટલે સાસુએ તેને રોટલા શેકી આપ્યા અને કહ્યું,જમાય તમે ખેતર ટોવા જાવ ! સવાર થાય ત્યારે જ ઘરે આવવાનું,અને રાત્રે તો ક્યારેય ના આવવું. આપણા ખેતરે દસ બાર હાથનો માચડો બનાવેલો જ છે,ત્યાં તમારે ઊંઘવાનું.તેણે કહ્યું,સારું હું ત્યાં જ ઊંઘી જઈશ,તેમાં વળી શું ? તેણે રોટલા અને બંદૂક લઈ લીધી અને ખેતરે ગયો.ને પોતાની પત્નીને કહી રાખ્યું હતું કે હું કઈક મારું ત્યારે તારે ગીત ગાઈને બાને ઊઠાડવાની.હું કયું ગીત ગાઈશ ? પત્નીએ સવાલ કર્યો.તેણે કહ્યું,

આ રીતે તારે ગીત ગાવાનું અને બા ઊઠી જાય એટલે તારે ગાડું તૈયાર કરી દેવાનું.આમ કહીને તે ખેતરે ગયો.રાત્રે એક મોટો નાગ આવ્યો.તે થાંબલા સાથે વીટળાતો વીટળાતો માચડા પર ચઢવા લાગ્યો.બુચો જાગી ગયો.તેણે બંદૂકથી વાર કરીને નાગને મારી નાખ્યો. તેની પત્નીને આ વાતની ખબર પડી ગઈ.એટલે તેણે ગીત ગાયું,.

એટલે સાસું જાગી ગઈ એટલે પત્નીએ તરત ગાડું જોડી લીધું.સાસુએ કહ્યું,આપણા ખેતરે કઈક તો થયું જ છે ! તું જોજે,જમાઈને કોઈ જનાવર ખાઈ જ ગયું હશે ! મારી વાત કોઈ દિવસ જૂઠી ના પડે ! છોકરીએ કહ્યું,તું છાનીમાની આવ્યા કરને ! નકામા લવારા શું કરે છે ? તેણે કહ્યું,એમાં ચૂપ શું રહેવાનું ? આજ સુધીમાં સાતે સાત જમાઈઓને મારીને પૂરા કર્યાં છે તો એને પણ ચૂથીને ખાઈ જશે ને ! સાસુ આમ બોલ્યે જતા હતા,તેથી છોકરીએ તેમને એક ગોદો માર્યો એટલે તેઓ ચૂપ થઈ ગયા.

બીજીબાજુ બુચાએ નાગને માચડાની થાંબલી સાથે વીટાળી દીધો હતો.સાસુએ કહ્યું,જો દીકરા,પેલો નાગ જમાઈને ખાઈ લઈને હાડકા ભાંગ્યા કરે છે ! જોયું ને ! તું હમણાં તો ચૂપ રહે,બોલે છે શું કામ ? છોકરીએ ચીડાઈને કહ્યું.પછી સાસુએ નજીક જઈને બૂમ પાડી – જમાય! માચડા પર દેવતા સળગતી હતી.તેની નીચેથી તે નીકળ્યો.નીકળતાની સાથે જ તે

આહાહા..! કરીને ખંખેરાયો એટલે સાસું પણ ધજાઈ ગયા એટલા તણખા  ઉડયા.સાસું તો ગભરાઈ ગયા ! તેમણે કહ્યું,આ બાજું પણ ઉડાવ્યું,આવું તો કેવું ઊંઘો છો ? બુચાએ કહ્યું,શું કહું તમને સાસુમા ! .. સરસ મજાની હૂફ વળ્યા કરે ને કઈ ધજાવાય પણ નહિં ! લો આ તમે લેતા જાઓ ! એમ કહીને તેણે ટચલી આંગળીએ નાગને ગાડામાં મૂકી આપ્યો,અને કહ્યું,તમારાથી ખવાય એટલું ખાજો અને બાકીનું મારા માટે સૂકાતું મૂકી દેજો.

દિવસે તે ઘરે આવ્યો. સાંજ થઈ એટલે સાસુએ તેને રોટલા શેકી આપ્યા,અને કહ્યું,જમાય હવે તમે જાઓ.પછી મોડું થઈ જશે.તે રોટલા લઈને ખેતરે જવા નીકળ્યો.સાસુએ છોકરીને કહ્યું,આજે તો તારા પતિને કોઈક જનાવર ખાઈ જ જશે.મેં સાભળ્યું છે કે નજીકના જંગલમાં તો વાઘ રહે છે.છોકરીએ કહ્યું,બા તને આ શું થયું છે ? તું કેમ આવા લવારા કર્યા કરે છે ? સાસુએ કહ્યું,એ તો કહેવું જ પડે ! તને શું લાગે છે ! એ વાઘથી  જમાઈ બચી જશે ? છોકરી કશું ના બોલી.

બીજીબાજુ બુચાએ ખેતરે જઈને જમી લીધું,ને પછી માચડે ચઢીને બેસી ગયો.એટલામાં વાઘ ઘરરર..ઘરરર.. કરતો ત્યાં આવ્યો.તેણે બંદૂકથી એક વાર કર્યો એટલે  વાઘને ત્યાં જ ઢગલો થઈ ગયો.તેણે વાઘને માચડાના થાંબલા સાથે ઊભો કરી દીધો.આ વાતની પત્નીને ખબર પડી ગઈ એટલે તેણે ગીત ગાયું....

એટલે સાસું ઉઠી ગઈ.ગાડું જોડી લઈને તેઓ ખેતરે જવા નીકળ્યા.સાસુએ કહ્યું,આજે તો જમાઈને ખાઈ જ જશે ! છોકરીએ કહ્યું,ચૂપચાપ આવ્યા કરને ! ગાંડી થઈ ગઈ છે કે શું ? પણ સાસુનું મન કાબૂમાં રહેતું નથી.તે ગમે તેવું બોલતી જાય છે.એટલામાં તેમને વાઘ દેખાયો.તે થાંબલાએ ચઢવા માટે પગ નાખ્યા કરતો હતો.સાસુએ કહ્યું,જોયું ને દીકરા,ખાઈ લઈને કેવો મરડાયા કરે છે ! છોકરીએ કહ્યું,હવે તો ચૂપ રહી જા ! સાસુએ ગાડામાંથી ઉતરીને બૂમ પાડી – જમાઈ ! એટલે ફરી પાછો તે દેવતા બળતી હતી તેની નીચેથી નીકળ્યો.જમાય તમે આ કેવી રીતે ઊંઘો છો ? સાસુ ચીડાઈ પડયા.તેણે કહ્યું, આ રીતે ઊંઘવાની ઘણી મજા આવે છે.પણ તમને રોજેરોજ આ એકનું એક શું કહ્યા કરવાનું હોય,ગઈકાલે જ તો કહ્યું હતું.હવે,સાસુ વિચારમાં પડી ગયા કે,આ જમાય આવી રીતે કઈ મરવાનો નથી.તો હવે હું શું કરું ? થોડીવાર પછી તેમણે કહ્યું,જમાય આજે તમે જરા વ્હેલા ઘરે આવજો !  તેણે કહ્યું,કશો વાંધો નહિં.

બુચો ઘરે આવ્યો.તે આવે એ પહેલા સાસુએ પોતાનું એક પૂતળું બનાવીને બારણા પાસે મૂકી દીધું હતું,અને પોતે ઘોડી બનીને તબેલામાં બંધાય ગઈ હતી.પૂતળાએ બુચાને કહ્યું,પેલી ઘોડી જંગલ ખાતાના અધિકારી આવ્યા છે તેમની છે.તે આપણને પાણી પાવાનું કહી ગયા છે.બુચાએ કહ્યું,સારું સાસુમા હું તેને પાણી પાઈ લાવીશ.આમ પણ આ તો મારું જ કામ છે.મને પાંચ પાંચ ગાંઠ વાળો એક ડાંગ અને એક કોથળો આપો.એટલે પૂતળાએ તેને પાંચ ગાંઠવાળો ડાંગ અને એક કોથળો લાવી આપ્યો.

તે ડાંગ ને કોથળો લઈને ઘોડી પર બેસી ગયો.ઘોડી તો ઉડી આકાશમાં તેને ચગદી મારવા,પણ તે લગામ પકડીને નીચે ટીંગાય ગયો.તેથી ' હવે એને જમીન પર કચડી મારીશ ' એમ કરીને ઘોડી નીચે પડી,પરંતુ નીચે પડતા પડતા જ તે ઉપર બેસી ગયો.તે ઘોડીને ડાંગથી બરાબર ઝપેટવા લાગ્યો  અને તેને ઠેકાણે લાવી દીધી,પછી તે લગામ પકડીને ઘોડીને પાણી પાવા ખાડીએ લઈ ગયો.તે મોઢા આગળ પાણી બતાવવાના બદલે તે પાછળ તરફ પાણી છે,ને ઉપરથી પોહોચ... પોહોચ... કરીને ઘોડીને પાણી પીવા કહે છે.પરંતુ પાણી કઈ પાછળથી પીવાતું હશે ? એટલે ઘોડીથી પાણી પી શકાતું નથી.તેથી તેણે કેમ પાણી પીતી નથી ? એમ કહીને  તે મોઢામાં ડાંગથી મારવા લાગ્યો અને તેના બધા જ દાંત તોડી નાખ્યા.તેણે કોથળામાં રેતી ભરી લીધી અને પછી ઘોડી પર બેસી ગયો.ઘોડી તો પાછી બુચાને મારી નાખવાના ઈરાદાથી આકાશમાં ઉડી,પરંતુ તે પાછો બચી ગયો.તે ઘોડીને લઈને ઘરે આવ્યો. પત્નીએ તેને પૂછયું,ઘોડાને પાણી પાવી લાવ્યા ? તેણે કહ્યું,હાં પીવડાવી લાવ્યો.ને પછી ઉમેર્યુ,તગારું લઈ આવને ! ઘોડીને દાણ આપવાની છે.પત્નીએ તગારું લાવી આપ્યું.તેણે દાણને બદલે કોથળામાં જે રેતી ભરી લાવ્યો હતો તે તગારામાં ઠાલવી આપી.પણ રેતી કઈ ખવાતી હશે !

સાંજે તેઓ જમવા બેઠા.સાસું રોજના બે ત્રણ રોટલા ખાઈ જતી પણ આજે તેનાથી એક રોટલો પણ ન ખવાયો ! છોકરીએ પૂછયું,બા તું રોજના તો કેટલું ખાતી હતી,ને આજે એક રોટલો પણ ના ખાધો ! બુચો ચૂપચાપ જ બેઠો હતો.એ તો બધું જ જાણે છે પણ કઈ બોલતો નથી.સાસુએ કહ્યું,જવા દેને! જમાયને મારવા નીચેથી ઉપર લઈ ગઈ તો નીચે લટકી ગયો,અને ઉપરથી નીચે લાવી તો ઉપર બેસી ગયો.તેણે મને ડાંગથી એવી તો મારી છે કે ના પૂછો વાત ! ને પછી પાણી પીવડાવવા લઈ ગયો તો પાછળથી પાણી બતાવે ! પાછળથી કઈ પાણી પીવાતું હશે ? આમ સાસું જીવી ત્યાં સુધી બુચા આગળ કશું ચાલ્યું નહિં,ને સમય

જતા તે પરલોક સીધાવી ગઈ.પછી બુચાએ પોતાની પત્નીને કહ્યું કે ચાલ આપણે આ બધો માલ સામાન વેચી દઈએ ને દાદીને ત્યાં જતા રહીએ.તેની વાત પત્નીએ માની લીધી,ને પછી બંને પેલી દાદીમાના ઘરે આવતા રહ્યા ને જીવીને ખાવા લાગ્યા.

## ૬ . બગલી

એક ડોસાને સાત દીકરા હતા.તેઓ જંગલમાં શિકાર કરવા જતા.તેઓ કો'ક દિવસે શિકાર લાવે તો કો'ક દિવસે ના પણ લાવે.તેમની એક બહેન હતી.તે સૌથી નાની હતી.

દિવસ ઊગે એટલે સાતે સાત ભાઈઓ તો ડુંગરોમાં શિકાર કરવા માટે જતા રહેતા અને બહેન ઘરે રહેતી.તેની સાત ભાભીઓ હતી.પણ તેમને બહેન પ્રત્યે ખૂબ ઇર્ષ્યા થતી.

તેઓ એવું વિચારે છે કે - હવે આપણે શું કરીએ ને શું નહિં ! એ તો આ ઘરમાંથી જતી જ નથી.જો આપણે તેને બરાબર દુઃખો આપીશું તો તે આ ઘરમાંથી જતી રહેશે.તો આપણો એક રોટલો બચી જશે.

હવે ભાઈઓ તો વહેલી સવારે ઉઠીને જંગલમાં જતા રહેતા.

એક દિવસે ભાભીઓએ એવો વિચાર કર્યો કે- આજે આપણે એને કપડા ધોવા માટે કૂવાએ મોકલીએ,ને તે પણ વગર સાબુએ ને વગર દોરડાએ ! આપણે તેને ડોલ આપવાની પણ દોરડું ના આપવાનું અને વગર સાબુએ કપડા બરાબર ઉઘડતા કરી લાવવા કહેવાનું.

ને તેમણે બહેનને આ રીતની સૂચના આપીને કપડા ધોવા માટે મોકલી.

બહેન બિચારી તો કૂવાએ ગઈ અને ત્યાં બેસીને વિચાર કરવા લાગી કે - ડોલ તો છે પણ દોરડું નથી તો પછી કૂવામાંથી પાણી કાઢવું કઈ રીતે ? ને વગર પાણીએ કપડા કઈ રીતે ધોવા ?

એવામાં ત્યાં એક સાપ આવ્યો.તેણે પૂછયું- બહેન તું કયા વિચારમાં પડી છે ?

બહેને કહ્યું - મારી ભાભીઓએ મને વગર દોરડાએ કૂવામાંથી પાણી કાઢવા માટે કીધું છે તો હું પાણી કઈ રીતે કાઢું ?

સાપે કહ્યું - કશો વાંધો નહી બહેન,હું ડોલ સાથે વીટળાઈ જાઉં છું.તું મને પકડીને કૂવામાં ડોલ નાખજે અને પાણી કાઢીને કપડા ધોઈ લેજે.પછી હું અહીથી જતો રહીશ.

'ચાલ તો સારું ' આમ કહીને બહેને સાપને ડોલ સાથે આમતેમ વીંટાળી દીધો અને પછી ડોલ નાખીને પાણી કાઢી લીધું.

હવે તેણે કપડા તો ધોઈ નાખ્યા પણ હવે તેને ધોળા કઈ રીતે કરવા ! કપડા તો કંઈ વગર સાબુએ ધોળા થતા હશે ? એટલે બહેન ફરી વિચારમાં પડી ગઈ.

એવામાં ત્યાં એક બગલી આવી.તેણે બહેનને પૂછયું - બહેન,બહેન ! તું શું વિચાર કરે છે ?

બહેને કહ્યું - મને વગર સાબુએ કપડા ધોળા કરી લાવવા માટે કીધું છે તો હું શું કરું ? સાબું વગર હું કઈ રીતે કપડા ધોળા કરીને લઈ જાઉં ?

બગલીએ કહ્યું- તું એ કપડા અહી ખોલી દે.

એટલે બહેને કપડા ખોલીને સૂકાતા મૂકી દીધા.પછી બગલી તેના પર ચરકી એટલે બધા જ કપડા ધોળા થઈ ગયા ! બહેને તે કપડા ઘરે આવીને દોરીએ સૂકાતા નાખી દીધા.

આ જોઈને ભાભીઓ તો વિચાર કરતી થઈ ગઈ કે- વગર સાબુએ ને વગર દોરડાએ એ કપડા ધોળા કરી લાવી,તો પછી તેણે કેવી રીતે પાણી કાઢ્યું હશે ને કેવી રીતે કપડા ધોયા હશે ?

આ વાતને થોડીવાર થઈ અને ભાઈઓ ઘરે આવી પહોંચ્યા.તેમણે જમી લીધું અને પછી ઊંઘી ગયા.

તેઓ સવારે ઊઠીને પાછા શિકાર કરવા જતા રહ્યા,કેમકે પેટ ભરવા માટે શિકાર કે ભાજી જે કંઈ મળે તે લેવા જવું તો પડે જ ને !

તેમના ગયા પછી ભાભીઓ ફરી વિચારવા લાગી કે- હવે આપણે શું કરીએ ? આપણે એને ગમે તે રીતે અહીંથી ભગાડવી જ પડશે.તેના ગયા પછી આપણને થોડું તોયે વધારે ખાવાનું તો મળે ને ! તો પછી શું કરીએ ?

પછી તેમણે એવું નક્કી કર્યું કે - એને આપણે વગર ઘંટીએ અને વગર સૂપડાએ કોદરા દળવા મોકલીએ,ને તો જ તેને ખવડાવીશું ને નહિં તો નહી ખવડાવીએ.

એટલે બહેન મોડીમોડી બાજુના ઘરે દળવા માટે ગઈ.હવે ઘંટી તો હતી પણ તે ઘરમાં હતી ને વળી સૂપડું પણ ના હતું.ઘરવાળા ચારો કાપવા કે પછી બીજા કોઈ કામે ખેતરે જતા રહ્યા હતા.એટલે બહેન તો ઓટલે બેસીને રાહ જોયા કરે છે.

એવામાં ચકલીબાઈ આવીને પૂછે છે કે- બહેન,બહેન.આ ઘરવાળા તો નથી તો તું અહીં શા માટે બેઠી છે ?

બહેને કહ્યું કે- હું અહીં કોદરા દળવા માટે આવી છું પણ ઘંટી ઘરની અંદર છે,એટલે હવે હું કઈ રીતે દળું ?વળી મારી પાસે તો સૂપડુંને એવું પણ કઈ નથી.હું ટોપલામાં કોદરા લઈ આવી છું.

ચકલીબાઈએ કહ્યું કે- તું આ ઓટલા પર કોદરા વેરી દે.એટલે બહેને ઓટલા પર કોદરા વેરી દીધા.

પછી ચકલીબાઈ તો એવું તોટું ટોળું લઈને આવ્યા કે તેમણે બધા જ કોદરા દળી નાખ્યા,ને પછી એકસાથે આખું ટોળું ફરરર.. કરતા ઉડયું એટલે તેમાંથી બધી જ કુશકી ઉડી ગઈ.

બહેને કોદરો ભરી લીધો અને ઘરે આવી.તેના આવ્યા પછી જ ભાભીઓએ ખાવાનું રાંધ્યું અને બિચારી બહેનને આપ્યું.

ભાભીઓ તો ફરી વિચારમાં પડી ગઈ કે- આપણે તેને જે કંઈ કરવાનું કહીએ છીએ એ બધું જ તે કરી નાખે છે.તો આપણે હવે શું કરીએ ? આપણે હજી બીજું કંઈક વિચારી જોઈએ.એ જતી રહે તો આપણે થોડુંક વધારે ખાઈ શકીએ ને.

આ રીતે વાતો કર્યા પછી તેમણે બહેનને ત્રીજું કામ સોપતા કહ્યું કે- આજે તારે વગર કુહાડીએ ને વગર દોરડાએ ડુંગરોમાં જઈને લાકડા ફોડી લાવવાના ને તેનો ભારો કરીને લઈ આવવાના રહેશે.

બિચારી બહેન જંગલમાં જાય છે અને એક સૂકું લાકડું હતું તેના પર બેસીને વિચાર કર્યા કરે છે.એટલામાં ત્યાં એક લક્કડખોદ આવ્યો.તેણે બહેનને પૂછયું કે, બહેન,બહેન તું શો વિચાર કરે છે ?

બહેને કહ્યું કે- મને ભાભીઓએ વગર કુહાડીએ લાકડા ફોડવા કીધું છે તો હું કઈ રીતે ફોડું ?

લક્કડખોદે કહ્યું કે- તું આ લાકડા પરથી ઉઠી જા.

આ રીતે બહેનને ઉઠાડી દીધા પછી લક્કડખોદે લાકડા ફોડવાનું શરૂ કર્યું.તેણે જોતજોતામાં લાકડાના ફાડચા ને ફાડચા કાઢી દીધા.

હવે લાકડા તો ફોડાઇ ગયા પણ તેને બાંધવા કઈ રીતે ? કેમકે ભાભીઓએ તેને કોઈપણ જાતના બંધ કે દોરડા વગર લાકડાનો ભારો લઈ આવવા કહ્યો હતો.એટલે ફરી તે વિચારમાં પડી જાય છે.

એવામાં ત્યાં એક સાપ આવે છે.તે પૂછે છે કે- બહેન,બહેન તું શો વિચાર કરે છે ?

બહેને કહ્યું,મારી ભાભીઓએ મને વગર દોરડા અને વગર બંધે આ લાકડાનો ભારો લઈ આવવા કહ્યું છે.તો હવે હું શું કરું ?

સાપે કહ્યું કે- તું ચિંતા ના કરીશ. હું આ ભારા સાથે વીંટળાઈ જાઉં છું.તું આ ભારો ઉચકી લે જે અને ઘરે જઈને ચૂલા પાસે ધીમેથી મૂકી દેજે,એટલે હું મારી મેળે છૂટીને જતો રહીશ.

આમ કહીને સાપ વીંટળાઈ ગયો એટલે લાકડાનો ભારો બંધાઈ ગયો.બહેન તેને માથા પર મૂકી લઈને ઘરે આવી.સાપના કહ્યા પ્રમાણે તેણે ચૂલાની ઓટલી પર ભારો મૂકી દીધો એટલે તે છૂટીને જતો રહ્યો.

આ જોઈને ભાભીઓ નવાઈ પામી ગઈ.તેઓ અંદરોઅંદર વાતો કરવા લાગી કે,અરે..! આતો આપણે જે કહીએ છીએ એ બધું જ કરી નાખે છે.તો હવે આપણે શું કરીએ ? એને તો આપણે ગમે તે રીતે આ ઘરમાંથી કાઢવી જ પડશે.

આમ વિચાર કરીને તેઓ નક્કી કરે છે કે- તેને આપણે વાઘનું દૂધ લેવા માટે મોકલીએ.તે દૂધ લેવા માટે જશે એટલે વાઘ ખાય જશે.આ રીતે એક માણસ તો ઓછું થશે.

પછી તેમણે બહેનને કહ્યું કે- આજે તું વાઘનું દૂધ લઈ આવે તો જ તને અમે ખવડાવીશું ને નહિં ખવડાવીએ.

હવે,એક વાઘણ ડુંગરાઓમાં વાયેલી હતી એટલે બહેન બિચારી ત્યાં જાય છે.

પીપળાનું એક મોટું ઝાડ હતું.તેમાં એક તાડ ઊગેલો હતો.એ તાડ પર એક બગલી વીયાય હતી.બહેન ત્યાંથી ખાલી લોટો લઈને જતી હતી.

બગલીએ તેને પૂછયું કે- બહેન,બહેન તું ક્યાં જાય છે ?

તેણે કહ્યું કે- મને ભાભીઓએ વાઘણનું દૂધ લઈ આવવા માટે કીધું છે એટલે હું દૂધ લેવા જાઉં છું.

બગલીએ કહ્યું કે- બહેન તું દૂધ લેવા જઈશ તો વાઘણ તને ખાય જશે.વાઘ તે વાઘ ! તને એ કંઈ દોવા દેતી હશે ? તું અહીં ઉપર ચઢી જા.આમ કહીને તેણે કાચા સૂતરે બહેનને તાડ પર ચઢાવી દીધી.

પછી સાતે સાત ભાઈઓ ડુંગરોમાંથી આવે છે.તેમાં સૌથી મોટો ભાઈ પહેલા આવે છે.તે દિવસે તેમને કોઈ શિકાર મળ્યો ના હતો.મોટાભાઈને આવતો જોઈને બગલી ગીત ગાય છે,-

“ મોટ્ટા ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી..”

અરે.. આ તો મોટા ભાઈ એમ કહે છે,મોટો ભાઈ તો હું જ છું.આમ કહીને તે આમતેમ ફરીને જુએ છે પણ તેને કઈ દેખાયું નહિં.કેમકે પીપળામાં તાડ ઊગેલો હતો,ને એ તાડની ટોંચ પર બગલીએ તેને બેસાડી દીધી હતી.વળી  તે ભૂખ્યો અને તરસ્યો હતો.એટલામાં ફરી બગલી ગાય છે,-

“ મોટ્ટા ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

પણ તે ભૂખ્યો અને તરસ્યો હોવાથી 'આવા તો ઘણાં બધા પંખીઓ હોય' આમ કહીને ત્યાંથી જતો રહે છે.તેના ગયા પછી બીજો ભાઈ આવે છે,એટલે એ વચેટીયો ભાઈ ગણાય.એટલે તેને આવતો જોઈને બગલી ગીત ગાય છે કે,-

" વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

અરે,વચલો ભાઈ તો હું જ ગણાઉં.આ પક્ષી આવું કેમ ગાય છે ? રોજના આવું તો ન ગાતું હતું ને આજે જ કેમ ગાય છે ? આમ વિચાર કરતો તે પીપળાની નીચે ઊભો રહે છે.એટલે ફરી પાછી બગલી ગાય છે,-

" વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

પરંતુ તે પણ 'હુંઉં..આવું ગાવા વાળા તો ઘણા પંખીઓ હોય ! મને ઘરે જવા દે.ખૂબ ભૂખ લાગી છે.'આમ કહીને તે પણ જોતો રહ્યો.આમ બે જણ જતા રહ્યા.હવે ત્રીજો ભાઈ આવે છે.એટલે ફરી પાછી બગલી ગાય છે,-

" વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

અરે… હું પણ વચલો ભાઈ જ કહેવાઉં ને ! આ પક્ષી શું ગાએ છે ? દેખાય તો પડતું નથી ને ! એટલે ફરી પાછી બગલી ગાય છે,-

“ વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી..”

‘અરે…આવું તો ઘણાં પંખીઓ ગાવાવાળા હોય.અહીં પેટમાં ભૂખ લાગી છે.’ આમ કહીને તે પણ જતો રહે છે.ફરી પાછો બીજો આવે છે,એટલે ફરી પાછી બગલી ગાય છે,-

“ વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી..”

‘અરે.. હું પણ વચલો ભાઈ જ ગણાઉં ને ! આ પંખી શું ગાય છે ? આમ આજુબાજુ જુએ છે પણ કંઇ દેખાતું નથી.એટલે ફરી પાછી બગલી ગાય છે,-

“ વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી..”

પેલો ભાઈ કહે છે કે ‘અરે,આવા તો ઘણા પક્ષીઓ હોય ગાવા વાળા.મને જવા જે દે.ભૂખ લાગી છે.’આમ કહીને એ પણ જતો રહે છે.આ રીતે કુલ ચાર જણા જતા રહ્યા.એટલે હવે પાંચમો આવે છે.એટલે ફરી બગલી ગાય છે..

“ વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

'અરે હું પણ વચલો જ ગણાઉં ને ! આ પંખી શું ગાય છે ? આમ કરીને તે ઊભો રહે છે.એટલે ફરી પાછી બગલી ગીત ગાય છે,-

" વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

'આવું ગાવાવાળા તો ઘણાબધા પંખીઓ હોય.ભૂખ લાગી છે તેનું શું ? ચાલ જવા દે.'આમ કરીને પાંચમો ભાઈ પણ આવતો રહે છે.હવે છઠ્ઠો ભાઈ આવે છે.એટલે ફરી પાછી બગલી ગીત ગાય છે,-

" વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

'અરે.. હું પણ વચલો જ ગણાઉં ને ! આ પંખી કેમ આવા ગીત ગાય છે ? રોજના તો આવું ન ગાતુ હતું ને !'આમ કરીને તે ઊભો રહી જાય છે.એટલે ફરી પાછી બગલી ગીત ગાય છે,-

" વચના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

'હુઉ... આવું તો ઘણાબધા પંખીઓ ગાવવાળા હોય એમા શું ?' આમ વિચારી તે પણ આવતો રહે છે.આમ છઠ્ઠો ભાઈ પણ જતો રહે છે હવે છેલ્લો ભાઈ આવે છે.એટલે બગલી પાછી ગાય છે,-

" નાન્ના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

'અરે..નાનો ભાઈ એમ કહે છે ! ને હું જ નાનો છું.આ પંખી કેમ આવું ગાય છે ? ફરી સાંભળવું પડશે.એટલે ફરી પાછી બગલી ગીત ગાય છે,-

" નાન્ના ફાઈણે વાહને ચાનઅ,

બગલી છમકો વલતી આવી યે,

બગલી કાચા હુતે ચડાવી દીધી.."

'અરે...નાનો ભાઈ એટલે તો હું જ કહેવાઉં ! ને તે તો મારી જ બહેન કહેવાય.એટલે આ પંખી એવું શા માટે ગાય છે તે તો મારે જોવું જ પડે.'પીપળા નીચેથી દેખાતું નથી એટલે તે આમ જઈને જુએ છે તો ઘડીક તેમ જઈને જુએ છે.

એણે જોયું તો પીપળાના ઝાડમાં તાડ હતો.એ તાડ પર બગલીએ માળો બનાવ્યો હતો.ને એ માળામાં બહેનને બેસાડી મૂકી હતી.એટલે બહેન નાના ભાઈને જોઈને સાદ કરે છે.અહીં આવ..! અહીં આવ..!

એટલે નાનો ભાઈ તાડ પર ચઢે છે,ને પૂછે છે કે 'બહેન તું અહિં કઈ રીતે આવી ગઈ ?

મને ભાભીઓ ઘણીબધી તકલીફો આપતી  હતી... આમ કહીને તેણે બધુ જ કહી બતાવ્યું..વગર દોરડાએ પાણી કાઢવાનું,વગર સાબુએ કપડાં ધોળા કરી લાવવાના,ઘંટી વગર કોદરા દળવાના અને વગર સૂપડે ઝાટકી લાવવાના અને ને વગર કુહાડીએ લાકડા ફોડવાના,વગર બંધે લાકડાનો ભારો લઈ આવવાનો અને હવે વાઘણનું દૂધ લેવા માટે મોકલી હતી એટલે વાઘણનું દૂધ લેવા માટે જતી હતી ત્યારે બગલીએ મને કાચા સુતથી આ તાડ પર ચઢાવી દીધી..એ બધુ જ કહી બતાવ્યું.

એટલે નાનો ભાઈ તાડ પરથી ઉતરીને દોડતો ઘરે આવ્યો.પેલા છ ભાઈઓ ભડકું ખાયા કરતા હતા.તે દિવસે શિકાર  મળ્યો ના હતો,એટલે પત્નીઓએ ભડકું બનાવી રાખ્યું હતું.એટલે ઠંડું કરીને ખાતા જાય છે.

નાનો ભાઈ આવીને તેમને કહે છે કે ‘તમે આ શું કરો છો ? આપણી બહેન ક્યાં છે ?’ ને પછી તેણે બધાની થાળીઓ મૂકાવી દીધી.કેમકે બહેનની આવી હાલત જોઈને ભાઈની ભૂખ પણ જતી રહી હતી.એક રીતે જોવા જઈએ તો બહેન આપણી નાની બા ગણાય.બા તો આપણને મૂકીને પહેલા જતી રહે પણ બહેન તો આપણે જીવીએ ત્યાં સુધી આપણી સેવાચાકરી કરે ને રડવા પણ આવે.

ચાલો ચાલો ફટાફટ..પટેલને ત્યાં જઈને દોરડું ને ગાડાનું પાંજરું લઈ આવો.એટલે તેઓ પટેલને ત્યાં જઈને દોરડું ને પાંજરું લઈ આવ્યા અને પછી એ દોરડું ને પાંજરું લઈને ઉપર ચઢયા.તેમણે બહેનને પાંજરા પર બેસાડીને નીચે ઉતારી ને પછી ઘરે લઈ આવ્યા.

પછી બહેને બધાને સાંભળતા આખી વાત કહી સંભળાવી.એટલે મોટા ભાઇએ છે તો પોતાની ઘરવાળીને ગળામાંથી કાપી નાખી,વચલા ભાઈઓમાંથી કોઇકે વચ્ચેથી કાપી નાખી,તો કોઇકે વળી હાથ ને પગ કાપી નાખ્યા.કોઇએ ચપ્પુ મારીને મારી નાખી તો કોઈએ કૂવામાં નાખીને મારી નાખી.તો કોઇકે કાપીને કૂવામાં ફેંકી દીધી.

ને પછી સાતેસાત ભાઇ બહેન સાથે જીવીને ખાવા લાગ્યા.બહેન રાંધી આપે તે તેઓ ખાય લે ને પછી શિકાર કરવા જાય.આ રીતે તેઓ સાથે રહીને જીવવા લાગ્યા.

## ૭. રાજા

એક યુવાન છોકરો રાજા બન્યો.તેણે રાજ્યનો બધો કારભાર હાથમાં લઈ લીધો અને રાજ ચલાવવા લાગ્યો.

એક દિવસ તેના ઘર પાસે એક ગોલ પંખી આવીને બેઠું.તે રાજાને પૂછવા લાગ્યું : રાજા સાહેબ, રાજાસાહેબ ! હું પડું પડું તો ક્યાં પડું ? જુવાનપણામાં પડું કે ઘડપણમાં પડું ?

હવે રાજા તો યુવાન હતો તેથી તેણે જવાબ આપ્યો કે - તારે પડવું હોય તો ભલે પડ, પણ જુવાનપણામાં પડ.રાજાએ આમ કહ્યું એટલે  તે ગોલ પંખી ત્યાંથી ઉડીને જતુ રહ્યું.

રાજાએ પંખીને જુવાનપણામાં પડવા કહ્યું એટલે તે દિવસથી રાજાના ઘરમાં આજે થોડું ધન ખૂટયું,કાલે ખૂટયું એમ કરતા કરતા બધું જ ધન ખૂટી ગયું.તેના ઘરમાં કોઇજાતનું અનાજ કે મીઠું સુદ્ધા પણ ના બચ્યું.

હવે આ રાજાના નાનાં નાનાં બાળકો હતા.તેથી તે વિચાર કરે છે કે - હવે મારે આ બાળકોને ખવડાવવું શું ?

આ સમયે સરકારે ચેકડેમ બનાવવાની એક યોજના બહાર પાડી હતી.ગામના ઘણાબધાં લોકો તેમાં કામ કરવા માટે જતા હતા.

એટલે રાજા પણ વિચાર કરે છે કે - મારા બાળકોનું પેટ ભરવા માટે મારે પણ કોઈને કોઈ કામ કરવું તો પડશે જ.

આમ વિચાર કરી રાજા ગામલોકો સાથે કામ પર ગયો.હવે ત્યાં ચેકડેમની એક ચોકડી ખોદવાના આઠ આના રોજ આપવામાં આવતો હતો.ને એ ચોકડી પણ કેવી ખોદવાની ! તો ચોકડી ખોદનાર દરેક મજૂરે ત્રણ ફૂટ ઊંડાઈ,છ ફૂટની લંબાઈ અને અઢી ફૂટની પહોળાઈ વાળી ચોકડી ખોદવી પડતી.આવી એક ચોકડી ખોદે ત્યારે તેને આઠ આના મળતા.

રાજા પણ એવી ચોકડી ખોદવાના કામમાં લાગી ગયો,પણ એક ચોકડી ખોદતા ખોદતા તેને આઠ દિવસ થઈ ગયા.તેથી તેનો આઠ દિવસનો માત્ર આઠ આના રોજ થયો,એટલે તેને એક દિવસનો એક આનો રોજ પડયો ગણાય.

પછી સુપરવાઈઝર કામ જોવા માટે આવ્યા.તેમણે રાજાને પૂછ્યું - તેં કેટલી ચોકડી ખોદી ?

રજાએ કહ્યું - આઠ દિવસ થયા ત્યારે મારાથી એક ચોકડી પૂરી થઈ છે.

આ સાંભળતા સુપરવાઈઝરે નવાઈ પામીને કહ્યું કે - તો પછી તું કમાણી શું કરીશ,ને ખાઈશ શું ?

રાજાએ કહ્યું કે - હું એક રાજા જેવો રાજા હતો,તેથી મેં મારી જિંદગીમાં કોઈપણ પ્રકારનું કામ કર્યું નથી.એટલે હું એક ત્રિકમ અફાળું ને હાથ ઘસું,ફરી ત્રિકમ અફાળું ને હાથ ઘસું,ને આમ કરતા કરતા આઠ દિવસ થયા ત્યારે હું એક ચોકડી ખોદી શક્યો છું.જુઓ,મારા બંને હાથોમાં છાલા પડી આવ્યા છે;આઠના બદલે  સોળ છાલા પડયા છે.ને મારાથી સોળ પૈસાનું કામ તો થયું નથી.મારા નાના નાના બાળકો છે.હવે તેમને મારે શું ખવડાવવું ? એટલે હું અહિં કામ કરવા માટે આવ્યો હતો.પણ હવે હું શું કરું ? મારાથી આ કામ થઈ શકે તેમ નથી.

રાજાની આ વાત સાંભળીને સુપરવાઈઝરે કહ્યું કે - હું તમને મુકાદમમાં રાખું તો ચાલશે? હું તમને એક દિવસના આઠ આના રોજ આપીશ.

રાજાએ હા પાડતા કહ્યું કે - કશો વાંધો નહિં,તમને યોગ્ય લાગે એ રીતે ગોઠવી દો.પણ મારે શું કામ કરવાનું રહેશે ?

સુપરવાઈઝરે કહ્યું કે - તમારે ખાલી ચોકડીનું માપી દોરી આપવાનું અને બધા મજૂરોની હાજરી પૂરવાની,ને તેની સાથે કોણે કેટલી ચોકડી ખોદી ને કોની કેટલી હાજરી થઈ તેની નોંધ કરતા જવું.

રાજાએ તો મુકાદમનું કામ સ્વીકારી લીધું.આમ પણ તેને ચોકડી ખોદવા માટે આઠ દિવસના આઠ આના રોજ મળ્યો હતો,ને આ કામ માટે તો તેને એક દિવસના આઠ આના મળવાના હતા.એટલે એ તો સારું જ ગણાય ને ! તેથી રાજા મુકાદમની નોકરી કરવા લાગ્યો.

દિવસો પર દિવસો ને મહિનાઓ  જવા લાગ્યા.આમ કામ કરતા તેને છ - સાત મહિના થઈ ગયા.પછી તેણે આટલા દિવસો સુધી જે કામ કર્યું હતું તેનો પગાર મળ્યો એટલે તે ઘરે આવવા નીકળ્યો.

બીજીબાજુ રાજા વિના રાણી એકલી પડી ગઈ હતી.તેથી બાળકોના ભરણપોષણની જવાબદારી પણ તેના શિરે હતી.આ સમયે ગામમાં ગધેડાવાળાઓની એક વણજારે પડાવ નાખ્યો હતો.તેથી રાણી ત્યાં છાણવાછીંદું કરવા જતી.આ કામ માટે તેને છ આનાનો રોજ મળતો.આ વણજારાઓ પાસેથી જ તે અનાજ પણ લઈ આવતી અને બાળકોને ખવડાવતી.

રાજાને પગાર મળી ગયો હતો તેથી તેણે રાણી પર કાગળ લખ્યો.પરંતુ રાણી તો અભણ હતી.તેથી કાગળ વંચાવવા માટે તે વણજારાઓ પાસે ગઈ.તેમના સરદારે કાગળ વાંચ્યો અને કહ્યું કે - ‘તારો પતિ આવતીકાલે આવે છે.’ પછી તેણે ઉમેર્યું કે - ‘આવતીકાલે અમારી વણજાર પણ અહીંથી ઉઠી જવાની છે.તો કાલ સવારે પાંચ વાગ્યે આવીને તું તારી મજૂરીના પૈસા લઈ જજે.’

હવે રાણી તો રાણી જ ને ! તે તો દેખાવે સુંદર જ હોવાની ! એટલે તેના પર વણજારાઓની દાનત બગડી ચૂકી હતી.તેમણે નક્કી કરી લીધું હતું કે,કાલ સવારે આપણે આ બાઈને ઉઠાવી જઈશું.

બીજા દિવસે રાણીએ વહેલાં ઉઠીને રસોઈ બનાવી દીધી,ને પછી કૂતરા-બિલાડા વગેરે ઘરમાં ભરાઇને ખાવાનું બગાડી ના જાય તે માટે તપેલા સીકામાં મૂકી દીધા.બાળકો તો નાના હોવાથી હજી ઊંઘતા જ હતા.તેમને ઊંઘતા મૂકીને રાણી પોતાનો હિસાબ લેવા માટે પડાવ પર ગઈ એટલે લાગ જોઈને વણજારા તેને ઉપાડી લઈને જતા રહ્યા.

બીજીબાજુ સૂરજ ઊગ્યો એટલે બાળકો જાગી ગયા.તેઓ ભૂખ્યા પણ થયા હતા,તેથી નીદમાંથી જાગ્યા એવા જ રડવા લાગ્યા.

હવે ખાવાનું તો સીકામાં મૂકેલું હતું,ત્યાં સુધી તેમનાથી પહોંચાય તો નીચે ઉતારીને ખાય ને ! આમ ભૂખના માર્યા તેઓ રડી રહ્યા હતા.

એવામાં દશેક વાગ્યાની આસપાસ રાજા ઘરે આવી પહોંચ્યો.તેણે સીકેથી ખાવાનું ઉતારીને બાળકોને ખવડાવ્યું,એટલે તેઓ છાના રહી ગયા.

તેણે ગામલોકોને પૂછ્યું કે- મારી ઘરવાળી ક્યાં ગઈ છે ?

તો ગામલોકોએ કહ્યું કે -એ તો અમને નથી ખબર;પણ આપણા ગામમાં ગધેડાવાળાઓની એક વણજારે પડાવ નાખ્યો હતો,ત્યાં તે છાણવાસીદું કરવા જતી હતી,એટલે એવું બની શકે કે કદાચ તેઓ તેને ઉપાડી ગયા હોય.

તો એ કઈ વાટે ગયા ? રાજાએ અધીરાઈથી પૂછ્યું.

લોકોએ કહ્યું કે- તેઓ કયા રસ્તે ગયા એ અમે પણ જાણતા નથી,પણ તેમની સાથે ગધેડાઓની ઘણી મોટી વણજાર હતી.એટલે તેઓ જે પણ રસ્તે ગયા હશે એ રસ્તે કોઈ ને કોઈ ગધેડું જરૂર હગશે.તેથી તમે એ જોતા જોતા આગળ વધજો.

રાજાએ બંને બાળકોને સાથે લઈ લીધા.એકને ખભા પર બેસાડી લીધું ને બીજાને બીજાને ખોળિયું કરીને બગલમાં ભેરવી લઈને તે પોતાની  રાણીને શોધવા માટે નીકળી પડયો.

વસ્તી નાખી,શિયાળવાઓ લારીઓ પાડે..બિલાડો ડોળા કાઢે..વાઘ ઘુરક્યા કરે..હરણા કૂદયા કરે..કાંચડો હુકારો કરે..એવા જંગલમાં થઈને તે ગધેડાઓની … જોતો જોતો આગળ વધતો ગયો.

એવામાં રસ્તામાં એક મોટી ખાડી આવી.ખાડીમાં પાણી ખૂબ ઊંડું હતું,તેથી બંને છોકરાઓને લઈને કઈ રીતે ઉતરવું ? એક હાથે તોયે તરવું તો પડે જ ને ! તેથી તે મોટા બાળકને નીચે ઉતારી દે છે અને નાનાને લઈને ખાડીમાં ઉતરવા જાય છે,ત્યાં તો તે રડતું રડતું તેની પાછળ દોડે છે.એટલે પછી તે મોટાને લઈને ઉતરવા જાય છે તો નાનું બાળક પણ રડતું જઈને પાછળ દોડવા લાગે છે.આમ બંને બાળકો રડતા જઈને તેની પાછળ દોડતા હતા.

તેથી તેણે પોતાની પાસે એક ફેંટો હતો તેને અડધેથી ફાડીને બે ફાડચા કર્યા.એક ફાડચાથી મોટા બાળકને ઝાડ સાથે બાંધી દીધું,અને અડધું ફાડચું સાથે રાખી નાના બાળકને લઈને તે ખાડીમાં ઉતર્યો,ને સામે કાંઠે જઈને પેલા નાના બાળકને પણ ઝાડ સાથે બાંધી દીધું.

પછી તે આ કાંઠે રહેલા બાળકને લેવા માટે ખાડીમાં ઉતરીને આવતો હતો એવામાં તેને મગર ગળી ગયો.

હવે ખાડીમાં માછીડાઓએ માછલા પકડવા માટે જે જાળ બિછાવી હતી એ જાળમાં તે મગર પડયો.

બીજા દિવસે સવારે માછીડાઓએ તે મગરને ફાડીને રાજાને બહાર કાઢયો,તો પણ તે હજી જીવતો જ હતો.તેમણે ગરમ કપડાની હૂફ આપીને કે આ તે સારવાર કરીને તેને બચાવી લીધો.

બીજી બાજું પેલા બંને બાળકો ઝાડ સાથે બંધાયેલી હાલતમાં રડયા કરતા હતા.

હવે બાજુના ગામમાં એક ધોબી અને ધોબણ રહેતા હતા.તેઓ નિઃસંતાન હતા.તેઓ કપડા ધોવા માટે ખાડીએ આવ્યા.આવીને જુએ છે તો એક બાળક આ કાંઠે ને બીજું પેલે કાંઠે,બંને બાળકો બંધાયેલી હાલતમાં રડયા કરતા હતા.

તેમને જોઈને ધોબણ કહેવા લાગી કે,આ સંતાનો તો ભગવાને જ આપણને આપ્યા છે !

તેમણે બંને છોકરાઓને બંધનમાંથી છોડી લીધા અને પછી ‘ભગવાને આજે આપણને સંતાનો આપ્યા છે એટલે આજે કપડા પણ નથી ધોવા’ આમ કહીને તેઓ બાળકોને લઈને ઘરે આવતા રહ્યા.

આમ,બાળકો ધોબીના ઘરે અને રાજા માછીડાઓને ત્યાં રહેવા લાગ્યો.હવે રાણીને ઉપાડી લઈ ગયા હતા તે વણજારાઓએ પણ એ જ ગામમાં ને એ જ ફળિયામાં પડાવ નાખ્યો હતો.

આ બધાના ઘરો પણ નજીક નજીકમાં આવેલા હતા પણ કોઈ કોઈને બહાર નીકળવા દેતું નહોતું.તેથી પતિ પત્નીને ના મળી શકે કે પત્ની પતિને,ને તેવી જ રીતે બાળકો પણ પોતાના મા - બાપને મળી શકતા નહોતા.તેમને કોઈને એવો ખ્યાલ પણ નહોતો કે તેઓ બધા એક જ ફળિયામાં રહે છે.

આ ગામમાં વાઘનો ખૂબ ત્રાસ હતો.તે રોજના હુમલો કરતો અને બે ત્રણ માણસોનો શિકાર કરીને જતો રહેતો.

એટલે ગામ લોકોએ એવું નક્કી કર્યું હતું કે-આજે આ ઘરેથી તો આવતીકાલે ફલાણાના ઘરેથી,કોઈએક માણસે ચોકીપહેરો કરવા જવાનું,ને આ રીતે આખા ગામના ઘરોના વારા પાડી દીધા હતા.

તેથી જે કોઈ ચોકીપહેરો કરવા જતું તેનો જ વાઘ શિકાર કરી,ખાયને જતો રહેતો.પછી જે કંઇ માંસ બચતું તેને એ ગામના રાજાના સૈનિકો સવારમાં આવીને દૂર ફેકી આવતા.

આજે આ ઘરનો તો કાલે બીજા ઘરનો;એમ કરતા કરતા ધોબીના ઘરનો વારો આવ્યો.તેથી ધોબીએ બંને બાળકોને બોલાવીને કહ્યું કે- દીકરાઓ તમારી આ દાદીને જીવતે પાળજો ને મરતા બાળજો;આજે મને ચોકી પર જવું પડશે.

બાળકોએ કહ્યું - દાદા તમારે નથી જવાનું,આજે ચોકી પર અમે જઈશું.

ધોબીએ તેમને કહ્યું કે - દીકરાઓ,મેં જેટલા દાંતણ ચાવ્યા છે તેટલા તમે નથી ચાવ્યા,તેથી તમે મને જવા દો.

પરંતુ બાળકોએ પોતાની હઠ ના છોડી.તેમણે કહ્યું - ના દાદા, તમારે નથી જવાનું.તમે અમને જ ચોકી પર જવા દો.લાવો,તમારી પાસે કોઈ જૂની પુરાણી વસ્તું પડી હોય તો તે અમને આપો.

ધોબીએ પૂછ્યું - કે શું આપું જૂનાપુરાણામાં ?

કોઈ હથિયાર આપો - છોકરાઓએ જવાબ આપ્યો.

એટલે ધોબીએ તેમને તલવાર અને ભાલો લાવી આપ્યા.પછી નાનાભાઈએ મોટાભાઈને કહ્યું કે - તમે એક કોથળામાં છાણા ભરી લો.

એટલે તેણે કોથળામાં છાણા ભરી લીધા,ને પછી બંને ભાઈ ચોકી પર ગયા.

આ ચોકી માટેની જગ્યા બધા ઘરોની વચ્ચે એક મેદાન હતું તેમાં રાખવામાં આવી હતી. ત્યાં જઈને તેમણે ફરતે કુંડાળાકારે છાણા ગોઠવીને સળગાવી દીધા,ને તેમાં તલવાર અને ભાલો ગરમ કરવા માટે મૂકી દીધા,ને પછી નિરાંતે બેસીને વાઘની વાટ જોવા લાગ્યા.

એટલે મોટાભાઈએ કહ્યું કે - ભાઈ,વાઘ આવે ત્યાં સુધી આપણે કઈક વાતો કરીએ ને ! આમ પણ વાઘ તો બાર-એક વાગ્યે આવશે ત્યાં સુધી આપણે શું કરીશું ? ને ત્યાં સુધીમાં જો આપણે ઊંઘી જઈશું તો વાઘ આપણને ખાઈને જતો રહેશે ! ને આપણે તો વાઘને મારવાનો છે ! એટલે જ્યારે પણ વાઘ આવશે ત્યારે તું બરછો લેજે ને હું ભાલો લઈશ,પણ ત્યાં સુધી આપણે કઈક વાતો કરીએ.

તો નાનાભાઈએ કહ્યું કે- ભાઈ તમે મારા કરતાં વધારે અનુભવી ગણાવ,એટલે તમે વાર્તા કહો તો જરા વધારે સારું રહે.એટલે પછી મોટાભાઈએ આ પ્રમાણે વાર્તા કરી -

‘એક રાજા હતો.તેણે રાજ લીધું અને રાજ ચલાવવા લાગ્યો.એક દિવસ તેના ઘર પાસે એક ગોલ પંખી આવીને બેઠું.તેણે રાજાને પૂછ્યું કે-રાજા સાહેબ રાજા સાહેબ જુવાનપણામાં પડું કે ગડપણામાં પડું ? તો રાજાએ કહ્યું - તું પડે તો ભલે પડ પણ જુવાનપણામાં પડ.એટલે તે ગોલપંખી ત્યાંથી ઉડીને જતુ રહ્યું.પછી રાજા આજે થોડો લૂંટાયો કાલે લૂંટાયો એમ કરતા કરતા તેનું આખુ ઘરબાર લૂટાય ગયું.તેના ઘરમાં ખાવા માટે અનાજ પણ ના મળે એવું થઈ ગયું.એટલે રાજા સરકારે ચેકડેમ બનાવવાની એક યોજના બહાર પાડી હતી તેમાં કામ કરવા જતો રહ્યો. તેની રાણી ગધેડાવાળા વણજારાને ત્યાં છાણવાસીદું કરવા જતી અને બાળકોને ખવડાવતી.પરંતુ એક દિવસે તે વણઝારા રાણીને ઉપાડી ગયા..’ આ રીતે મોટોભાઈ વાર્તા કરે છે.

હવે,બધાના ઘરો તો નજીક નજીકમાં આવેલા હતા.તેથી તેની વાર્તા રાજા પણ સાંભળે છે અને રાણી પણ,ને તેઓ બંને રડી પડે છે.અમારા છોકરા અહીં આવી ગયા છે એ વાતનું એમને ઘણું દુઃખ થાય છે.

બંને ભાઈઓએ આ રીતે આખી વાર્તા પૂરી કરી એટલામાં વાઘ ત્યાં ખરર..ખરર..કરતો આવી પહોચ્યો.મોટાભાઈએ એક ભાલો માર્યો એટલે વાઘને ત્યાં પાડી દીધો ને પછી નાનાએ બરછી મારી એટલે મોંથી પાછળના ભાગ સુધી આરપાર કાઢી નાખી.ને તેમણે વાઘને મારી નાખ્યો.

હવે એ ગામના રાજાએ એવું જાહેર કર્યું હતું કે વાઘને જે કોઈ મારશે તેને હું મારું અડધું રાજ્ય આપી દઈશ.પરંતુ કોઈથી એ વાઘ મરતો નહોતો.તેને આ બંને ભાઈઓએ મોતને

ઘાટ ઉતારી નાખ્યો,એટલે વાઘ માર્યાની સાબિતિ માટે તેમણે વાઘની પૂછડી ને કાન કાપી લીધા અને પછી ઘરે જઈને ઊંઘી ગયા.

સવાર થતા પોલીસો ચોકીએ આવ્યા,ને આવીને જુએ છે તો વાઘ મરેલો પડયો હતો.એટલે તેની નજીક જઈને કોઈ લાકડીથી ગોદા મારે છે તો કોઈ વળી બંદૂકથી ગોળી મારી જુએ છે.

પછી તેઓ રાજાને જઈને કહે છે કે,રાજા સાહેબ,આજે અમે વાઘને મારી નાખ્યો !

આ સાંભળી રાજાએ નવાઈ પામીને કહ્યું - અરે..! એક વર્ષ થઈ ગયું તમારાથી વાઘ મરતો નહોતો.તો પછી આજે કેમ કરીને મરવાનો ? આજે ચોકી કોની હતી તે ચોપડામાં જુઓ ને જરા' રાજાએ હુકમ કર્યો.

પોલીસોએ જોઈને કહ્યું - આજે ધોબી લોકોની ચોકી હતી.ને પછી 'એ ઘરડા માણસો વાઘને શું મારી જાણવાના ? ' આમ કહીને તેઓ અંદરોઅંદર ગુસપુસ કરવા લાગ્યા.

પણ રાજાએ તો સાચી હકીકત જાણવી હતી,એટલે તેણે હુકમ કર્યો - જાઓ ધોબીને બોલાવી લાવો ! જાઓ ફટાફટ !

એટલે પોલીસો ધોબીના ઘરે ગયા ને પૂછયું - ધોબી ઉઠયો છે કે નહિં ?

હમણા જ ઉઠયો છું.- ધોબીએ જવાબ દીધો.

ચાલો,તમને રાજાસાહેબ બોલાવે છે.આમ કહીને તેમણે ધોબીને સવાલ કર્યો કે-કાલે રાત્રે ચોકી કોની હતી ?

ધોબીએ કહ્યું- ચોકી તો અમારી જ હતી.

તો કોણ ગયું હતું ચોકી કરવા ? ફરી પોલીસોએ સવાલ પૂછયો.

એટલે ધોબીએ કહ્યું કે- ચોકી પર મારા છોકરા ગયા હતા.તેઓ હમણાં થોડા સમય પહેલા જ આવીને સૂતા છે એટલે હજી નથી ઉઠયા.તો હમણા તમે જતા રહો.

એટલે પોલીસો ત્યાંથી જતા રહ્યા.

રાજા પાસે જઈને તેમણે કહ્યું કે - રાજા સાહેબ ! ચોકી પર ધોબીના છોકરાઓ ગયા હતા પણ તેઓ હજી ઉઠયા નથી.

રાજાએ કહ્યું - જાઓ તો પછી એમને ઉઠાડીને લઈ આવો.

પાછા પોલીસો ધોબીના ઘરે ગયા ને ધોબીને કહ્યું - જાઓ છોકરાઓને ઉઠાડો.

ધોબીએ કહ્યું - છોકરાઓ તો ઉઠી ગયા છે પણ હવે દાંતણ કરે છે.એટલે દાંતણ કરીને પછી આવશે.

પોલીસો પાછા રાજા પાસે આવ્યા અને કહ્યું - રાજા સાહેબ છોકરાઓ ઊઠી ગયા છે ને હવે દાંતણ કરે છે,એટલે દાતણ કરીને પછી આવશે એવું કહેવડાવ્યું છે.

જાઓ,જાઓ ! એમને અહિં જ બોલાવી લાવો,આપણે ત્યાં બાવળના દાંતણ છે.

ફરી પોલીસો ધોબીને ત્યાં ગયા અને કહ્યું- ચાલો છોકરાઓ એમને ત્યાં બાવળના દાંતણ છે એમ કીધું રાજા સાહેબે.

છોકરાઓએ કહ્યું - ના હવે દાંતણ તો કરી લીધું છે એટલે નાહી લઈને પછી આવીએ.

પાછા પોલીસો રાજા પાસે આવ્યા અને કહ્યું કે - રાજા સાહેબ,છોકરાઓએ દાંતણ તો કરી લીધું છે અટલે હવે નાહી લઈને આવ્યે એવું કીધું.

રાજાએ તેમને ફરી સૂચન કર્યું કે - જાઓ,જાઓ ! તેમને અહિં જ બોલાવી લાવો આપણે ત્યાં ગરમ પાણી છે.

પોલીસો પાછા આવે ત્યાં સુધીમાં છોકરાઓએ નાહી લીધું હતું,એટલે જ્યારે તેમણે છોકરાઓને આવીને કીધું કે,ચાલો રાજા સાહેબે તમને ત્યાં જ ગરમ પાણીએ નાહવા માટે બોલાવ્યા છે.

ના અમે નાહી લીધું છે એટલે હવે ચ્હા પી લઈને પછી આવીએ છીએ.

એટલે પોલીસો તો પાછા આવતા રહ્યા,ને આવીને રાજાને કહ્યું કે- રાજા સાહેબ તેમણે ચા પી લઈને પછી આવીએ એવું કીધું.

અરે,જાઓ જાઓ ! હમણાં ને હમણાં તેમને બોલાવી લાવો,આપણે ત્યાં દૂધવાળી ચ્હા છે.

પોલીસો પાછા ગયા ને છોકરાઓને કહ્યું કે - ચાલો છોકરાઓ તમને રાજા સાહેબે હમણાં જ બોલાવ્યા છે,ને તેમને ત્યાં દૂધવાળી ચ્હા છે એટલે ત્યાં જ પી લેવા કહ્યું છે.

ના, ચ્હા તો અમે પી લીધી છે એટલે હવે આવીએ જ છીએ, ત્યાં સુધી તમે ચાલતા થાઓ.

પછી એક છોકરાએ ગજવામાં વાઘની પુછડી લઈ લીધી ને બીજાએ કાન લઈ લીધો.પછી બંને ભાઈ રાજાના મહેલે ગયા.

રાજાએ તેમને બેસવા માટે ખુરશીઓ મૂકાવી આપી ને વચ્ચે ટેબલ મૂકાવ્યું.પછી એક ખુરશીમાં રાજા બેઠા અને બીજી ખુરશીઓમાં છોકરાઓને બેસાડયા તેમજ બાકીની ખુરશીઓમાં સૈનિકો બેસી ગયા.

રાજાએ છોકરાઓને સવાલ કર્યો કે,વાઘને કોણે માર્યો ? છોકરાઓએ કહ્યું કે,અમે માર્યો છે.આ સાંભળી પોલીસો તરત જ વચ્ચે બોલી પડયા કે, આ છોકરાઓ વાઘને શું મારી જાણે ?

રાજાએ તેમને કહ્યું કે,કશો વાંધો નહિં,જેણે માર્યો હોય તેણે,પણ મને વાઘને માર્યાની નિશાની જોઈએ.એટલે પોલીસો તો એકબીજાની સામે જોવા લાગ્યા,કે હવે શું કરવું ? કેમકે વાઘ માર્યાની કોઈ નિશાની તેમની પાસે નહોતી.

તો બીજીબાજુ મોટાભાઈએ ગજવામાંથી પુછડી કાઢી ને ટેબલ પર નાખી,એટલે નાનાભાઈએ પણ કાન કાઢીને ટેબલ પર નાખી આપ્યો.

આ જોઈને રાજાએ કહ્યું કે,હવે વાત બરાબર સાબિત થઈ.તેથી ઇનામ પણ આ છોકરાઓને જ મળશે.પછી પોતાના પોલીસો તરફ જોઈને ઉમેર્યુ કે,તમારી પાસે તો આવી કોઈ નિશાની નથી,જો તમે વાઘને માર્યો હોત તો તમે પણ આવી કોઈને કોઈ નિશાની જરૂર લઈ આવ્યા હોત.તેથી હકીકતમાં તો આ છોકરાઓએ જ વાઘને માર્યો છે. આ રહી તેની નિશાની કાન અને પુછડી,જે તેમણે ટેબલ પર મૂકી છે.આમ કહીને રાજાએ છોકરાઓને અડધું રાજ સોંપી દીધું.

પછી બંને ભાઈ ધોબીને પોતાના પિતા ચલાવતા હતા તેવું જ રાજ ચલાવવા લાગ્યા. તેમને અડધું રાજ્ય મળ્યું હોવા છતાં તેઓ ધોબીને ત્યાં જ રહેતા હતા.

આ ગામમાં ગુરૂવારનો હાટ ભરાતો હતો.બંને ભાઈ પણ દર ગુરૂવારે હાટમાં ખરીદી કરવા જતા.એટલે રાણી એમને જોતી અને મનોમન કહેતી કે,આ તો મારા જ છોકરા છે.તેવી જ રીતે રાજા પણ તેમને હાટમાં  જતા જોતો અને મનમાં વિચારતો કે,આ તો મારા જ છોકરા છે.આમ, બંને પોતાના છોકરાઓને દર ગુરૂવારે હાટમાં જતા હોય તે વખતે જોયા કરતા.આ રીતે બે ત્રણ ગુરૂવાર થઈ ગયા.

હવે ચોથા ગુરૂવારે પણ તેમણે છોકરાઓને હાટમાં જતા જોયા.એટલે રાણીએ વણજારાઓને કહ્યું કે,આજે હું પણ હાટમાં જવાની છું.હવે તો મને અહીં આવ્યાનો કેટલો બધો સમય થઈ ગયો છે ? એક બે વર્ષ તો વહી ગયા ! તો હવે હું કઈ થોડી જતી રહીશ ? આમ કહીને તેણે ઉમેર્યું કે,આજે હું હાટમાં શાકભાજી લેવા માટે જાઉં છું.હું ગમતી જોઈને શાકભાજી લઈ આવીશ.

તો બીજી બાજુ રાજા પણ માછીડાઓને કહે છે કે,રોજેરોજ કેટલી માછલીઓ ખાવી ! એટલે આજે હું શાકભાજી લેવા માટે હાટમાં જાઉં છું.હવે હું કઈ થોડો જતો રહીશ ? હું આટલા દિવસોથી  અહિં જ તો રહું છું,તેથી તમે મને આજે હાટમાં જવા દો.આમ કહીને રાજા પણ હાટમાં જવા નીકળ્યો.

બંને છોકરાઓ હાટમાં ચાલ્યા જતા હતા.તેમને જોતી જોતી રાણી પણ તેમની પાછળ પાછળ ચાલ્યે જતી હતી,ને આ બધાની પાછળ રાજા ચાલ્યો આવતો હતો.તેમ છતાં રાજા અને રાણી બંને એકબીજાને ઓળખી શકતા નથી,કેમકે રાણી વણજારાને ત્યાં રહેતી હતી તેથી તેનો પહેરવેશ પણ તેમના જ જેવો હતો,એટલે તે રાજાને ઓળખાતી નથી.વળી તે પાછળ ફરીને જોતી નથી,એટલે તે રાજાને નથી ઓળખી શકતી. આમ બંને એકબીજાને ઓળખી શકતા નથી.

ને બંને ભાઈઓ તો એકબીજા સાથે વાતો કરતા ચાલ્યા જતા હતા.તેઓ હાટમાં જઈને શાકભાજી લેતા હતા,એટલામાં રાણીએ પાછળથી આવીને બંનેને બાથમાં ભરી લીધા અને રડવા લાગી.હવે રાજા પણ છોકરાઓને ઓળખી ગયો એટલે તેણે પણ જઈને છોકરાઓને બાથમાં ભરી લીધા.આ રીતે ચારે જણા એકબીજાને ભેટી પડયા અને વીતેલી

ઘટનાઓને યાદ કરીને થોડુંઘણું રડી પણ લીધું.પછી તેમણે જે કઈ ખરીદી કરવાની હતી  તે બધું લઈને ચારે જણા સીધા ધોબીને ત્યાં આવતા રહ્યા,અને ધોબીને ત્યાં જ રહીને જે અડધું રાજ્ય ઈનામમાં મળ્યું હતું; તેને બધા મળીને જેવું રાજ આગળ ચાલતું હતું તેવું જ ચલાવવા લાગ્યા. તેમણે ધોબીઓને ' જીવતા પાળ્યા ને મરતા બાળ્યા ' અને આમ પોતાની ફરજ નિભાવી.

## ૮. સાત ભાઈઓ અને એક બહેન

સાત ભાઈઓ હતા.તેમની એક બહેન હતી.

એક દિવસે નાનો ભાઈ બળદ ચરવવા ગયો ત્યાં બળદ ખોવાઈ ગયા.તે આજુબાજુ બધે જોઈ વળ્યો પણ બળદ ન મળ્યા.

તેણે ઘરે આવીને બાપાને કહ્યું - બાપા આપણા બળદ ખોવાઈ ગયા ! હું બધે જોઈ વળ્યો પણ તે ન મળ્યા !

તેની વાત સાંભળીને સૌથી મોટા ભાઈએ કહ્યું-તો ચાલો આપણે બાધા રાખીએ.

બીજા ભાઈઓએ કહ્યુ- પણ આપણે બાધામાં ચઢાવીશું શું ?

તેણે કહ્યુ- આપણે આપણી બહેનને ચઢાવી દઈશું.

તેમણે આવી બાધા રાખી એટલે બળદ ઘરે આવી ગયા.તેથી તેમણે બાધા છોડવા માટેની બધી સામગ્રી તૈયાર કરી લીધી અને બહેનને લઈને દેવસ્થાને ગયા.

તેમણે દેવની પૂજાવિધિ કરી.પૂજા કર્યા પછી તેઓ વિચાર કરે છે કે- આપણામાંથી બહેનને વધેરવા કોણ જશે ?

મોટા ભાઈએ કહ્યુ-મને તલવાર આપો.

તેણે તલવાર હાથમાં લીધી.તેણે બહેનને દેવ આગળ વાકી વાળી દીધી અને પછી તલવારથી વાર કર્યો.પરંતુ બહેનને તલવાર વાગી પણ નહી, અને તે મરી પણ નહી !

આ રીતે એક પછી એક એમ છ ભાઈઓ તલવાર લઈને બહેનને મારવા માટે ગયા, પણ કોઈથી બહેન ન મરી !

પછી સૌથી નાના ભાઈએ કહ્યું - લાવો,મને તલવાર આપો.તેણે એક તલવાર ઝીકી અને બહેનનું માથું ઉડાવી દીધું.

બહેનને વધેરી દીધા પછી સાતે સાત ભાઈઓ તેના શબને શેકવા માટે લઈ ગયા.શેકીને પછી તેનું માંસ પાડયું અને તપેલામાં નાખી ચૂલા પર મૂકી દીધું.

માંસ ચઢી ગયું એટલે તેને નીચે ઉતારીને એક મોટા થાળામાં ઠાલવી દીધું.તેના સાત ભાગ કર્યા અને પછી સૌ જમવા બેઠાં.

હવે નાનો ભાઈ પોતાના માટે હોલાનું માસ લઈ ગયો હતો.એટલે તે જમતા જમતા તે બહેનનું માંસ હાથમાં આવી જતું તો તેને જમીનની ફાટમાં નાખી દેતો.આમ તેણે બહેનનું માસ ન ખાધું.તેણે માત્ર હોલાનું જ માસ ખાધું.જમી લીધા પછી સાતેસાત ભાઈઓ ઘરે પાછા ફર્યા.

દિવસો પર દિવસો જતા નાના ભાઈએ બહેનનુ માંસ જમીનની ફાટમાં નાખી દીધું હતું ત્યાં વાંસ ઊગ્યો.

એક દિવસ નાનો ભાઈ બળદ ચરાવવા ગયો.બળદ ચરતા હતા એટલે તે થોડો આરામ કરવા માટે વાંસ નીચે જઈને આડો પડયો.આડા પડયે પડયે તેને ઊંઘ આવી ગઈ.ઊંઘતા ઊંઘતા તેને એવું સપનું આવ્યું કે- તું આ વાંસનો એક વામ જેટલો ટુકડો કાપી લઈ જા.

એટલે તેણે વામ જેટલો વાંસ કાપી લીધો.ઘરે આવીને તેણે એ વાસમાંથી એક વાંસળી બનાવી.એ વાંસળી ખૂબ જ મધુર વાગતી હતી.તેથી તેણે એવો વિચાર કર્યો કે- હું આ વાંસળી લઈને ગામમાં ભિક્ષા માંગવા માટે જાઉં.

તે વાંસળી લઈને સૌથી પહેલા મોટા ભાઈના ઘરે ગયો.ત્યાં જઈને તેણે વાંસળી વગાડી.તો તે વાંસળી એવી વાગી કે -

" પાપીને ઘેર આવી રે જોગી,પાપીને ઘેર આવી."

આ સાંભળીને તે વિચારમાં પડી ગયો કે- આ વાંસળી આવું કેમ વાગી ? પછી તે બીજા ભાઈના ઘરે ગયો.તો ત્યાં પણ વાંસળી એમ જ વાગી-

" પાપીને ઘેર આવી રે જોગી,પાપીને ઘેર આવી."

આમ છ એ છ ભાઈના ઘરે આવી જ રીતે વાંસળી વાગી ! પછી તે સાતમા ભાઈના ઘરે એટલે કે પોતાના જ ઘરે આવ્યો. તેણે વાંસળી વગાડી,તો વાંસળી એવી વાગી કે,-

" ભાઈને ઘેર આવી રે જોગી,ભાઈને ઘેર આવી'

એવું વાગીને તરત જ એ વાંસળી તેના હાથમાંથી છટકીને છાપરાની છતમાં ભરાઈ ગઈ !

થોડીવાર પછી ભાઈ-ભાભી બંને ખેતરે જતા રહ્યા.એટલે તે વાંસળી બહેન બની ગઈ ! ભાઈ ભાભી ખેતરેથી પાછા આવે ત્યાં સુધીમાં તો તેણે ઘરને વાળીને ચોખ્ખું કરી નાખ્યું,વાસણ માંજી દીધા અને રાંધી પણ નાખ્યું ! ને પછી તે કોઠીમાં ભરાઈ ગઈ.

ભાઈ-ભાભી ખેતરથી આવ્યા.ઘરને સાફસૂતરું જોઈને ભાઈએ પત્નીને કહ્યું- આપણા ઘરે કોઈ છોકરું નથી કે નથી કોઈ વહુ,આપણે તો વાંઝણા છીએ.તો પછી કોણ આ ઘરને વાળીને સાફ કરી ગયું ? ને કોણ આ વાસણ માંજીને રસોઈ બનાવી ગયું ?

બીજા દિવસે સવારે તેઓ બંને ખેતરે જઈએ છીએ એમ કહીને નીકળ્યા.પરંતુ થોડે જઈને પાછા વળી આવ્યા અને ઘરની નજીક સંતાઈ ગયા.

એટલે હવે ભાઈ-ભાભી તો જતા રહ્યા છે એમ કરીને થોડીવાર પછી બહેન કોઠીમાંથી બહાર નીકળી.તે તો ઘર વાળવાનું,રાંધવાનું તેમજ વાસણ માંજવાનું એવું બધું કામ કરવા લાગી.તે રાંધીને પરવારી પણ ગઈ.

તે હવે જમી લઈને કોઠીમાં ભરાવા જતી હતી એટલામાં ભાઈએ આવીને તેનો ચોટલો પકડી લીધો.તેણે બહેનને પૂછયું - ‘તું ડાકણ છે,ભૂત છે કે કોઈ ભૂવાઇ ?

બહેને કહ્યું- હું આ બધામાંથી કોઈ જ નથી.પરંતુ જ્યારે તમારા બળદ ખોવાઈ ગયા હતા ત્યારે તમે લોકોએ મને દેવને ચઢાવી દેવાની બાધા રાખી હતી.એ બાધા છોડવા તમે મને લઈને દેવસ્થાને ગયા હતા ત્યારે હું છ એ છ ભાઈઓથી મરી નહોતી,પણ હું તારા હાથે મરી હતી,ને જ્યારે તમે મારું માંસ રાંધીને જમવા બેઠા ત્યારે તેં માત્ર હોલાનું જ માંસ ખાધુ હતું અને મારું માંસ જમીનની ફાંટમાં નાખી દીધું હતું.એ જ જગ્યાએ વાંસ ઊગ્યો હતો.ત્યાંથી તું વાંસળી બને એવડો ટુકડો કાપી લાવ્યો હતો.તેની તેં વાંસળી બનાવી.એ વાંસળી લઈને તું તારા છ ભાઈઓના ઘરે ફર્યો હતો.એ બધાએ જ મારું માંસ ખાધું હતું.એટલે એવા પાપી લોકોના ફળિયામાં વાંસળી એવી વાગી કે,-

“ પાપીને ઘેર આવી રે જોગી,પાપીને ઘેર આવી”

જ્યારે તેં મારું માંસ ખાધું નહોતું.તેથી તારા ઘરે આવીને વાંસળી વાગી કે,-

" ભાઈને ઘેર આવીરે જોગી,ભાઈને ઘેર આવી '

આમ,તેં મારું માંસ ખાધું નહોતું,તેથી તું મારો ખરો ભાઈ છે.બાકીના છ એ છ ભાઈઓએ મારું માંસ ખાધું હતું તેથી એ બધા પાપીઓ છે.એટલે હું તારી જ બહેન છું.

નાના ભાઈએ કહ્યું- તો પછી ચાલ બહેન ! તું અહીંયા જ રહી જા ! હું તને પરણાવી પણ આપીશ અને તારા માટે બધું જ કરીશ.આજથી આપણે ત્રણે જણા રળીને ખાઈશું.'

## ૯. ડોસી અને છોકરો

એક ડોસો ને ડોસી હતા.તેમનો એક છોકરો હતો.થોડા વખત પછી ડોસા મરણ પામ્યા.તેથી મા-દીકરો બે જ રહ્યા.

તે ખૂબ જ ગરીબ હતા.તેમની પાસે એક ગાય હતી.છોકરો તે ગાય ચરાવવા જતો અને ડોસી મજૂરીએ જતી.સમય જતા છોકરો પરણવા લાયક થઈ ગયો.

એક દિવસે છોકરાએ ડોસીને કહ્યું -આયા,આજે હું મારા માટે વહુ જોવા જવા માંગુ છુ.

ડોસીએ કહ્યું - દીકરા તું ગાય ચરાવવા જા,ને હું તારા માટે વહું શોધવા જાઉં છું.

એટલે છોકરો ગાયને ચરાવવા જતો રહ્યો.

ડોસી જંગલમાં જઈને શીમળાનું કાંટાદાર ટોલકું કાપી લાવ્યા.ઘરે આવીને એ ટોલકું તેમણે કોઠીમાં મૂકી દીધું.

સાંજે પાંચ વાગ્યે છોકરો ગાય ચરાવીને આવ્યો.આવતાની સાથે જ તેણે ડોસીને પૂછયું - આયા ક્યાં છે મારી વહુ ?

વહુ ઘરમાં જ છે પણ હમણાં બહાર નીકળતા શરમાય છે.

જો તે હમણા જ આટલી શરમાય છે તો પછી મારી સાથે ખાટલામાં ઊંઘવા ક્યારે આવશે ?

પહેલા તું નિરાંતે ઊંઘી જજે પછી એ પણ તારી સાથે આવીને સૂઈ જશે.

તે પથારી કરીને સૂઈ ગયો.હવે તે આખો દિવસ ગાય ચરાવીને થાકી ગયો હતો.એટલે પથારીમાં પડતાની સાથે તે ઊંઘી ગયો,પછી ડોસીએ શીમળાનું ટોલકું લાવીને તેની પડખે ધીરેથી મૂકી દીધું અને બંનેને ચાદર ઓઢાડી દીધી.

રાતે જાગીને તે ડોસીને કહે છે - આયા,આ તો મને ચીમટા ભરે છે.

દીકરા એ તો નવી વહું ગણાય એટલે ચીમટા તો ભરવાની જ.તું છાનોમાનો ઊંઘી જા.

એટલે છોકરો તો ચૂપચાપ ઊંઘી ગયો.

વહેલી સવારે કૂકડો બોલતાની સાથે ડોસી ઉઠી ગયા અને ટોલકું વાડામાં જઈને મૂકી આવ્યા.થોડીવાર પછી છોકરો પણ ઉઠી ગયો.

તેણે ઉઠતાની સાથે જ ડોસીને પૂછ્યું - આયા,મારી વહું ક્યાં છે ?

એ તો વાડામાં ચીભડાં ખાવા ગઈ છે.

છોકરો વહુને જોવા માટે વાડામાં ગયો.એવામાં એક શિયાળ વાડામાં પેસીને ચીભડાં ખાયા કરતું હતું.તેણે છોકરાને વાડામાં આવતો જોયો એટલે તે ત્યાંથી ભાગ્યું.

તેને ભાગતું જોઈને છોકરાને એવું લાગ્યું કે ‘આ તો મારી વહું જ ભાગીને જાય છે.’ તેથી તે તેની પાછળ દોડયો.

તે દોડતો જઈ બૂમ પાડીને કહે છે - ઊભી રહે.. ? ક્યાં જાય છે..? હું તને પૈસા ખર્ચીને લાવ્યો છું,ને તું ક્યાં ભાગે છે ?

આ જ સમયે ગામના પટેલની છોકરી પણ જુવાર ટોવા માટે ખેતરે આવી હતી.તે માચડા નીચે બેસીને તાપણું કરતી હતી.તેણે છોકરાની આવી બૂમો સાંભળી,એટલે તે દોડીને માચડા પર ચડી ગઈ.

એ જ ઘડીએ શિયાળ પણ માચડા નીચેથી પસાર થઈને ભાગી ગયું.એટલે છોકરાની નજર ભાગતા શિયાળ પર પડવાને બદલે માચડા પર ચડતી આ છોકરી પર પડી.તેને તો એવું જ લાગ્યું કે ‘આ તો હું ભગાડી લાવ્યો છું એટલે માચડા પર ચઢી ગઈ છે.’

એટલે તે છોકરીને બૂમ પાડીને કહેવા લાગ્યો કે- ચાલ,ક્યાં ભાગે છે ? મેં તારી પાછળ કેટલા બધા પૈસાનો ખર્ચ કર્યો છે !

આમ કહીને તે તેને ગાળો આપવા લાગ્યો.સામે છોકરી પણ તેને લડવા લાગી.આ રીતે બંને વચ્ચે ઘણીવાર સુધી બોલાબોલી ચાલી.બંને પક્ષે કોઈ કોઈને નમતું જોખવા તૈયાર નથી.

છોકરી તેના બાપાને બોલાવી લાવી.તેણે છોકરાને બતાવીને કહ્યું - બાપા આ છોકરો મને એવું કહે છે કે હું તને પૈસા ખર્ચીને લાવ્યો છું,ને તું ક્યાં ભાગે છે ?

એટલે પટેલનો પિત્તો ગયો,ને પછી તો છોકરા સાથે તેની પણ ઘણીબધી બોલાબોલી થઈ.

પછી,છોકરો ડોસીને બોલાવી લઈને પટેલને ત્યાં આવ્યો.તેણે પટેલની સામે જ ડોસીને પૂછ્યું - આયા તેં પટેલને પૈસા આપ્યા હતા કે નહિં ?

હાં પટેલ,મેં તને પૈસા આપ્યા છે પણ તું હવે જૂઠું બોલે છે.

મા દીકરાએ આવો ખોટો આરોપ લગાવ્યો એટલે પટેલે કોર્ટમાં કેસ કરી દીધો.બે ચાર દિવસ પછી કોર્ટનું તેડું આવ્યું એટલે ડોસી અને પટેલ કોર્ટમાં જવા નીકળ્યા.

તેમને જતા જતા રસ્તામાં જ બાર વાગી ગયા.તેઓ થાક ખાવા માટે એક ઝાડ નીચે બેઠા.પટેલને તો થાકના લીધે થોડીવારમાં જ ઊંઘ આવી ગઈ પણ ડોસી તો જાગતા જ રહ્યા.

તેમણે લાગ જોઈને પટેલના માથા પરથી ટોપી ફેડીને,તેના બધા વાળ ઉતારીને ટાલ કરી દીધી અને ફરી પાછી ટોપી હતી તેમ માથા પર મૂકી દીધી.

તેઓ કોર્ટમાં ગયા.કોર્ટમાં જજે પૂછ્યું - શું છે પટેલ ?

સાહેબ,આ ડોસીએ ના મને પૈસા આપ્યા છે કે મેં તેને મારી દીકરી આપી છે.છતાં એ ડોસી મારા પર એવો આરોપ લગાવે છે કે મેં તેના પૈસા ખાધા છે એટલે તેના બદલામાં તારી દિકરી અમને આપી દે.

કેમ ડોસી,શું આ પટેલ કહે છે તે સાચું છે ?

સાહેબ ખરેખર પટેલે મારી પાસેથી પૈસા લીધા છે.તમે આ પટેલની ટોપી ફેડાવીને જુઓ.જો તેમના માથા પર ટાલ પડી ગઈ હશે તો સમજવું કે તેણે મારા પૈસા ખાધા છે,અને જો ટાલ  ના હોય તો પૈસા નથી ખાધા એવું સમજી લેવું.

ડોસીની વાત સાંભળીને જજે પટેલને માથા પરથી ટોપી ઉતારવા જણાવ્યું.પટેલે માથા પરથી ટોપી ફેડી તો સાચે જ તેને ટાલ પડી ગઈ હતી.

આ જોઈને જજે પોતાનો નિર્ણય સંભળાવતાં કહ્યું - પટેલ તમે ખરેખર આ ડોસીના પૈસા ખાધા છે,તેથી તમારી છોકરી આ ડોસીને આપવી પડશે.

આવો ચુકાદો સંભળાવીને જજે બંનેને ઘરે મોકલી આપ્યા.એટલે ડોસી તો પટેલની છોકરીને લઈને ઘરે આવતી રહી,ને પછી મા દીકરો અને વહુ એમ ત્રણે જણા સાથે રહીને - મહેનત મજૂરી કરીને  જીવવા લાગ્યા.

દિવસો પર દિવસો જતા છોકરીની છાતી પર સ્તનો ફૂટયા.આ જોઈને છોકરો અચંબો પામ્યો.

એવામાં ગામના કોઈ એક યુવાન બળદ ચરાવવા જતો હતો.તેને ઊભો રાખીને છોકરાએ કહ્યું - તું મને આ બળદ આપી દે અને તેના બદલામાં  મારી આ ઘરવાળી લેતો જા.હું મારી આ વહુને પૈસા ખર્ચીને લાવ્યો હતો પણ હવે તેની છાતીમાં ચાંદા નીકળે છે એટલે મારે એને નથી રાખવી.

આમ કહીને તેણે બળદ માગી લીધા અને પોતાની પત્ની આપી દીધી,ને તે બળદો લઈને ઘરે આવતો રહ્યો.

બપોર થયો એટલે તે બળદોને પાણી પાવા માટે નદીએ ગયો.બળદોએ પાણી પીધું એટલે તે પેશાબ કરવા લાગ્યા.આ જોઈને છોકરાને ફરી પસ્તાવો થયો.

એવામાં બીજા એક ભાઈ ત્યાંથી પસાર થયા.તે કુહાડી લઈને જંગલમાં લાકડા કાપવા જતા હતા.

છોકરાએ તેને કહ્યું- ઊભો રહે,એકવાર તું મારી વાત સાંભળ ! મે પત્ની રાખી તો તેની છાતીમાં ચાંદા નીકળ્યા,ને બળદ લીધા તો પાણી પાતા પાતા બળદનું પેટ ફાટી ગયું.એટલે તું મને તારી આ કુહાડી આપી દે અને મારા આ બળદ લેતો જા.

આમ કહીને તેણે બળદો આપી દીધા ને તેની કુહાડી માગી લીધી.

ખરા બપોરે તે કુહાડી લઈને જંગલમાં ગયો.બપોરના તડકામાં કુહાડી ગરમ થઈ ગઈ.એવામાં રસ્તામાં તેને બીજો એક છોકરો મળ્યો.તે બજારમાં દાતરડાં ઘડાવવા જતો હતો.

તેણે એ છોકરાને ઊભો રાખ્યો અને કહ્યું - હું વહુ લાવ્યો તો તેની છાતીમાં ચાંદા નીકળ્યા,તેના બદલામાં મેં બળદ લીધા તો પાણી પીતા પીતા બળદનું પેટ ફાટી ગયું,ને તેના બદલામાં આ કુહાડી લીધી તો આ કુહાડીને દરરોજ તાવ આવે છે.એટલે તે ગરમ થઈ જાય છે,હું પણ એને તો વળી કેટલાં દોરા ધાગા કરાવું ? એટલે તું આ કુહાડી લઈ લે અને મને આ દાતરડાં આપી જા.

આમ કહી તેણે તે છોકરાને કુહાડી આપી દીધી અને દાતરડા લઈને ઘરે આવતો રહ્યો.

બીજા દિવસે છોકરો દાતરડા ઘડાવવા માટે બજારમાં ગયો.બજારમાંથી પાછા ફરતા તેને મોડું થઈ ગયું.

રાતના બાર વાગી ચૂક્યા હતા.એ ગામમાં આવવા જવાનો રસ્તો પટેલના ખેતર પાસેથી પસાર થતો હતો.એ ખેતરમાં પેસી જઈને ચોર ડાંગર કાપ્યા કરતા હતા.

તેમણે છોકરાને એ તરફ આવતો જોયો એટલે તેઓ ત્યાંથી ભાગી છૂટયા.આ જોઈને છોકરાએ ઘરે જવાને બદલે ખેતરમાં જ એક ખૂંટો રોપી દીધો,ને પછી બધા દાતરડાઓને એક લૂગડામાં વીંટાળીને તેની સાથે બાંધી દીધા.આટલું કરીને તે ખેતરમાં જ ઊંઘી ગયો.

સવાર થતા પટેલ ખેતરે આવ્યો.આવતાની સાથે જ તેણે કાચા ને કાચા ડાંગર કાપેલા જોયા,અને છોકરાને ખેતરમાં ઊંઘેલો જોયો ! એટલે પટેલનો પિત્તો ગયો.

તેણે છોકરાને ઉઠાડીને બે ચાર થપ્પડ લગાવી દીધી.

છોકરાએ કહ્યું - પટેલ તમે મને મારશો નહિં.આ ડાંગર કઈ મેં કાપ્યા નથી.હું તો દાતરડાં ઘસાવવા બજારમાં ગયો હતો; ત્યાંથી આવતા આવતા મને રાત થઈ ગઈ.તેથી હું અહી જ ઊંઘી ગયો.એટલે મધરાતે આ દાતરડાં જાગી ગયા અને ડાંગર કાપવા લાગ્યા.આ તો સારું થયું કે એટલામાં હું ઊઠી ગયો અને તરત જ આ ખૂંટો રોપીને તેની આ સાથે બાંધી દીધા.એટલે આમા મારો કોઈ વાંક નથી.

છોકરાએ આમ કહ્યું એટલે પટેલ તેને પોતાના ઘરે બોલાવી ગયો.

તેણે કહ્યું - હું તને મારીશ નહિં,પણ તું મને આ દાતરડા આપી દે.જો તું મને આ દાતરડા આપી દઈશ તો હું તને ખાંડણિયામાં ઊભો રાખીને દાતરડાનો હાથો ડૂબે ત્યાં સુધી પૈસા આપીશ.

છોકરાએ તેને દાતરડાં આપી દીધા અને પૈસા લઈને ત્યાંથી નીકળી આવ્યો.

છોકરાના ગયા પછી પટેલ દાતરડાં લઈને ખેતરે આવ્યો.તેણે દાતરડાંઓને શેઢા પર મૂકી દીધા અને કહ્યું - કાપો... કાપો..! પણ દાતરડા આમ જ કંઇ કાપતા હશે ?

આ જોઈને પટેલ તો વિચારતો જ રહી ગયો.તેને લાગી ગયું કે- આ છોકરો તો મને ફરી બેવકૂફ બનાવી ગયો.

બીજી બાજુ છોકરો પૈસા લઈને જંગલમાં થઈને જતો હતો.એ રસ્તામાં તાડનું એક ઝાડ આવ્યું.તે જેવો એ તાડ પાસે પહોંચ્યો કે એક રીંછ તેની સામે આવી ચઢયું.રીંછથી બચવા તે તાડની ઓથે સંતાય ગયો.

રીંછે તેના પર જેવી તરાપ મારી કે તરત જ તેણે થડ પાછળ રહીને તેના બંને પંજા પકડી લીધા.પછી તો રીંછ તેને ખાય જવાની કોશિશ કરવા લાગ્યું,પણ વચ્ચે થડ આવી જવાથી તે ખાય શકતું નહોતું.તેથી તે બચકું ભરવાના પ્રયત્નમાં છોકરાને થડની ફરતે ગોળ ગોળ ફેરવવા લાગ્યું.આમ,તાડની ફરતે ગોળ ગોળ ફરવામાં છોકરાના બધા જ પૈસા નીચે વેરાય ગયા.

એટલામાં જંગલ ખાતાનો એક પોલીસ ઘોડા પર બેસીને ત્યાં આવી ચડયો.તેણે રીંછ અને છોકરાને તાડની ફરતે ફરતા જોયા.

તેણે છોકરાને પૂછયું કે આ તું શું કરે છે ?

તો છોકરાએ કહ્યું કે,કેમ તમે આંધળા છો ? દેખાતું નથી,હું હજી પરણવાનો બાકી છું એટલે પૈસા હગાવું છું.

પોલીસે કહ્યું કે,મૂરખ રીંછ કોઈ દિવસ પૈસા હગતુ હશે ? એટલે છોકરાએ નીચે વેરાયેલા પૈસા તરફ ઇશારો કરીને કહ્યું કે,તો પછી આ તાડને ફરતે મે જે પૈસા હગાવ્યા છે તે એક વાર જોઈ લો.

પોલીસે તાડની ફરતે જોયું તો સાચે જ પૈસા વેરાયેલા હતા.આ જોઈને પોલીસે છોકરાને કહ્યું કે,મારે પણ લગ્ન કરવાના બાકી જ છે એટલે હું પણ થોડા પૈસા હગાવી લઉં,ત્યાં સુધી તું મારો આ ઘોડો પકડી રાખજે.

એટલે છોકરાએ તેને પોતાની નજીક બોલાવ્યો અને કહ્યું કે,મેં જે રીતે પંજા પકડયા છે તેમ તું પણ બરાબર પકડી લે.એટલે તેણે છોકરાએ જે રીતે રીંછના હાથ પકડયા હતા તેવી રીતે પકડી લીધા.પછી છોકરાએ પોતાના બધા પૈસા વણી લીધા અને પછી ઘોડા પર જઈને બેસી ગયો.

બીજી બાજુ રીંછ પોલીસને પણ તાડની ફરતે ફેરવવા લાગ્યું.પરંતુ તે પૈસા હગતું નહોતું.

તેથી પોલીસે છોકરાને પૂછયું કે આ રીંછ પૈસા કેમ નથી હગતું ? તેણે કહ્યું કે કેમ ના હગે,એ તો જરૂર હગશે ! પણ તમે એમ કરો કે એ હાથે રીંછને પકડી રાખો અને બીજા હાથે તેના કૂલા પર હાથ ફેરવો.એટલે પોલીસ તેમ કરવા ગયો કે તરત જ રીંછ તેના પર ચઢી બેઠું.તે પોલીસને મારીને ખાય ગયું અને છોકરો તો ઘોડા પર બેસીને ત્યાંથી આવતો રહ્યો.

તે ઘોડા પર બેસીને ઘરે આવતો હતો ત્યારે રસ્તામાં તેને જાન લઈને જતા જાનૈયાઓ મળ્યા.તે તેમની નજીક આવ્યો એવો જ બધાને લડવા લાગ્યો કે,તમે મારી ભાણજીને રડાવતા રડાવતા ક્યાં લઈ જાઓ છો ? મારી ઇચ્છા તો તેનો વરઘોડો કઢાવવાની હતી અને તમે તો તેને ચલાવતા જ લઈ જાઓ છો ! આ તો મને જરા મોડું થઈ ગયું એટલે, તેમ છતા હું તેનો વરઘોડો તો કઢાવીશ જ.

આ સાંભળીને બધા જાનૈયાઓ અંદરોઅંદર વાત કરવા લાગ્યા કે,સાચે જ આ કન્યા એમની ભાણજી હશે એવું લાગે છે.એટલે બધા જાનૈયાઓ ત્યાં જ ઊભા રહી ગયા.

તેણે જાનૈયાઓને કહ્યું કે, હવે તમે મારી ભાણજીને આ ઘોડા પર બેસાડી દો.આમ કહી તેણે કન્યાને ઘોડા પર બેસાડી લીધી અને જાનૈયાઓ સાથે થોડે સુધી ચાલતો ચાલતો આવ્યો,અને પછી થોડો આગળ નીકળ્યો.. થોડું આગળ નીકળ્યો.. એમ કરતો કરતો તે કન્યાને લઈને ત્યાંથી ભાગી છૂટયો.ઘરે આવીને તેણે ડોસીને કહ્યું કે,આયા હું વહું લઈ આવ્યો છું,આ રહી જોઈ લે !

આમ  તેઓ ત્રણે જણા સાથે જીવન જીવીને ખાવા લાગ્યા.

## ૧૦ . નાની વહુ

એક ડોસા હતા.તેમના સાત દીકરા હતા.આ સાત દીકરાઓની સાત વહુઓ હતી.ડોસાના આ પરિવારમાં કામની વહેંચણી એવી રીતે કરવામાં આવી હતી કે સૌથી નાની વહુએ ઘરકામ કરવાનું અને મોટી છ વહુઓએ ખેતીકામ સંભાળવાનું.

એક દિવસે ડોસા બજારમાં જવા માટે નીકળ્યા.તેમણે વહુઓને પૂછ્યું કે, તમારે બજારમાંથી કઈ મંગાવવું છે ? એટલે મોટી છ વહુઓએ એક જ જાતની સાડી મંગાવી.પછી ડોસાએ નાની વહુને પૂછ્યું કે,તમારા માટે કેવી સાડી લાવવાની છે ?

નાની વહુએ કહ્યું - મારા માટે તો દિવાસળીની પેટીમાં સમાય જાય તેવી સાડી લઈ આવજો.

બીજા દિવસે છએ છ વહુઓ એક જ જાતની સાડી પહેરીને ગામના બજારમાં ખરીદી કરવા ગઈ.નાની વહુને રસોઈ બનાવતા જરા વાર લાગી એટલે તે મોડેથી આવી.નાની વહુને મોંઘેરી સાડીમાં આવેલી જોઈને મોટી વહુઓને ઇર્ષ્યા થઈ આવી.

તેમને મનમાં લાગી આવ્યું - આ તો ઘરનું જ કામકાજ કરે છે તોપણ સસરાએ આટલી મોંઘી સાડી લાવી આપી,જ્યારે આપણે તો આખો દિવસ ખેતરમાં કામ કરીએ છે તોપણ આવી સાદી સાડી લાવી આપી.

તેમણે એવું નક્કી કરી લીધું કે - આજે ઘરે જઈને આપણે સસરાને આટલું તો કહી જ નાખવું છે કે,તેઓ તેમની આ નાની વહુને ઘરમાંથી કાઢી મૂકે તો જ અમે આ ઘરમાં રહીશું નહિં તો અમે છએ છ જણી ઘર છોડીને ચાલી જઈશું.

તેમણે ઘરે આવીને સસરાને આ વાત કરી.તેમની આવી ફરિયાદ સાંભળીને ડોસા વિચારમાં પડી ગયા.છેલ્લે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે, જો એક વહુ જતી રહે તો એક દીકરાને ગમે તે રીતે પરણાવી દઉં,પરંતુ જો છએ છ ચાલી જાય તો પછી છ દીકરાઓને હું કઈ રીતે પરણાવીશ ! એટલે મારે નાની વહુને ઘરમાંથી કાઢી મૂકવી પડશે.

સવાર થતાની સાથે જ ડોસાએ નાની વહુને કહ્યું - વહુ તમે જમવાનું બનાવી લો,આપણે થોડે જવાનું છે.

એટલે વહુએ રસોઈ બનાવી લીધી અને તૈયાર થઈ ગઈ.ડોસા તેને લઈને નીકળી પડયા.ચાલતા ચાલતા તેઓ ગાઢ જંગલમાં આવી પહોંચ્યા.

જંગલમાં અડધે રસ્તે જઈને ડોસાએ વહુને કહ્યું - વહું,હું જરા કુદરતી હાજતે જઈ આવું ત્યાં સુધી તમે અહીં ઊભા રહેજો.

આમ કહીને ડોસા જંગલની અંદર પેઠા,ને પછી એક ઝાડ ઓથે કર્યું ,બીજુ ઝાડ ઓથે કર્યું એમ કરીને લપાતા છુપાતા તે ત્યાંથી ભાગીને ઘરે આવતા રહ્યા.

બીજી બાજુ વહુને સસરાની રાહ જોતાજોતા સાંજ પડી ગઈ.એટલે તે જેમજેમ પગરસ્તો દેખાતો ગયો તેમતેમ આગળ ચાલતી થઈ.રસ્તામાં એક ખાડી આવી.હવે ઘણું બધું અંધારું થઈ ગયુ એટલે તે ખાડી પાસે ઉમરાનું એક ઝાડ હતું તેના પર ચઢી ગઈ.ઝાડ પર તેને ઊંઘ આવતી નથી.

રાતના બાર વાગ્યે એ ઉમરાને ફૂલ આવ્યા.તે એ ફૂલોની હાર બનાવવા લાગી.થોડીવાર પછી એ બધા ફૂલો સોનાના બની ગયા.

સવાર થતાં તેણે આજુબાજુ નજર દોડાવી તો જંગલમાંથી કોઈ ગામનું ધણ પસાર થયું હોય તેવો એક રસ્તો દખાયો.એ રસ્તે ચાલતા ચાલતા તે એક ગામમાં આવી પહોંચી.

ગામમાં પ્રવેશતા જ એક ઘર આવ્યું,એ ઘરમાં એક વાંઝણા ડોસી રહેતા હતા.વહુએ તે ડોસીને પૂછ્યું - હું તમારે ત્યાં એક રાત રોકાવા માંગું છું,તો મને રહેવા દેશો ?

ડોસીએ કહ્યું- દીકરી,એક રાત તો શું પણ તું જિંદગીભર માટે અહિં રોકાય જા.આમ પણ હું એકલી જ છું.મારું આ દુનિયામાં બીજું કોઈ નથી.તું મને જીવતી પાળજે ને મરતાં બાળજે.

એટલે વહુ ડોસીને ત્યાં જ રહેવા લાગી. દિવસો પર દિવસો વિતતા ગયા.

એક દિવસે ડોસી ભગવાનને ઘેર સીધાવી ગયા.તેઓ મરતા મરતા વહુને કહી ગયા કે - ‘મારી આ બધી માલ મિલકત તારી જ છે.’

ડોસીની બધી માલ મિલકત પોતાને મળી જતા વહુ તો હવે શેઠાણી બની ગઈ.

બીજી બાજુ નાની વહુના ચાલ્યા જવાથી ડોસાને ત્યાં કશું જ ના બચ્યું.બધું જ બરબાદ થઈ ગયું.ઘરમાં બધા ભૂખે મરવા લાગ્યા.

આ જોઈને ડોસા વિચાર કરતા થઈ ગયા કે- નાની વહુ ખરેખર સારા પગલાની હતી,એટલે જ તેને કાઢી મૂકયા પછી ગરીબ થઈ જવાયું.

એક દિવસે ડોસા નાની વહુને જે રસ્તે જંગલમાં ભૂલવી આવ્યા હતા,તે જ રસ્તે કામ શોધવા માટે નીકળ્યા.ને એક ઘરેથી બીજા ઘરે ફરતા ફરતા તે નાની વહુના ઘરે જ જઈ ચઢ્યા.પરંતુ તે પોતાની વહુને ઓળખી શક્યા નહિં,કારણકે વહુ તો હવે શેઠાણી બની ગઈ હતી.તેનો તો આખો પહેરવેશ જ બદલાઈ ગયો હતો.પરંતુ વહુ તો ડોસાને જોતાની સાથે જ ઓળખી ગઈ કે આ તો મારા જ સસરા છે.જે મને એકલીને જંગલમાં ભૂલવીને જતા રહ્યા હતા.

તેમ છતાં પોતે એમને જાણતી જ નહોય એ રીતે તેણે ડોસાને પૂછ્યું - કાકા,તમે ક્યાંથી આવો છો ?

ડોસાએ કહ્યું - હું તો કામ શોધવા માટે નીકળ્યો છું.

શેઠાણીએ કહ્યું - અહીયા કામ તો ઘણુંબધુ છે,પણ તમારે ત્યાં બધા મળીને કેટલા માણસો છે ?

તેણે ડોસાને જાણી જોઈને આવો સવાલ કર્યો કેમકે ડોસા શું જવાબ આપે છે એ તેણે જાણવું હતું.

ડોસાએ કહ્યું - મારા ઘરમાં તો સાત દીકરાઓ અને તેમની સાત વહુઓ હતી,તેમાંથી નાના દીકરાની વહુને કાઢી મૂકી.એટલે હમણાં સાત દીકરા ને છ વહુઓ છે.

શેઠાણીએ કહ્યું - તો તો પછી કાકા તમે એકવાર પાછા ઘરે જાઓ અને બધાને જ અહીં બોલાવી લાવો.તમને બધાને અહીં કામ મળી રહેશે.તમે અહીં જ રહેજો અને ઘરનું કામ કર્યા કરજો.

શેઠાણીએ આમ કહ્યું એટલે ડોસાએ તેને પૂછ્યું - અમારે અહીં કયા-કયા કામો કરવાના રહેશે ?

શેઠાણીએ કહ્યું - તમારા મોટા છ દીકરાઓ અને તેમની વહુઓએ ખેતીમાં કામ કરવાનું,ને સૌથી નાના દીકરાએ ઢોર ચરાવવા જવાનું.

હવે ઘરના બધા જ સભ્યો માટે કામ મળી ગયું હતું એટલે ડોસા પાછા ઘરે આવ્યા,અને બધાને બોલાવી લઈ ગયા.શેઠાણીને ત્યાં આવીને સૌ પોતપોતાને જે રીતે કામ સોંપાયેલું હતું તે રીતે કામ કરવા લાગ્યા.મોટા છ દીકરાઓ અને તેમની વહુઓ ખેતીમાં કામ કરવા લાગ્યા અને નાનો દીકરો ઢોર ચરાવવા લાગ્યો. આ રીતે તેમણે ચાર પાંચ દિવસ સુધી કામ કર્યું.

એક દિવસે શેઠાણીએ ડોસાને કહ્યું - તમે ગોવાળને મારી સાથે ઊંઘવા મોકલજો ને ! હું એકલી જ ઊંઘું છું એટલે મને રાતના બીક લાગે છે.

એટલે ડોસાને ગોવાળને આવીને કહ્યું કે- શેઠાણી સંગાથ બળી રહે તે માટે તને સાથે ઊંઘવા બોલાવે છે.

દીકરાએ કહ્યું - મને તો શરમ આવે છે.એ તો મોટા માણસ ગણાય,એમની સાથે કેમ કરીને ઊંઘવા જવાય ? આમ કહીને તે એ રાતે ઊંઘવા ન ગયો.

પરંતુ આગલા દિવસે શેઠાણીએ ફરી ડોસા સાથે કહી મોકલાવ્યું કે,આજે તો તમે ગોવાળને મારી સાથે ઊંઘવા મોકલજો જ.

તે રાતે ગોવાળ શેઠાણી સાથે સંગાથી તરીકે ઊંઘવા માટે ગયો.

પોતાની સાથે ઊંઘવા માટે આવેલા ગોવાળને શેઠાણીએ કહ્યું - ગોવાળ હું એક વાર્તા નાખું છું,તું એમાં ખાલી હોંકારો આપજે.

આમ કહી શેઠાણીએ વાર્તાની શરૂઆત કરી :

એક ડોસાને સાત દીકરા હતા.સાત દીકરાઓની સાત વહુઓ હતી.(ગોવાળ વચ્ચે વચ્ચે હોંકારો આપતો જાય છે.) તે ડોસાના ઘરમાં કામ કરવાનો એવો નિયમ હતો કે,મોટા છ દીકરાઓ અને તેમની વહુઓએ ખેતરમાં કામ કરવાનું અને સૌથી નાના દીકરાની વહુએ ઘરે રસોઈ બનાવવાનું કામ કરવાનું.આ રીતે શેઠાણી વાર્તા કરતી જાય છે અને ગોવાળ તેમાં હોંકારો આપતો જાય છે,પણ સાથેસાથે તેને એ વાતનો પણ ખ્યાલ આવતો જાય છે કે આવો

બનાવ તો અમારા ઘરે જ બન્યો છે.બીજીબાજુ શેઠાણી પણ વાર્તા કર્યે જાય છે.છેલ્લે તેણે કહ્યું કે- એક દિવસે નાની વહુને કાઢી મૂકવામાં આવી.ડોસા તેને જંગલમાં ભૂલવી આવ્યા.

આમ ગોવાળના ઘરે જેવો બનાવ બન્યો હતો તેવી જ વાર્તા શેઠાણીએ પણ કરી.ગોવાળ આ બધી વાત સાંભળ્યા કરે છે.શરૂઆતમાં તો તે હોકારો આપે છે પણ પછી તેનાથી હોંકારો અપાતો નથી.

પછી શેઠાણીએ ગોવાળને કહ્યું કે- તમે મારા ધણી છો અને હું તમારી ઘરવાળી છું.

આમ કહીને તે ગોવાળ સાથે જ ઊંઘી ગઈ.

પછી સવારે ઉઠીને શેઠાણીએ બાકીના સભ્યોને ચોખ્ખું સંભળાવી દીધું - તમે તમારા બિસ્તરા પોટલા બાંધીને અહીંથી ચાલતા થાઓ.હવે અહીં તમારા માટે કોઈ કામ નથી રહ્યું.

આમ,બધાને મોકલી દઈને પછી પતિ -પત્ની બંને સુખેથી જીવન જીવવા લાગ્યા.

## ૧૧. કેખના ફૂલ

એક રાજા હતો. તેના બે નોકરો હતા.એક ઠાકોર ગોવાળ અને બીજો હજામ.હજામનું કામ રોજ રાજાની દાઢી બનાવવાનુ,ભલે પછી ઊગી હોય કે ના ઊગી હોય પણ બનાવવાની એટલે બનાવવાની જ ! જ્યારે ઠાકોર ગોવાળનું કામ ઢોર ચરાવવા જવાનું.

એક દિવસ રાજાને કેખનાફૂલનું સ્વપ્ન આવ્યું.તેણે અનેક દેશોના રાજાઓને બોલાવીને તેમની સભા ભરી.તેમા તેણે એવી શરત મૂકી કે જે કોઈ કેખનાફૂલ જાણી જાય તેને હું સો રૂપિયાનું પાન ખવડાવીશ.બધા રાજાઓ એકબીજા સામે જોવા લાગ્યા. આ કેખનાફૂલ શું છે તે કોઈથી જાણી શકાયું નહિં,એટલે કોઈ એકીપાણી જાઉં છું તો કોઈ વળી જાજરૂ જઈ આવું એમ કહીને એક પછી એક બધાજ ત્યાંથી ઉઠીને જતા રહ્યા. રાજાનું કંબાલપાન એમ નું એમ રહી ગયું.તેણે તેને કોઠી પર મૂકી દીધું.

આ કેખનાફૂલ વિશે જાણવા માટે રાજાએ બીજા દિવસે અન્ય દેશોના રાજાઓને નિમંત્રણ મોકલાવ્યું.રાજાઓ આવી પહોંચે એ પહેલા તે પાન લેવા માટે આવ્યો.તેણે આવીને જોયું તો કોઠી પર પાન નહોતું.તેણે ઠાકોર ગોવાળને પૂછયું,ઠાકોર અહી પાન હતું તે ક્યાં ગયું ? ગોવાળે કહ્યું,રાજા સાહેબ એ પાન તો બધા રાજાઓને અપાય ગયા પછી વધ્યું હશે તેવું મારા માટે રાખ્યું હશે એમ સમજી હું ખાઈ ગયો હતો.રાજાઅ કહ્યું,ચાલ કશો વાંધો નહિં. ખાઈ ગયો તો ખાઈ ગયો.આમ કહી રાજાએ તેને બીજુ પાન લેવા માટે મોકલ્યો.તે પાન લેવા ગયો અને પાછો સો રૂપિયાનું પાન લઈ આવ્યો.

રાજાએ ફરી સભા ભરી.દરબારમાં બધા રાજાઓ આવીને બેસી ગયા પછી તેણે પોતાના મનની વાત કરી.તેણે કહ્યું કે,તમારામાંથી કેખનાફૂલ શું છે જે કોઈ જાણી જશે તેને હું આ સો રૂપિયાનું કંબાલપાન ખવડાવીશ.તે રાજાઓ પણ એકબીજાની સામે જોવા લાગ્યા.આ કેખના ફૂલ શું છે તે કોઈથી પણ જાણી શકાયું નહિં.એટલે એક ઊઠયો, તેને જોઈને બીજો ઊઠયો, આમ એક પછી એક બધા રાજાઓ ઊઠીને જતા રહ્યા.આ રાજાઓ પાસેથી પણ કેખનાફૂલ વિશે કોઈ માહિતી ન મળી તેથી તેણે ફરીથી બીજા દેશોના રાજાઓને બોલાવાનું નક્કી કર્યું.

બીજીબાજુ ઠાકોર ગોવાળ પણ ઢોર ચરાવીને આવી ગયો હતો.તે ઢોર બાંધતો જઈને વિચાર કરે છે કે,આજે પણ સભા ભરાઈ હતી એટલે મારા માટે કંબાલપાન તો હશે જ !

તેણે કોઠી પર જઈને જોયું તો સાચે જ કંબાલપાન મૂકેલું હતું ! એટલે તે કંબાલપાન ખાઈ ગયો.રાજાએ તો ફરી બીજા દેશના રાજાઓને બોલાવી લીધા હતા તેથી તે કોઠા પર આવીને કંબાલપાન શોધે છે,પણ એ તો ઠાકોર ગોવાળ ખાઈ ગયો હતો એટલે ક્યાંથી હોય ? તેણે ગોવાળને પૂછયું : ઠાકોર અહિં કોઠા પર કંબાલપાન હતું તે ક્યાં ગયું ? ગોવાળે કહ્યું,ગઈકાલે રાખ્યું હતું તેમ આજે પણ રાખ્યું હશે એમ સમજીને હું પાછો સાંજે ખાઈ ગયો હતો ! રાજાએ કહ્યું કે,તો પછી હું હવે કંબાલપાન મંગાવવાનો નથી.તું આ તલવાર ને ઘોડો લઈને જા.જો તું કેખનાફૂલ લીધા વગર પાછો આવ્યો તો હું તને આ જ તલવારથી મારી નાખીશ.આમ કહીને ઠાકોર ગોવાળને કેખના ફૂલ શોધવા માટે મોકલ્યો.

ઠાકોર ગોવાળે તલવાર લઈ લીધી અને ઘોડા પર બેસીને કેખનાફૂલ શોધવા નીકળી પડયો.હવે એક ગામમાં વણજારા રાજાના કાફલાને એક વાઘે રોકી રાખ્યો હતો.તેમને એક વર્ષ થઈ ગયું હતું.રાજાએ ગામની ફરતેના રસ્તાઓ પર પાટિયા લગાવીને તેના પર લખાવી દીધું હતું કે ' અહીથી કોઈએ આગળ જવું નહિં.જો કોઈ આગળ જશે તો  તેને વાઘ ખાઈ જશે,તેથી અહીંથી આગળ જવાની મનાઈ ફરમાવામાં આવે છે.' ગોવાળ ત્યાંથી પસાર થતો હતો એવામાં સિપાઈઓએ બૂમ પાડી.એય..ઊભો રહે ! અહીંથી આગળ જવાશે નહિં.આગળ વાઘ બેઠો છે,એ તને મારીને ખાઈ જશે.તું અહીથી પાછો વળી જા.ગોવાળે કહ્યું,એ વાઘ મને ખાઈ જશે તોપણ હું મરવાનો છું,અને જો હું આમ જ ખાલી હાથે અહીથી વળી જઈશ તો રાજા મને આ તલવારથી મારી નાખશે.આમ કહી તેણે સિપાઈઓની વાત માની નહિ.તે ધબડક...ધબડક ઘોડો દોડાવતો વાઘ ઊંઘ્યા કરતો હતો ત્યાંથી નીકળી ગયો.પછી તે થોડે જઈને ઊભો રહી વિચાર કરે છે,અરે ! સિપાઈઓ તો વાઘ ખાઈ જશે એમ કહેતા હતા ને આ તો આમ જ પડી રહ્યો છે ! તો એ જીવે છે કે પછી મરી ગયો છે ! આમ વિચાર કરી તે તલવાર લઈને ઘોડા પરથી ઊતર્યો. તેણે ધ્યાનથી જોયું તો વાઘ ઉછ્વાસ છોડે ત્યારે ધૂળ ઉડતી હતી અને શ્વાસ લે ત્યારે ધૂળ ઊડતી નહોતી.એટલે તેણે' અરે ! આ તો જીવતો જ છે ! એમ કરીને એક તલવાર મારી અને વાઘને ધડથી અલગ કરી નાખ્યો.હવે વણજારા રાજાએ એવું જાહેર કર્યું હતું કે,આ વાઘને જે કોઈ મારશે તેને હું મારું અડધું રાજ્ય અને સાથે મારી છોકરી પણ આપી દઈશ.એટલે તેણે વાઘનો કાન અને પૂછડી કાપી લીધી અને ત્યાંથી આગળ નીકળી ગયો.

સવાર થઈ એટલે રાજાના સિપાઈઓ વાઘ પાસે આવ્યા.તેમણે વાઘને મરેલી હાલતમાં જોયો,છતા કોઈ ગોદો મારે છે તો કોઈ બંદૂકથી વીંધે છે.જાણે વાઘને પોતે જ ના માર્યો હોય ! તેવો ઢોંગ રચી તેઓ રાજા પાસે ગયા અને કહ્યું કે,રાજા સાહેબ ! અમે વાઘને મારી નાખ્યો ! રાજાએ નવાઈ પામીને કહ્યું , અરે ! એક વર્ષ થઈ ગયું એ વાઘ તમારાથી મરતો નહોતો,તો આજે તમે કેમ કરીને માર્યો ! અહીંથી આગળ કોઈ ગયું છે ? તેમણે કહ્યું,એક ઘોડેસવાર ગયો છે.રાજાએ કહ્યું,તો તેને બોલાવી લાવો ! તેમણે કહ્યું,તે ઘોડા પર ગયો છે એટલે હવે તે આપણને હાથ નહિં આવે.રાજાએ આ વાતનો ઉકેલ પણ શોધી કાઢયો.તેણે કહ્યું,તો તમે આપણી આ જુવાન ઘોડીઓ લઈને જાવ ! એટલે તેઓ જુવાન ઘોડીઓ લઈને ગયા.તેમણે થોડે જઈને ગોવાળને પકડી પાડયો.તેમણે દૂરથી જ બૂમ પાડી,ઊભો રહે ! ગોવાળે પૂછયું,શું શા માટે ? સિપાઈઓએ કહ્યું,તને અમારા રાજાએ બોલાવ્યો છે.ગોવાળે કહ્યું,ચાલો તો પછી,હવે હું આગળ જઈશ તોપણ મરવાનો છું અને તમારી સાથે આવીશ તોપણ મારવાનો છું.મેં વાઘ માર્યો છે એટલે તમારો રાજા મને મારી જ નાખશે.આમ કહી તે સિપાઈઓ સાથે પાછો વળી આવ્યો.સિપાઈઓ તેને આગળ ચલાવે છે અને તેઓ તેની પાછળ પાછળ આવે છે.

તેમણે ગોવાળને રાજાની સામે હાજર કર્યો.રાજાએ સવાલ કર્યો,વાઘને કોણે માર્યો ? તરત જ સિપાઈઓ બોલી પડયા,આ મુસાફર વાઘને શું મારી જાણે ! વાઘને તો અમે માર્યો છે ! રાજાએ કહ્યું,તમારામાંથી જેણે માર્યો હોય તેણે,પણ આ વાતની ખાતરી માટે મને કોઈ નિશાની જોઈએ.આ સાંભળી સિપાઈઓ એકબીજાની સામે જોવા લાગ્યા.તેમની પાસે વાઘને માર્યાની કોઈ નિશાની નહોતી.બીજીબાજુ ઠાકોર ગોવાળે ગજવામાંથી વાઘનો કાન અને પૂછડી કાઢીને રાજાને આપી દીધી.આ જોઈ રાજાએ કહ્યું,બસ મને આ જ સાબિતી જોઈતી હતી ! ચાલ આજથી તને મે મારું આ અડધું રાજપાટ આપી દીધું.હવે એ તો વણજારાઓનો રાજા હતો એટલે ઢોરો જ તેનું રાજપાટ ગણાય ! એ સિવાય તેની મિલકત બીજી શું હોવાની ? આમ રાજાએ ગોવાળને અડધું રાજપાટ અને પોતાની દીકરી આપી દીધી.

ગોવાળ ત્યાં જ રાત રોકાય ગયો.તેણે પત્નીને કહ્યું કે,હું અહિં કઈ પરણવા નથી આવ્યો ! મને તો કેખનાફૂલ જોઈએ છે અને તેને શોધવા માટે જ હું નીકળ્યો છું.પત્નીએ કહ્યું,તો કશો વાંધો નહિં.મારા બા બાપું તો વરસોથી કેવા કેવા ગાઢ જંગલોમાં ઢોર ચરાવતા

આવ્યા છે.તેમણે આવા તો ઘણાબધા ફૂલો અને બીજુંબધું પણ જોયેલું છે.ગોવાળે કહ્યું,સારું તો તું વહેલી સવારે પૂછી લેજે નહિ તો મારે હજુ આગળ જવું પડશે.

સવારે તેણે પોતાના મા બાપને પૂછયું કે,બા બાપા તમે કેખનાફૂલ જોયું છે કે ? તમારા જમાય કેખનાફૂલ લેવા માટે આવ્યા છે.પિતાએ કહ્યું,અરેરે ! અમે તો કેવા કેવા ગાઢ જંગલોમાં ઢોર ચરાવવા જઈએ છીએ પણ હજીસુધી અમે કેખનાફૂલ જોયું નથી.પરંતું મારી એક બહેન રાક્ષસી છે ને શિકાર કરવા નીકળે છે તેથી કદાચ તેના જોવામાં આવ્યું હોય એવું બને ! તો ત્યાં કયા રસ્તે જવાશે ? ગોવાળે પૂછયું.તેમણે કહ્યું,આ વાટે જ જજો,આ વાટ સીધી ત્યાં જ જાય છે.જંગલમાં તેનું એકલીનું જ ઘર છે.

ગોવાળ ઘોડા પર બેસીને રાક્ષસીના ઘરે ગયો.એ રાક્ષસીની છોકરી તૂટેલા બાકડા પર બેસીને પગ હલાવ્યા કરતી હતી.ગોવાળને જોતા જ તે આવો..આવો... હું તમારી સાથે પરણી ચૂકી છું એમ કહેવા લાગી.ગોવાળે કહ્યું,હું કઈ પરણવા માટે નથી આવ્યો ! હું તો કેખનાફૂલની શોધમાં આવ્યો છું.તારા મામાએ મને અહીં મોકલ્યો છે,ને તેણે જ મને આ ઘર પણ બતાવ્યું છે.છોકરીએ કહ્યું, તો પછી તું અહીં રહેજે,પણ મારા મા બાપ આવશે તો તને ખાય જશે.આમ કહી તેણે ગોવાળને બારણાંની પાછળ ખૂણામાં સંતાડી દીધો.

હવે તે દિવસે તેના માતા પિતાને કોઈ શિકાર મળ્યો નહોતો.તેઓ ખાલી હાથે જ પાછા ફર્યા હતા.ઝાપાએ આવતા જ તેઓ કહેવા લાગ્યા,આ તો કાચા માણસનું માંસ ગંધાય છે.આપણે કેટકેટલું રખડીને આવ્યા ને શિકાર તો અહીં આપણા ઘરમાં જ છે.એટલામાં તરત જ તેમની દીકરી ઘરમાંથી બહાર દોડી આવી.તેણે કહ્યું કે,બા બાપા હું તેની સાથે પરણી ચૂકી છું.એ તો હવે તમારો જમાય કહેવાય તેથી તમારાથી તેને ના ખવાય.સારું તો એને અમે નહિં ખાઈએ - આમ કહીને મા બાપે તેની વાત માની લીધી.પછી તેમણે મનગમતી શાકભાજીની રસોઈ બનાવી અને જમી લઈને ઊંઘી ગયા.

રાતના ગોવાળે પોતાની બીજી પત્નીને કહ્યું કે,હું કેખનાફૂલને શોધવા માટે નીકળ્યો છું.પત્નીએ કહ્યું,કશો વાંધો નહિં.મારા મા બાપ તો રાજના ગાઢ જંગલોમાં શિકાર માટે ફરતા રહે છે,તેથી એમણે ઘણાં બધા ફૂલો જોયા હશે.હું સવારના વાત કરીશ એટલે તેઓ તમને કેખનાફૂલ શોધી પણ આપશે અને લાવી પણ આપશે.તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.તેણે સવારના વહેલા ઉઠીને ફટાફટ ગોવાળ માટે જમવાનું બનાવી દીધું.ગોવાળે

જમતા જમતા તેને કહ્યું,જાને પૂછજે તારા મા બાપને,તેમણે કેખનાફૂલ જોયું છે કે નહિં તે ! તેણે જઈને મા બાપને પૂછયું કે,બા બાપા તમે રોજ જંગલમાં શિકાર કરવા માટે જાઓ છો,તો તમારી નજરમાં કેખનાફૂલ જોવામાં આવ્યું છે કે ? તમારા જમાય એ ફૂલ શોધવા માટે અહિં આવ્યા છે.તેમણે કહ્યું,અરેરે ! અમે તો જંગલમાં કેટકેટલુંય રખડયા છે,પણ આજ સુધી અમે કેખનાફૂલ જોયું નથી.આમ તો અમે ઘણાબધાં ફૂલો જોયા છે પણ તેમાં કેખનાફૂલ કયું તે અમને ખબર નથી.

ગોવાળ તો વિચાર કરતો થઈ ગયો કે,હવે શું કરવું ? એટલામાં સાસુમાંએ તેને કહ્યું કે,જમાય તમે ચિંતા ના કરશો.મારી એક બહેન મગરી છે.દરિયાકિનારે તેનું એકલીનું જ ઘર છે.તે એક જ દિવસમાં સાત દરિયા પાર કરે છે એટલે તણે બધા ફૂલ જોયેલા અને ઓળખેલા હશે.તો કદાચ ત્યાં જવાથી તમને એ ફૂલ મળી પણ જાય.ગોવાળે કહ્યું,ચાલો તો હું જાઉં છું. પણ ત્યાં જવાશે ક્યાંથી ? તેણે કહ્યું,આ વાટે જશો એટલે સીધા ત્યાં જ જઈ પહોંચશો.

ગોવાળ મગરીને ત્યાં ગયો.તે તો દરિયો પાર કરવા જતી રહી હતી.તેનો પતિ નહોતો,તે મરણ પામ્યો હતો.તેથી મા દિકરી બે જ રહેતા હતા.છોકરી તૂટેલા હીંચકા પર બેસીને હીંચકા ખાતી હતી.ગોવાળે ઘોડા પરથી ઉતરીને તેને પૂછયું કે,તારી બા ક્યાં છે ? એટલે તે પણ આવો..આવો..હું તમારી સાથે પરણી ચૂકી છું એમ કહેવા લાગી.ગોવાળે ફરી પૂછયું,તારી બા ક્યાં છે ? તેણે કહ્યું,તે તો દરિયો પાર કરવા ગઈ છે.સારું ત્યારે એમ કહીને તે મગરી આવે ત્યાં સુધી બેઠો.પછી મગરી આવી.હવે તે દરિયો ખેડવા ગઈ હતી એટલે માસને એવું કઈકને કઈક તો લાવવાની જ ! તેની તેમણે રસોઈ બનાવી અને પછી જમી લઈને સૂઈ ગયા.

સવારે ચારેક વાગ્યે ઉઠીને ગોવાળે તેની ત્રીજી પત્નીને કહ્યું કે,જા તારી બા ને પૂછને,કેખાનાફૂલ જોયું છે કે નહિં તે ! એ તો સાત દરિયા પાર કરે છે,ને દરિયામાં તો કેટલા બધા ફૂલો હોય છે ! એટલે તેણે તેની બાને પૂછયું,બા તું રોજ દરિયામાં જાય છે તો તેં કેખનાફૂલ જોયું છે ? મગરીએ કહ્યું,ફૂલો તો મેં ઘણાબધા જોયા છે પણ કેખનાફૂલ જોયું નથી.ને કદાચ જોયું પણ હોય તો તેમાં કેખનાફૂલ કયું તેની મને શું ખબર પડવાની ? પણ તું આ કેમ પૂછે છે ? મગરીએ સવાલ કર્યો.છોકરીએ કહ્યું,આ તો તમારો જમાય કેખનાફૂલ શોધવા આવ્યા છે એટલે પૂછયું.

ગોવાળ કહ્યું,હવે હું અહીંથી આગળ ક્યાં જાઉં ? દરિયો તો આવી ગયો,હવે મારે પાછા વળવું પડશે.હું અહીંથી પાછો વળી જવાનો છું એમ ..પત્નીએ કહ્યું,તો પછી ઊભા રહો,હું પણ તમારી સાથે આવવાની છું.ગોવાળે કહ્યું,પણ હું તને કઈ રીતે લઈ જાઉં ? મારા ઘરમાં ન તો ખાટલો મળે,ન ગોદડી,ન થાળી કે વાડકી.હું તો રાજાનો નોકર છું.ત્યાંથી જે કંઈ જમવાનું મળે તે લાવીને ખાઉં છું.સવાર થાય એટલે થાળી પાછી આપી આવું છું.મારી નાની ઝૂપડી છે.તને લઈ જઈને હું શું કરીશ ! પત્નીએ કહ્યું,કશો વાંધો નહિ. હું તો માત્ર તમારું ઘર  જોવા આવવાની છું અને પછી પાછી આવતી રહીશ.સારું તો – કહી ગોવાળે પણ તેને સાથે લઈ આવવાની સમંતિ આપી દીધી.પછી પત્નીએ તેને કહ્યું કે,આપણે અહીંથી જવા નીકળીશું ત્યારે તમને મારી બા કંઈક માગવાનું કહે તો તમે ઝાંઝર માંગજો.ગોવાળે કહ્યું, સારું.

સવાર થતાં બંને પતિ પત્ની જમી લઈને તૈયાર થવા લાગ્યા.તેઓ ઘરેથી નીકળવાની તૈયાર કરતા હતા એટલામાં સાસુમા બહાર નીકળ્યા.તેમણે ગોવાળને કહ્યું,જમાય તમે ઘરેથી શું ખાલી હાથે જ જશો ? કંઈક તો માગતા જાઓ ! ગોવાળે કહ્યું,તમે તો મને શું આપશો.જો આપવાના જ હોય તો તમારી ઝાંઝર આપો.સાસુએ કહ્યું,આ તો તમે જે સારું છે તે જ માગો છો ! ગોવાળે કહ્યું,એ તો હવે તમારી મરજી,આપો તોયે અને ન આપો તોયે.સાસુએ કહ્યું,સોના જેવી દીકરી આપી તો આ ઝાંઝર આપતા શું થઈ જવાનું ! લો આ લેતા જાઓ. આમ કહી તેમણે ઝાંઝર આપી દીધી.

ઝાંઝર લઈને બંને ગોવાળના ઘરે આવવા નીકળી પડયા.પત્નીએ કહ્યું કે, આપણે જતા જતા મારી માસીને ત્યાં જવું પડશે.ફરી પાછું ક્યારે અવાશે એટલે મળતા જઈએ.ગોવાળે કહ્યું,ચાલ તો જઈ આવીએ.બંને તેની માસી રાક્ષસીને ત્યાં ગયા અને રાત રોકાયા.હવે તેની દીકરી પણ ગોવાળને પરણી ચૂકી હતી,તેથી તેઓ ત્રણ જણ થઈ ગયા.રાત્રે બંને બહેનો વાત કરે છે કે,બહેન તું જાય છે એટલે હું પણ આવીશ.ગોવાળે ફરી એમને સમજાવતા કહ્યું,મારા ઘરે ના તો ખાટલો મળે,ન ગોદડી,ન થાળી,ન વાડકી  કે તપેલી.મારા ઘરમાં કશું જ નથી,તો હું તમને શું ખવડાવીશ ! તેમણે કહ્યું,અમે તો ખાલી તારું ઘર જોવા માટે આવીએ છીએ,પછી પાછા આવતા રહીશું.અમે તારા ઘરે થોડા કંઈ રહેવાના છે ! ગોવાળે કહ્યું,સારું તો પછી ચાલો.

સવારે ઘરેથી નીકળવા ત્યારે બીજી પત્નીએ ગોવાળને કહ્યું,આપણે અહીથી નીકળીશું ત્યારે મારી બા જો તમને જમાઈ કઈ માંગતા જાઓ એમ કહે તો તમારે સફેદ ઘોડો માગવાનો ! સવારે ઉઠીને તેઓ નાહી ધોહી – જમી લઈને ગોવાળના ઘરે જવા માટે તૈયાર થવા લાગ્યા. તેઓ નીકળવાની તૈયારીમાં જ હતા એટલામા ંસાસુમા બહાર નીકળ્યા.તેમણે કહ્યું, જમાય શું તમે જવા ત્યારે પણ ખાલી હાથે જશો ? જતા જતા તો કઈક માગતા જાઓ.ગોવાળે કહ્યું,તમે મને શું આપશો ? જો આપવું જ હોય તો તમારો સફેદ ઘોડો આપો.સાસુમાએ કહ્યું,તમે તો જે સારું હોય તે જ માગો છો ! ગોવાળે કહ્યું,હવે તમારી મરજી.ઘોડો આપવો હોય તો આપો નહિં તો પછી ચાલશે.સાસુમાએ કહ્યું,સારું હવે બહાનું રહેવા દો,સોના જેવી દીકરી આપી દીધી તો આ ઘોડો આપતા શું થવાનું ? આમ કહી તેમણે ઘોડો આપી દીધો.

એક ઘોડા પર ગોવાળ અને બીજા ઘોડા પર બંને બહેનો બેસી ગઈ.તેઓ ત્રણે જણ ઘર તરફ આવી રહ્યા હતા.રસ્તામાં તેમણે કહ્યું,વણજારા રાજાની દીકરી અમારી બહેન છે.એટલે આપણે ત્યાં તો જવું જ પડશે.આપણે બહેનને અને મામા – મામીને મળતા જઈશું.

તેઓ વણજારા રાજાને ત્યાં ગયા.તેઓ ત્યાં રાત રોકાયા.તેમના માસા વણજારાઓના રાજા હતા.એટલે તેણે તેમને દૂધ અને બાજરીનો રોટલો વગેરે જમાડયા.હવે તેઓ ચાર જણા થઈ ચૂકયા હતા.રાત્રે તેઓ વાત કરવા બેઠા.રાજાની દીકરીએ કહ્યું,બહેન તમે જાઓ છો એટલે હું પણ આવીશ.ગોવાળે કહ્યું,હું તમને ત્રણેને લઈ જઈશ તો હું તમને શું ખવડાવીશ ! મારા ઘરમાં ના તો ખાટલો મળે,ન ગોદડું,ન થાળી,વાડકી કે ન તપેલું.તો તમને હું શું ખવડાવીશ ! તેમણે કહ્યું,કઈની અમે તો ઘર જ જોવા આવવાની છીએ.ઘર જોઈને અમે પાછા આવતા રહીશું.રાજાની દીકરીએ ગોવાળને કહ્યું,આપણે અહીથી જવા લાગીએ ને તે વખતે મારી મા કશુંક માગવા માટે કહે તો તમે પવનપાવડી માગજો ! તેણે કહ્યું,સારું .

તેઓ જમી લઈને ઘરે આવવા માટે તૈયાર થતા હતા,એટલામાં ત્યાં સાસુમા આવ્યા.તુમણે કહ્યું,જમાઈ હવે તો તમે અહીંથી જતા રહેવાના છો તો જતા જતા કઈક તો માગતા જાઓ.શું તમે ખાલી હાથે જ જશો ! ગોવાળે કહ્યું,હું માગીશ તોપણ તમે શું આપશો! જો તમારે આપવું જ હોય તો પવનપાવડી ને એવું આપો ! સાસુમાએ કહ્યું,તમે

તો જે સારું હોય તે જ માગો છો ! ગોવાળે કહ્યું,હવે તમારી મરજી આપવાના હોય તો આપો,નહિં તો ન આપશો તોપણ ચાલશે.સાસુએ કહ્યું,સારું તો પછી લઈ જાવ આ પવનપાવડી.સોના જેવી દીકરી આપી છે તો આ આપતા શું થઈ જવાનું ! આમ કહે તેણે તેમણે પવનપાવડી આપી દીધી.પછી

તેમણે ચારે જણાએ પવનપાવડીને ઘરબહાર કાઢીને બરાબર તૈયાર કરી દીધી. તેમાં બંને ઘોડાઓને પણ બાંધીને લઈ લીધા અને પછી પવનપાવડી ઉડાવી.તેઓ આકાશમાં ઊડતા ઊડતા ગોવાળના ગામમાં પહુંચી ગયા.ગોવાળે પહેલા તો તેના રાજાની હવેલી બતાવતા કહ્યું કે આ મારા રાજાની હવેલી છે,હું અહી નોકર તરીકે રહું છું.હું રોજ ઢોર ચરાવવા જાઉં છું.મને રાજાને ત્યાંથી જે કઈ ખાવાનું આપવામાં આવે તે મારી ઝૂપડીએ લાવીને ખાય લઉં છું અને ઊંઘી જાઉં છું.પત્નીઓએ કહ્યું,હવે તમારી ઝૂપડી તો બતાવો ! એટલે તે પોતાની ઝૂપડીએ લઈ ગયો અને કહ્યું,આ રહી મારી ઝૂપડી.તેમણે કહ્યું,હવે તમે ઝૂપડીની ફરતે આ પવનપાવડીને સાત વાર ગોળગોળ ફેરવો.તેણે સાત વાર જૂપડી ફરતે પવનપાવડીને ફેરવી એટલે એ ઝૂપડીની જગ્યાએ સાત માળની હવેલી બની ગઈ.પછી તેમણે કહ્યું કે,હવે તમે પવનપાવડી નીચે ઉતારો.ગોવાળે પવનપાવડી નીચે ઉતારી અને પછી જે કઈ સામાન સાથે લાવ્યા હતા તે અંદર મૂકી દીધો ને ઘોડાઓને તબેલામાં બાંધી દીધા.

બીજા દિવસની સવારે રાજાએ હજામને કહ્યું,ઠાકોર ગોવાળને ઘણા દિવસો થઈ ગયા તોપણ હજી સુધી તે કેમ આવ્યો નથી ! તું જરા તેની ઝૂપડીએ જઈને જોઈ આવ ને . હજામ ગોવાળની ઝૂપડીએ ગયો.પણ આ શું ? ઝૂપડીની જગ્યાએ સાત માળની હવેલી ઊભી હતી.એ જોઈને તે નવાઈ પામી ગયો.તે દોડતો રાજા પાસે આવ્યો.તેણે રાજાને કહ્યું,હું તમને શું કહું રાજા સાહેબ ? તમારી હવેલીને પણ શું કરે એવી સાત માળની હવેલી ઠાકોર ગોવાળે એક જ રાતમાં બાંધી દીધી છે.એ હવેલીને જોઈને મારી તો અક્કલ કામ કરતી નથી.એ હવેલી એટલી ઊંચી છે કે તેને જોવા જતા હું જમીન પર પડી ગયો,ને મારી પાઘડી પણ નીચે પડી ગઈ.સાત માળની હવેલી એટલે કઇ રમત વાત છે ! આ સાંભળીને રાજા પણ વિમાસણમાં પડી ગયો.તેણે હજામને પૂછયું,તો હવે આપણે તેનું શું કરીએ ? હજામે કહ્યું,હું તમને એક વાત કહું રાજા સાહેબ ! તમે ગોવાળને કેખનાફૂલ શોધી લાવવા માટે

મોકલ્યો હતો.તે એ ફૂલ લાવ્યો છે કે નહિં ? એ સવાલ તો આપણે પૂછવો જ પડે ને ! રાજાએ કહ્યું,જા તો તું હમણા જ પૂછી આવ.

હજામ પાછો ગોવાળની હવેલીએ ગયો.તેણે જઈને જોયું તો ચારે જણાં હીચકાએ બેસીને હીંચતા જાય છે અને દાંતણ કરતા જાય છે.આ જોઈને ફરી હજામ દોડતો રાજા પાસે આવ્યો.તેણે કહ્યું,રાજા સાહેબ ! હું તમને શું વાત કરું ? ઠાકોર ગોવાળ જે ત્રણ સ્ત્રીઓને લઈ આવ્યો છે તે તો ટામેટા જેવી છે.ચારે જણા હીંચકા પર બેસીને એવા તો દાંતણ કર્યા કરે છે કે એ જોઈને મારી તો અક્કલ કામ નથી કરતી.તમને આ વાત કરવા હું ત્યાંથી દોડતો આવ્યો છું.હવે તો તેને ગમે તે રીતે આપણે મારવો જ પડશે ! પછી બે તમારી ને એક મારી.તો શું કરીએ ? રાજાએ પણ આ વાતમાં પોતાની સંમતિ હોય એ રીતે પૂછયું.હજામે કહ્યું, હું તમને હું એક યુક્તિ બતાવું ? તમારે ગોવાળને બોલાવીને એમ કહો કે,તેં એક રાતમાં જ સાત માળની હવેલી બાંધી દીધી એવી રીતે તેની પાસે આપણે તમારા મહેલની ફરતે કોટ બંધાવીએ.આપણે તેને બોલાવીને એમ કહીએ કે,ગોવાળ તેં એક રાતમાં હવેલી બનાવી છે એ રીતે તારે આ મહેલની ફરતે કોટ બાંધવો પડશે.તેમાં તારે સાત દરવાજા બનાવવાના,એક કૂવો ખોદવાનો અને તેની બાજુમાં બાગ બનાવીને તેમાં જાતજાતના છોડ રોપવાના રહેશે.જો આટલું ના થયું તો અમે તને મારી નાખીશું એવી ધમકી પણ તેને આપણે આપીશું.એટલે જો તે કોટ બાંધી દેશે કશો વાંધો નહિં.પરંતુ જો તેનાથી કોટ ના બન્યો તો પછી આપણે તેને સજારૂપે મારી નાખીશું.પછી બે તમારી ને એક મારી.એટલે રાજાએ હુકમ કર્યો,જા તો તેને બોલાવી લાવ.

હજામ ગોવાળને બોલાવવા માટે ગયો.તેણે કહ્યું,ઠાકોર તને રાજા સાહેબ બોલાવે છે.તું ચાલતો થા હું આવું છું – કહી તેણે હજામને મોકલી દીધો.પછી તે રાજા પાસે ગયો અને પૂછયું,બોલો રાજા સાહેબ,મને કેમ બોલાવ્યો ! રાજાએ કહ્યું,તેં એક જ રાતમાં હવેલી બાંધી છે તેવી રીતે તું મને મારા મહેલની ફરતે કોટ બાંધી આપ.તેમાં સાત દરવાજા રાખવાના,એક કૂવો ખોદવાનો અને તેની બાજુમાં બાગ બનાવી તેમાં જાતજાતના છોડ રોપવાના.જો આટલું કામ ન થયું તો હું તને મારી નાખીશ.આ સાંભળીને તે કઈની હું કાલ સવારે આવું છું એમ કહીને ઘરે આવતો રહ્યો.

ગોવાળના હૃદયના ધબકારા વધી ગયા હતા.શું કરું ને શું નહિં ની વિમાસણમાં તે ચૂપચાપ દિવાલને અઢીને બેસી ગયો.તેને આ હાલતમાં બેસેલો જોઈને પત્નીઓએ સાદ

પાડીને કહ્યું, ચાલો ચ્હા બની ગઈ છે,ત્યાં દિવાલને પાસે બેસીને શું કરો છો ? ચાલો જલદી ચા પી લો ! તેણે કહ્યું,હું ચ્હા કેવી રીતે પીઉં ? મને રાજાએ જેવી રીતે આ હવેલી બનાવી છે તેવી રીતે કોટ બાંધવા કહ્યો છે.તો કેવી રીતે બાંધું,ને તે પણ એક જ રાતમાં ! વળી એ કોટમાં સાત દરવાજા રાખવાના છે,એક કૂવો ખોદવાનો છે તેની બાજુમાં બાગ બનાવવાનો છે અને તેમાં છોડ રોપવાના છે ! આટલું બધું મારા એકલાથી કઈ રીતે બની શકે ? પત્નીઓ કહ્યું,એમાં આટલી બધી ચિંતા શું કામ કરો છો ! ચાલો એકવાર તમે ચ્હા પી લો,જમી લઈને આરામ કરો ને પછી સાંજે રાજાના મહેલે જજો.

સાંજ પડી એટલે તેમણે કહ્યું,જાઓ હવે.પણ એકવાર તમારે શું કરવાનું છે તે સાંભળો.તમે આ ઘોડો અને ઝાંઝર લેતા જાઓ.તમે ઝાંઝર મૂકશો ત્યાં કૂવો ખોદાય જશે અને ઘોડો ચલાવશો તે જગ્યાએ કોટ બંધાતો જશે.તમે સાત ઠેકાણે ઘોડાને ઊભો રાખજો ત્યાં દરવાજા બની જશે.પછી પવનપાવડીને ઝાડવા લઈ આવવા કહેજો એટલે તે આંબો,આંબલી વગેરે ઝાડવા ઉખેડી લાવીને બાગમાં રોપી દે.તે રાતના ગયો.તેણે મહેલની ફરતે ઘોડો ચલાવ્યો એટલે તેની પાછળ કોટ બંધાતો ગયો અને સાત ઠેકાણે ઘોડાને ઊભો રાખ્યો એટલે ત્યાં સાત દરવાજા બની ગયા.તેણે ઝાંઝર મૂકી એટલે ત્યાં કૂવો ખોદાય ગયો.પછી તેણે પવન પાવડીને કહ્યું કે જા ઝાડવા ઉખેડી લાવ.એટલે તે તો આંબા ઉખેડી લાવી,કશેકથી આમલી ઉખેડી લાવીને બાગમાં રોપવા લાગી,પછી તો આંબો કહો તોયે,સાગ કહો તોયે અને ગુલમોર કહો તોયે,જે કહો તે,અનેક જાતના ઝાડ તેણે રોપી દીધા.ને આમ સરસ મજાનો બાગ તેણે બનાવી દીધો. પછી સવાર થતા સુધીમાં ગોવાળ પોતાના ઘરે આવતો રહ્યો.

સવાર થઈ એટલે હજામ કોટ બન્યો છે કે નહિં તે જોવા ગયો.રાજા તો હજી ઊંઘ્યા જ કરતો હતો.પણ હજામના મનમાં તો ઉતાવળ આવી હતી કેમકે તેણે ગોવાળની પત્નીઓને જો જોઈ લીધી હતી ! એટલે તે તો ગોવાળે કોટ બાંધ્યો છે કે નહિં,જો ના બાંધ્યો હોય તો રાજાને બે ને મને એક પત્ની મળી જશે એમ હરખાતો હરખાતો મહેલ પાસે આવ્યો.પણ આવીને જોયું તો કોટ બનીને તૈયાર હતો.ગોવાળે એવો તો કોટ બાંધ્યો હતો કે જોનારની અક્કલ ના કામ કરે ! કોઈથી કૂદીને અંદર જઈ ના શકાય અને અંદરથી બહાર ના આવી શકાય ! તેના સાત મોટા દરવાજા હતા અને જાતજાતના ઝાડ રોપીને બાગ બનાવી દીધો હતો,ને વળી કૂવો પણ ખોદાય ગયો હતો.આ જોઈ તે રાજા પાસે ગયો અને

કહ્યું, શું કહું રાજા સાહેબ ! ગોવાળે એવો તો કોટ બાંધ્યો કે ના પૂછો વાત ! એવો કોટ તો આખી દુનિયામાં કોઈએ બાંધ્યો ના હશે ! રાજા વિચારમાં પડી ગયો.તેણે કહ્યું,હવે આપણે ગોવાળનું શું કરીએ ? હજામે કહ્યું,રાજા સાહેબ,ગમે તે રીતે એને આપણે મારવો તો પડશે જ ! ને પછી બે તમારી ને એક મારી.તો હવે શું કરીએ ? – રાજાએ ફરી એ જ સવાલ કર્યો.હજામે કહ્યું,આવતીકાલે આપણે કૂવાની બાજુમાં ચાલીસ ગાડા ભરીને પથ્થર નંખાવી દઈએ અને ચાલીસ મજૂરો કહી દઈએ.પછી તમારી રાણીના ગળામાં જે સોનાનો હાર છે તેને કૂવામાં નાખી દઈશું અને ગોવાળને એ કાઢી લાવવા માટે કહીશું.તે એ હાર કાઢવા માટે કૂવામાં ઉતરશે એટલે આપણે તરત જ મજૂરો વડે પથ્થરો પુરાવી દઈશું.એટલે એ તો મરી જ જશે,ને પછી બે તમારી ને એક મારી. ' સારું તો પછી એમ કરીએ ' – રાજાએ પણ તેમાં પોતાની હા પુરાવી.

સવારે તેમણે ચાલીસ મજૂરો વડે ચાલીસ ગાડા ભરીને પથ્થરો નંખાવી દીધા.પછી રાજાએ હજામને કહ્યું કે,જા ગોવાળને બોલાવી લાવ.તેણે ગોવાળ પાસે ગયો અને કહ્યું કે,ઠાકોર તને રાજા સાહેબ બોલાવે છે.ગોવાળે કહ્યું,તું ચાલતો થા હું આવું જ છું.પછી તે રાજા પાસે આવ્યો અને સલામ કરીને બોલ્યો,બોલો રાજા સાહેબ,મને કેમ યાદ કર્યો ! રાજાએ કહ્યું, મારી રાણી કૂવાએ પાણી ભરવા ગઈ હતી ત્યારે તેના ગળામાનો હાર પાણીમાં પડી ગયો છે.એ હાર તારે કાઢી લાવવાનો છે.ગોવાળ ફરી મુશ્કેલીમાં મુકાય ગયો.તેણે કહ્યું, હું કાલ સવારે આવીને હાર કાઢી આપીશ.સારું તો પછી કાલે આવજે – રાજાએ તેની વાત માની લીધી.

તે ઘરે આવીને ચૂપચાપ દિવાલને અઢેલીને બેસી ગયો.આજે ફરી તેના મનમાં મોટી ચિંતા ભરાઈ ગઈ હતી.તે મનોમન વિચાર કરે છે કે,હું જ્યારે ધણને પાણી પાવા લઈ જતો હતો ત્યારે પણ ઘૂંટણિયા સુધીના પાણીમાં ઉતરતો નહોતો,તો પછી હું કઈ રીતે કૂવામાં ઉતરીને હાર કાઢી લાવીશ ? એટલામાં પત્નીઓએ તેને બૂમ પાડી,ત્યાં બેસીને શું કરો છો ? રસોઈ થઈ ગઈ છે,ચાલો જમી લો ! ગોવાળે કહ્યું,તમે ક્યાં ખાવાની વાત કરો છો.મારું પેટ તો એમ જ ધરાય ગયું છે.કેવી રીતે ? – પત્નીઓએ પ્રશ્ન કર્યો.તેણે કહ્યું,રાજાની રાણી કૂવાએ પાણી ભરવા ગઈ હતી ત્યારે તેનો સોનાનો હાર પાણીમાં પડી ગયો હતો.રાજાએ મને એ હાર કાઢી લાવવા કહ્યું છે,અને ' જો હાર ના કાઢી લાવ્યો તો મારી નાખીશ ! ' એવું કહ્યું છે.તમે જ કહો હું જ્યારે ઢોર ચરાવવા જતો હતો ત્યારે ધણને પાણી પાવા પણ હું

ઘૂટણિયા જેટલા પાણીમાં ઉતરતો નહોતો,તો પછી કૂવામાં કઈ રીતે ઉતરીશ ? તેમણે કહ્યું,તમે કોઈ વાતની ચિંતા કરશો નહિ.ચાલો જમી લઈને આરામ કરો,પછી સાંજે જજો.

સાંજે ગોવાળ કૂવા પર ગયો.પત્નીઓએ તેને કહી દીધું હતું કે,તમારે બીજું કશું કરવાનું નથી.બસ,કૂવાએ જઈને આપણી હવેલી તરફ જોઈ લેવું અને કૂવામાં ઉતરીને હાર લઈ લેવો.એટલે તેણે હવેલી તરફ જોઈ લીધું અને કૂવામાં ઉતર્યો. તેણે સોનાનો હાર લઈ લીધો,એ સાથે જ મજૂરોએ કૂવામાં પથ્થરો નાખવાનું શરૂ કરી દીધું.પરંતુ તેની પત્નીઓએ કૂવામાંથી સીધો રસ્તો બનાવી દીધો હતો,જે સીધો હવેલીના સાતમાં માળે નીકળતો હતો.એટલે તેણે હાર લઈને સીધા એ રસ્તે ચાલ્યા કર્યું.

બીજા દિવસે રાજાએ હજામને કહ્યું કે,ગોવાળ હાર લઈને આવ્યો છે કે નહિં તે જાણી આવ.હજામ ગોવાળના ઘરે ગયો.તેના મનમાં તો એવું હતું કે,ગોવાળ તો મરી જ ગયો છે.પણ જઈને જોયું તો ચારેય જણા હીંચકા પર હીંચતા જાય છે ને ચ્હા પીતા જાય છે.આ જોઈને તે દોડતો રાજા પાસે આવ્યો. અરે રાજા સાહેબ ! ગોવાળ તો ઘરે આવી ગયો છે.રાજાએ કહ્યું,જા તો તેને બોલાવી લાવ ! હાર લાવ્યો છે કે નહિં એ તો પૂછીએ ! તે પાછો ગયો અને ગોવાળને કહ્યું કે,ઠાકોર તને રાજા સાહેબ બોલાવે છે.' હું આવું છું તું ચાલતો થા કહી ગોવાળે તેને મોકલી દીધો.

બીજીબાજુ રાજા અને હજામ બંને વિચાર કરે છે કે,હવે આપણે શું કરીએ ? એ તો આપણે જે કહીએ છે તે કરીને બતાવી દે છે.હજામે કહ્યું,કશો વાંધો નહિ ! હું તમને હજી એક યુક્તિ બતાવું છું.કઈ યુક્તિ ? રાજાએ તાલાવેલીથી પૂછયું.તેણે કહ્યું કે,આપણે ગોવાળને તમારા મા બાપ મરી ગયા છે તેમને મળવા મોકલીએ.આપણે મોટી ચિતા ગોઠવી દઈશું અને તેના ઉપર ગોવાળને સુવડાવીને આગ લગાડી દઈશું એટલે એ મરી જ જશે.પછી તો બે તમારી ને એક મારી.સારું તો આપણે હવે એ યુક્તિ પણ અજમાવી જોઈએ – રાજાએ કહ્યું.

થોડીવાર પછી ગોવાળ રાજા પાસે આવ્યો. તેણે રાજાને કહ્યું કે,રાજા સાહેબ હું હાર લઈ આવ્યો છું.રાજાએ કહ્યું,સારું,પણ હજી તારા માટે એક બીજું કામ છે.કયું કામ ! ગોવાળે સવાલ કર્યો.રાજાએ કહ્યું,મારા મા બાપ મરી ગયા છે તેમને મળવા તારે જવું પડશે.એ ત્યાં સારા છે કે કેમ તે તું જાણી આવજે ! ' તો હું કાલ સવારે આવું છું ' એમ કહીને તે ઘરે

આવતો રહ્યો.ઘરે આવીને તેણે પત્નીઓને કહ્યું,હું શું કરું ? રાજા તો મને તેના મા – બાપ મરી ગયા છે તેમને મળવા મોકલવા માગે છે.તેમણે કહ્યું,કશો વાંધો નહિં તમે રાજા પાસે જજો.પણ હમણા તમારે કોઈ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

સવારે ગોવાળ રાજા પાસે ગયો.તે આવે ત્યાં સુધીમાં તો રાજા અને હજામે ચાર ગાડા લાકડા,ચાર ડબ્બા તેલ,ચાર ડબ્બા ઘી તેમજ કેરોસીન વગેરે લાવીને તેને સ્વર્ગમાં મોકલવાની બધી તૈયારીઓ કરી રાખી હતી.તેમણે ચાર ગાડા લાકડાની ચિતા ગોઠવાવી દીધી અને ગોવાળને સુવડાવી દીધો.તેમાં પહેલા રેડયું કેરોસીન,પછી તેલ અને છેલ્લે ઘી નાખીને આગ ચાપી દીધી.હવે કરોસીન રહ્યું નીચે,તેના પર તેલ અને તેલની ઉપર ઘી ! એટલે ઘીના લીધે ધુમાડો ધુમાડો થઈ ગયો.માણસને માણસ ના ઓળખાય એવો ધૂમાડો ! એટલામાં મગરીની છોકરી સમડી બનીને આવી અને ગોવાળને ઉપાડી લઈને જતી રહી.થોડીવાર પછી બધુ સળગી ગયું.આ જોઈને રાજા અને હજામને લાગ્યું કે,આ વખતે તો ગોવાળ ચોક્કસ જ મરી ગયો ! ચાલ તો હવે શું કરીએ ? હજામે સવાલ કર્યો.રાજાએ કહ્યું,જા એ ત્રણેને અહીં બોલાવી લાવ.આમ પણ હવે તેઓ ક્યાં જશે !

હજામ હવેલીએ આવ્યો. તેણે ગોવાળની પત્નીઓને કહ્યું કે,ચાલો તમને રાજા સાહેબ બોલાવે છે.આમ પણ હવે તમે અહીં રહીને શું કરશો ? તમારો પતિ તો મરી ગયો છે ! હકીકતમાં ગોવાળ તો ઘરમાં જ હતો ! એટલે તેમણે કહ્યું,ના રે ના ! એ તો બે દિવસ પછી આવવા કહેતા હતા.તેથી તમે બે દિવસ સુધી રાહ તો જુઓ.તેણે રાજાને આવીને આ વાત કરી કે,રાજા સાહેબ તેઓ બે દિવસ રાહ જોવા માટે કહે છે.તેઓએ એમ પણ કહાવ્યું છે કે,જો બે દિવસમાં ગોવાળ આવી જાય તો ઠીક,અને જો નહિં આવે તો પછી અમે આવતી રહીશું.તો પછી બે દિવસ થોભી જઈએ.આમ પણ બે દિવસમાં તું કઈ થોડો મરી જવાનો છે ! આમ કહી રાજાએ પણ તેને બે દિવસ થોભી જવા માટે કહ્યું.

બે દિવસ વીતી ગયા પછી ત્રીજા દિવસે હજામ ગોવાળ આવ્યો છે કે નહિં તે જોવા માટે ગયો.તે જઈને જુએ છે તો ચારે જણા એય..હીચકે હીચતા જાય છે ને વટથી વાતો કરતા જાય છે.આ જોઈને તે તો ત્યાંથી વળીને નાઠો અને સીધો રાજા પાસે આવ્યો.તેણે રાજાને કહ્યું કે રાજા સાહેબ ગોવાળ તો આવી ગયો છે ! રાજાએ ચકિત થઈને કહ્યું,અરે ! સળવાવી દીધો તોપણ આવી ગયો ! એ તો આપણે જે કઈ કહીએ છીએ તે કરી દે છે અને હેમખેમ પાછો આવતો રહે છે ! તો હવે આપણે બીજું શું કરીએ ? હજામે કહ્યું,કઈની બે

તમારી ને એક મારી.એને તો આપણે ગમે તે રીતે મારવો જ પડશે,પરંતુ એકવાર આપણે એ તો જાણી લઈએ કે તે તમારા મા બાપને મળી આવ્યો કે નહિં ? તમારા મા બાપ બિમાર છે કે પછી સારાવાના છે તે જાણી આવે એ માટે જ તો એને આપણે મોકલ્યો હતો.તેથી આ વાત તો આપણે તેના મોઢે જ સાંભળવી પડશે.

રાજાએ હજામને પાછો મોકલ્યો.તે ગોવાળને બોલાવી લાવ્યો.ગોવાળે રાજાને સલામ ભરીને કહ્યું,બોલો રાજા સાહેબ ! એટલે રાજાએ પૂછયું,મારા મા બાપ કેવા છે ? – તેણે કહ્યું,તમારી મા તો ઘણી સારી છે પણ પિતાને થોડી તકલીફ છે.કઈ વાતની ? રાજાએ સવાલ કર્યો.તેણે કહ્યું,તમારા પિતાની દાઢી મૂછ વધી ગઈ છે એટલે તેમને જમવાની તકલીફ પડે છે.વળી તેમના માથાના વાળ પણ વધી ગયા છે.એટલે કાલ સવારે જ મારો દીકરો હજામને મોકલે એવું તેમણે મારી પાસે કહેવડાવ્યું છે.રાજાએ તરત જ હજામને આ કામ સોપી દીધું.તેમણે કહ્યું,અરે હજામ તો પછી તારે કાલ સવારે જ મારા પિતા પાસે જવું પડશે.આ સાંભળતા જ હજામના હોંશ ઉડી ગયા.તેણે કહ્યું,હું તો નહિં જાઉં,તમે બીજા કોઈને મોકલો.રાજાએ ગુસ્સે થઈને કહ્યું,તેં મારી પાસે પચ્ચીસ વર્ષની નોકરી કરી છે તો હવે તારો બાપ જશે ! તું નહિં જાય તો બીજું કોણ જશે ! છેલ્લે હજામને મને કમને પણ જવા માટે તૈયાર થવું પડયું.

તેણે અસ્ત્રો અને કાતર એક નાની પેટીમાં લઈ લીધા અને જવા માટે તૈયાર તો થઈ ગયો,પણ રાજા પાસે જતા પહેલા તે એકવાર ગોવાળને પૂછવા ગયો કે,મને કેટલા દિવસમાં પાછા અવાશે ? ગોવાળે કહ્યું,તમે મારી ચિતામાં ચાર ગાડાં લાકડા,ચાર ડબ્બા તેલ,ચાર ડબ્બા કેરોસીન અને ચાર ડબ્બા ઘી નાખ્યું હતું એટલે મને બે દિવસ વાર લાગી.જો આ બધી વસ્તુઓ વધારે હોય તો એક જ દિવસમાં આવી જવાય ! એટલે હજામે પોતાની ચિતામાં આઠ ગાડાં લાકડા,આઠ ડબ્બા તેલ,આઠ ડબ્બા ઘી અને આઠ ડબ્બા કેરોસીન નાખવા કહી દીધું.કેમકે તેણે તો વહેલા આવવાનું હતું ! એટલે રાજાએ આઠ ગાડાં ભરેલા લાકડાની ચિતા તૈયાર કરાવી.તેના પર હજામને સુવડાવી દીધો અને માથા પાસે પેટી મૂકાવી દીધી.પછી પહેલા નાખ્યું ઘી,તેની ઉપર તેલ ને પછી કેરોસીન નાખીને દીધું સળગાવી.તરત જ આગ ભડકે બળવા લાગી.હજામ તો જોતજોતામાં કુકડું વળી ગયો અને બળીને ભસ્મ થઈ ગયો.

બીજા દિવસે સવારે હજામની પત્ની ગોવાળને ત્યાં આવી.તેણે ગોવાળને પૂછયું કે,તેઓ તો એક જ દિવસમાં આવતા રહેવાનું કહી ગયા હતા તો હજી સુધી કેમ  ન આવ્યા ? ગોવાળે તેને કહ્યું,તું સ્મશાનમાં જઈને બધી રાખ ખોલી ને જોજે,જો તેમાંથી કાતર અને પેટી નીકળશે તો તે આવશે,અને જો કાતર અને પેટી ના નીકળી તો નહિં આવે.રાજાના પિતા તેને ત્યાં જ રોકી લેશે.એટલે તેણે સ્મશાને જઈને બધી રાખ ખોલી જોઈ.પણ જેની ચિતામાં  આઠ ગાડાં ભરીને લાકડા મૂકવામાં આવ્યા હોય,ને ઉપરથી  આઠ ડબ્બા તેલ,ઘી અને કેરોસીન નાખ્યું હોય,તેમાં પેલી કાતર અને પેટી કઈ બચતા હશે ! તેને રાખમાંથી કશું જ ના મળ્યું.તેણે ગોવાળને આવીને આ વાત કરી કે,રાખમાં તો કાતર પણ નથી અને પેટી પણ નથી. ગોવાળે કહ્યું,તો તો પછી એ નહિં આવે.આ સાંભળીને તેની ત્રણે સ્ત્રીઓ બારણામાં રહીને હસે છે.તેમની આગળ ઓટલા પર એક ટોપલી મૂકેલી હતી.તેઓ જેમ જેમ હસે તેમ તેમ તેમના મુખમાંથી કેખના ફૂલ નીકળતા જાય છે ને ટોપલીમાં પડતા જાય છે.આમ તે ટોપલી કેખનાફૂલોથી ભરાય ગઈ.

બીજી બાજુ ગોવાળે હજામની પત્નીને ' કાતર અને પેટી ના મળી એટલે હવે તારો પતિ પાછો નહિં આવે ' એવું કહી દીધું એટલે તે રડતી રડતી ઘરે જતી રહી.તેના ગયા પછી ત્રણે સ્ત્રીઓએ ગોવાળને કેખનાફૂલની ટોપલી લઈને રાજા પાસે મોકલ્યો.તે રાજા પાસે ગયો અને ટોપલી આપતા કહ્યું,લો આ તમારા કેખનાફૂલ.કેખનાફૂલ જોઈને રાજા ખુશ થઈ ગયો.તેણે ગોવાળને કહી દીધું કે,આજથી હવે તું મારી અડધી માલ મિલકત,ઢોર વગેરે લઈને જતો રહેજે.મને તો આ કેખનાફૂલની જ જરૂર હતી.આમ કહીને રાજાએ તેને અડધું રાજ્ય આપી દીધું,તેમજ પૈસા અને ખેતી સરખા ભાગ કરીને આપી દીધી.ગોવાળ તેની પત્નીઓ સાથે હવેલીમાં રહીને  જીવવા લાગ્યો.તેઓ હવે ચાર જણ થઈ ગયા હતા જ્યારે રાજા તો સાવ એકલો પડી ગયો.હવે તેના બંને નોકરો હાથમાંથી જતા રહ્યા હતા.એટલે હવે તેના એકલાથી શું થવાનું ? ઠાકોર ગોવાળ તો બરાબર ધનવાન બની ગયો.હવે રાજાને બદલે તે ધનવાન થઈ ગયો અને રાજા તો કંગાળ બની ગયો.

## ૧૨ . રાજાનો દીકરો

એક ડોસા હતો અને એક ડોસી હતી.તેમનો એક દીકરો હતો.દિવસો પર દિવસો જતા ડોસી મરણ પામ્યા.એટલે બાપ દીકરો બે જ રહ્યા.હવે રાજાનો દીકરો હતો યુવાન! એક દિવસે ડોસાએ તેને કહ્યું કે,દીકરા આપણને રાંધી ખાવાની જરા તકલીફ પડે છે એટલે હું તને પરણાવી દેવા માંગું છું.તેણે રાજાને કહ્યું કે,બાપા તમે ઘરડા થવા આવ્યા છો એટલે પહેલા તમે પરણી જાઓ.હું તો હજી યુવાન છું એટલે હું પછીથી પરણીશ તોય ચાલશે.જાઓ તમે તમારી વહું શોધી લાવો !

ડોસા પોતાના માટે વહુ જોવા નીકળ્યા.રસ્તામાં તેમને એક સ્ત્રી મળી.તેણે રાજાને પૂછયું કે,ક્યાં જાવ નીકળ્યા છો ? ડોસાએ કહ્યું કે,હુ મારા માટે ઘરવાળી જોવા જાઉ છું.તે સ્ત્રીએ કહ્યુ કે,હું પણ નવરી જ છું ને ! તે ડોસી રાક્ષસી હતી.રાજા એ કહ્યું કે, હું તને તો લઈ જાઉં,પણ નજીકની ઘરવાળી હોય એટલે જરાક કઈ બોલાચાલી થાય કે તે ખીજાયને ઘરે જતી રહે,પછી તો કોણ રોજનુ પાછળ પાછળ દોડયા કરે ! આમ કહીને રાજા આગળ નીકળી ગયા.

ફરી તે સ્ત્રી વેશ બદલીને છાણા વીણતી વીણતી આગળ ફરી વળી.તેણે ડોસાને પૂછયું કે,ક્યાં જાઓ છો ? ડોસાએ કહ્યું કે,હું ઘરવાળી શોધવા નીકળ્યો છું.તેણે કહ્યું કે,હું પણ નવરી જ છું ને ! ડોસાએ ફરી એવો જ જવાબ આપ્યો કે,જરા દૂરથી જ ઘરવાળી લાવું તો સારૂ,મને નજીકની સ્ત્રીઓ નથી જોઈતી.આમ કહીને રાજા પાછા આગળ નીકળી ગયા.પાછી તે જ સ્ત્રી તેની આગળ ફરી વળી અને પૂછવા લાગી કે,ક્યાં જાઓ છો ? રાજાએ કહ્યું કે,હું ઘરવાળી જોવા નીકળ્યો છું.તેણે કહ્યું કે,હું યે નવરી જ છું ને ! રાજાએ કહ્યું કે,હવે તુ મારી પાછળ હાથ ધોહીને પડી છે તો ચાલ હું તને જ મારી ઘરવાળી બનાવી લઉં.

ડોસા તે સ્ત્રીને લઈને ઘરે આવ્યા.એ ડોસાની તો ઘણીબધી ધનસંપત્તિ હતી.તેમની પાસે મહેલ,ઘોડાઓનો તબેલો ને એવુ ઘણુંબધુ હતું.પણ ઘરમાં તેઓ ત્રણ જ જણ હતા,એટલે જમી લીધા પછી થોડીવારમાં ઊંઘી જતા.છોકરો અલગ ઊંઘતો અને રાજા ને સ્ત્રી અલગ ઊંઘતા.એટલે પેલી રાક્ષસી સ્ત્રી રાતના ઉઠતી અને ઘોડાના તબેલામાં જઈને સારામાં સારો ઘોડો જોઈને ખાઈ જતી.હવે છોકરો જ ઘોડાઓનું ચારો પાણી કરતો.તેણે

સવારે ઊઠીને જોયું તો જે સારામાં સારો ઘોડો હતો તે જ નહોતો.પહેલા તો તેને કોઈ ચોરી ગયું કે શું ? એવી શંકા થઈ,પણ આ વિશે તેણે કોઈને કશું જ કહ્યું નહિ.

બીજા દિવસની રાત્રે તે ઘોડાના તબેલામાં જઈને ઊંઘી ગયો.તે સ્ત્રી રાતના ઊઠી અને તબેલામાં જઈને સારામાં સારો ઘોડો હતો તેને જ ખાય ગઈ.છોકરો તેને ચોટલો પકડીને રાજા પાસે લઈ ગયો.તેણે રાજાને ઊઠાડયો – બાપા ઊઠો! રાજાએ પૂછયું ,શું થયું? તેણે કહ્યું ,આ જુઓ ને,બા આપણો સારામાં સારો ઘોડો હતો તેને જ ખાય ગઈ.સ્ત્રીએ કહ્યું કે,રાજા તમે એની વાતમાં આવશો નહિ.માણસ કોઈ દિવસ ઘોડો ખાય! એ તો મારી લાજ લૂટવા મને તબેલામાં ઢસડી લઈ ગયો હતો.આ સાંભળીને રાજાએ કહ્યું કે,દીકરા તું યુવાન છે એટલે તેં સાચે જ આવુ નીચ કામ કર્યું હોય એવુ બની શકે,એટલે તું હવે મારા ઘરમાં નહિં જોઈએ.

છોકરાએ મનગમતો એક ઘોડો લઈ લીધો,ને સાથે એક બંદૂક,એક તલવાર તેમજ કપડા વગેરે લઈ લીધા અને નીકળી પડયો.તે રાત પડે ત્યાં વિસામો કરતો ને દિવસ થાય એટલે આગળ ચાલતો થતો.તે જંગલમાં જે કઈ ફળફળાદી મળે તે ખાય લેતો.આ રીતે ફરતો ફરતો તે એક ભરપૂર જંગલમાં જઈ પહોંચ્યો.ત્યાં સુધીમાં રાત થઈ ચૂકી હતી એટલે તે જંગલમાં જ રોકાય ગયો.હવે થયું એવુ કે,તેણે જંગલમાં જ્યાં વિસામો નાખ્યો હતો તેની થોડે જ દૂર એક વાઘણ વીયાય  હતી.આ વાઘણ જ્યારે પોતાના બચ્ચાઓ માટે શિકાર શોધવા નીકળી હતી તે વખતે જ તેને પગમાં કાંટો વાગ્યો હતો.તેણે છોકરાને કહ્યું કે,તું મને આ કાંટો કાઢી આપ;મારા પગમાં એ ઘણે ઊંડે ભરાય ગયો છે એટલે મારાથી નીકળતો નથી.જો તું આ કાંટો કાઢી દઈશ તો હું તને મારા બચ્ચાઓમાંથી સારામાં સારો બચ્ચો તને આપી દઈશ.તેણે વાઘણની વાત માની લીધી.તેણે પોતાને ઉચકાય તેવડો પથ્થર વાઘણ પર મૂકી દીધો અને કાંટાને ખેંચી કાઢયો.હવે કાંટો કાઢે એટલે  દુઃખવાનું તો ખરુ જ ને ! એટલે ગુસ્સામાં આવીને વાઘણે પથ્થર પર ડાફૂ માર્યું,ને આમ તેનો ગુસ્સો પણ ઊતરી ગયો.તેણે છોકરાને કહ્યું કે,દીકરા તું હવે મારા બચ્ચામાંથી તને જે ગમે તે બચ્ચો લઈ જા.છોકરાએ ગમતું બચ્ચું લઈ લીધું.

સવાર થતાની સાથે તે ત્યાંથી આગળ જવા નીકળી પડયો.આગળ વધતા વધતા રસ્તામાં જ તેને સાંજ પડી જવા આવી હતી.એટલામાં તે એક મોટી ખાડી(નદી) પાસે આવી પહોચ્યો,ત્યાં બે ખાડીઓ ભેગી થતી હતી.તેની બાજુમાં જ સાદડાનું એક મોટું ઝાડ હતુ.તેણે

રાતનો વિસામો  સાદડાના આ ઝાડ નીચે રાખવાનુ પસંદ કર્યું.એ ઝાડ ઉપર સમડી વાય હતી.તે આરામ કરવા આડો પડયો.એટલામાં તેણે જોયું કે એક મોટો નાગ સમડીના બચ્ચા ખાવા ઝાડ પર ચઢી રહ્યો હતો.તેણે આ જોયું અને વિચાર્યું  કે,હમણા સમડી તો માળામાં નથી એટલે નકકી આ નાગ તેના બચ્ચાઓને ખાય જશે.એટલે તરત જ તેણે બંદૂકથી નાગને મારી નાખ્યો અને તલવારથી  તેના ટુકડા કરીને એક મોટો ઢગ કરી દીધો,ને પછી તે ઊંઘી ગયો.

સાંજ થતા સમડી તેના માળામાં આવી પહોંચી.તે પોતાના બચ્ચાઓ માટે ચાચમાં ખોરાક લાવી હતી તે ખવડાવી રહી હતી.એટલામાં તેની નજર નીચે પડી,તો તેણે છોકરાને,ઘોડાને અને વાઘના બચ્ચાને જોયા.એટલે તે પોતાના બચ્ચાઓને ખવડાવતી જઈને કહે છે કે,આજે તમે ધરાઈ ધરાઈને ખાવ;જો ઓછું પડશે તો નીચે હજી શિકાર બેઠો જ છે.બચ્ચાઓએ કહ્યું કે,તું એ છોકરાને કે તેના ઘોડાને મારીશ નહિ. તેના લીધે જ આજે તું અમારુ મોઢું જોઈ શકી છે.આજે અમને ખાવા માટે એક મોટો નાગ આ ઝાડ ઉપર ચઢતો હતો,ત્યારે આ છોકરાએ જ તેને બંદૂકથી મારી નાખ્યો હતો અને તેના ટુકડા કરીને ઢગ કરી દીધો હતો,જો પેલો દેખાય છે.સમડીએ નીચે જોયુ તો સાચે જ નાગના ટુકડાઓનો ઢગ પડયો હતો.તેથી સમડીએ બચ્ચાઓની વાત માની લીધી.તે નીચે ઉતરી. છોકરો તો ઊંઘી ગયો હતો.તેની પાસે આવીને તેણે કહ્યું કે,– હું તને કશુ પણ કરીશ નહિ.તું શાંતિથી અહી રાતવાસો કર.સવારે જ્યારે તું ઉઠીશ ત્યારે હું તને મારા બચ્ચામાંથી તને મનગમતો એક બચ્ચો આપી દઈશ.

છોકરો સવારે ઉઠયો એટલે સમડીએ પોતાના બચ્ચાઓમાંથી મનગમતો બચ્ચો તેને આપી દીધો.પછી તે સમડી અને વાઘને લઈને આગળ જવા નીકળી પડયો.તેની આગળ વાઘ ચાલતો અને સમડી આકાશમાં ઉડતી જઈને છોકરાને તડકો ન લાગે એટલા માટે પાખો ફેલાવીને છાંયડો કરતી જતી.આ રીતે ફરતા ફરતા તેઓ બીજા રાજ્યમાં જઈ પહોંચ્યા. તે રાજ્યની પાદરમાં એક ડોસા રહેતા હતા.તે એકલો જ રહેતા હતા.તેમનું ઘરવાળી કે છોકરા વગેરે કોઈ નહોતુ.તે ખાટલામાં બેઠા હતા.છોકરો  તેમની પાસે ગયો,ને તેની સાથે ઘોડો,વાઘ ને સમડી  તો ખરા જ! આ બધાને જોઈને ડોસા કહેવા લાગ્યા કે, તું આ બધા બીક લાગે તેવા જાનવરોને લઈને આ બાજુ કયાં દોડી આવ્યો ? છોકરાએ કહ્યું કે,એ તમને કશું કરશે નહિ;એ બધા મારા ઈશારે ચાલે છે.ડોસાએ પૂછયું કે,તું આ બધાને શું કામ લઈ

આવ્યો છે ? છોકરાએ કહ્યું કે,દાદા હું નોકરીની શોધમાં નીકળ્યો છું.મને કોઈ ઢોર ચારવા રાખે તો તે,ને કોઈ ખેતી કરતું હોય તો તેને ઘર હું ખેતી કરીને ખાઈશ.મને મારા બાપાએ ઘરમાંથી કાઢી મૂક્યો છે એટલે હું કાયમ માટે ઘર છોડીને આવતો રહ્યો છું.ડોસાએ કહ્યું કે,દીકરા મારી પાસે ખેતી તો નથી પણ એક ગાય છે.એ ગાય ચરાવીને તું ખાજે,પરંતુ આ વાઘ અને સમડીને જરા દૂર જ રાખજે.મને તો એમની બીક લાગે છે. છોકરાએ તેમને સાંત્વના આપતા કહ્યું , તમે એની ચિંતા કરશો નહિ.

છોકરો ડોસાને ત્યાં રહેવા લાગ્યો. તે સવાર થતાની સાથે જ ગાય છોડી લઈને ચરાવવા જતો રહેતો.તે પોતાની સાથે વાઘ અને સમડીને પણ લઈ જતો.વાઘ જંગલમાં જે કઈ જાનવર મળે તેનો શિકાર કરી લાવતો.સાંજે ઘરે આવીને બધા ભેગા મળીને તે શિકાર જમી લેતા અને પછી શાંતિથી ઊઘી જતા.

થોડા દિવસ પછી એ રાજ્યના રાજાની રાજકુમારીનો સ્વયંવર ગોઠવાયો.તે રાજાની બે મોટી છોકરીના લગ્ન થઈ ચૂક્યા હતા.આ વખતે તેની સૌથી નાની છોકરીનો સ્વયંવર હતો.તેણે દેશ પરદેશના રાજાઓને બખર પહોંચાડી દીધી કે, તમે મારી દીકરીના સ્વયંવરમાં જરૂરથી આવજો.આ સ્વયંવરમાં રાજાએ એવી શરત મૂકી હતી કે,હું લગ્નમંડપમાં એક હાથીને હાર લઈને ઊભો રાખીશ.તે હાથી આખા મંડપમાં ફરીને જેને વરમાળા પહેરાવશે તેની સાથે મારી દિકરી લગ્ન કરશે.

ડોસાને રાજકુમારીના સ્વયંવરની ખબર હતી.તેમણે સવારે ઉઠીને છોકરાને કહ્યું કે,દીકરા તું ગાય ચરાવવા જજે.હું તો આજે લગ્નમાં જવાનો છું.ગામમાં લગ્ન ગણાય એટલે તો જવુ જ પડે ! છોકરાએ પૂછ્યું કે,કોના લગ્ન છે ? ડોસાએ કહ્યું કે,આ રાજ્યના રાજાની સૌથી નાની રાજકુમારીનો સ્વયંવર છે.તેમાં દૂર દૂરના દેશમાંથી બધા રાજાઓ આવવાના છે.રાજાએ એવી શરત રાખી છે કે,હાથી મંડપમાં જે કોઈને હાર પહેરાવશે તેની સાથે જ રાજાની છોકરી લગ્ન કરશે.ડોસાની આવી વાતો સાંભળીને છોકરાએ કહ્યું કે,તો તો હું પણ લગ્નમાં આવીશ ! ડોસાએ કહ્યું કે,તું સાવ જંગલી જેવો,તારા તો કપડાનું ઠેકાણું નથી,એટલે તું મારી સાથે ના આવીશ.'તોપણ હું તમારી સાથે આવીશ જ ' – છોકરાએ આવવાની જીદ પકડી.એટલે ડોસા તેના પર ગુસ્સે ભરાયા.તેમણે કહ્યું કે,તું આવી હાલતમાં મારી સાથે આવીશ તો ત્યાં બધાની વચ્ચે મને શરમાવી પાડીશ ! છોકરાએ નિરાશ થઈને કહ્યું કે,સારૂ

દાદા તમે જાવ ! હું નહિ આવું.ડોસા તૈયાર થઈને સ્વયંવરમાં ગયા. ત્યાં જુદા જુદા દેશોના રાજાઓ સજીધજીને આવ્યા હતા.

છોકરાએ થોડાક સમય સુધી ગાયને ચરાવી અને પછી તે ઘરે આવતો રહ્યો.તેણે ગાયને ખૂંટે બાંધી દીધી અને પછી મોડો મોડો લગ્નમાં ગયો.તે દૂર બેસીને મંડપમાં જે કંઈ બનતુ હતુ તે જોયા કરતો હતો.મંડપમાં બધા રાજાઓ અને રાજકુમારો સજી–ધજીને બેસી ગયા હતા.થોડીવારમાં હાથીને વરમાળા આપવામાં આવી.તે વરમાળા લઈને આખા મંડપમાં ફરી વળ્યો પણ કોઈને પહેરાવી નહિં.છેલ્લે હાથી છોકરો જ્યાં બેઠો હતો ત્યાં આવ્યો અને તેને વરમાળા પહેરાવી દીધી.

હાથીની પાછળ બધા જાનૈયાઓ  આવ્યા. તેઓ છોકરાને મંડપમાં બોલાવી ગયા.તેમણે મંડપમાં જઈને બધાની વચ્ચે તેને ઊભો રાખી દીધો.તેના મેલાઘેલા કપડા જોઈને બધા રાજાઓ અને રાજકુમારો તેની હાંસી ઉડાડવા લાગ્યા કે,શું હાથીએ એક રાજકુમારી માટે આવા જંગલી વરને પસંદ કર્યો ? ! તેમ છતા રાજકુમારી ' જે કંઈ થયું છે તે સારા માટે જ થયું હશે ' એમ કહીને તેની જોડે પરણવા તૈયાર થઈ ગઈ.એટલે તેમના લગ્ન લેવાય ગયા.ડોસા તો છોકરાને ઓળખી ગયા હતા,પણ તે કંઈ બોલ્યા વગર ઘરે આવતા રહ્યા.

લગ્નની વિધિ પૂરી થતા રાત પડી ગઈ.બધા જમવા બેઠા.મોટી બહેનોના પતિઓ ગાદી પર બેસીને ટેબલ પર થાળી મૂકીને જમતા હતા.નાની રાજકુમારીએ છોકરા માટે ખુરશી ટેબલ મૂકી અપાવ્યા,પરંતુ તે એમાં ન બેઠો.તે નીચે બેસીને જમવા લાગ્યો.આ જોઈ મોટી બહેનોએ નાની બહેનને કહ્યું કે,આ જમાય તો કેવા ગણાય ! હું તો આવા વરને ના પરણું.જમવા માટે ખુરશી ટેબલ મૂકી આપ્યા તો નીચે બેસીને જમવા લાગ્યા.આ તો ગાંડા ગણાય.મોટી બહેનોના આવા ટોણાને સાંભળીને તેણે છોકરાને ઘરમાંથી કાઢી મૂક્યો.તેણે કહ્યું કે,તમે તમારા ઘરે જતા રહો ! તમે મને અહીં ના જોઈએ.એટલે તે પાછો ડોસાને ત્યાં આવતો રહ્યો.

બીજા દિવસે પાછો સ્વયંવર ગોઠવવામાં આવ્યો. એ દિવસે પાછા દેશ દેશાવરના રાજાઓ આવ્યા હતા.ડોસા પણ  સ્વયંવરમાં જવા માટે તૈયાર થઈ રહ્યા હતા. ત્યાં છોકરાએ આવીને કહ્યું કે,હું પણ તમારી સાથે આવવાનો છું.ડોસાએ કહ્યું કે,તું મારી સાથે ના

આવીશ.તે દિવસે પણ તેં મને શરમાવી નાખ્યો હતો.એટલે તે ' સારૂ તો નહિ આવું ' એમ કહીને ગાય ચરાવવા જતો રહ્યો.પણ મોડે મોડેથી પાછો તે સ્વયંવર જોવા ગયો.તે એ જ જગ્યાએ જઈને બેસી ગયો.થોડીવાર પછી મંડપમાં હાથીને વરમાળા આપવામાં આવી.હાથીએ ફરીપાછી તેને જ વરમાળા પહેરાવી દીધી.

હાથી પાછળ જાનવાળા આવ્યા અને પાછા તેને મંડપમાં લઈ ગયા. લગ્નની બધી વિધિ પૂરી થઈ ગયા પછી બધા જમવા બેઠા.ફરી તે નીચે બેસીને જમવા લાગ્યો.એટલે મોટી બહેનોના પતિઓ તેની મજાક કરીને હસવા લાગ્યા કે,આ તો કેવું ગણાય ? આ તો બરાબર ના કહેવાય ! રાજકુમારીએ કહ્યું કે,'હવે જે થયું તે થયું.આ હવે બીજી વારનું થયું છે એટલે હવે હુ એમને છોડવાની નથી.હું ગમે તેમ કરીને જીવી લઈશ.ભલે પછી મજૂરી કરીને ખાઈશ પણ એમને નહિ છોડુ.'

એક દિવસે રાજાએ ત્રણે જમાઈઓને બોલાવ્યા અને કહ્યું કે,આજે તમે ત્રણે શિકાર ખેલવા જાઓ.તમારામાંથી જે વધારે શિકાર કરશે તેને વધારે રાજપાટ મળશે અને જે ઓછા શિકાર કરશે તેને ઓછું રાજપાટ મળશે,તેમજ જે એકપણ જાનવર નહિં મારે તેના હાથમાં હું દાતરડું પકડાવી દઈશ અને મજૂરી કરીને ખાય તેવા કરી દઈશ.પછી ત્રણે જમાઈ જંગલમાં શિકાર કરવા નીકળી પડયા.છોકરો ડોસાને ત્યાં આવ્યો. તેણે ઘોડો તૈયાર કરી લીધો અને હાથમાં બંદૂક લઈ લીધી.તેણે સમડી અને વાઘને પણ સાથે લઈ લીધા.તેણે રાજાનો પોશાક પહેરી લીધો અને જંગલમાં શિકાર ખેલવા ગયો.

પછી તો સમડીને જે જાનવર સામે મળે તેને સમડી મારે,વાઘને સામે મળે તેને વાઘ મારે અને છોકરો બંદૂકથી શિકાર કરે તે અલગ.તેમણે ત્રણેએ મળીને જાનવરોના ત્રણ મોટા ઢગ બનાવી દીધા.પછી પેલા બંને જમાઈ છોકરાને મળ્યા.તે તો રાજાના વેશમાં હતો,વળી તેની પાસે ઘોડો પણ હતો.એટલે તેઓ તેને ઓળખી શકયા નહિ. તેમણે છોકરાને પૂછયું કે,ભાઈ તારે આ જાનવરો વેચવા છે? જો તારે વેચવા હોય તો અમે તને મોં માગી રકમ આપવા માટે તૈયાર છીએ.ચાર લાખ – પાંચ લાખ,તને જેટલા પૈસા જોઈએ એટલા અમે આપીશું,પણ તું અમને આ જાનવરો આપી દે.છોકરાએ કહ્યું કે, મારે આ જાનવરો વેચવા તો નથી પણ મફતમાં જ આપી દેવા છે.પરંતુ તે માટે મારી એક શરત છે,તમે તમારા કપડા ઉતારો અને મને તમારા કુલા પર ડામ મૂકવા દો,તો હું તમને આ જાનવરો મફતમાં જ આપી દઈશ.તેણે આમ કહ્યું એટલે બંને જમાઈ ખૂબ જ ખુશ થઈ

ગયા.તેમણે છોકરાને કહ્યું કે,કશો વાંધો નહિં મોટાભાઈ ! અમે અમારા કપડા ઉતારીએ છીએ.આમ પણ આ જંગલમાં કોણ જોવાનું છે ! એટલે છોકરાએ છાણા સળગાવીને સિક્કો ગરમ કર્યો.અને પેલા લોકોએ કપડા ઉતાર્યાં એટલે કુલા પર ડામ મૂકી દીધા.અને પછી બધા છૂટા પડી ગયા.

બંને જમાઈઓ રાજાને ત્યાં જતા રહ્યા અને છોકરો ડોસાના ઘરે આવતો રહ્યો. તેણે પોતાનો રાજવી વેશ ઉતારી દીધો અને ફાટેલા કપડા પહેરી લીધા.તેણે સમડી,વાઘ અને ઘોડાને ડોસાને ત્યાં જ મૂકી દીધા.પછી તે સાસરીમાં આવ્યો. ત્યાં સુધીમાં બંને જમાઈઓએ તેણે આપી દીધા હતા તે જાનવરોના ઢગ ખડકી મૂકયા હતા.થોડીવાર પછી રાજા ત્રણે જમાઈને લઈને કોણે કેટલા શિકાર કર્યાં છે તે જોવા માટે આવ્યા.બંને જમાઈઓ તો મનમાં ને મનમાં ખુશ થતા હતા કે આપણને તો મફતમાં જાનવર મળી ગયા છે એટલે કોઈ ચિંતા નથી.રાજાએ જ્યારે પૂછ્યું કે,કોણે કેટલા જાનવરો માર્યાં છે બતાવો ! ત્યારે તેમણે જાનવરોના ઢગ બતાવીને કહ્યું કે,આટલા જાનવરો અમે માર્યાં છે.પછી રાજાએ છોકરાને પૂછ્યું કે,તેં કેટલા જાનવરો માર્યાં છે ? તેં મારેલા જાનવરો ક્યાં ગયા ? તેણે કહ્યું કે,આ જાનવરો તો મારા છે.મેં એમને મફતમાં આપી દીધા હતા.એ લોકો મારી પાસે આ જાનવરો પાંચ લાખ રૂપિયામાં માંગતા હતા,પરંતુ મે એમની પાસેથી પૈસા લીધા નહોતા.મેં એમના કુલા પર ડામ મૂકીને મફતમાં જ જાનવરો આપી દીધા હતા.તમે એમના કપડા ઉતરાવીને જોઈ લો.એટલે રાજાએ તેમના કપડા ઉતરાવ્યા અને જોયું તો સાચે જ તેમના કુલા પર ડામ હતા.પછી તેમણે છોકરાને પૂછ્યું કે,તેં આટલા બધા જાનવરો કેવી રીતે માર્યાં ? તેનો જવાબ આપવા તે ડોસાના ઘરે આવ્યો.તેણે રાજાનો પોશાક પહેરી લીધો.તેણે પોતાની સાથે સમડી અને વાઘને પણ લઈ લીધા.રાજા પાસે આવીને તેણે કહ્યું કે,મેં આ બધાની મદદથી આટલા જાનવરો માર્યાં છે.

પછી રાજાએ મોટા જમાઈઓના હાથમાં દાતરડું પકડાવી દીધું અને કહ્યું કે,તમે હવે ખેતરોમાં કામ કરવા જજો અને સાંજે જે કઈ મજૂરી મળશે તેનાથી ખાજો નહિ તો પછી ભૂખ્યા જ ઊંઘી જજો.આમ તેમણે મોટા જમાઈઓને મજૂરી કરીને ખાતા કરી દીધા.તેઓ છાપરામાં રહેતા થઈ ગયા. જ્યારે નાના જમાઈને આખુ રાજપાટ સોંપી દીધુ.દિવસો પર દિવસો જતા સાસુ–સસરા મરણ પામ્યા,એટલે તેણે બધું રાજપાટ વેચી દીધુ અને પોતાના દેશમાં આવતો રહ્યો. ત્યાં સુધીમાં તો પલી ડાકણ સ્ત્રી બધા ઘોડાઓને મારીને ખાય ગઈ

હતી.તે તેના બાપાને મારીને પણ ખાય ગઈ હતી.તેણે આખા ઘરને ઉજ્જડ કરી નાખ્યુ હતુ.છોકરાએ ઘોડા પરથી ઉતરીને તેને પૂછ્યું  કે,આ બધુ કેવી રીતે થયુ.તેણે કહ્યું કે,હું બધાને ખાય ગઈ છું.તેણે આમ કહ્યું એટલે છોકરાએ બંદૂકથી તેને મારી નાખી અને નદીમાં વહેતી કરી દીધી.તેણે રાજપાટ વેચીને જે પૈસા મળ્યા હતા તેનાથી  સાત માળની નવી હવેલી બનાવી.પછી તેઓ સુખેથી જીવવા લાગ્યા.

## ૧૩. સાસુ અને વહુ

એક છોકરો હતો અને એક ડોસી હતી.સમય જતા છોકરો પરણવા લાયક થઈ ગયો.

એક દિવસે ડોસીએ તેને કહ્યું - દીકરા હવે આપણે તારા માટે વહુ શોધી કાઢીએ.

પછી તેમના ઘરમાં વહુ ઘરમાં આવી.પણ તે થોડા સમયમાં જ સાસુને દુઃખ આપવા લાગી.

તેણે છોકરાને ચોખ્ખું સંભળાવી દીધું - તું તારી આયાને ઘરમાંથી કાઢી દે અને અલગ છાપરું પાડી આપ ! તો જ હું આ ઘરમાં રહીશ નહિં તો પાછી જતી રહીશ.

તેની આવી વાત સાંભળીને છોકરાએ વિચાર્યું - સાલું,મને આ કેવી બયરી મળી ? આ તો હમણાંથી જ આવું કરે છે તો પછી શું કરશે ? પણ પછી તેને એવો વિચાર આવ્યો કે- ‘હમણાં મારી પાસે એટલા પૈસા પણ નથી કે હું બીજું લગ્ન કરી શકું,એટલે મારે ઘરવાળી કહે છે તે રીતે ચાલવું જ પડશે.’ આમ વિચારી તેણે આયાને અલગ છાપરું પાડી આપ્યું.

ડોસી છાપરામાં એકલા જ રહેવા લાગ્યા.તેથી મજૂરીએ જાય તો જ તેમને ખાવાનું મળતું,નહિં તો ભૂખ્યા જ રહેવું પડતું.

બીજીબાજુ છોકરાને ત્યાં ઢોરઢાંખર વધારે હોવાથી છાશ વલોવવાનું કામ ચાલતું.તેનો છોકરો રોજ છાશ વલોવીને ખેતરે જતો રહેતો.

તેના ગયા પછી ડોસી છાશ લેવા માટે જતા.તેમને જોતા જ વહુ ચીડાઈ ઉઠતી - આવી છે હવે છાશ લેવા ! પણ એકવાર તને નગ્ન થઈને નાચવું પડશે,ને તો જ છાશ મળશે.

એટલે ડોશી નાગા થઈને આંગણામાં બરાબર નાચતા,ને પછી જ વહુ તેમને છાશ આપતી. આ બધું ગામલોકો જોતા તેથી ડોસીને શરમ આવતી.

હવે તેમનો છોકરો રોજ ખેતરેથી આવ્યા પછી ઝૂપડીએ બેસવા આવતો.એટલે એક દિવસે ડોસીએ તેને આ બધી વાત કહી સંભળાવી.

ડોસીએ કહ્યું - દીકરા,તારી વહુ તો મને આવું આવું કરાવે છે.હું જ્યારે પણ છાશ લેવા જાઉં છું ત્યારે તે મને નાગીને નાગી નચાવે છે અને પછી છાશ આપે છે.

આયા તું જૂઠી છે.ખરા બપોરે આવું કોઈ કરાવતું હશે ? - આમ તેને ડોસીની વાતમાં વિશ્વાસ બેસતો નથી.

ડોસીએ તેને કહ્યું - જો તને મારી વાત જૂઠી લાગતી હોય તો કોઈક દિવસે તું પોતે જ સંતાઈને આ બધુ જોજે.

સારું તો પછી હું આવતીકાલે સંતાઈ રહીશ.

એ દિવસે તે 'હું ખેતરે જાઉં છું ' એમ કહીને થોડે સુધી ગયો અને પાછો વળી આવ્યો.તે પત્ની ન જાણે એ રીતે છાનોમાનો ઘરે આવ્યો.પત્ની પાણી ભરવા કૂવાએ ગઈ એટલે તે માળા પર ચઢીને સંતાય ગયો.

થોડા સમય પછી ડોસી છાશ લેવા માટે આવ્યા.એટલે સાચે જ વહુએ તેમને આંગણામાં નાગા ને નાગા નચાવ્યા અને પછી છાશ આપી.

બીજા દિવસે તેણે પત્નીને કહ્યું - મને જલદીથી જમવાનું બનાવી આપ,હું જરા ખેતરે જઈ આવું.

પછી તેણે જમી લીધું અને 'હું ખેતરે જાઉં છું' એમ કહીને તે સીધો સાસરે ગયો.

તેને આવેલો જોઈને સાસુએ પૂછ્યું - કેમ જમાય આમ અચાનક આવવું પડયું ? ને આમ કેમ ગભરાયેલા ગભરાયેલા લાગો છો ?

હું કંઇ ગભરાયેલો નથી.પણ તમારી દીકરી ઘણી બિમાર છે.મેં ભગત પાસે દાણા જોવડાવ્યા તો એવું નીકળ્યું છે કે સાસુ-સસરાએ નાગા થઈને; શરીરે સાવરણી,સાબેલું અને ચમચા વગરે બાંધી લઈને આખા રસ્તે નાચતા નાચતા આવવું પડશે.

આટલી વાત કરીને તે ઘરે આવતો રહ્યો.

ઘરે આવ્યા પછી તે પટેલને ત્યાં ગયો.તેણે પટેલને કહ્યું - તમે આવતી કાલે તમારા ખેતરમાં કામ કરવા માટે સોએક મજૂરો કહી દો,અને તેમની મજૂરીના પૈસા હું ચૂકવી દઈશ.

આમ તે પોતાની મરજીથી પટેલને મજૂરો લેવાનું કહી આવ્યો કારણ કે પટેલનું ખેતર ગામમાં આવવા જવાના રસ્તા પર જ આવેલું હતું.

બીજા દિવસે પટેલે સો જેટલા મજૂરો લઈ લીધા.તેઓ બધા ખેતરમાં કામ કરવા લાગ્યા હતા.તે જ સમયે છોકરાના સાસુ સસરા શરીરે ચમચા,સાબેલું અને સાવરણી વગેરે બાંધી લઈને ઊભા રસ્તે મોટેથી ગીત ગાતા જઈને નાચતા નાચતા આવી રહ્યા હતા.

છેંડે ચીપલા લગાવ્યા રે,જો રે દેવા જો,

છેંડે સાવરણા લગાવ્યા રે,જો રે દેવા જો,

છેંડે સાબેલું લગાવ્યું રે,જો રે દેવા જો,

( અમે શરીરે ચીપલા,સાવરણા અને સાબેલું વગેરે લગાવ્યું છે તે તું જો.આ રીતે દેવને રીઝવીને દીકરીનું દુઃખ કરવાની વિનંતી કરે છે.)

આ રીતે તેઓ ગીત ગાતા જઈને ઊભા રસ્તે નગ્ન હાલતમાં નાચતા નાચતા આવતા હતા.એટલે બધા જ મજૂરો કામ કરતા હતા ત્યાંથી ઊભા થઈને તેમને જોવા લાગ્યા,ને વાતો કરવા લાગ્યા કે - ‘ફલાણાના સાસુ સસરા ગાંડા થઈ ગયા છે કે શું ?’

આ રીતે નાચતા નાચતા તેઓ દીકરીના ઘરે આવી પહોંચ્યા.ઘરના આંગણામાં પણ નાચવા લાગ્યા અને ધમાધમ કૂદવા લાગ્યા.

તેમની દીકરી ઘરમાં રસોઈ બનાવ્યા કરતી હતી તેણે આ કૂદંકૂદ સાંભળી.

તેણે પતિને કહ્યું - આપણા આંગણે કોણ નાચતું જેવું છે ?

તું પોતે જ બારણું ખોલીને જોઈ આવને,કોણ છે તે.

એટલે તેણે બારણું ખોલીને જોયું તો પોતાના જ મા-બાપ નાચ્યા કરતા હતા.એટલે તેણે શરમના માર્યા ગુસ્સામાં આવીને કહ્યું - આયા તમે તો ગાંડા થઈ ગયા છો કે શું ? કેમ આમ નાગા થઈને નાચ્યા કરો છો ?

ગઈકાલે જમાય આપણા ઘરે આવીને એવું કહી આવ્યા હતા કે તમારી દીકરી ખૂબ બિમાર છે.તેથી જો આપણે તેને સારી કરવી હશે તો તમારે આવું આવું કરવું પડશે.એટલે તો અમે એ પ્રમાણે આ બધું કરીને આવ્યા છીએ.

આ સાંભળી તે પતિને લડવા લાગી.'શું તમે ગાંડા થઈ ગયા હતા,તે આવું કહી આવ્યા ? બુદ્ધિ વગરના !'

તો આટલા દિવસો સુધી તું મારી આયાને બધાની દેખતા નાગી હાલતમાં આંગણામાં નચાવતી હતી,ત્યારે શું મારી ઇજ્જત ના જતી હતી ? એ સમયે તને આવી બદનામીનો કોઈ ખ્યાલ ના આવ્યો ? આ વાતનો બદલો લેવા માટે જ મારે આ બધું કરવું પડયું.

આ સાંભળીને તે ચૂપ થઈ ગઈ,અને થોડીવાર પછી બધું થાળે પડી ગયું.

આ વાતને થોડા દિવસો વીતી ગયા.ને એક દિવસ પછી ફરીપાછું પત્નીએ પતિને કહ્યું - તમે તમારી આયાને જંગલમાં ભૂલવી આવો કાં તો પછી કંઈક ખવડાવીને મારી નાખો.હવે મને એ આ ઘરની આજુબાજુ પણ ના જોઈએ,ને તો જ હું રહીશ.

પત્નીએ આમ કહ્યું એટલે તે આયા પાસે ગયો અને કહ્યું - આયા તું રોટલા શેકી લે.તું હવે ઘરડી થઈ ગઈ છે એટલે હું તને ગામડાં,શહેર અને તીરથ વગેરેના દર્શન કરાવી લાવું.

ડોસીએ તો રોટલા બનાવી લીધા અને છોકરા સાથે જાત્રામાં કરવા નીકળી પડયા.તેઓ ચાલતા ચાલતા આગળ વધતા ગયા.આમતેમ ફરતા ફરતા તેઓ એક ભારે જંગલમાં જઈ ચડયા.

છોકરાએ કહ્યું - આયા તું અહી થોડીવાર માટે બેસજે,હું જરા કુદરતી હાજતે જઈ આવું.

આમ કહીને તે જંગલમાં ગયો પણ પાછો આવ્યો જ નહિં.તેની રાહ જોતાજોતા ડોસીને અંધારુ થઈ ગયું.એટલે ડોસી ‘હવે હું ક્યાં જાઉં ?’ એમ કરીને રડવા લાગ્યા.તેઓ એટલું રડયા કે રડી રડીને રાફડો બની ગયા.

રાતના સમયે રાજા પાંઠા,બાલો વીદાણ અને દૂધીયો દેવ ધરતી તપાસવા નીકળ્યા.તેમણે જંગલમાં આ રાફડો જોયો.તેઓ એકબીજાને કહે છે કે- આપણે તો રોજ રાત્રે અહીં ફરીએ છીએ.પણ આજ સુધી આપણને અહીં કોઈ રાફડો જોવામાં આવ્યો નહોતો,તો પછી આજે આ રાફડો કેમ કરીને આવી ગયો ?

આમ કહીને રાજા પાંઠાએ રાફડાને એક લાત મારી.એટલે એ રાફડામાંથી ડોસી નીકળી પડયા અને રડવા લાગ્યા.

રાજા પાંઠાએ ડોસીને પૂછ્યું - દાદી તમે શું કામ રડો છો ?

દીકરા હું મારા ઘરમાં વહું લાવી હતી.પણ તે મને ઘણીબધી તકલીફો આપતી હતી એટલે મારો દીકરો મને આ જંગલમાં ભૂલવી ગયો.તેથી હું રડી રડીને રાફડો બની ગઈ હતી.

ડોસીને આવા દુઃખી જોઈને રાજા પાંઠાએ તાંબાના લોટામાં પાણી લીધું.તેના પર લાલ રૂમાલ અને નારિયેળ મૂક્યું,ને તેને એક હાથે ડોસીના માથા પર મૂક્યું અને બીજા હાથમાં અંબર સોટી લીધી.પછી ડોસીને પૂછયું - દાદી તને વરસાદ ગમે કે ?

ડોસીએ કહ્યું - અરે દીકરા,વરસાદ હોય તો જ આપણે વાવણી કરીએ,પાક પકવીએ અને પછી ખાઈએ.એટલે વરસાદ તો મને બોં ગમે.

તેમણે બીજો સવાલ કર્યો - તો તને ઉનાળો ગમે કે ?

ઉનાળામાં તાપ પડે તો તો ઢેફા કરપવાળા થાય,ને વરસાદ પણ સારો પાકે.એટલે ઉનાળો પણ મને બોં ગમે.

તો તને શિયાળો ગમે ?

શિયાળો પણ મને બોં જ ગમે.કેમકે આપણે કોઈ પાક વાવીએ,ત્યારે જો ઝાકળ પડે તો જ એ પાક સારો પાકે.

ડોસીના જવાબો સાંભળીને રાજા પાંઠાએ કહ્યું - તો દાદી હવે તું જમણી બાજુએ સાત ફેરા ફર.

ડોસી સાત ફેરા જમણી ( જમણેથી ડાબે ગોળગોળ ) બાજુએ ફરી એટલે ત્યાં તો સાત માળની હવેલી બંધાઈ ગઈ ! ને ડોસી પણ જુવાન બની ગયા ! તે હવેલીમાં બાગ, જાતજાતના ફૂલ છોડ,નોકર ચાકર,રસોઈયા અને આવું તો ઘણુંબધું આવી ગયું.

પછી દેવે જુવાન થઈ ગયેલા ડોસીને કહ્યું - દાદી હવે તું આ હવેલીમાં રહેજે,ખાજે પીજે અને મજા કરજે.

આમ કહીને તે દેવો ત્યાંથી જતા રહ્યા.સવાર થઈ એટલે બધા નોકરચાકરો હવેલીમાં પોતપોતાનું કામ કરવા લાગ્યા.

આ ઘટનાને થોડા દિવસ વીતી ગયા પછી પત્નીએ પતિને કહ્યું - તમે તમારી આયાને જંગલમાં ભૂલવી આવ્યા હતા ત્યાં જઈને જરા જોઈ આવોને ! તેમના હાડકાંને એવું કંઇ ત્યાં જોવા મળે છે કે નહીં.

હવે ત્યાં જઈ હાડકા જોઈને શું કરવું,આયા તો અત્યાર સુધીમાં મરી જ ગઈ હશે.

પણ પત્નીએ પોતાની જીદ ના છોડી.તેણે કહ્યું - તોપણ જાઓ તો ખરા.એ જગ્યા પર કોઈ ને કોઈ નિશાની તો બચી જ હશે ને !

છોકરો તે જગ્યાએ ગયો અને જોયું તો ત્યાં સાત માળની હવેલી ઊભી હતી.એટલે તે હવેલીમાં ગયો.ડોસી તો તેને જોતાની સાથે જ ઓળખી ગઈ કે આ તો મારો દીકરો છે,પણ છોકરો તેની આયાને ઓળખી ના શક્યો.કેમકે તે તો હવે યુવાન અને શેઠાણી બની ગઈ હતી.

તેણે છોકરાને કહ્યું - આવ દીકરા બેસ.આજની રાત તારે અહીં જ રહેવું પડશે.

હવે શેઠાણી તો શેઠાણી જ કહેવાય ને ! એટલે છોકરાને તો તેની બાજુમાં બેસવાનું પણ મન ના થાય કે વાત કરવાનું મન પણ ના થાય.તોયે તે હવેલીએ રોકાય ગયો.

શેઠાણીએ તેના માટે સરસ મજાના પકવાન બનાવડાવ્યા.બંનેએ ખાધું પીધું પછી ભૂતકાળમાં પોતે જે દુઃખો વેઠ્યા હતા તેની વાત કરી એટલે છોકરાને મનમાં ખબર પડી ગઈ કે 'આ તો મારી આયા છે !' ને છેલ્લે શેઠાણીએ જ તેને કહી દીધું કે 'તું મારો દીકરો છે.'

સવારે છોકરો ઊઠ્યો એટલે આયાએ કહ્યું - લે આ મારી વહું માટે પણ લેતો જા.

આમ કહીને તેણે એક પડીકામાં જાતજાતના પકવાન બાંધી આપ્યા.પછી તે ઘરે આવ્યો.

પત્નીએ તેને પૂછયું- ત્યાં તને સાસુના હાડકા બાડકા જોવા મળ્યા કે નહિં ?

તેણે પકવાનનું પડીકું તેની સામે ધરતા કહ્યું - લે આ ખાય જો,મારી આયાએ તારા માટે આપી મોકલ્યું છે.

પત્નીએ પોટલી છોડીને જોયું તો તેમાં જાતજાતના પકવાન હતા.આ જોઈને તે બોલી પડી - ઓ મા..! સાસુ આવા(ધનવાન) બની ગયા છે કે ?

તને હું શું કહું,ત્યાં તો કોઈ વાત જ ના પૂછવી તેવું બની ગયું છે.એ જગ્યાએ તો હવે સોનાની હવેલી બની ગઈ છે.તેમાં સોનાના હીચકા અને નોકર ચાકર છે,ને આયા તો હવે કંઈ ઘરડી નથી રહી ! એ તો હવે જુવાન બની ગઈ છે.

સાચે જ કે ? - પત્નીએ આશ્ચર્યથી પૂછયું.

સાચે જ ને !

થોડીવાર પછી પત્નીએ છોકરાને કહ્યું - ચાલ આપણે મારી આયાને પણ જંગલમાં ભૂલવી આવીએ.

એટલે તેમણે સાસુને બોલાવી.સાસુએ આવતાની સાથે જ તેની દીકરીને પૂછયું - તમે મને શું કામ અહિં બોલાવી ?

તને જમાય જ્યાં લઈ જાય ત્યાં તારે જવાનું છે.તને ખબર છે મારી સાસુને શું મળી ગયું છે તે ? - આમ કહીને દીકરીએ તેને બધી વાત કહી સંભળાવી.

એટલે સાસુએ પણ નવાઈ પામ્યા - સાચે જ કે ?

સાચે જ ને ! એટલે હમણાં તું જમાય સાથે જા એટલે બધું જોતી પણ આવજે.

પછી છોકરાએ સાસુને રોટલા લઈ લેવા કહ્યું.સાસુંએ રોટલા બાંધી લીધા એટલે તે તેને લઈને જંગલમાં જવા નીકળી પડયો.ચાલતા ચાલતા તેઓ એ જ જંગલમાં જઈ પહોંચ્યા.

તેણે સાસુને કહ્યું - તમે અહી બેસજો,હું જરા હાજત કરવા જઈ આવું.

આમ કહીને તે ત્યાંથી આવતો રહ્યો.આ બાજુ સાસુને જમાયની વાટ જોતાજોતા રાત પડી ગઈ.તેથી સાસુ પણ રડવા લાગી એટલે તેનો પણ રાફડો બની ગયો.

હવે રાત થઈ એટલે રાજા પાંઠા,બાલો વીદાણ અને દૂધીયો દેવ ધરતી તપાસવા આવ્યા.

આ રાફડો જોઈને તેમણે કહ્યું - આ રાફડો તો અહિંયા નહોતો તો પછી અચાનક ક્યાંથી આવી ગયો ?

આમ કહીને પછી રાજા પાંઠાએ રાફડાને એક લાત મારી એટલે તેમાંથી સાસુ નીકળી પડી.હવે એ તો એવી હતી કે જલદી ઉઠે પણ નહિં ! તેથી રાજા પાંઠાએ તેને ચોટલો પકડીને ઉઠાડી.

ડોસી તેમને ચીડાય પડી - તમે આ શું કરો છો?

હું તને ઉઠાડીને બેસતી કરું છું.

તેમણે સાસુને ઊભા કરીને પૂછ્યું - દાદી આ બધું કઈ રીતે થયું ?

સાસુએ ચીડાઈને જ જવાબ આપ્યો - એ બધું જવા દો,આ તો મને જમાય ભુલવીને જતો રહ્યો. બીજુ તો શું થવાનું ! કિસ્મતમાં હતું એવું થયું.

'સારું ત્યારે.' - એમ કહીને રાજા પાંઠાએ તાંબાના લોટામાં પાણી લીધું.તેના પર લાલ રૂમાલ અને નારિયેળ મૂકયું.પછી તેને એક હાથે ડોસીના માથા પર મૂક્યું અને બીજા હાથમાં અંબર સોટી લઈને પૂછ્યું - દાદી તને ઉનાળો ગમે કે ?

અરેરે..! ઉનાળામાં તો બોં બધો તડકો પડે.એટલે એ તો કેમ કરીને ગમે ! ફૂકી દે તારા ઉનાળાને !

તો તને શિયાળો ગમે કે નહી ?

અરેરે..! શિયાળો તો ન્હાય ની ન્હાય ને પાછા હતા તેવા ( ચામડી ફાટીને રુક્ષ થઈ જવાના કારણે સફેદ દેખાવું ) થઈ જવાય,એટલે શિયાળો તો મને બિલકુલ ગમતો નથી.

તો પછી વરસાદ ગમે કે નહિં ?

અરેરે..! વરસાદ તો બોં જ ખરાબ.પાણીમાં પલળીએ એટલે ઠંડી લાગી આવે.ને પછી દેવતા જોઈએ ને બીજું ભળતાનું જોઈએ,એટલે વરસાદ પણ મને બિલકુલ ગમતો નથી.

એટલે દેવે તેના માથા પર રૂમાલ ઓઢાડી દીધી અને પછી કહ્યું - હવે તું સાત ફેરા ડાબી બાજુ ફર.

સાસુ સાત ફેરા ડાબી બાજુ ફરી એટલે તે ગધેડી બની ગઈ ! ને પછી બધા દેવો ત્યાંથી જતા રહ્યા.

સવાર થઈ એટલે પત્નીએ પતિને કહ્યું - જાઓને,જરા મારી આયાને શું મળ્યું છે તે જોઈ આવજો.

એકવાર જમી તો લઉં,પછી જાઉં છું.- કેમકે તેને ખબર જ હતી કે સાસુને તો કશું મળ્યું ના હશે,પણ ઉલટાના તે માણસમાંથી બીજું જ કંઈ બની ગયા હશે.

જમી લીધા પછી તે હાથમાં લાકડી લઈને જંગલમાં ગયો. ત્યાં જઈને તેણે જોયું તો સાસુ તો ગધેડી બનીને સાગની નીચે બેસી રહી હતી.

તેણે જમાયને આવતા જોયો કે તરત જ હોંચી જમાય... હોંચી જમાય કરતી તેને મારવા દોડી.

એટલે જમાય તો ત્યાંથી એવો ભાગ્યો કે ભાગતા ભાગતા તે ઘરે આવી ગયો અને બારણું વાસેલું હતું તેને બાજુએ ફેંકી દઈને ઘરમાં ભરાય ગયો.

કેમ આમ ભાગતા ભાગતા આવ્યા !?

એટલામાં ગધેડી હોંચી જમાય…હોંચી જમાય કરતી ઘરે આછી પહોંચી અને આંગણામાં કૂદવા લાગી.

આગણામાં કોણ છે ?

તું પોતે જ જઈને જોઈ લે ને કોણ છે તે.

તેણે જઈને જોયું તો પોતાની આયા જ ગધેડી બનીને કૂદયા કરતી હતી.એટલે તે તો છોકરાને - તું મારી આયાને ગધેડી બનાવી લાવ્યો ! ..એમ કહીને ગાળો આપી લડવા લાગી.

પણ તારી આયા હતી જ એવી તોછડી તો પછી હું શું કરું ? કઈની હવે કિસ્મતમાં જે હતું તે થયું - આમ કહીને તેણે પત્નીને મનાવી લીધી.

તેમણે ગધેડીને ઘરેથી ભગાડી મૂકી.

તેઓ બંને હવેલીએ જતા રહ્યા અને રળીને ખાવા લાગ્યા.

છોકરાની સાસુ તો ગધેડી બનીને આમતેમ ભટકવા લાગી.

# ૧૪ . સમડીનો દેશ

એક ડોસો અને ડોસી હતા.તેમને એકનો એક દીકરો હતો.તેનું નામ હતું પોહનો.ત્રણે જણા સાથે રહેતા હતા.તેઓ મજૂરી કરીને પોતાનો પેટગુજારો કરતા હતા.ધીરે ધીરે ડોસા ડોસીની ઉંમર થઈ ગઈ,ને તેઓ મરણ પામ્યા.

પોહનો હવે એકલો પડી ગયો હતો.તે મનમાં વિચાર કરે છે કે,અહીં ગામમાં મારા સગાવહાલા તો છે,પણ રોજેરોજ મને કોણ ખવડાવશે ? મારે હવે જવું ક્યાં ? છેવટે ' કોઈ ચાકર રાખશે તો ત્યાં રહીને ગુજારો કરી લઈશ ' એવો વિચાર કરીને તે પર ગામમાં જવા નીકળી પડયો.તે એક ગામથી બીજે ગામ રખડતો ફરે છે.

આમ રખડતો રખડતો તે એક અજાણ્યા ગામમાં આવી ચડયો.ત્યાં એક પરિવારે તેને પાસે બોલાવીને પૂછ્યું : દીકરા તું ક્યાંથી આવ્યો ? પોહનાએ તેમને માંડીને પોતાની વાત કહી સંભળાવી.તેણે કહ્યું કે,મારી સાથે આવું આવું થયું .. મારા મા બાપ આ દુનિયામાં નથી રહ્યા. હવે મને કંઈ સૂઝતું નથી ને ગામમાં કોઈ પૂછવાવાળું રહ્યું નથી.એટલે કોઈ મને ગોવાળ રાખે તો ગોવાળ અને ખેતીકામ કરાવશે તો એ પણ હું કરી લઈશ – આવો વિચાર કરીને હું કોઈ કામ શોધવા નીકળ્યો છું.તેની વાત સાંભળીને પરિવારના લોકોએ કહ્યું : દીકરા તું અહીં જ રહી જા ! અમને એક માણસની જરૂર છે જ.ને પછી ઉમેર્યું : દીકરા,આમ તો આપણે ત્યાં હમણા બીજુ કોઈ કામ નથી પણ ખેતરમાં જુવાર ઘણીબધી છે એટલે તારે જુવાર ટોવા જવું પડશે.કાલ સવારથી તારે ખાવાનું લઈને જતા રહેવાનું ને સાંજ થતા પાછા આવતા રહેવું.તેથી પોહનો એમના ઘરે રોકાય ગયો.તે રોજ વહેલી સવારે ઉઠીને ખેતરે જુવાર ટોવા જતો રહેતો.

એક દિવસ આ જ રીતે તે વહેલો ઉઠીને જુવાર ટોવા ગયો.તે માચડા પર બેસીને જુવાર ટોતો હતો.ધીરેધીરે બપોર થયો એટલે સખત તાપ પડવા લાગ્યો.તેથી તેને ન્હાવાનું મન થયું.તે માચડા પરથી નેચે ઉતર્યો અને નજીકમાં ખાડી વહેતી હતી ત્યાં ન્હાવા માટે ગયો.તેણે કપડા અને ગોફણ કાઠાં પર મૂકી દીધા અને પછી પાણીમાં ન્હાવા ઉતર્યો.

આ સમયે એક સમડી ઝાડ પર બેસીને તેને જોયા કરતી હતી.પોહનાએ ન્હાવાનું શરૂ કર્યુ કે તરત જ તે તરાપ મારીને નીચે આવી અને ગોફણને ચાંચમાં લઈને જતી રહી.તે ફરી પાછી એ જ ઝાડ પર જઈને બેસી ગઈ.પોહનાને આ વાતની ખબરેય ના પડી.તેણે બહાર

આવીને જોયું તો ત્યાં ગોફણ નહોતી.' અરે ! મેં ગોફણ તો અહીં જ મૂકી હતી,તો પછી આટલીવારમાં કોણ લઈ ગયું ? મારી ગોફણ ક્યાં ગઈ ? મારે તો રોજ પંખીઓ ટોવાના,નહીં તો એ બધી જુવાર ખાય જશે ! ' આમ વિચાર કરતો તે આમતેમ બધે જુએ છે.એટલામાં તેણે ઉંચે નજર કરી તો ગોફણ સમડીની ચાંચમાં હતી ! અરે,આ ચીડી મારી ગોફણને ઉંચકી જઈને શું કરે છે ? તેણે ગીત ગાયને સમડીને કહ્યું : –

" હુમડે ... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ..."

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

હકીકતમાં સમડી તો પંખીના વેશમાં માણસ જ હતી ! તેથી તે માણસની બોલી તો સમજવાની જ ! તેણે જવાબમાં કહ્યું :

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ..."

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું.)

પોહનો ગોફણ લેવા માટે દોડતો તેની પાસે ગયો પણ એટલામાં તો તે ત્યાંથી ઉડીને દૂર..બીજા ઝાડ પર બેસી ગઈ.પોહનો પણ તેની પાછળ દોડતો દોડતો ગયો.ત્યાં જઈને પાછો તે ગોફણ માગે છે :

" હુમડે ... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ..."

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

સમડી પાછો એ જ જવાબ આપે છે :

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ..."

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું )

આમ કહીને તેણે પોહનાને નજીક બોલાવ્યો.પોહનો તેની પાસે ગયો તો પાછી ઉડીને દૂર.. બીજા ઝાડ પર બેસી ગઈ.

હવે સમડી તો થાક્યા વિના ઉડતી ઉડતી એક પછી એક ડુંગરો વટાવતી જાય છે,પણ પોહનો તો ડુંગરો ચડીને થાકી જાય છે.આમ છતા તે ડુંગર ચડીને તેની પાસે જાય છે અને પાછો કહે છે :

" હુમડે ... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ..."

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

સમડી તેને કહે છે :

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ..."

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું )

આમ કહીને તે પોહનાને પોતાની પાસે બોલાવે છે,અને પોહનો નજીક આવે કે પાછી ઉડીને દૂર.. જઈને બીજા ઝાડ પર જઈને બેસે છે.પોહનો ફરી પાછો તેની પાછળ પાછળ દોડતો જાય છે અને કહે છે :

" હુમડે ... હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ..."

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

સમડી કહે છે :

" ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ..."

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું )

પોહનો તેની નજીક જાય છે એટલે તે પાછી ઉડીને બીજા ઝાડ પર જતી રહે છે.આ રીતે તે પોહનાને દૂર ને દૂર લેતી જાય છે.

હવે સાંજ થવા આવી હતી છતાં પોહનો ઘરે ન આવ્યો એટલે પેલા પરિવારજનોના મનમાં ગભરામણ થવા લાગી.એક તો પારકો છોકરો ! કંઈ થઈ ગયું તો ? એવી બીકે તે પોહનાને જોવા ખેતરે આવ્યા. આવીને જુએ છે તો પોહનો ખેતરે પણ નહોતો ! ' ક્યાં ગયો ? ક્યાં ગયો ? આમ કરીને તેઓ આમતેમ શોધે છે,પણ પોહનો દેખાતો નથી. બીજીબાજુ સમડી તેને ચાર પર્વતો ઓળંગાવીને પાંચમાં પર્વત પર લઈ જાય છે.પાછો તે સમડી પાસે ગોફણ માગણી કરે છે : –

“ હુમડે … હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ…”

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

સમડી તેને કહે છે :

“ ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ…”

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું )

આમ કહીને તે પાછી ઉડી ગઈ અને છઠ્ઠા ડુંગર પર જઈને બેઠી.પોહનો પણ તેની પાછળ પાછળ જાય છે અને કહે છે : –

“ હુમડે … હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ…”

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

સમડી તેને કહે છે :

“ ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ…”

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું )

પોહનો તેની પાસે ગોફણ લેવા જાય છે પણ તે તો ત્યાંથી ઉડી જાય છે.આમ,આજે અહીં તો કાલે ત્યાં એમ કરતા કરતા સમડી તેને સાતમાં ડુંગર સુધી લઈ ગઈ.આટઆટલું ચાલીને પોહનો ખૂબ થાકી ગયો હતો,છતા તે સમડી પાછળ પાછળ જાય છે અને ગોફણ માગતા કહે છે : –

“ હુમડે … હુમડે મારે ગોફણીદોરો નાવ યે,હુમડે મારે ગોફણીદોરો નાવ…”

( સમડી.. ઓ સમડી તું મારી ગોફણ લાવ,તું મારી ગોફણ લાવ.. )

સમડી તેને કહે છે :

“ ઓરો ઓરો આવ રા પોહના તુને ગોફણીદોરો આપરા,

પોહના તુને ગોફણીદોરો આપ…”

( પોહના તું મારી નજીક આવ,હજી થોડો નજીક આવ;હું તને ગોફણ આપું છું )

આમ,સમડીએ પાછો તેને ગોફણ લેવા પોતાની પાસે બોલાવ્યો. બીજીબાજુ હવે જમીનની હદ પૂરી થઈ ચૂકી હતી અને દરિયો શરૂ થતો હતો.એટલે પોહનો તેની પાસે ગોફણ લેવા આવ્યો કે તરત જ તેણે પોતાની જાદુઈ તાકાતથી તેને માખ બનાવી દીધો,ને પછી ચાંચમાં લઈને ઉડી ગઈ.

તે પોહનાને દરિયાની પેલે પાર પોતાના ' સમડી દેશ' માં લઈ ગઈ.ત્યાં જઈને તે એક સ્ત્રી બની ગઈ ! તેણે પોહનાને પણ માખમાંથી પાછો અસલ રૂપમાં લાવી દીધો ! એ સમડી દેશમાં એકલી સ્ત્રીઓ જ રહેતી હતી.અહીં પુરૂષજાતનું કોઈ નામોનિશાન નહોતું ! એટલે,આપણા દેશમાં કોઈ પુરૂષ આવ્યો છે ! – એવી ખબર પડતાની સાથે જ તેઓ ‘વછેરો આવ્યો છે ’ ‘વછેરો આવ્યો છે ’ એમ કરીને તેને જોવા માટે ટોળે વળી ગઈ.એમાંથી પાંચ છ સ્ત્રીઓએ પૈસા આપીને તેને ખરીદી લીધો.

તેઓ રાત પડે એટલે પોહનાને હળમાં જોતરતી,ને એક ગોદો મારે તેનો એક બોલ આપતી.એક રાત દરમિયાન જેટલા ચાસ ખેડાવવામાં આવતા એટલા ગોદા તેને મારવામાં આવતા.આખી રાતમાં આવા તો કેટલાયે ચાસ તેને ખેડાવાતા હશે ! એટલા ગોદા તેને મારવામાં આવતા,ને એટલા બોલ તેને આપવામાં આવતા ! પણ દિવસ થતાની સાથે જ તેઓ પોહનાની ખૂબ સેવાચાકરી કરતી,તેને ખૂબ સારું સારું બનાવીને ખવડાવતી – પીવડાવતી ને પથારીમાં સૂવડાવતી.પરંતુ રાત પડે એટલે પાછો તેને હળમાં જોતરતી ! ને ફરી એક ગોદાનો એક,ને બે ગોદાના બે બોલ;આમ પેક પછી એક બોલ તેને આપતી.

ધીરેધીરે એમણે પોહનાને બદા બોલ આપી દીધા.પરંતુ માખી બનવાના બોલ ન આપ્યા ! એક કહે કે ‘હું રાખું’ બીજી કહે કે ‘હું રાખું’ ,‘હું એને ગમે તે રીતે ખરીદી લઈશ !’ તેમની વચ્ચે પોહના માટે આવી ખેંચતાણ થવા લાગી.વળી ‘જો આપણે પોહનાને માખી બનવાના બોલ આપી દઈશું તો એ ગમે ત્યારે અહીંથી માખી બનીને જતો રહેશે !’ આમ વિચારી તેમણે પોહનાને માખી બનવાના બોલ ન આપ્યા.

સમડી દેશના દરિયા કિનારે એક મોટું પક્ષી વીયાયું હતું.તેના ગોળની ભેલી જેવડા મોટા મોટા ઈંડા હતા,આવા નવ ઈંડા તેણે માળામાં મૂક્યા હતા.પોહનો રોજ સવારે કુદરતી હાજતે જતો ત્યારે આ પક્ષીને માળામાંથી ઉડતા જોતો.તે પક્ષી જેવું ઉડાન ભરતું એવું સીધું દરિયાની પેલે પાર જઈને નીચે પડતું,ને માછલા વગેરે ખાય લઈને સાંજ થતા સુધીમાં પાછું આવતું.

હવે,પોહનાએ તો જે કંઈ શીખવું હતું તે શીખી લીધું હતું.એટલે એક દિવસે તેણે વિચાર કર્યો કે ‘આ પક્ષી રોજ દરિયાની પેલે પાર જતું રહે છે.એટલે આવતીકાલે મારે એના માળામાં જઈને ઈંડાઓ વચ્ચે સંતાઈ જવું પડશે.’ કેમકે આવડા મોટા ઈંડાઓ વચ્ચે જગ્યા તો રહેવાની જ.

બીજા દિવસે તેણે દવાની પોટલી લઈ લીધી અને માળામાં આવીને ઈંડાઓ વચ્ચે ભરાય ગયો.સાંજ પડવા આવી એટલે પક્ષી આવ્યું.તે આવીને માળામાં બેઠું કે તરત જ પોહનાએ તેનો એક પગ પકડી લીધો.તેણે બેઠા બેઠા આખી રાત પસાર કરી નાખી પણ પક્ષીનો પગ ન છોડયો !

સવાર થતાની સાથે જ તે પક્ષી ઉડયું.આટલા મોટા પક્ષીને એક માણસનો ભાર શું લાગવાનો ! તેને તો ખબરેય ના પડી કે કોઈ મારો પગ પકડીને લટકેલું છે ! તે તો જોતજોતામાં દરિયાની પેલે પાર પહોંચી ગયું.તે માછલા શોધતું શોધતું નીચે ઉતર્યું એટલે તેણે પગ છોડી દીધા.શિકારની શોધમાં પક્ષી તો આગળ જોતું જોતું ચાલ્યું ગયું એટલે પોહનો તેની નજર ચૂકાવીને ત્યાંથી આવતો રહ્યો.

હવે તે કોઈ બીજા જ ગામમાં જઈ ચડયો.ત્યાં ફરી પાછો તે એક ઘરે નોકર તરીકે રહ્યો. અહીં તે પહેલા કરતા પણ વધારે કામ કરતો.એ ઘર માલિકની એક ની એક દીકરી હતી.પોહનો દિવસભર ખૂબ જ મહેનત કરતો – આ જોઈને પતિ પત્ની એક દિવસ વાત કરે છે કે,‘ આના જેવો જમાય આપણને બીજે કશે મળશે નહિં.આટલું કામ તો બીજુ કોઈ ના કરે ! હવે એ કયાંથી આવ્યો છે એ તો કોને ખબર ? એટલે કાગળ પર લખાણ કરાવવા જેવું તો કઈ રહેતુ નથી.તો આવતીકાલે આપણે ગામના બે – પાંચ વડીલોને બોલાવીને સમજૂતી કરાવી લઈએ,અને બંનેની સગાઈ કરી નાખીએ.’

બીજા દિવસે ગામના વડીલોની હાજરીમાં તેમની દીકરી સાથે પોહનાની સગાઈ થઈ ગઈ.પોહનો રોજેરોજ ખૂબ કામ કરતો.તેણે જે ખેતી પડતર હતી તે પણ હળથી ખેડીને સુધારી નાખી અને પાક પકવવા લાગ્યો. તે ખૂબ પાક પકવતો.તે સવારે ચાર વાગ્યાનો ઊઠી જતો અને બળદો છોડીને ડુંગરોમાં ચરાવવા લઈ જતો,ને છ વાગ્યા સુધીમાં તો બળદોને ચરાવી લઈને પાછો ઘરે આવી જતો.ઘરે આવીને તરત જ તે હળ જોડી લઈને ખેતરે જતો રહેતો.પછી બપોર થવા આવે એટલે તેની ઘરવાળી બપોરિયું લઈને ખેતરે જતી.

તે રોજ ચાર વાગ્યાનો ઉઠીને ડુંગરોમાં બળદો ચરાવવા જતો.એટલે એક દિવસે એ ગામની સાત ડાકણો ' એ રોજનો ડુંગરોમાં જાય છે આજે આપણે એને જીવતો ની જવા દઈએ ' એમ કરીને તે આવે એ પહેલાં ડુંગરમાં બટેર પક્ષી બનીને છૂપાઈ ગઈ.તે રોજની જેમ એ દિવસે પણ ચાર વાગ્યાનો બળદ છોડી લઈને ડુંગરોમાં ગયો.તે બળદોને લઈને ઝાડીઓની અંદર ગયો કે તરત પેલા બટેર પક્ષીઓ ફુરરર... કરીને તેના ઉપરથી ઉડયા.એ પક્ષીઓ તેની ઉપરથી પસાર થયા કે તરત જ તેને તાવ આવી ગયો.એવી હાલતમાં પણ તે બળદોને ચરાવી તો લાવ્યો જ !

ઘરે આવીને તેણે પત્નીને કહ્યું : આજે મને સારું નથી લાગતું.મને તાવ આવી ગયો છે.કદાચ જો હું મરી જાઉં તો પેલી ભીંત સાથે જે દવાની પોટલી લટકાવેલી છે તે મારા માથા પાસે ( ઠાઠડીમાં ) મૂકી દેવી.

બે દિવસ પછી તે મરણ પામી ગયો.સગા સબંધીઓ મડદાને ઠાઠડીમાં લઈને સ્મશાને જતા રહ્યા.પછી અચાનક તેની પત્નીને યાદ આવ્યું કે,મરનારે મને પોટલી મૂકવા કહી હતી એ તો આમ જ રહી ગઈ ! હવે શું કરવું ? બીજીબાજુ મડદાને હેલ પર મૂકી દેવામાં આવ્યું હતું.તેણે પોટલીને ભીંત સાથે ભેરવી હતી ત્યાંથી નીચે ઉતારી,ને પછી હાથમાં દાતરડી અને સોટી લઈને સ્મશાન તરફ દોટ મૂકી.તેની પાછળ ગામની બીજી એક સ્ત્રી પણ દોડી.બંને દોડતી દોડતી સ્મશાને ગઈ.બસ હવે ચિતાને આગ મૂકવાની જ વાર હતી.એટલામાં તે દોડતી ચિતા પર ચડી ગઈ.તેણે મડદાના માથા પાસે પોટલી મૂકી દીધી.પછી બે ભાઈઓ તેમને ઘર સુધી મૂકી ગયા.થોડીવારમાં શબને સળગાવી દીધું.પણ આ બધી વિધિઓ પુરી કરતા મોડું થઈ ગયું હતું એટલે રાખને ધોવાનું રહી ગયું.

રાત પડી એટલે સાતે ડાકણો સ્મશાને ગઈ.તેમણે શરીર પરથી બધા કપડા ઉતારી નાખ્યા.તેમણે એક ખાટલો બનાવ્યો અને પછી મડદાની પાસળી શોધવા લાગી.કેમકે જો પાસળી મળે તો જ એ મરનારને ફરીથી જીવતો કરી શકાય.પણ તેમને પાંસળી મળતી નથી! ને એ પાસળી મળે પણ ક્યાંથી ? મરનાર તો દેડકો બની ગયો છે ! તે ધીમેથી કૂદતો જાય છે અને ગોળગોળ ફરીને જગ્યા બાંધતો જાય છે.આ રીતે તે સાત ફેરા ફર્યો અને આખા સ્મશાનને બાંધી દીધું.પછી તે બાર વાગ્યે ઘરે આવતો રહ્યો.

ઘરે આવીને તેણે પત્નીને બૂમ પાડી : મુન્નાની બા ! આ બાજુ આવ ને !

અરે આ તો મરનારનો જ અવાજ લાગે છે ! પત્નીને આશ્ચર્ય થયું.

તે બીજી એક સ્ત્રીને લઈને બહાર આવી.તેમણે આવીને જોયું તો તે મરનાર જ હતો.તેના કપડા સળગાવી દેવામાં આવ્યા હોવાથી એ નગ્ન હાલતમાં જ હતો.

કોઈ જૂના ફાટેલા કપડા હોય તો મને આપી જા,હું પહેરી લઉં – મરનારે કહ્યું.

પત્નીએ તેને કપડા લાવી આપ્યા.તેણે કપડા પહેરી લીધા અને ગામના પુરૂષો બેઠા હતા ત્યાં આવીને બેસી ગયો.પરંતુ એ સમયે કોઈનું તેના તરફ ધ્યાન ન ગયું.

સવાર થઈ એટલે તેણે કુટુંબીજનોને કહ્યું : જાવ વેઈઠ્ઠાને બોલાવી લાવો.

થોડીવારમાં વેઈઠ્ઠો આવ્યો.તેણે વેઇઠ્ઠાને કહ્યું : આખા ગામમાં ખબર કરી દે કે,આજે આપણે બધાએ સ્મશાને જવાનું છે.

વેઇઠ્ઠાએ આખા ગામમાં બૂમ પાડીને જાહેર કરી દીધું કે – આપણા ગામમાં બે દિવસ આગળ જે ભાઈ મરી ગયા હતા તે પાછા જીવતા થઈને આવી ગયા છે.આપણે તેની સાથે સ્મશાને જવાનું છે.

આ સાંભળીને બધા ખૂબ ખુશ થઈ ગયા,કેમેકે મરનાર પાછો જીવીત થઈને આવ્યો હતો ! ‘ એને તો સળગાવી દીધો હતો તોપણ એ પાછો જીવતો થઈને આવ્યો છે’ આમ કરીને આખું ગામ સ્મશાને જવા માટે તૈયાર થઈ ગયું.

તેની સાથે આખું ગામ સ્મશાને આવ્યું.હવે એ સાત ડાકણો પણ ગામની જ હતી એટલે તેમના ઘરવાળા તેમને જોઈને શરમથી નીચું માથું કરીને પાછા જતા રહ્યા.

ગામલોકો એ સાતે ડાકણોને નગ્ન હાલતમાં આખા ગામમાં ફેરવી,ને પછી આમ જ રખડતી છોડી મૂકી.તે દિવસથી આખુ ગામ સુખી થઈ ગયું ! તે દિવસથી કોઈ કૂતરા કે મરઘાને પણ ન ખાતુ ( મેલી વિદ્યાથી એનો જીવ ન જતો ) કે ન કોઈને તાવ આવતો.

## ૧૫. પોહનો ગોવાળ

એક ડોસો ને ડોસી હતા.તેમનો એક દીકરો હતો.તેનું નામ હતું પોહનો.દિવસો પર દિવસો જતા ડોસી મરી ગઈ.એટલે બાપ – દીકરો બે જ રહ્યા.તેઓ બંને વિચાર કરે છે કે,હવે આપણે શું કરવું ?! બાપાએ દિકરાને કહ્યું કે,દીકરા  તું રોજ ઢોર ચારવવા જતો રહીશ અને હું ઘરે એકલો જ રહીશ,ને ઉપરથી પાછું આપણે ખેતરનું કામ પણ સંભાળવાનું રહેશે ! પોહનાએ બાપાને કહ્યું કે,બાપા તમે બીજી ઘરવાળી શોધી લાવો.બાપાએ કહ્યું કે,તારી વાત સાચી છે.આમ પણ આપણને રસોઈ બનાવી ખાવાની તકલીફ પડે છે.વળી તારે પણ રોજના ઢોર ચરાવવા જતા રહેવાનું ! એટલે હું ઘરવાળી શોધી લાવું આમ કહી ડોસા પત્ની શોધવા માટે નીકળી પડયા.

રસ્તામાં તેમને એક ડોસી મળ્યા.તે ડોસાને પૂછયું કે, ક્યાં  જાવ છો ? ડોસાએ કહ્યું,મારી ઘરવાળી હતી પણ તે અવસાન પામી ગઈ એટલે અમારું જોડું તૂટી ગયું છે.તેથી હું મારા માટે બીજી ઘરવાળી શોધવા નીકળ્યો છું – રોટલા શેકી ખવાડનારી.ડોસીએ કહ્યું કે મને બોલાવી જાવ તો હું પણ આવું જ ને ! ડોસાએ કહ્યું કે,ના ચાલશે.જરા દૂરની હોય તો સારું .તો તમે પણ જાવ અહીંથી – ડોસીએ પણ સીધું પરખાવી દીધું.પછી ડોસા ચાલતા ચાલતા આગળ ગયા.તેઓ જંગલમાં થઈને જતા હતા એવામાં  તે જ ડોસી પાછી તેમને આગળ ફરી વળી.પાછી તે ડોસાને પૂછવા લાગી કે,ક્યાં જાવ છો ? ડોસાએ કહ્યું કે,ઘરવાળી શોધવા જાઉં છું.ડોસીએ કહ્યું,તો હું પણ નવરી જ છું ને ! મારો પણ ઘરવાળો નથી.બસ મારો એકનો એક દીકરો છે.એટલે ડોસાએ પણ ' ચાલ તો તૈયાર થઈ જા ' એમ કહી દીધું.

પછી તે ડોસી છોકરાને લઈને ડોસા સાથે આવતી રહી.હવે તેઓ ચાર જણ થઈ ગયા હતા.પોહનો તો ઢોર ચરાવવા જતો એટલે તે સાંજે જ આવતો.એક દિવસ ડોસી ડોસાને કહે છે કે,તમારે તમારા છોકરાને સારૂ સારૂ  ખવડાવાનું નહિં. પરંતુ ડોસાનું મન તો એવું હતું કે ' જેવો હોય તેવો પણ છે તો મારો દીકરો ને ! એને તો મારાથી કેમ કરીને છેતરી ખવાય ! ' પણ ડોસીએ તેમને ચોખ્ખું સંભળાવી દીધું કે,જો તમે તેને સારૂ સારૂ ખવડાવશો તો હું અહીંથી જતી રહીશ.એટલે ડોસાએ વિચાર્યું કે,વાત પણ સાચી છે.એ જતી રહેશે તો મને બીજી પત્ની મળશે નહી.

પોહનો તો રોજ ધણ ચરાવવા જતો રહેતો.એ ધણમાં સો ગાય – ભેંસ અને એક પાડો હતો.આટલું મોટું ધણ તે ચરાવતો.સવારમાં તેને રસોઈ બનાવી આપવી પડતી. એટલે ડોસી તેને શાક ને ખૂસકીના રોટલા શેકીને ગાસડીમાં બાંધી આપતી.પોહનો બપોર સુધી ઢોર ચરાવતો અને પછી ખાડીએ આવીને મોટા ઝાડ નીચે ધણને બેસાડી દેતો. પછી તે ખાવા સારૂ ગાસડી છોડતો.પરંતુ ખૂસકીના રોટલા તો કેમ કરીને ખવાય ? એટલે તે બધું પાણીમાં ફેકી દેતો અને રડવા લાગતો.એક દિવસ તેને આમ રડતો જોઈને પાડો પૂછે છે કે,પોહના તું શું કામ રડે છે ? પોહનાએ રડતા જઈને કહ્યું કે,શું કરું ? મારી જીજી મને ખૂસકીનો રોટલા અને શાક રાંધી આપે છે.તો હું એ કઈ રીતે ખાઉં ?પાડાએ કહ્યું કે તું હવે એ બધું રહેવા દે અને ગભરાઈશ નહી.હવે પછી તું જ્યારે બપોરે ધણ ગોઠવીશ ત્યારે મારું જમણું શીગડું મરડજે તો એમાંથી ભૂખ્યા લાડું નીકળશે,અને ડાબું શિંગડું મરડીશ તો તેમાંથી તરસ્યા લાડું નીકળશે.ભૂખ્યા લાડું તારી ભૂખ ભાંગશે અને તરસ્યા લાડું તરસ લગાડશે.એ લાડું તારે ખાઈ લેવાના.તારી જીજી તને જે કઈ રાંધી આપે તે તારે લઈ તો આવવાનું જ,પણ પછી અહી આવીને ફેંકી દેવાનું.

જીજી તો રોજના કૂસકાના રોટલા રાંધી આપતી પણ પોહનો તે બધું પાણીમાં નાખી દેતો,અને પછી પાડા પાસે જઈને તેના શિંગડા મરડીને લાડવા કાઢીને ખાય લેતો.આ લાડું ખાયને પોહનો તો થોડા દિવસોમાં એકદમ મદમસ્ત બની ગયો.તેને જોઈને ડોસી ડોસાને કહે છે કે,આપણે તો એને શાક ને ખૂસકાના રોટલા જ ખવડાવીએ છીએ તોપણ એ આટલો જાડો કેમ બની ગયો.આ તો ઉપરવાળાની મહેરબાની કહેવાય.એમાં હું શું જાણું ? ડોસાએ કહ્યું.પછી જીજીએ તેના છોકરાને કહ્યું કે,દીકરા તું આજે પોહના સાથે ઢોર ચરાવવા જા અને તે શું ખાય છે તે તું જોતો રહેજે.

છોકરો પોહના સાથે ઢોર ચરાવવા માટે ગયો.પોહનાએ તો તેના રોજિંદા ક્રમ મુજબ ધણ ચરાવી લાવીને ખાડીએ છાંયડામાં બેસાડી દીધું,અને પાડાના શિંગડા મરડીને લાડવા લઈ આવ્યો. છોકરો આ બધું જોયા કરતો હતો.તેમણે તરસ્યા અને ભૂખ્યા એમ બંને પ્રકારના લાડું અડદા અડધા ભાગે વહેંચી લીધા.છોકરાએ તે લાડું ખાધા અને એક લાડું ગજવામાં મૂકી લીધો.બીજી બાજુ પોહનો તો બધા જ લાડું ખાય ગયો.

સાંજે બંને ધણ લઈને ઘરે આવ્યા,પણ છોકરો તેની બાને લાડુંની વાત કરવાનું ભૂલી ગયો.બીજા દિવસે તે કપડા ધોબીને ધોવા માટે આપી દીધા.ધોબી કપડા ધોવા લઈ

ગયો.કપડા ધોતી વેળા તેમાંથી લાડું નીકળ્યો.ધોબીએ લાડું લઈ લીધો અને ઘરે આવીને છોકરાને ખાવા માટે આપ્યો.તેણે લાડું ખાધો એટલે તે એવા ને એવા લાડું માગવા લાગ્યો.પછી ડોસી કપડા લેવા માટે આવ્યા એટલે ધોબીએ તેમને કહ્યું કે,દાદી તમારા છોકરાના ખીસ્સામાંથી લાડું નીકળ્યો હતો.તે લાડું મેં મારા છોકરાને ખાવા આપ્યો હતો.તો તે હવે એવા જ લાડું ખાવા માગે છે.જો તમારા ઘરે બીજા લાડું હોય તો મને આપી જજો ને ! ડોસી તો વિચારમાં પડી ગયા – એ તો વળી કયા લાડું હશે !

તેમણે ઘરે આવીને છોકરાને પૂછયું કે,દીકરા તું પોહના સાથે ગયો હતો ત્યારે તેં કઈ ખાધું હતું કે ? છોકરાએ કહ્યું,હાં બા ! પોહનાભાઈ બપોરે ઢોર બેસાડયા હતા તેમની વચ્ચે જઈને પાડાના શિંગડામાંથી લાડું કાઢી લાવ્યા હતા.હું તમને બતાવવા માટે એક લાડું લઈ આવ્યો હતો પણ પછી ભૂલી ગયો.આ સાંભળીને ડોસીને પોહના પર ઘણી બધી ખીજ ચઢી.તેમણે જઈને ડોસાને કહી દીધું કે,હવે તો તમે તમારા છોકરાને કાઢી મૂકો કાં તો પછી મારી નાખો.તો જ હું આ ઘરમાં રહીશ,નહિં તો નહિં રહું.ડોસીએ આમ કહ્યું એટલે ડોસાએ પણ તેમની વાત માની લીધી અને કહ્યું કે,કઈની હું આવતીકાલે મારા દીકરાને મારી નાખીશ.

પોહનાને આ વાતની ખબર પડી ગઈ હતી કે,આવતીકાલે બાપા મને મારી નાખવાના છે.તેથી સવારે તે ઢોર છોડતા છોડતા રડતો હતો.તેને આ રીતે રડતો જોઈને પાડાએ પૂછયું કે,પોહના તું શા માટે રડે છે ? તેણે રડતા જઈને કહ્યું કે,આજે મને બાપા મારી નાખવાના છે.મારા પછી તમને કોણ ચરાવશે.! પાડાએ કહ્યું કે,તારે કોઈ પણ જાતની ચિંતા કરવાની જરૂર નથી.તું સોએ સો ઢોર પહેલા છોડી દે અને મને છેલ્લે છોડજે, મને છોડયો એટલે તરત તું મારી પૂછડી સાથે વળગી જજે.પછી તો તારો બાપો તને શું મારી જાણે ! એટલે પોહનાએ સોએ સો ઢોરને પહેલા છોડી દીધા અને છેલ્લે પાડાને છોડીને તેના પૂછડા સાથે વળગી ગયો.બીજીબાજુ ડોસા તો કુહાડી લઈને છુપાઈ રહ્યા હતા.પણ નજીક આવતાની સાથે જ પાડો કૂદયો અને લાત મારીને ડોસાને દૂર ફેકી દીધા,ને પછી પાડો બધા ઢોરોને લઈને ત્યાંથી ભાગી ગયો.

તેઓ ફરતા ફરતા એક જંગલમાં જઈ પહોંચ્યા, કેમકે હવે તો તેઓ ઘરે પાછા આવવાના જ નહોતા.હવે તો જંગલમાં જ રહેવાનું,ત્યાં જ ખાવાનું અને પીવાનું.પોહનો વડના ઝાડ પર માચડો પાડીને રહેવા લાગ્યો. તે ગાયોને દોહીને દૂધ પી લેતો ને પછી વધેલું

દૂધ વડના થડમાં નાગનો રાફડો હતો તેમાં રેડી દેતો.એ રાફડામાં નાગણ વીયાય હતી એટલે તેના બચ્ચા એ દૂધ પી જતા.આ રીતે નાગણના બચ્ચા મોટા થતા જતા હતા.

સવાર થાય એટલે પોહનો ધણને ચરવા જવા માટે વાસળી વગાડીને ગીતને વહેતું મૂકતો..

" કાબરી ગાય ચરવા જજે ટુરીહીલી ટુય,

રાતી ગાય ચરવા જજે ટુરીહીલી ટુય,."

આવી રીતે વાસળી વગાડે એટલે પાડો બધા ઢોરોને લઈને ચરવા જતો રહેતો.બધા ઢોર આગળ ચાલે ને પાડો પાછળ ચાલે.બધા ઢોર ચરીને ધરાઈ જાય એટલે પાછો તે માચડા પર રહીને વાસળી વગાડતો...

" કાબરી ગાય પાછી વળજે ટુરીહીલી ટુય,

રાતી ગાય પાછી વળજે ટુરીહીલી ટુય,."

એટલે પાડો બધા ઢોરને હાંકી લઈને આવતો રહેતો.આવીને તે પોતપોતાની જગ્યાએ બંધાઈ જતા.પોહનો સાંજે દૂધ દોહીને પી લેતો અને પછી ઊંઘી જતો.આમ દરરોજ તે વાસળી વગાડીને ધણને ચરવા મોકલે એટલે પાડો બધાને ચરવા લઈને જતો રહેતો.સાંજ પડે એટલે ફરી તે વાસળી વગાડે એટલે પાડો બધા ઢોર લઈને આવતો રહેતો.પછી તે દૂધ દોહીને પી લેતો અને બાકી બચેલું દૂધ પેલા રાફડામાં રેડી દઈને ઊંઘી જતો.

એક દિવસે નાગણ પોતાના બચ્ચાઓને કહે છે કે,તમને આ માણસે ઘણી સેવા કરી છે.તેણે દૂધ પીવડાવી પીવડાવીને તમને મોટા કર્યાં છે,એટલે તમે જાવ અને તેના માથામાં થૂકી આવો.નાગણે આમ કહ્યું એટલે એક બચ્ચું પોહના પાસે ગયું અને માથામાં થૂંકી આવ્યું.તેના લીધે પોહનાના બધા વાળ સોનાના બની ગયા.

હવે એક દિવસે એવું બન્યું કે,બપોરે બધા ઢોર બેસાડી દીધા પછી પોહનો નાહવા માટે ખાડીએ ગયો.તેણે વાળ ધોયા ને પછી હોળ્યા એટલે તેનો એક સોનાનો વાળ તૂટી ગયો.આ જોઈ તેને એવો વિચાર આવ્યો કે,આ એક ખોટું કામ થયું.આ તો મારો લાખો રૂપિયાનો એક વાળ છે.તેને જો હું આમ જ ધરતી પર નાખી દઈશ તો તેને કીડી મંકોડા

ખાઈ જશે,અને જો પાણીમાં આમ જ વહેતો મૂકી દઈશ તો ખબર નહિં ક્યાં જતો રહેશે.આમ વિચારી તેણે બે પડીકા બનાવ્યા.એક પડીકામાં થૂંકી દીધું અને બીજા પડીકામાં સોનાનો વાળ મૂકી દીધો અને પછી આગળ થૂંકનું પડીકું અને પાછળ સોનાના વાળનું પડીકાને વહેતા મૂકી દીધા.

હવે ખાડીના નીચેના ભાગમાં વજીર અને રાજાની છોકરી ન્હાતી હતી. આ પડીકા આવતા જોઈને વજીરની છોકરીએ કહ્યું કે,બહેન પેલું શું આવે છે ? એ તો પડીકા છે,ચાલ આપણે એક એક પડીકું લઈ લઈએ – રાજાની છોકરીએ કહ્યું.એટલે વજીરની છોકરી કહ્યું કે,મારું આગળની પડીકું.તો મારું પાછળનું – રાજકુમારીએ કહ્યું.આ રીતે તેમણે બંને પડીકા વહેચી લીધા,ને પછી ખોલીને જોયું તો વજીરની છોકરીના પડીકામાં થૂંક અને રાજાની છોકરીના પડીકામાંથી સોનાનો વાળ નીકળ્યો.આ વાળને જોઈને રાજકુમારીએ એવું નક્કી કરી લીધું કે,મને આવા વાળવાળો પતિ મળશે તો જ હું પરણીશ નહિં તો પછી કુંવારી જ મરી જઈશ.

પછી તેઓ ઘરે ગઈ એટલે રાજકુમારી ઘોડાઓના તબેલામાં જઈને ઊંઘી ગઈ.પછી તો તે ન ખાવા કે ન પીવા,કોઈ રીતે તે ઊઠવા તૈયાર થતી નથી.રાજા પોતે  ઊઠાડે છે તોપણ તે'હું ઊઠવાની પણ નથી ને ખાવાની પણ નથી' એમ કહીને ઉઠતી નથી.રાજાએ તેને પૂછયું કે,તને શું દુઃખ છે તે મને કહે ! તોપણ તેણે કોઈ જવાબ ના આપ્યો.એટલે રાજાએ વજીરની છોકરીને પૂછયું કે,બેટા તમે ન્હાવા ગયા હતા ત્યાં કઈ થયું હતું ? તમે બંને લડાયા તો નથી ને ? તેણે કહ્યું કે,રાજા સાહેબ અમે લડાયા તો નથી પણ આ પ્રમાણે થયું છે.નદીના પાણીમાં બે પડીકા વહીને આવતા હતા.તેમાં મે આગળનું પડીકું લીધું તો તેમાં થૂંક નીકળ્યો.જ્યારે એણે પાછળનું પડીકું લીધું તેમાં સોનાનો વાળ નીકળ્યો.તો એણે એવું નક્કી કરી લીધું છે કે,આવા સોનાના વાળવાળો પતિ મળશે તો જ હું પરણીશ નહિં તો પછી કુંવારી જ મરી જઈશ.

હવે રાજાની એ એકની એક દીકરી હતી.તેથી રાજાને પણ ગભરામણ થઈ.તરત જ તેણે ઢંઢેરો પીટાવ્યો કે કાલે સભા ભરવામાં આવશે.એટલે આખા ગામના અને દેશ પરદેશના બધા માણસો આવી ગયા.પછી રાજાએ સભા ભરી.તેણે એવું જાહેર કર્યું કે, આવા સોનાના વાળવાળો છોકરો જે કોઈ શોધી લાવશે તેને હું મારું આખું રાજપાટ આપી દઈશ અને તાંબા પતરામાં આ માટેનો લેખ પણ લખી આપીશ.પરંતુ આવા સોનાના

વાળવાળો છોકરો મળે ક્યાંથી ? તેથી બધા ચૂપ બેસી રહ્યા. તેમાં એક વિધવા ડોસી હતી.તે ગામને પાદરે ઝૂપડું બાંધીને એકલી જ રહેતી હતી.તેણે રાજાને કહ્યું કે,આવા સોનાના વાળવાળા છોકરાને હું શોધી લાવીશ.રાજાએ તેને કહ્યું કે,જો તું એ છોકરાને શોધી લાવીશ તો હું તને મારું આખું રાજપાટ આપી દઈશ.

ડોસી વહેલી સવારે ઉઠીને છોકરાને શોધવા માટે નીકળી પડી. તેણે પોતાની સાથે એક કાંસકો અને એક શીશીમાં દિવેલ પણ લઈ લીધું હતું.તે ચાલતી ચાલતી ચારે દિશામાં ફરી વળી.પણ એ છોકરો ગામડામાં હોય તો મળે ને ! એ તો જંગલમાં રહેતો હતો ! એટલે સાંજે પાછી તે રાજા પાસે ગઈ અને કહ્યું કે,રાજા સાહેબ આજે તો એ છોકરો મને નથી મળ્યો.પણ કાલે સવારે હું પાછી તેને શોધવા જઈશ.

બીજા દિવસની વહેલી સવારે તે પાછી છોકરાને શોધવા નીકળી પડી.આજે તેણે જંગલની વાટ પકડી.એવામાં તેને મોટું ધણ પસાર થયું હોય તેવો રસ્તો દેખાયો,કેમકે પોહના પાસે તો ઘણાબધા ઢોર હતા.એટલે તે એ રસ્તે રસ્તે ચાલી ગઈ,ત્યાં તેણે એક મોટા વડ નીચે ઢોર બેઠેલા જોયા.ઢોર તો ઘણાબધા હતા ને ઉપરથી પાછા મારવા દોડે તેવા ! એટલે તે સંતાઈ ગઈ.થોડા સમય પછી પોહનાએ વાસળી વગાડી એટલે બધા ઢોર છૂટીને ચરવા માટે જતા રહ્યા,પછી તે પોહના પાસે ગઈ.ત્યાં જઈને તેણે હાય.. કરીને એક લાંબો નીસાસો નાખ્યો.એટલે પોહનાએ પૂછયું કે,આ તું શું કરે છે ? ડોસીએ કહ્યું કે,કઈની..બસ તારી દયા આવે છે. તમને મારા પર દયા આવે છે,શું કામ ? પોહનાએ નવાઈ પામીને પૂછયું.ડોસીએ દયામણા અવાજે કહ્યું કે,તું જંગલમાં એકલો રહે,તારા આટલા બધા ઢોર,.ને તારી ઘરવાળી પણ નથી તો તારા જૂ પણ કોણ મારે ! આમ કહીને તેણે ઉમેર્યું કે,તો ચાલ આજે હું તને જૂ મારી આપું.તું માચડા પરથી નીચે ઊતર. પોહનાએ કહ્યું કે,હું માચડા પરથી ઉતરવાનો નથી તમે જ ઉપર આવી જાવ.મારા ઢોર મારકણા છે જો એ આવી જશે તો તમને મારીમારીને કચડી નાખશે.એટલે ડોસી માચડા ઉપર ચઢી ગઈ. તેણે કાંસકાથી આમ તેમ વાળ હોળ્યા અને થોડા જૂ માર્યાં.પછી તેણે પોતાની પાસે જે સોનાનો વાળ હતો તે વાળ સાથે તેણે પોહનાના વાળની સરખામણી કરી જોઈ તો તેના એવા જ સોનાના વાળ હતા! એટલે તેણે થોડા જૂ મારી દીધા અને પછી 'હવે હું જાઉં છું,પોહના ' એમ કહીને જવા માટે તૈયાર થઈ ગઈ.પોહનાએ પણ ' જાવ ત્યારે ' એમ કહીને તેને મોકલી દીધી.

ડોસી ત્યાંથી ઘરે આવતી રહી.આવતાની સાથે જ  તેણે રાજાને ખબર કરી કે,મેં આવા જ સોનાના વાળવાળો છોકરો શોધી કાઢયો છે.પરંતુ એક મુશ્કેલી છે,તેના ઢોર ઘણાં મારકણા છે.તેની પાસે એકસોને એક ઢોર છે,ને તેમાં એક પાડો છે.એમની વચ્ચેથી હું તેને કેમ કરીને લઈ આવીશ ! રાજાએ કહ્યું કે,તમે એક ગાડું લઈ લો અને એક પેટીમાં રોટલા લઈ લો.આટલી વસ્તુ લઈને તમે બપોર પહેલા ત્યાં પહોંચી જજો.એટલે ડોસીએ ગાડું જોડી લીધું અને પછી પોહના પાસે ગઈ. તેણે પોહનાને કહ્યું કે,તેં કશું રાંધ્યું પણ ના હશે,એટલે આજે હું તારા માટે ખાવાનું બનાવી લાવી લાવી છું.જા પેલી પેટીમાં તારા માટે ખાવાનું પડયું છે તે કાઢી લેજે.એટલે પોહનો ખાવાનું કાડવા ગયો કે તરત જ ડોસીએ તેને ધક્કો મારીને પેટીમાં પૂરી દીધો,ને પછી તાળું મારી દીધું.તેણે ફટાફટ બળદ જોડી લીધા અને પોહનાને લઈને ભાગવા લાગી.પોહનાએ પેટીમાં રહીને વાસળી વગાડી..

" કાબરી ગાય પાછી વળજે ટુરહીલી ટુય,

રાતી  ગાય પાછી વળજે ટુરહીલી ટુય,.. "

વાસળીના સૂર સાંભળતા જ બધા ઢોર દોડતા આવી ગયા.તેમણે વડ પાસે આવીને જોયું  તો ત્યાં પોહનો નહોતો.એટલામાં તેમણે ગાડાના ચીલા પડેલા હતા તે જોયા એટલે બધા ઢોર એ દિશામાં દોડયા.તેમણે આખી પેટી ફોડી નાખી અને બળદ પણ મારી નાખ્યા.એકમાત્ર ડોસી જીવતી બચી ગઈ.ડોસી એકલી જ ઘરે પાછી આવી.રાજાએ તેને પૂછયું કે,કેમ છોકરાને ના લાવી ? ડોસીએ કહ્યું કે,હું તેને ના લાવી ની શકી કેમકે તેના ઢોર બો તાકતવર છે.ખબર નહિં તેણે પેટીમાં રહીને શું વગાડી દીધું કે ઢોર ચરતા હતા ત્યાંથી દોડી આવ્યા,અને આખા પટારાને મારી મારીને ફોડી નાખ્યો.તેમણે બળદોને પણ મારી નાખ્યા.હવે હું શું કરું ? તમે જ કહો.રાજાએ કહ્યું કે તમે આ બાબતે કોઈ કરશો નહિં.આવતીકાલે તમે લોખંડનું ગાડું અને લોખંડની જ પેટી લઈને જજો.તેથી ઢોર તેને ફાડી શકશે નહિં.

રાજાએ તેને આખું લોખંડનું ગાડું રાજાએ ઘડી અપાવ્યું.એ લોઢાનું ગાડું લઈને ડોસી પાછી પોહના પાસે આવી.તેણે પોહનાને ' આ બાજુ આવ ' એમ કહીને બોલાવ્યો.પોહનો તેની પાસે આવ્યો એટલે ફરી તેણે પેટીમાંથી ખાવાનું કાઢી લેવા કહ્યું.તે ખાવાનું લેવા ગયો

એટલે ડોસીએ પાછો તેને ધક્કો મારીને પેટીમાં પૂરી દીધો.તેણે તરત જ  પેટીને તાળું મારી દીધું અને પછી બળદોને બરાબર ભગાવ્યા.પોહનાએ પાછી વાસળી વગાડી..

" કાબરી ગાય પાછી વળજે ટુરહીલી ટુય,

રાતી ગાય પાછી વળજે ટુરહીલી ટુય .. "

વાસળી સાંભળીને પાછા બધા ઢોર ત્યાં દોડી આવ્યા. તે પેટી અને બળદોને મારવા લાગ્યા,પરંતું પેટી તો લોઢાની હતી તે કેમની તૂટે ! એટલે કોઈ ઢોરનો  પગ ભાંગી ગયો,કોઈનું માથું ફૂટી ગયું,તો કોઈનું કઈંક ! આ રીતે તેના બધા જ ઢોર મરી ગયા.ને પછી પોહનાને લઈને તે ડોસી આવતી રહી.આવીને તેણે પોહનાને રાજાને સોંપતા કહ્યું કે,લે આ તમારો જમાય ! ડોસીએ પોતાની શરત પૂરી કરી એટલે રાજાએ તેને અડધું રાજપાટ આપી દીધું.પછી તેઓ બધા મહેલમાં સાથે રહેવા લાગ્યા.

એક દિવસ રાજાને એવો વિચાર આવ્યો કે મારો જમાય હજું એવો કેવો ચતુંર છે ! ચાલ આજે જોવા દે.આમ વિચાર કરી તેણે પોહનાને કહ્યું કે,જમાય તમારા  તો બધા જ ઢોર મરી ગયા છે પણ મારા ઘોડા તો પાદરે ચારો ચરે છે.જો તારા ઢોર અહિં પહેલા આવી જાય તો તમે મને તલવારથી મારી નાખજો,ને જો મારા ઘોડા પહેલા આવી જાય તો હું તમને તલવારથી મારી નાખીશ – રાજાએ આવી શરત મૂકી.પોહનાએ કહ્યું ,મને શરત મંજૂર છે.આમ બંને વચ્ચે આવી શરત બંધાઈ ગઈ.

બંને તલવાર લઈને મહેલ આગળ ઊભા રહી ગયા.રાજાએ પોહનાને કહ્યું કે,જમાય પહેલા  તમે તમારા ઢોરોને બોલાવો.એટલે પોહનાએ વાસળી વગાડી...

" કાબરી ગાય પાછી વળજે ટુરહીલી ટુય,

રાતી ગાય પાછી વળજે ટુરહીલી ટુય.. "

અને વાસળીના સૂર રેલાતાની સાથે જ તેના ઢોર એક પછી એક સજીવન થવા લાગ્યા.કોઈનું માથું ફૂટી ગયું હતું તો તેનું માથું,કોઈનો પગ તૂટી ગયા હતા તો તેના પગ જોડાવા લાગ્યા.તો કોઈ પાંગળું થઈ ગયું હતું તો તે પણ ઊભું થઈ ગયું,ને આમ એક પછી એક બધામાં જીવ આવી ગયો.તેણે પાચ છ વાર આ રીતે વાસળી વગાડી.એટલામાં બધા જ

ઢોર જીવતા થઈ ગયા.પછી તેણે રાજાને કહ્યું કે,હવે તમે તમારા ઘોડાઓને બોલાવો.રાજાએ ઘોડાઓને સાદ કરતા કહ્યું કે ,.

કોદરી ખોડી કોરોચ.... કોદરી ખોડી કોરોચ..

તેના ઘોડા પાદરે ચરતા હતા.તેમણે જવાબમાં કહ્યું કે 'કાંદા નીકળશે ત્યારે જ,કાંદા કાડીશ ત્યારે જ '.ઘોડાઓએ આમ કહી દીધું પણ કાંદા નીકળે ક્યારે ! રાજા જ્યારે પણ બોલાવતા ત્યારે ઘોડાઓ આવું જ કહી દેતા.બીજી બાજું પોહનો તો જેમ વાસળી વગાડતો જાય તેમ તેમ તેના ઢોર સાજા થતા ગયા અને પછી બધા દોડીને આવવા લાગ્યા.તેઓ રાજાના દરવાજા પાસે આવીને ઊભા રહી ગયા. જ્યારે રાજા તો 'કોદરી ખોડો કોરુચ' એમ કહીને થાકી ગયા પણ તેમના ઘોડા ના આવ્યા,એ પણ પાછા જીવતા અને પાદરે જ ચરતા હતા તોપણ.આમ રાજાના ઘોડા પહેલા ન આવ્યા એટલે પોહનાએ તલવારથી રાજાને મારી નાખ્યો. તેના અંતિમ સંસ્કાર પણ કરી નાખ્યા.તે ત્યાં જ રહીને જીવન જીવવા લાગ્યો અને બીજી હવેલી પણ બનાવી.

એક દિવસ પોહનાના મનમાં એવો વિચાર આવ્યો કે,મારા બાપા જીવતા હશે કે કેમ ? એટલે તેણે પત્નીને કહ્યું કે,આપણે હવે મારા દેશમાં જવું પડશે.મારા બાપા ત્યાં એકલા જ છે.

## ૧૬. નાગ

એક રાજા હતો.તેને એક રાજકુમારી હતી.રાજકુમારીનો મહેલ અલગ અને રાજા રાણીનો મહેલ અલગ હતો.રાજકુમારી કુંવારી જ હતી.એક દિવસ રાજા અને રાણી જાત્રા જોવા માટે ગયા.એટલે એ જાત્રામાં એક જોગી નાગના હીરાઓનો હાર બનાવીને વેચ્યા કરતો હતો.તેની પાસેથી રાજા રાણી એક હાર લઈ આવ્યા.પછી ઘરે આવીને રાણી રાજાને કહે છેકે હવે આપણે તો ઘરડાં થઈ ગયા એટલે આ હાર મને ના શોભે.એટલે આ હાર આપણે આપણી દીકરીને આપી દઈએ.એટલે રાજાએ પોતાની સંમતિ આપતા કહ્યું કે તારી વાત સાચી છે.પછી તેમણે તે હાર રાજકુમારીને આપી દીધો.

હવે એ રાજકુમારીની ચોકી કરવા માટે રાજાએ સો પોલિસો મૂકી દીધા હતા.તેમાં એક પોલીસ આંધળો હતો ને બાકીના નવ્વાણું સાજા હતા.હવે આંધળો હોય એટલે તેને નીંદ તો ના આવે એટલે તે ઓછું ઊંઘતો.રાજાનો એવો હુકમ હતો કે મારી દીકરીના મહેલમાં જે કોઈ પુરૂષ જશે તેને હું ઘાણીએ લઈ જઈને હું તેનું તેલ કાઢી નાખીશ.તમે કોઈ રાતના ઊંઘવાનું નથી...હવે રાતના બાર વાગ્યા હતા.આંધળો તો જાગતો જ હતો પણ બાકીના નવ્વાણું સૂઈ ગયા હતા.એટલામાં હવેલીના સાતમે માળે સ્ત્રી ને પુરૂષ ગુસપુસ કરતા હોય એવો અવાજ સંભળાતો હતો.એટલે આંધળો વિચાર કરે છે કે રાજા તો તેલ કાઢી જ નાખવાનો છે, શું કરીએ ? રાજાને આ અંગેની જાણ કર્યા વગર કોઈ છૂટકો નથી.હવે બન્યું એવું હતું કે રાજકુમારી એ એ હીરાનો હાર પહેરી જોયો એટલે તે પુરૂષ બની ગયો.એટલે પછી રાજકુમારી ને તે પુરૂષ બંને વાતો કર્યા કરતા હતા.એટલે સુરદાસ કહે છે કે મારે રાજાને જાણ કરવી પડશે કે તમે બધા રાતના બાર વાગ્યા સુધીમાં સૂઈ જાઓ છો.ને પછી રાજકુમારી સાથે કોઈ પુરૂષ વાતો કરે છે.બીજા દિવસે સવારે આંધળો પોલીસ રાજાને કહેવા ગયો કે રાતના તમારી રાજકુમારી સાથે કોઈ પુરૂષ વાતો કરતો હતો.એટલે રાજા તેમને ઘાણી પાસે લઈ ગયો અને સો એ સો પોલીસોને પીસીને મારી નાખ્યા.બીજા દિવસે પાછા બીજા સો પોલીસોને પહેરો કરવા માટે મૂકી દીધા.એટલે તે રાતે ફરી રાજકુમારીએ હાર પહેરી લીધો એટલે તે પુરૂષ બની ગયો.ને પછી જમીબમી લઈને એય આરામથી વાતો કર્યા કરતા.એટલે ફરી તેમને આંભળો ઉઠાડે છે કે ઉઠો.. ઉઠો તમે શું કરો છો ? રાજકુમારી સાથે આજે પાછો કોઈ પુરૂષ વાતો કરે છે.આપણે રાજાની પાછી ખબર આપવી પડશે.એટલે તેમણે રાજાને જઈને કહ્યું કે રાજા લાહેબ આજે પણ તમારી રાજકુમારી કોઈ પુરૂષ વાતો

કરતો હતો.એટલે રાજાએ તેમને પણ ધાણી પાસે લઈ જઈને પીસીને મારી નાખ્યા.ને ત્રીજા દિવસે પાછા બીજા સો પોલીસો મૂકી દીધા.તે રાતે પણ આ જ રીતે બંને વાતો કરતા હતા.તે દિવસે રાણી રાજાને કહે છે કે તમે નો રોજેરોજ સો સૈનિકો મારી નાખશો તો એ રીતે તો આપણા બધા જ સૈનિકો પૂરા થઈ જશે.પછી બીજા સૈનિકો તમે ક્યાંથી લાવશો.એટલે આજે તમે આ સૈનિકોને મારવાનું માંડી વાળો ને આજથી રાતના ચોકી પહેરો મૂકવાનો પણ બંધ કરી દો.આજે રાતના હું એકલી જ રાજકુમારીના મહેલમાં જઈશ ને આ બધું શું છે તે જાણી આવીશ.એટલે રાતના બાર વાગ્યા એટલે રાણી ગઈ.હવે રાજકુમારીએ હાર પહેરી લીધો હતો એટલે તે પુરૂષ બની ગયો હતો.ને બંને જમી લઈને એય.. શાંતિથી વાતો કર્યાં કરતા હતા.હવે રાણીએ આ બધું બારણાના કાણામાંણી જોઈ લીધું ને પછી તેણે ટક..ટક કરીને બારણેં ઠોકુયું.એટલે રાજકુમારી ઝટપટ એ હાર ગળામાંથી કાઢી નાખ્યો ને એટલે તે પુરૂષ હારમાં સમાય ગયો.પછી તે હાર તેણે ખીંટીએ લટકાવી દીધો.રાણીએ ફરી બારણું ખખડાવ્યું.રાજકુમારીએ પૂછે છે કે કોણ છે ? હું છું દીકરા.રાણીએ જવાબ આપ્યો.મા કે ,તો આટલી રાતે કેમ આવી.તો જવા દે ને તારા ઘરડા પિતા સાથે ઊંઘ આવતી નથી.ને બીજા કોનઈ સાથે વાત કરે.એટલે આજે તારી બે ઘડી ગમ્મત કરવા માટે આવી છું.પછી રાજકુમારીએ બારણું ખોલ્યું ને પછી મા દિકરીએ થોડીવાર સુધી વાતો કરી.પછી રાણીએ કહ્યું કે દીકરા હવે હું જવાની છું,હવે ઊંઘ આવવા કરે છે.જાઓ તો પછી.એટલે રાણી મોટો પગરવ થાય એ માટે ધબ..ધબ.. કરતી પગથિયાં ઉતરી ગઈ,ને છાનીમાની પાછી ઉપર આવી,એટલામાં રાજકુમારીએ પાછો તે હાર પહેરી લીધો હતો ને બંને ખાટલામાં સૂઈ ગયા હતા.એટલે રાણીએ આ બધું જોઈ લીધું પણ તે કશું જ ના બોલી ને પછી રાજાને આવીને કહ્યું કે તમે આપણા સૈનિકોને નકામા મારી નાખ્યા.કઈ રીતે ? તો આપણે જાત્રામાંથી જે હાર લાવ્યા હતા તે પહેરી લે છે એટલે તે પુરૂષ બની જાય છે ને કાઢી નાખે એટલે તે પાછો હારમાં સમાય જાય છે.તો હવે આપણે શું કરીએ ? હવે આપણી જ દીકરી એટલે કઈ રીતે જાણી જોઈને માગવાનું મન ના થાય ને હાર આપણે જ આપ્યો છે તો હવે એ કઈ રીતે માગીએ.... કઈની આપણે એક જોગીને બોલાવીએ.જોગીને બોલાવીને તું શું કરીશ ? કઈની એ જોગીને હું એવું કહી દઈશ કે તું બરાબરના ખેલ કરજે,ને તારા ખેલ જોઈને મારી દીકરી માગ માગ જે માગે તે આપીશ.એવું કહે ત્યારે તારે તેના ગળામાનો હીરાનો હાર છે તે લાવ એવું કહી  માગી લેવાનો.આ રીતે રાજાએ જોગીને બરાબર શું કરવાનું છે તે બરાબર સમજાવી દીધું.

પછી તે જોગી રાજકુમારીના મહેલ આગળ જઈને બરાબરનો ખેલ કરી બતાવ્યો.એ જોઈને રાજકુમારી ખૂબ જ ખુશ થઈ ગઈ.ને તેના મોઢામાંથી નીકળી ગયું કે શાબાશ જોગી જે માગ માગ જે માગે તે આપું.એટલે જોગીએ કહ્યું કે ન આપે તો તો તને તારા પિતાના સમ.હા મંજૂર રાજકુમારીએ તટસ્થાથી જવાબ આપ્યો.એટલે જોગીએ પતાની માગણી કરતા કહ્યું કે મને તારા ગળામાં હીરાનો જે હાર છે તે આપી દે.આ સાંભળીને રાજકુમારીનો હૃદય એક ક્ષણ માટે ધબકારે ચૂકી ગયું.હવે એ હાર તો કઈ રીતે અપાય.તોયે થોડીવાં રાહ જો હું લઈ આવું છું એમ કહીને તે પોતાના માળ પર ગઈ.ને પછી તેણે તે હાર ગળામાં પહેર્યો.એટલે તે હાર પુરૂષ બની ગયો.પછી તે તેની આગળ રડવા લાગી.કે આપણા ઘરે એક જોગી આવ્યો છે ને તેણે સરસ નાટક કર્યું એટલે મારાથી માગ માગ જે માગે તે આપું એમ કહેવાય ગયું .એટલે જોગીએ ના આપે તો તારા પિતાના સમ કહીને હાર માગણી કરી છે તો હું શું કરું ? તમે તો હવે મારા પતિ ગણાઓ જો હું તમને આપી દઈશ તો કોની સાથે જીવન  જીવીશ ? તું આ હારના ત્રણ ટુકડા કરજે ને બે કટકા જમીન પર નાખ્યા પછી ત્રીજા કટકો નાખીને તું પણ પાછળથી કૂદી પડજે.પછી રાજકુમારીએ હારના ત્રણ ટુકડા કર્યાં ને પછી એક બે ને ત્રણ એમ કરીને ત્રીજા ટુકડો નાખીને પોતે પણ કૂદી પડી.એટલે પછી એ હારના ટુકડા પણ ગાયબ થઈ ગયા અને રાજકુમારી પણ ગાયબ થઈ ગઈ.ત્યાં કશું જ ના રહ્યું આ જોઈને જોગી પણ હાથ ચોળતો રહી ગયો.પછી તે રાજા પાસે ગયો.રાજા તેને પૂછે છે કે શું થયું ? બીજું શું થાય તારી દીકરી ને હાર બંને નીચે પડીને અદશ્ય થઈ ગયા.હવે હું ઈનામમાં શું લઈ જાઉં ? આ સાંભળીને રાજા નેરાણી પણ ખૂબ પસ્તાવો થયો ને જોગી પણ પસ્તાતો રહી ગયો.

હવે રાજકુમારી અને હારનો એક બીજા દેશમાં અવતાર થયો.એ દેશમાં એક વજીર અને એક કુંભાર રહેતા હતા.બંને યુવાન હતા.ને સાથે જ પરણ્યા હતા એટલે તેમની પત્નીના ગર્ભ પણ સાથુ જ રહ્યો હતો.એટલે તેઓ વાત કરે છે કે આપણે બંને લાથે જ પરણ્યા ને આપણી બંને સ્ત્રીઓના ગર્ભ પણ સાથે જ રહ્યો એટલે આપણે આપણા બંનેમાંથી એક ને છોકરો ને બીજાને છોકરી આવે તો આપણે એ બંનેની સગાઈ કરી નાખીશું.હાં જરૂર તેમ જ કરીશું.પછી દિવસો પર દિવસો જતા ગયા અને નવ મહીના ને નવ વેળા થઈ એટલે બંને સ્ત્રીઓને પેટમાં દુઃખી આવ્યું ને પછી તેમની પ્રસૂતિ થઈ.હવે રાજકુમારીનો વજીરને ત્યાં જન્મ થયો અને હાર કુંભારને ત્યાં જનમ્યો. પછી તો એક મહિનો થયો બે થયા,એક વર્ષ થયું બે વર્ષ થયું એમ કરતા કરતા તેમના પાંચ છ વર્ષ થઈ ગયા.હવે તે સાથે જ ચોર ચારવા

જતા.ને એકબીજાને આડુ અવડું પણ બોલતા.ને એક પિતાના સંતાનો હોય તે રીતે રહેતા.આમ કરતા કરતા તેઓ યુવાન થઈ ગયા.હવે તેમને તો ખબર નાહહતી કે અમે બંને પેટમાં હતા ત્યારથી જ  આપણી સગાઈ થઈ ગઈ છે.પણ તેમના માાત પિતાને તો આ વાતની ખબર હતી.હવે બંનેની ઉંમર દસ પંદર વર્ષની થઈ ગઈ હતી.

પછી એક દિવસ વજીર અને તેની પત્ની વાત કરે છે કે આપણી વચ્ચે આવી આવી શરતો થઈ હતી તો તેનું હવે શું કરીએ ? શું કરીએ .. એતો કુંભાર ને પૂરા જ કુંભાર.આપણે તો વજીર.. રાજાના વજીર એટલે આપણે મોટા માણસો ગણાઈયે.એટલે આપણે તેમને આપણી દીકરી ની આપીએ.હવે તમે જ જાણો.આપણે દીકરીની સગાઈ કોઈ બીજી જગ્યાએ ગોઠવી દઈએ.એટલે કુભારની પત્નીને આ વાતની ગંધ આવી ગઈ.અમારા પેટમાં છોકરા હતા ત્યારથી જ સગાઈ થઈ હતી પણ હવે છોકરીને નથી આપવાના.પછી સગાઈ કરવા માટેની બધી વ્યવસ્થા ગોઠવણ થઈ ગઈ ને વાયદો પણ થઈ ગયો કે અમુક દિવસે સગાઈ માટે આવી જવાનું.તે દિવસે તેઓ સગાઈ કરવા આવ્યા.એટલે  કુંધારની પત્નીએ છોકરાને કહી દીધી ને – દીકરા તું સગાઈમાં જતો નહીં.ને કદાચ છોકરી ગોળ આપવા આવે તો પકડીશ નહિં.તો કેમ ની પકડું ,અમે તો નાના હતા ત્યારથી ચોર ચારીને બંને સાથે મોટા થયા,તો પછી કઈ ભૂલ કરી છે કે હું ગોળ ના પકડું ? તે તું ના જાણે .પણ તું ગોળ ના પકડીશ.પણ શું થયું છે એ મને કહે.નહિં તો પછી હું ગોળ પકડી લઈશ.નાના હતા ત્યારથી સાથે મોટા થયા એટલે મને કશું જ ના લાગે.શું થયું હતું તેની ખબર છે ? પહેલા તારા પિતા અને વજીરની ખૂબ દોસ્તી હતી,ને અમારા ગર્ભવતી હતી ત્યારથી એ વાત થઈ હતી કે તારા ઘરે ને મારા ઘરે છોકરો ને છોકરી આવે તો આપણે પરણાવી દઈશું.ને આજે આપણી નીચી જાતના માનીને છોકરી નથી આપવા તૈયાર નથી.એટલે તું ગોળ ના પકડીશ.એટલે છોકરો માની વાાત માની ગયો.તો તો પછી હું ગોળ નહિં જ પકડું.સગાઈવિધિ પૂરી થઈ ગયા પછી છોકરી સગાળનો ગોળ આપવા આવી.એટલે તુની મા કહે છે દીકરા ગોળ આપવા આવે છે.કઈની આવવા દો.

પછી તે છોકરી આવી અને કહેવા લાગી કે ભાઈ લો ને ગોળ.મારી સગાઈ કરવા આવ્યા હતા.હું નથી લેવાનો આ ગોળ.કેમ નથી લેવાના ? કેમ નથી લેવાના તે મને તેનું કારણ આપો ? એટલે તેણે કહ્યું કે મારી મા ને તારી મા બંને એક સાથે ગર્ભવતી રહી હતી.તે વખતે એ ચારે જણાએ મળીને વાત કરી હતી કે જો આપણને છોકરો છોકરી આવશે તેમને

આપણે પરણાવી દઈશું.આજે અમે ગરીબ છે એટલે તારા પિતાએ તને અમારા ઘરે ના આપી.બસ એટલે હું આ ગોળ નથી પકડવાનો.કઈની તમે આ ગોળ અત્યારે લઈ તો લો.પછી બધું દેખાય જશે.ને તું લગનના દિવસે આવજે.હું રાતના બાર વાગ્યે કપડાં બદલવા માટે માળ પર આવીશ તે વખતે તું ઘર પાછળ કાળા કપડામાં ને કાળા ઘોડા પર બેસીને આવી રહેજે.

હવે લગ્નમાં તો બરાબરનું નાચણું જામ્યું હતું ,ને છોકરો તો બાર વાગે તે પહેલા ઘર પાછળ ઊભો હતો.પછી બાર વાગ્યા એટલે છોકરી કપડા બદલવા મામટે ઉપરના માળે ગઈ,પછી તેણે કપડા બદલી લીધા અને પૈસા લઈ લીધા.ને પછી કૂદી પડી ઘોડા પર બેસી ગઈ.હવે તેમણે ભાગી છૂટવું હતું ગામડાઓમાંથી કેવી રીતે જવાય ? એટલે તેઓ જંગલમાંથી જ જવું પડે.તેઓ ભાગી છૂટયા.આ બાજું લગ્નના મંડપમાં બધા નાચવાવાળાઓએ નાચી નાચીને સવાર કરી દીધી.પણ કન્યા ઉતરતી નથી.એટલે તે તો હજી કેવા કપડા બદલે છે તેએમ કરીને ઉપર જોવા ગયા તો ત્યાં કોઈ ના હતું.

આ બાજું તે બંને જંગલમાંથી જતા હતા.હવે જંગલમાં તો કઈ ખાવાનું મળે એટલ સીતાફળ કે બોર વગેરે જે મળે તે ખાય લેતા અને રાત પડે ત્યાં ઊંઘી જતા.ને સવાર થતા ત્યાંથી આગળ જવા માટે નીકળી પડતા.પણ તેમને જોઈને કોઈને એવું લાગતું કે આ સ્ત્રી પુરૂષ છે.જોનારાઓને તો એવું જ લાગતું કે આ બંને પુરૂષો જ છે.હવે જંગલમાં તેઓ ફરતા ફરતા જતા માર્ગમાં એક મોટી નદી આવી.એ નદી કિનારે પીપળાનું એક ઝાડ હતું.તેની નીચે તેઓ બેઠા,હવે અંધારું પડવા આવ્યું હતું એટલે વાતો વિચાર કરે છે કે અહીં તો ઘાઢ જંગલ છે તેથી આપણે અહી જ રાત રોકાઈ જઈએ.પછી સવારે ઉઠીને આગળ જવા નીકળીશું.પછી તેઓ બંને ઝાડ નીચે સૂઈ રહ્યા.હવે તેમને નીંદ તો આવતી ન હોતી,એટલે બસીને એકાનનદ બે ઝોકું ખાઈ લેતા.હવે એ પીપળાના ઝાડ પર અએક પક્ષી યુગલ પણ ઊંઘતું હતું.એટલે માંદા નરને કહે છે કે આપણે ઘણાં વર્ષોથી અહી ઊઘીએ છીએ તો આપણી આ ચરક કોઈ કામમાં આવતી હશે કે નહિં ? એટલે નરે કહ્યું કે અરેરે તું શું વાત કરે છે? આપણી ચરક તો એટલી ગુણકારી છે કે બંને આંખ ફૂટી ગઈ હોય,ને તેમાંથી બધુ જ પાણી નીકળી ગયેં હોય તોપણ જો આ હગારને ઘસીને તેને પાણીમાં બોળીને તેનો પાટો આંખ સાથે બંધાવી દેવામાં આવે તો એ તેના પાચ મિનિટમાં હતી તેવી આંખો થઈ જાય ,એટલી કામની છે આપણી આ ચરક.હવે બંને નીચે રહીને આ વાતો સાંભળ્યા કરતા

હતા.એટલે સવારે ઉઠીને તેમણે બધી ચરક ભેગી કરીને પોટલીમાં બાંધી લીધી.પછી તેમણે નદીની સામે પાર જોયું તો ઘણ જંગલમાંથી પસાર થયું હોય આવતું જતું હોય તેવો માર્ગ દેખાયો.છાણ ને એવું દેખાયું એટલે પત્નીએ પતિને કહ્યું કે હું તમને પૈસા આપું છું તમે આ રસ્તે રસ્તે જઈને કોઈ ગામ કે શહેર આવે તો આપણા માટે જમવાનું લઈ આવજો,પછી આપણે ખાઈશું.એટલે તે ગયો.પહેલા ભજીયાની દુકાન આવી.હવે એ ગામ એવું હતું ભૂલકણું ગામ.એટલે કોઈપણ વસ્તું લઈએ અને પૈસા આપીએ એટલે તે વસ્તું લીધા વિના જ ચાલતા થઈ જઈએ.એ ગામમાં એક ડાકણ રહેતી હતી.તે ખૂબ જ ચાલાક હતી ને તેનું ઘર પાદરમાં જ હતું.એટલે તેણે ભજીયા તોલાવ્યા ને પૈસા પણ આપી દીધા પણ તે લીધા વિના ચાલ્યા જ કર્યું.પછી થથોડે આગળ ગયો એટલે કેળાની દુકાન આવી.કેળા લઈ જાઓ ભાઈ કેળા લઈ જાઓ એમ બૂમ પાડયા કરતાો હતો.એટલે તેણે કેળા લઈધા અને પૈસા પણ આપી દીધા,પણ કેળા લીધા વગર જ તે આગળ ચાલતો થયો.હવે ડોસી ડાકણના ઘર પાસેથી જ જવા આવવાનું થતું એટલે તે ડાકણે ઘરમાં રહીને જ એક મંત્ર ફૂક્યો ને તે છોકરાને પોપટ બનાવીને પીંજરામાં પૂરી દીધો.ને ઘોડાને ગાયબ કરી દીધો.

બીજી બાજું છોકરી તો છોકરાની વાટ જોય જોયને બ્હાવરી બની ગઈ.હવે અંધારું પણ થઈ ચૂક્યું હતું એટલે તેને એકલીએ જંગલમાં ત્યાં જ રાત પણ પસાર કરવી પડી.પછી સવારે ઉઠીને તે રસ્તે ચાલતી ચાલતી આવી.એટલે તેને જોઈને ભજીયાવાળો કહેવા લાગ્યો કે ભાઈ તમે કાલે ભજીયા લેવા માટે આવ્યા હતા ને પૈસા પણ ચૂકવી ગયા હતા પણ ભજીયા લઈ જવાનું ભૂલી ગયા હતા.લાવ તો આપી દો એમ કહીને તેણે ભજીયા લઈ લીધા.આ પરથી તેને શંકા તો થઈ જ ગઈ કે મારો પતિ આ જ ગામમાં હોવો જોઈએ.પછી તે આગળ ગઈ એટલે કેળાવાળો કહેવા લાગ્યો કે તમે કાલે મારી પાસેથી કેળા લીધા હતા અને તમે પૈસા પણ ચૂકવી દીધા હતા પણ પછી તમે કેળા લઈ જવાનું જ ભૂલી ગયા.હા સાચે જ,લાવો તો અત્યારે  આપી દો.પછી તે ડાકણના ઘર આગળથી પસાર થઈ એટલે પેલો પોપટ તેને ઓળખી ગયો કે આ તો મારી જ પત્ની  છે એટલે તે  ટી..ટી..ટી.. કરવા લાગ્યો.એટલે તેને ખબર પડી ગઈ કે આ જ મારો પતિ છે.

ફરી તે જંગલમાં જતી રહી.ને પછી વેશપલટો કરી લઘો.એટલે તેણે સાધુ મહારાજ પહેરે એવા ભગવા વસ્ત્રો પહેરી લીધા.પાછળ ઝોળી કરી લીધી ને પછી ગામમાં ફરવા લાગી.હવે તે ગામમાં એક રાજા હતો.તેની એક જ છોકરી હતી આંધળી હતી.ને તેણે દેશ

પરદેશમાંથી અનેક ધગતો અને વૈદોને બોલાવીને તેનો ઉપચાર કરાવ્યો હતો પણ તે કોઈની સાજી કરી શક્યું ના હતું.એ દિવસે પણ રાજાએ ખૂબ દૂર દૂરથી ભગતો બોલાવ્યા હતા ને તેઓ બધી વિધિઓ કરી રહ્યા હતા.પણ કોળ મેળ આતો નહોતો.હવે તે મહારાજ પણ ફરતોફરતો ત્યાં આવી ચઢયો.એટલે રાજા તેના પર ગુસ્સે થઈ ગયો ને કહેવા લાગ્યો કે તમને કઈ સમજ પડતી નથી..આવા ભગવા કપડા પહેરીને ગમે ત્યાંથી આવી જાઓ છો આજે મારી દીકરી મરી જશે.એ જન્મથી જ આંધળી છે.મે અનેક દેશોના ભગતોને બોલાવ્યા છે પણ કશું થતું નથી.હું સાજી કરી દઉં તો તમે મને શું આપશો ? મહારાજ ધીમું ધીમું ગણગણ્યો. તું શું કરીશ અહીં કેવા ભલભલા ભગતો આવી ગયા છે તેમનાથી કશું થયું નથી તો તું શું કરીશ ? પણ જો હું સાજી કરી દઉં તો તમે મને શું આપો.જો તમે મારી દીકરીને સાજી કરી દો તો એકની એક દીકરી છે એટલે મારું અડધું રાજ્ય અને મિલકત હું તમને આપી દઈશ.ને જો મતે સાજી ના થઈ તો હું તને તલવારથી કાપી નાખીશ.કશો વાંધો ની.પછી મહારાજે રાજાને પૂછયું કે તમે કેટલા ગામડાં અને શહેરોમાં રે તાજ કરો છો.એટલે રાજાએ કહ્યું કે આટલો વિસ્તાર  મારા રાજ્યનો આવે છે.તો તમે એવું કરો કે એક દિવસે સભાનું આયોજન કરો અને તેમાં જમવાનું રાખો.ને જેના ઘરમાં મરઘા હોય બકરા હોય કે પછી આવો કોઈપણ પશું પંખીઓ પાળેલા હોય તે લઈને બોલાવવા.મરઘા આવશે તો તેને દાણા નાખજે અને બકરાઓને ચારો નાખવાનું અને માણસોને જમાડજે.એટલું યાદ રહે કે રાજ્યનો એકાએક માણસ જમવા માટે આવવો જોઈએ.કશો વાંધો ની.પછી રાજાએ ઢંઢેરો પીટાવ્યો ને આખા ને લોકોને જમવા આવવાનું આમંત્રણ આપી દીધું.પછી બીજા દિવસે બધા લોકો જમવા માટે આવ્યા.ને પછી તેઓ જમવા બેઠા.પછી મહારાજે રાજાને કહ્યું કે તમે આગળ ચાલો ને હું પાછળ આવું છું.એટલે એક છેડેથી રાજા પૂછતો પૂછતો જાય છે કે તું તારા ઘરેથી બધા જનાવરોને જમવા લાવ્યો છે ને ? હા આ રહ્યા મારા મરઘાં,આ બકરા ને આ ભેંસ બધું જ લઈ આવ્યો છું.ચાલ તો સારું એમ કહીને રાજા બધાને પૂછતા પૂછતા બધે ફરી વળ્યા.ને છેલ્લે પછી તે ડાકણનો વારો આવ્યો.એટલે તેને રાજાએ તેને પૂછયું કે દાદી તું તારા ઘરેથી બધાને જ જમવા માટે લઈ આવી છે ને ? હા રાજા સાહેબ હું બધું જ લઈ આવી છું.બતાવ શું શું લઈ આવી છે ? આ રહી બકરી,આ વાછરડી અને આ ભેંસ આટલા જ જનાવરો મારા ઘરે છે.એટલે મહારાજ તરત જ બોલી પડયો તું સાચું બોલ,સાચું ! નહિં તો આતલવાર જોઈ છે ને,ધડ પરથી માથું નહિં રહે.એટલે ડોસી થરથર ધ્રુજવા લાગી.મહારાજ તો બધું જોઈ ગયો હતો એટલે તેણે ડોસીને કહ્યું કે તારા ઘરે જે પોપટ છે તેને તું કેમ ના

લાવી ? આ સાંભળતા ડોસી વધારે ગભરાઈ ગઈ.જા જા લઈ આવ.. ચાલ ચાલ કહીને તે લઈ ગયો ડોસી તને ખબર છે કે તેં જેને પોપટ બનાવી દીધો છે તે મારો પતિ છે.તેને ફરીથી પરૂષ બનાવી દે  નહિ તો હું તને આ ભરી સભામાં તલવારથી કાપી નાખીશ.એટલે તે પોપટને લઈ આવી અને પોપટને ફરીથી પુરૂષ બનાવી દીધો.પછી ઘોડો પણ લાવી દીધો.અને પછી આખી સભા વિખેરાઈ ગઈ.

આપણે હવે ઘરે જઈએ.પછી તેઓ ત્રણે જણા ઘોડા પર બેસીને ઘરે જવા માટે નીકળી પડયા.ખરો બપોર થયોને તેઓ ગાઢ જંગલમાં આવી પહોંચ્યા. પછી તે જંગલમાં એક તળાવ હતું તેને કિનારે બેઠા.હવે બંને પત્નીઓ તેને કહેવા લાગી કે આપણે જમી લઈએ.ચાલો તો જમી લઈએ એમ કહીને બધા હાથ ધોહીને જમવા બેઠા.પછી પતિએ પીરસીને ત્રણ ભાગ કર્યા.પછી તેણે કહ્યું કે હું અલગ જ જમીશ એટલે બંને પત્નીઓએ જીદ પકડી કે અમે તમારી પત્નીઓ છીએ અને તમે અમારા પતિ છો એટલે આપણે એક જ થાળીમાં જમીશું.ને તો જ આપણે સાચા મનથી પરણેલા ગણાઈએ.નહિતર ના ગણાઈએ.નહિં. તોયે પણ પતિએ એક થાળીમાં જમવાની ના પાડી.તો પછી તારી જાત કઈ શું છે તે બતાવ.જાત પાત જવા દો અને મને અલગ જ થાળીમાં જમવા દો.ના નહિં આપીએ.સાથે જ જમવું પડશે.એટલે પછી તે તળાવના પાણીમાં ઉતર્યો ને કહેવા લાગ્યો મને અલગ જ થાળીમાં જમવાનું આપો.ના તું અમારી સાથે જ જમવા આવ સામે સ્ત્રીઓએ પણ જીદ કરી.પછી તે ગળા સુધી પાણીમાં ઉતરી ગયો.તોપણ તેમણે કહ્યું કે તમે પાણીમાંથી બહાર નીકળો આપણે સાથે જ જમવાનું છે.એટલે પતિએ કહ્યું કે હું મારી જાત બતાવું કે ? બતાવો ! એટલે તેણે ફેણ માંડી દીધી ને પછી પાણીમાં ડૂબી ગયો.એટલે બંને સ્ત્રીઓ તો હાથ ધોતી રહી ગઈ.હવે જંગલમાં જાય ક્યાં ? એટલે તેઓ પીપળાના ઝાડ પર ચઢી ગઈ.

હવે એ નાગ બનીને નીચે ગયો ત્યાં બીજા સો નાગ રહેતા હતા.નેતેની સાથે એકસો ને એક નાગ થયા.હવે ત્યાં મોટામાં મોટા નાગદાદા રહેતા હતા એટલે એકસો ને બે નાગ થયા.એટલે પાણીમાં રૂમઝૂમ વાગે તે બહાર સંભળાતું હતું.પછી તેમની સભા મળી.બંને સ્ત્રીઓ છીડામાંથી આ બધું જોયા કરે છે.મોટામાં મોટા નાગ દાદા બધાને વારાફરતી પૂછે છે કે મે તમને માનવનો અવતાર આપ્યો ત્યારે તેં કોને શું કર્યું ? મે તને સાપનો અવતાર આપીને ધરતી પર મોકલ્યો ત્યારે તેં શું કર્યું ? કોઈને કરડયો હતો ? કોઈને મારી નાખ્યું હતું ? આ રીતે તે બદા નાગોને પૂછતા હતા.પછી છેલ્લે તે નાગનો વારો આવ્યો.એટલે

નાગદાદાએ તેને પૂછ્યું કે મેં તો તને હીરાનો હાર બનાવીને મોકલ્યો હતો તો શું કર્યું ? બીજું તો શું આ તળાવની પાળે બે સ્ત્રીઓને રડતી મૂકીને આવતો રહ્યો છું.અરેરે ! તેં આવું શા માટે કર્યું ? તને તો બંને સારામાં સારી પત્નીઓ મળી હતી.છતા તું એમને એકલી પાડીને આવતો રહ્યો.તું જો પોતાની પત્નીઓ સાથે પૂરો અવતાર ના ભોગવે તો તને શું પુણ્ય મળવાનું ? એટલે નાગે નાગદાદાને પૂછયેં કે મારે ફરી માણસ અવતારમાં જવું હોય તો શું કરવું પડે ? સવા મણ ઘી,સવા મણ ચોખા,સવા મણ ફૂલ અને દરેક જાતના દાગીના આ પાણીની અંદર નાખવા પડે.ત્યારે તું ફરી માણસનો અવતાર લઈને ધરતી પર જઈ શકે.હવે બંને પત્નીઓ આ બધું સાંભળ્યા કરતી હતી,એટલે રાજાની દીકરીને  કહ્યું કે બહેન તું ઘરે જા મારું ગામ તો ઘણું દૂર છે ને તારું નજીકમાં છે તો તું ઘરે જા.ને તારા ભરેથી આ બધી વસ્તુંઓ લઈ આવ.તે ઘરે ગઈ એટલે તેના પિતા પૂછયું કે બેટા ફરી શા માટે આવી ? આટલી આટલી વસ્તુઓની જરૂર છે.કઈની લઈ જા લઈ જા એમ કહી દીધું.પછી તે બધી વસ્તુઓ લઈને આવી ગઈ.ને કાણામાંથી તે બધું નાખી દીધું.એટલે બે બધું નાગદાદા પાસે પહોંચી ગયું.એટલે તે નાગને કાન પકડીને કહ્યું કે આજ પછી આવી ભૂલ કરીશ નહિં.તું માણસનો અવતાર લઈને જાય છે તો હવે એ પત્નીઓ સાથે બરાબર મહેનત કરીને  સારી રીતે જીવન જીવજે.ને પછી તેમણે નાગને પૂછડું પકડીને બહાર ફેંકી દીધો એટલે ફરી તે માનવ પુરૂષ બની ગયો.હું નાગ હતો જો તમે મારી સાથે બેસીને જમી લીધું હોત તો,મારા ઝેરના લીધે તમારા બંનેનું મોત થઈ જાત.તેથી હું અલગ જ થાળીમાં જમવાનું માંગતો હતો.કઈની હવે ભગવાને મને હવે માણસનો અવતાર આપીને પાછો ધરતી પર મોકલ્યો છે એટલે આપણે હવે સાથે મહેનત કરીને હળીમળીને મહેનત કરીને જીવીશું.

## ૧૭. ન્યાતું કરતી વખતે કહેવાતી વાર્તા

એક વાર ધરતી પર ખૂબ મોટો દુકાળ પડયો.બાર તેર વર્ષના આ લાંબા દુકાળના કારણે ધરતી પર ક્યાંય પણ પાણી મળતું નથી. રાજા પાંઠા અને સવારી માટે રથ તૈયાર કરે છે.તેમણે દાતરડું લીધું,કુહાડી લીધી,તપેલા લીધા અને સાથે પૈસા પણ લઈ લીધા.

તેઓ આ બધી વસ્તુઓ રથમાં મૂકતા હોય છે એવામાં વીનું દેવ ત્યાં આવી ચઢે છે,અને કહે છે કે હું પણ તમારી સાથે આવવાનો છું.અટલે રાજા પાંઠા કહે છે કે હજી તું ઘણો નાનો છે એટલે તું અમારી સાથે ના આવીશ.આમ કહીને બંને ફરી રથ તૈયાર કરવામાં લાગી જાય છે એટલામાં વીનું દેવ રથમાં નાખી હતી તેમાં ધીમેથી આવી સંતાય જાય છે.પણ એની બંને દેવોને એની જાણ થતી નથી.હવે તેઓ ધરતી પર આવવા માટે રથ ઉડાડે છે.

થોડે જતા પરાળમાં કઈંક સળવળતું હોય એવો અવાજ થાય છે એટલે બંને દેવ પાછળ ફરીને જુએ છે.અરે,આ તો વીનુંદેવ! આ ક્યારે રથમાં આવીને બેસી ગયા?હવે કઈની આવ્યા એ પણ સારૂ જ કર્યું એમ કહીને તેમણે ચાલતા રથે બધી વાતો કરી લીધી.

હવે રથ ઉડાવ્યાના બાર તેર સાલ વીતી ગયા હતા.હજુ પણ તેમને પાણી મળ્યું નથી.એવામાં પાછા વીનું દેવ એવું કહેવા લાગ્યા કે હવે તો મને સખત ભૂખ લાગી છે,મારાથી હવે ભૂખ સહન નહી થાય.

એટલે રાજા પાંઠા કહે છે કે અમે તને આવવાની ના પાડી હતી છતાં તું અમારી સાથે આવ્યો.હવે અમે શું કરીએ? આવા કપરા દુકાળમાં કશુંજ બચ્યું નથી.એવામાં એક લીલોછમ સાદડો એમની નજરે પડે છે.એટલે તેઓ આ સાદડા નીચે રથ ઊભો રાખવાનું વિચારી રથ નીચે ધરતી પર ઉતારે છે.તેઓ સાદડા નીચે રથ થોભાવી દે છે,અને જુએ છે કે સાદડો તો આખો ફળોથી લચી પડયો છે.અડધા પાકીને નીચે પડી ગયા છે અને એટલા જ ઉપર પણ છે.હવે રાજા પાંઠા અને બાલો વીધાણ તો ઊંઘી જાય છે પણ વીનું દેવ જાગતા જ હતા.એ તે તો નીચે પડેલા સાદડાના ફળ વણીને ખાવા લાગ્યા.એ તો ખાતા જાય ને ઉપર જોતા જાય.એમણે પાંચે આંગળીએ સાદડાના ફળ પકડીને ખાધા એટલે સાદડાના ફૂલ પર તેમના પાંચે આંગળીના નિશાન પડી ગયા.બરાબર પેટ ભરીને ખાઈ લીધાપછી તે રાજા પાંઠા અને બાલા વીધાણને ઉઠાડે છે,કે ઉઠો ઉઠો સાદડો પૂરેપૂરો પાકમાં આવી ગયો છે.

એટલે રાજા પાંઠા ઊઠે છે અને આંખ ચોળી લઈને બેસેલી હાલતમાં જ સરકીને સાદડાના થડ પાસે જાય છે.અને થડમાં પકડીને હલાવી દે છે અને બધા ફળ ટપોટપ નીચે તૂટી પડે છે.ત્રણેય દેવો ધરાયને ફળો ખાય લે છે.ભૂખ સંતોષાય ગયા પછી  વીનું દેવ કહે છે કે,હવે તમે મને જ્યાં  લઈ જવાના હોય ત્યાં લઈ જાઓ.હવે મારે કોઈ ચિંતા નથી.અને તેમણે પાછો રથ જોડયો અને આગળ જવા નીકળ્યા.

તેઓ આગળ ને આગળ જતા ગયા,અને ન કોઈ વસ્તી મળે,ન ઝાડ  કે ન મળે પાણી એવી વેરાન જગ્યાએ જઈ ચઢ્યા. હવે આવી વેરાન જગ્યાએ આવીને વીનુંદેવને તો એકદમ ઊંડી તરસ લાગી એટલે તે એવું કહેવા લાગ્યા કે તમે ગમે તે કરો પણ મારાથી હવે તરસ સહન થાય એમ નથી.મે જેટલું ખાધું છે એટલી જ તરસ પણ લાગી છે.એટલે હવે તમે થૂંકો કે પેશાબ કરો,ગમે તે રીતે મારી તરસ ભાંગો નહિં તો હું મરી જલશ,મારાથી જીવાશે નહિ.

વીનું દેવની આ હાલત જોઈ રાજા પાંઠા ચોમેર નજર દોડાવે છે.એવામાં દૂર એક બગલી આકાશમાં ભમતી દેખાય છે.એટલે રાજા પાંઠાએ ત્યાં રથ ઉતારી દીધો અને ધનુષ ચઢાવી લઈને બગલી ભમતી હતી એ દિશામાં જવા લાગ્યા.બીજી બાજુ એક ગાય પણ એ ઝરણાંનું પાણી પીવા માટે જતી હતી એવામાં ગાયનો પગ જંગલી વેલામાં ફસાય ગયો.હવે ગાયના ગળામાં દોરડું હતું અને ઉપરથી પાછો પગ જંગલી વેલામાં અટવાઈ ગયો.તેથી ગાય વેલામાંથી પગ છોડાવવા મથે છે એવામાં રાજા પાંઠા ની નજર આ  ગાય ઉપર પડે છે.

એટલે બંને વાતો કરે છે કે નક્કી આ સાવજ છે.અને આમ વિચાર કરીને તેઓ ગાયને બાણથી વીંધી નાખે છે.બાણ વાગવાથી ગાય ત્યાં જ મરણ પામી.હવે ગાયને માર્યાના શોકમાં બંને દેવો ખભેથી ધનુષ ઉતારી લીધા હતા અને ઓસિયાળા મોઢે આવ્યા કરતા હતા.

તેઓ ટેકરો ચઢે છે એટલામાં એમને કલદાબજા દેવો સામે મળી જાય છે.એટલે તેઓ આઘેથી જ પૂછવા લાગ્યા  કે ઊભા રહો,ક્યાં ગયા હતા ? અને કેમ તમે ઓસિયાળા ઓસિયાળા દેખાવ છો ?

એટલે તેમણે કહ્યું કે અમે તરસ લાગી હતી એટલે પાણી પીવા માટે ગયા હતા.પણ સાવજ જાણીને અજાણતાં ગાયને વીંધાય ગઈ અને તે મરી ગઈ.આ સાંભળી કલદાબજા દેવ ગુસ્સે થઈ ગયા અને તેમને કહી દીધું કે અત્યારે ને અત્યારે તમે આ ગામના સીમાડાની

બહાર રહેવા માટે જતા રહો.એટલે રાજા પાંઠા કહે છે કે આમારાથી ભૂલ તો થઈ ગઈ છે એટલે ગામ બહાર નીકળી જવાની વાત સાચી છે, તો પણ અમારા માટે કોઈ તો ન્યાય હોવો જોઈએ ને? એટલે કલદાબજા દેવોએ કહ્યું કે ન્યાય તો મળશે પણ એ માટે તમારે કૂકુળવાડ ( મરઘાવાડ ) માં જઈને મરઘા,કાળા કલાળાને ત્યાંથી દારૂ અને ભગા ભરવાળને ત્યાંથી બકરા લઈ આવવા પડશે.ત્યાર પછી જ તમે નીયતમાં આવશો.એટલે રાજા પાંઠા અકબીજાને પૂછી લે છે કે તારી પાસે પૈસા છે.હા છે.અને તારી પાસે? તો છે.આમ પૈસા તો પૂરતા છે તેની ખાતરી થઈ ગયા પછી બંને દેવો જણાવેલી જગ્યાએ જઈને મરઘી,બકરા અને દારૂ લઈ આવે છે.અને તેનું માસ પાડીને મસાલામાં ચોળીબોળીને તેનો ઢગલો કરી દીધો.

પછી તેઓ નાતમાં આવવાની વિધિ કરવા માટે ગોઠમાં બેઠા.એટલામાં એક સમડી ત્યાં ઉડતી ઉડતી આવી પહોચી અને આતરડા સહિત મોટાભાગનું માસ ઉપાડી ગઈ અને જતા જતા ઝાડ કહે તો ઝાડ માનવી કહે તો માનવી અને દેવ કહે તો દેવ બધા ઉપર તે માંસ વેરતી ગઈ.હવે શું કરવું બાકી બચેલા માસથી વિધિ પૂરી કરી લઈએ કે કેમ એવો વિચાર કરતાં હતા એવામાં એક કરચલો દરમાંથી બહાર નીકળ્યો ને બાકી બચેલું બધું માંસ લઈને દરમાં ભરાય ગયો. એટલે હવે તેમના માટે કઈ પણ બચ્યું નહિ અને ભૂખ્યા જ રહ્યા.

પછી તેઓ ઘરે ગયા.તેમણે ઘરે જઈને જોયું કે એમની સ્ત્રીઓ તો ખાય પીને બરાબર માતેલી હતી.હવે આ સ્ત્રીઓ જંગલમાં જઈને કંદમૂળ ખોદી લાવતી અને તેને સૂકવીને ખાતી હતી.કંદમૂળ ખાધા પછી તેઓ ઘર ઉપર નાખી દેતી અને પછી વાકી વળી જતી.એટલે પેલું સાબેલું તેમની પીઠ ઉપર ભમ્મ દઈને પડે.અને આમ તેમના શરીર આવા તબિયતદાર અને માતેલા બની ગયા.પણ આ વાતની ખબર નહોતી.એટલે આવતાની સાથે જ પૂછયું કે તમે તો વળી શું ખાઓ છો? કે તમારી તબિયત તાજીમાજી બની ગઈ છો.અમે તો ડુંગરોમાં રખડીને કેવા સુકાય ગયા છીએ !

એટલે સ્ત્રીઓએ તેમને આખી વાત કહી સંભળાવી - કે અમે જંગલમાં જઈને કંદમૂળ ખોદી લાવીએ છીએ.અને તેને બાફીને ખાઈએ છીએ.અને પછી સાબેલું ઘર ઉપર નાખી દઈને વાકી વળી જઈએ છીએ એટલે પછી સાબેલું ભમ્મ દળને બરડા ઉપર પડે એટલે અમારા શરીર આવા તાજામાજા થઈ ગયા છે.આ સાંભળીને રાજા પાંઠા તરત જ શાપ આપી દીધો કે હવે પછી આ કંદમૂળ કડવા થઈ જશે.અને તેને તમે પાણીમાં બાફ્યા પછી

સાત વાર ધોહીને ખાશો તો જ ખવાશે.એટલે આજે પણ આ કંદમૂળ સાત વાર ધોયા પછી જ ખવાય છે.